જીવુબાની જીવન જ્યોત

શ્રી સ્વામિનારાયણ મંદિર અમરેલીમાં બિરાજતાં
શ્રી ઘનશ્યામ મહારાજના રજત જયંતિ મહોત્સવ નિમિત્તે



અનાદિ મુક્તાત્મા

જીવુબાની જીવન જ્યોત



-: લેખન-સંકલન :-
સાંખ્યયોગી લીલાબેન - અમરેલી

-: પ્રકાશક :-
શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર, અમરેલી
Email : mahilaskendra@yahoo.co.in
amrelimandirjanral2022@gmail.com

જીવુબાની જીવન જ્યોત

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રકાશન તિથિ :
વૈશાખ સુદ પૂર્ણિમા, વિ. સં. ૨૦૭૮ અમરેલી મંદિરના રજતજયંતી મહોત્સવ પ્રસંગે

આવૃત્તિ : દ્વિતીય

પ્રત : ૫૦૦૦

મૂલ્ય :

પુસ્ત રિડીંગની સેવા : પાર્ષદ માયાબેન, ગુરુ સાં.યો. લીલાબા, અમરેલી

પ્રાપ્તિસ્થાન :

- અમરેલી : શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર,
  ગંગાપાર્ક સોસાયટી, રોકડવાડી, કેરિયારોડ, અમરેલી
  ફોન નં. (૦૨૭૯૨) ૨૨૫૧૯૯,
  મો. નં. ૯૮૭૯૨ ૦૮૫૨૯, ૮૮૪૯૫ ૬૧૬૦૪
- અમદાવાદ : શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
  ૯, દાનેવપાર્ક સોસાયટી, ગેટ નં. ૩, મુક્તિધામ એસ્ટેટ સામે,
  નિકોલ રોડ, બાપુનગર, અમદાવાદ
  મો. નં. ૯૮૭૯૨ ૦૮૫૨૭, ૯૮૭૯૨ ૦૮૫૨૩
- સુરત : શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર
  પ્લોટ નં. ૧૮૨, વિ-૩, સ્વાતિ કો.ઓ. સોસાયટી,
  ચોપાટી સામે, ચીકુવાડી, નાના વરાછા, સુરત-૬
  મો. નં. ૯૮૭૯૨ ૦૮૫૨૮, ૯૮૭૯૨ ૦૮૧૦૭
- બોટાદ : શ્રી સ્વામિનારાયણ મંદિર (મહિલા સંસ્કાર કેન્દ્ર)
  લક્ષ્મીનારાયણ પાર્ક, ગઢડા રોડ, ગુરુકુલ સામે, બોટાદ
  મો. નં. ૯૮૭૯૨ ૦૮૭૦૫, ૯૮૭૯૨ ૦૮૫૨૪

મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી., અમદાવાદ
મો : ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો : ૯૮૨૫૮ ૫૦૫૫૯
Email : hgppl1008@gmail.com

સમર્પણ



અ.નિ. પૂજ્ય
સાંખ્યયોગી શ્રી રંભાબા

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓનું સ્થાન આદરપૂર્ણ છે તેમજ સંપ્રદાયના ઉત્કર્ષ અને સંવર્ધનમાં સંતો ભક્તોની જેમ જ સ્ત્રી ભક્તોનું મહામૂલું યોગદાન રહ્યું છે. જે સદા-સર્વદા ગૂંજતું રહેશે. શ્રી ગોપીનાથજી મહારાજને વિષે જેમણે અનન્ય ભક્તિભાવ હતો. જેઓ હંમેશા શ્રીહરિની મરજીમાં જ જીવન જીવ્યા. ગઢપુરમાં રહી ખૂબ ભજન કર્યું ને શ્રી ગોપીનાથજી મહારાજની સેવા પણ ખૂબ કરી. શ્રીજી મહારાજની પ્રાગટ્યભૂમિ છપૈયા તેમજ વડતાલ, અમદાવાદ વગેરે છ ધામની પદયાત્રાઓ કરી હતી. અનેક મુમુક્ષુ મહિલાઓને સત્સંગ કરાવી ભગવાનમાં જોડ્યાં. ગોધરા, વેજલપુર વડોદરા જીલ્લો, ખાખરીયા પ્રદેશ વગેરે અનેક ગામડાઓમાં વિચરણ કરી સત્સંગ પ્રવૃત્તિના માધ્યમે મહિલા ભક્તોને ખૂબ જ સત્સંગનો લાભ આપતા.

જેઓ બિલકુલ ભણેલાં ન હોવા છતાં શ્રીહરિની કૃપાથી વચનામૃત, ભક્તચિંતામણી, હરિલીલામૃત વગેરે શાસ્ત્રોનું વાંચન પણ કરતાં. શ્રીજી મહારાજને તપ ઘણું વહાલું એ માટે ધારણા પારણાં આદિક વ્રતો કરી તપમય જીવન જીવી ગયાં.

આપની હયાતી અમારી પ્રેરણા હતી
આપની ધીરજ અમારી ધારણા હતી
આપની પ્રેરણા અમારી પ્રગતિ હતી
આપની સૂજ અમારી સમજણ હતી.

એવા અક્ષરનિવાસી સાંખ્યયોગી શ્રી રંભાબેનના કરકમળોમાં અનાદિ મુક્તાત્મા જીવુબાની જીવન જયોત પુસ્તક અર્પણ કરી ધન્યતા અનુભવું છું.

લિ. સાંખ્યયોગી લીલાબેન
શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
અમરેલી



પ્રસ્તાવના

પરમકૃપાળુ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય આ ભારતની ભૂમિમાં થયું ત્યારે તેમની સાથે અક્ષરધામના અનાદિ મુક્તો-અવતારો-દેવો તથા ઋષિમુનિઓ વગેરેએ અવતાર લીધો હતો. તેમાં કોઈ ત્યાગી, કોઈ રાજારૂપે, કોઈ ગૃહસ્થમાં, કોઈ મહિલાઓમાં પ્રગટ થયા હતાં.

એવાં જ અક્ષરધામના મુક્ત ગઢડાના એભલ ખાચરના દીકરી જીવુબા હતા. તેમનું જીવન સદાય નિરાવરણ દૃષ્ટિવાળું હતું. સંતો પ્રત્યે ખૂબ જ લાગણીવાળાં હતાં. માંદા સંતોની ખૂબ જ સંભાવના રખાવતાં. શ્રીજી મહારાજની પ્રત્યેક આજ્ઞાઓ હંમેશા અણિશુદ્ધ પાળતા ને પળાવતાં હતાં. જીવુબા ને લાડુબા રાજપુત્રી હોવા છતાં રસમાત્રનો ત્યાગ રાખતાં. સત્સંગમાં ધર્મકુળ આવ્યું ત્યાં સુધી જીવુબા સર્વે બાઈઓના ગુરૂપદે હતા. દરેક મહિલા ભક્તો જીવુબાને ગુરુ માનીને બહુ જ પૂજ્યભાવ રાખતા ને સેવા કરતાં. જીવુબામાં અનેક ઐશ્વર્યો હતાં છતાં પણ નિર્માનીપણે રહેતાં. કાયમ શ્રીહરિની અનુવૃત્તિમાં જ રહેતાં ને દયાળુ સ્વભાવ હતો.

જીવુબાના યોગે હજારો મહિલાઓ ભજન કરતાં ને મહારાજની મૂર્તિમય રહેતાં. તે જીવુબાની મહારાજે આકરી કસોટી કરી તેમાં જીવુબા સારપાર પાર ઉતર્યા. ગમે તેવા આપત્કાળમાં જીવુબા શ્રીહરિના પ્રતાપે આનંદમાં રહેતાં. અનેક મહિલાભક્તોના દુઃખદારિદ્ર જીવુબાએ મટાડ્યાં હતાં. અનેકના ઘરે જીવુબાના આશીર્વાદથી પારણીયા બંધાણા હતાં. જીવુબાના સાંનિધ્યમાં કેટલાંક ત્યાગી બહેનો અને કેટલાંક કર્મયોગી બહેનો ભજન કરતાં ને સમાગમ કરી એકાંતિક ભક્ત બન્યાં હતાં. આમ ઘણાં મુમુક્ષુઓને અક્ષરધામના અધિકારી બનાવીને ઘણું લાંબું આયુષ્ય ભોગવી સહુથી છેલ્લે સ્વતંત્રપણે ધામમાં સીધાવ્યા. તેમના પવિત્રદેહને લક્ષ્મીવાડીમાં સ્મૃતિ મંદિરની બાજુમાં જ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા ને ત્યાં તેમનું સ્મૃતિમંદિર બનાવ્યું છે, તે "ખોટીબાનો ઓટો" તરીકે પ્રસિદ્ધ છે.

જીવુબાના જીવનના અનેક પ્રસંગો છે. ગાઈએ તેટલાં ઓછાં છે. તેમના સદ્‌ગુણો તો મહાસાગર જેવા ગણાય પરંતુ તેમાંથી મારા ગુરુજી પ.પૂ. સાં.યો.શ્રી લીલાબાએ સંપ્રદાયના શાસ્ત્રોનો અભ્યાસ કરી. શાસ્ત્રોમાંથી સંકલન કરીને "અનાદિમુક્ત જીવુબાની જીવન જ્યોત" નામે એક નાનકડો ગ્રંથ બનાવી શ્રીહરિને રાજી કરવા યત્કિંચિત પ્રયાસ કર્યો છે. તો આ ગ્રંથ વાંચનાર તમામ ભક્તજનોને જીવુબા કોણ હતા, કેવા હતા, તેમની મોટાઈ ને સામર્થી કેવી હતી તે આ ગ્રંથમાં જણાઈ આવશે ને સર્વને આનંદ થાશે.

લિ. સાંખ્યયોગી કાંતાબેનના
જયશ્રી સ્વામિનારાયણ
ગુરુ સાં.યો. લીલાબા, અમરેલી

લેખકશ્રીનો પરિચય

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્ત્રીમાત્રના ગુરૂપદે જેમની સૌ પ્રથમ પોતાના હસ્તે દીક્ષા અર્પણ કરેલી એવાં અનાદિમુક્ત જીવુબાની શિષ્ય પરંપરામાં આઠમી પેઢીએ પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબા આવે છે.

હરિમિલનનો જેમણે બાળપણથી જ હૈયામાં જળહીન માછલાં જેવો તલસાટ હતો તેથી જ વિ.સં. ૨૦૩૭ના વૈશાખ સુદ-૧૦ને બુધવાર તા. ૧૩ મે, ૧૯૮૧ ના રોજ વડતાલ પ.પૂ. ગાદીવાળાશ્રીના હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી સાંખ્યયોગી બન્યા.

સહજ ભજનમય, સેવામય, શાસ્ત્રવાંચન જેમના જીવનમાં મુખ્ય અંગો છે. માત્ર ને માત્ર એક શ્રીહરિને જ રાજી કરવાનો પોતાના જીવનનો ધ્યેય છે. એ ધ્યેયને લઈને ત્રીસેક વર્ષથી અવિરત સત્સંગમાં સતત વિચરણ કરી અનેક મુમુક્ષુઓને જગાડ્યાં છે ને ભગવત્ સન્મુખ કર્યા છે.

સંસારમાં અનેક મુશ્કેલીઓથી કચડાયેલી, દુભાયેલી મહિલાઓને સત્સંગના પિયુષ પાન કરાવી ભક્તિના અધિકારી કરી મોક્ષ માર્ગ બતાવનાર, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં વંદન સાથે મહિલા સંસ્કાર કેન્દ્રો દ્વારા શીલ, ચારિત્ર્ય અને સંસ્કારયુક્ત મહિલા ઉત્કર્ષની જ્યોત જગાવનાર તેમજ સાંખ્યયોગી બહેનોથી મહિલા સત્સંગ પ્રવૃત્તિને પોષણ આપનાર તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સૌપ્રથમ શ્રીસ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્રના પ્રણેતા એવા મારા ગુરૂજી પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબાએ,

પોતે વક્તાસ્થાને રહી શ્રીમદ્ સત્સંગીજીવન, ભક્તચિંતામણી, સ્ત્રીભક્તોના વ્યાખ્યાન, શ્રી હરિલીલામૃત વગેરે ૩૫૦ જેટલી કથાઓ વાંચી છે. સંપ્રદાયમાં ઘણાંય મહિલામંચો યોજ્યાં છે. જેઓના મંડળમાં અમો ૩૫ શિષ્યાઓ છીએ. અમરેલી-અમદાવાદ-સુરત-બોટાદ એમ ચાર ચાર મહિલા સંસ્કાર કેન્દ્રોની સંપ્રદાયમાં સૌ પ્રથમ સ્થાપના કરી છે. શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્રના માધ્યમે અનેકવિધ ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિઓ થાય છે, ને હજારો

મહિલા, યુવતી, બાલિકા ભક્તો ભગવાનનું ભજન કરે છે.

જેઓએ અમરેલીના મહાન સંત મૂળદાસનું જીવનકવન પોતાની ગામઠી ભાષામાં આલેખ્યું છે. એ જ રીતે મહિલા સંસ્કાર, સ્વાભાવિક ચેષ્ટા સહિત ધ્યાન, નિત્ય પ્રાર્થના જેવા પુસ્તકો પ્રકાશિત કર્યા છે.

જેમનું જીવન સાધુતાસભર, અતિનિર્માની અને દયાળુ-દાસભાવે રહેવાની તેમના જીવનની એક આગવી લાક્ષણિકતા છે. જેઓએ મુંબઈ, સુરત, અમદાવાદ, રાજકોટ જેવા શહેરો અને અનેક ગામડાઓમાં તેમજ અમેરિકા, લંડન, આફ્રિકા, દુબઈમાં વિદેશ સત્સંગ વિચરણ કરી પ્રચાર-પ્રસારનાં કાર્યનો યશ પણ સંપ્રદાયમાં સૌ પ્રથમ મારા પૂ. ગુરૂજીના ફાળે જાય છે. અનેક ઉત્સવ-સમૈયા કરી હજારો મુમુક્ષુઓને ઉત્સવના માધ્યમે સત્સંગ ઓળખાવ્યો છે.

તેમજ સમાજ સાથે ખંભે ખંભો મિલાવી સ્વચ્છતા અભિયાન, અનાથ-વિધવા બહેનો અને દિકરીઓને માટે આશીર્વાદનું પાત્ર બન્યાં છે.

લિ. સાંખ્યયોગી રેખાબેન (મોટા)
ગુરુ સાં.યો. લીલાબા
શ્રી સ્વા. મહિલા સંસ્કાર કેન્દ્ર
અમરેલી

બે બોલ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું અણમૂલું સ્ત્રી રત્ન એટલે અનાદિમુક્ત જીવુબા...
શ્રી સ્વામિનારાયણ ભગવાનના અને સંતના મહિમાથી છલકતો દરિયો એટલે જીવુબા...

અસંખ્ય આત્માઓએ સ્વશ્રેયપ્રેયની ઝંખનાથી ઐહિક સુખને તિલાંજલી આપીને વૈરાગ્યની ચુંદડી ઓઢી છે. ભગવત્ પ્રાપ્તિને અર્થે સતત પરમ પુરુષાર્થ કરતાં મહાત્માઓમાં શ્રેષ્ઠ, પ્રેષ્ઠ અને વરિષ્ઠ વૈરાગ્યવાન છે, આપણાં આદિગુરુ જીવુબા...

શ્રીહરિના હસ્તે પ્રથમ સાંખ્યયોગી દીક્ષા પામેલાં મહાપુરુષોના જન્મ ત્રિવિધ તાપમાં તપતાં જીવો માટે અમૃત સમાન સંજીવનની ઔષધીરૂપ છે.

જેમ સપ્તરંગી મેઘધનુષ આકાશને શોભાવે, મૂર્તિઓ મંદિરને શોભાવે તેમજ મહાપુરુષોના જીવનકવન અનેકના જીવનને શોભાવે છે.

જેમ વર્ષાઋતુ વૃક્ષોને ખીલાવે છે તેમ આવા શાસ્ત્રો આધ્યાત્મિક માર્ગે રહેજે ઉન્નતિ આપે છે. જેમ સંતોના ઉપદેશ અને સમાગમથી જીવાત્મા ભૂચરમાંથી ખેચર થાય છે તેમ અણીશુદ્ધ સત્સંગ પરાયણ સ્ત્રીભક્તોના જીવન અને વ્રત-ટેક પાલનની દૃઢ શ્રદ્ધાએ અનેક આસ્તિકજનોને સત્સંગાભિમુખ કર્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમકૃપાથી દાસત્વના દસ્તાવેજ જેવું જીવન જીવનાર, વર્તનથી વાતો કરનારા, સાધુતા સંપન્ન શ્રેષ્ઠજીવન, જીવનથી જીવન ઘડનારા, મહિલા સંસ્કાર કેન્દ્રોના સર્જક ને પોતાની જીવન સરિતાને વહેવડાવતા જતાં ઉપેક્ષા થાય, અવગણના-અપમાન અને અનાદરના અનેક અવરોધો-અડચણોનો ભગવદ્નિષ્ઠાના બળે સામનો કરતાં કરતાં દેશવિદેશમાં ગામડાંઓ-શહેરોમાં સત્સંગ વિચરણ કરી અનેક મુમુક્ષુ બહેનોના મન અને હ્રદયને માંજી તેમાં શ્રીહરિની મૂર્તિ મહિમા ને સિદ્ધાંતો પ્રસ્થાપિત કરી રહ્યાં છે.

અનાદિમુક્ત જીવુબાની દિવ્ય પરંપરામાં સત્સંગ સેવાકાર્યોનો આદર્શ નિભાવી રહેલાં ને પોતાને મળી જે દિવ્ય પરંપરાનું ઋણ અદા કરવા મારા વ્હાલાં ગુરુજી પૂ. લેખકશ્રી ટૂંકો અભ્યાસ છતાં અથાગ દાખડો કરી આદિગુરુ "અનાદિ મુક્તાત્મા જીવુબાની જીવન જ્યોત" નામે રસથાળ તૈયાર કરી સત્સંગ સમક્ષ મૂક્યો છે.

અનેક પ્રયત્નો કરવા છતાં લેખનકાર્યમાં જાણે...અજાણે, પ્રેસ દોષ કે મતિદોષની કોઈ ત્રુતિ રહી ગઈ હોય તો વાચક વર્ગ હંસક્ષીરન્યાયે ક્ષમા કરશો.

લિ. પાર્ષદ માયાબેન
ગુરુ પ.પૂ. સાં.યો. લીલાબા
શ્રી સ્વા. મ. સંસ્કાર કેન્દ્ર, અમરેલી

સૌજન્ય

- પ.ભ. કવિતાબેન પરેશભાઈ પટેલ - **(U.S.A.)**
- પ.ભ. જિજ્ઞાબેન ચંદ્રેશભાઈ બાબરીયા - નાઈરોબી (કેન્યા)
  ચિ. વ્રજ અને તીર્થ
- પ.ભ. અસ્મિતાબેન રાજેશભાઈ શેલડીયા - લંડન
  ચિ. ક્રીશ અને કહાન

મોટીબાની સ્તુતિ



સત્સંગીજીવન ગ્રંથના ત્રીજા પ્રકરણમાં સાંખ્યયોગી બાઈભક્તોએ કરેલી સ્તુતિ



અતિ - મનોહરં સર્વ - સુન્દરં તિલકલક્ષણં ચંચલેક્ષણમ્ ।
વિબુધવન્દિતં સ્વામિનાથ તે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥ ૧ ॥

મદન - મોહનં પ્રેમ - દોહનં નયનગોચરં ભક્તસંચરમ્ ।
ભુવિ સુદુર્લભં સ્વામિનાથ તે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥ ૨ ॥

નિજજનૈઃ સદા વાંચ્છિતં દા પરસુખાવહં ત્તમોપહમ્ ।
પરમ - મંગલં સ્વામિનાથ તે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥ ૩ ॥

દય - રોચનં બદ્ધ - મોચનં વિગતશોચનં દીર્ઘલોચનમ્ ।
મૃદુ - સિતામ્બરં સ્વામિનાથ તે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥ ૪ ॥

મધુર - ભાષણં પુષ્પ - ભૂષણં વિજિતદૂષણં શોકશોષણમ્ ।
પ્રહસદાનનં સ્વામિનાથ તે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥ ૫ ॥

કુસુમ - શેખરં કોમલાન્તરં સદાય - દર્શનં દુઃખકર્શનમ્ ।
વિધિહરાર્ચિતં સ્વામિનાથ તે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥ ૬ ॥

પરમ - પાવનં લોક - ભાવનં કુટિલ - કુન્તલં પુષ્પકુંડલમ્ ।
ભવભયાપહં સ્વામિનાથ તે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥ ૭ ॥

સકલસિદ્ધિભિઃ સર્વઋદ્ધિભિઃશ્રિતપદં સદા યોગિભિર્મુદા ।
તદિદમેવ સ્વામિનાથ તે વપુરિહાસ્તુ નો નિત્યદર્શને ॥ ૮ ॥

તવ નિવાસતો દુર્ગપત્તનં જયતિ ભૂતલે સર્વતોઽધિકમ્ ।
ભવદુપાશ્રયાન્ મુક્તિરત્ર યદ્ વસતિ સર્વદાન્યત્રદુર્લભા ॥ ૯ ॥

અનુક્રમણિકા

૦૧. મુક્તો સાથે ગોષ્ઠી ૧૫
૦૨. મહારાજનું પૃથ્વી ઉપર પધારવું ૧૬
૦૩. જીવુબાનું પ્રાગટ્ય ૧૮
૦૪. લાલજીએ દૂધ પીધું ૨૦
૦૫. પ્રસાદીનો લીંબિતરૂ ૨૨
૦૬. પ્રભુ પધાર્યા કારિયાણી ૨૩
૦૭. ગઢપુર આગમન ૨૫
૦૮. એભલ પરિવારની પ્રાર્થના ૨૮
૦૯. વ્રત ટેકની રક્ષા ૨૯
૧૦. એભલખાચરને ચમત્કાર ૨૯
૧૧. વાસુદેવનારાયણ પધરાવ્યા ૩૧
૧૨. વાસુદેવનારાયણ પાછાં પધાર્યા ૩૨
૧૩. જીવુબાની પ્રેરણાશ્રોત વાણી ૩૪
૧૪. શ્રીહરિ ધરમપુરમાં ૩૮
૧૫. સંવત ૧૮૬૩ની સાલનો અન્નકૂટ ઉત્સવ ૪૧
૧૬. માણકીએ ચડ્યા રે મોહન વનમાળી ૪૩
૧૭. જીવુબાની સુદ પક્ષની સેવા ૪૫
૧૮. મહારાજનું સર્વોપરીપણું ૪૭
૧૯. એભલ પરિવારનો પ્રેમ ૪૯
૨૦. દરબારગઢનો મહિમા ૫૦
૨૧. જીવુબાની કસોટી ૫૨
૨૨. જીવુબા સાળંગપુરમાં ૫૫
૨૩. જીવુબાની એકતા ૫૬
૨૪. જીવુબાનો મહિમા ૫૮
૨૫. જીવુબાનું સત્સંગમાં વિચરણ ૬૭
૨૬. જીવુબાનો શાકોત્સવ ૬૮
૨૭. જીવુબાના સદ્‌ગુણો ૬૯

૨૮. જીવુબાએ સંતોને જમાડ્યા ૭૩
૨૯. જીવુબાએ ઘી આપ્યું ૭૪
૩૦. જીવુબાએ સાકરના પાણી પાયા ૭૪
૩૧. જીવુબાને રૂપિયા આપ્યા ૭૫
૩૨. જીવુબાએ બ્રાહ્મણોને જમાડ્યા ૭૫
૩૩. જીવુબાની વિનંતી ૭૬
૩૪. જીવુબાનો થાળ દિવ્યરૂપે જમ્યા ૭૬
૩૫. જીવુબાનો નક્કર નિશ્ચય ૭૭
૩૬. જીવુબાએ તોડા આપ્યા ૭૮
૩૭. જીવુબાએ ઔષધ કર્યું ૭૮
૩૮. જીવુબાની રસોઈ ૭૯
૩૯. જીવુબાએ નવી રજાઈઓ બનાવી ૮૦
૪૦. જીવુબાને દિવ્યદર્શન ૮૧
૪૧. જીવુબાએ દૂધ પાયું ૮૨
૪૨. જીવુબાની સમાની સેવા ૮૨
૪૩. જીવુબાની ભક્તિ બાગે રસોઈ ૮૩
૪૪. જીવુબા અતિ નિર્માની ૮૩
૪૫. જીવુબાને ભક્તિ કરવાની રીત ૮૫
૪૬. જીવુબાને સેવાની તત્પરતા ૮૫
૪૭. જીવુબાને કહી તે વાત કહો ૮૬
૪૮. જીવુબાએ માંદા સાધુની સેવા કરી ૮૭
૪૯. જીવુબાની દિવ્ય પ્રતિભાનો પ્રભાવ ૮૮
૫૦. જીવુબામાંથી તેજ નીકળ્યું ૯૦
૫૧. જીવુબાએ પાનબાઈની વરસાદથી રક્ષા કરી ૯૧
૫૨. જીવુબા શ્રીહરિ સાથે તેડવા પધાર્યા ૯૨
૫૩. જીવુબાનું વચન સિધ્ધ થયું ૯૩
૫૪. જીવુબાના યોગથી વૈરાગ્ય ૯૩
૫૫. જીવુબા કહે ગોપીનાથજી દીકરો દેશે ૯૪
૫૬. જીવુબાની વાણી ૯૫

૫૭. જીવુબાના આશીર્વાદ ૯૬
૫૮. જીવુબાનો સાડલો ૯૭
૫૯. જીવુબાના વચને સત્સંગ થયો ૯૭
૬૦. મહારાજ મેથાણમાં ૯૮
૬૧. મહારાજ કહે વનમાં જવું છે. ૧૦૧
૬૨. ગઢપુરમાં મંદિર નિર્માણ ૧૦૪
૬૩. વાસુદેવનારાયણ જમ્યા બાઈઓ તપ કરતાં ૧૦૯
૬૪. શ્રીહરિ સન્યાસી બન્યા ૧૧૦
૬૫. રામાનંદ સ્વામી પ્રસાદ લેવા આવ્યા ૧૧૧
૬૬. રામબાઈ સાંખ્યયોગી થયા ૧૧૨
૬૭. લક્ષ્મીનારાયણદેવના દર્શન ૧૧૩
૬૮. મહોદય પર્વ આવ્યું ૧૧૩
૬૯. સાંખ્યયોગી બાઈઓની પરીક્ષા ૧૧૪
૭૦. જીવુબાને સંતો જમાડવાનો ભાવ ૧૧૬
૭૧. જીવુબાએ અન્નકૂટ ઉત્સવ કરાવ્યો ૧૧૮
૭૨. જીવુબા મૂળી સમૈયે ગયા ૧૧૯
૭૩. જીવુબાને સંતોનો મહિમા ૧૨૦
૭૪. ગઢપુરમાં હુતાશની ૧૨૧
૭૫. ગોપીઓ આવી ૧૨૫
૭૬. શંકર પાર્વતી પ્રસાદ લઈ ગયા ૧૨૫
૭૭. હકા ભાવસાર ૧૨૬
૭૮. જીવુબા વડતાલમાં ૧૨૬
૭૯. શ્રીહરિની ભલામણ ૧૨૭
૮૦. મોટીબાને ભલામણ ૧૨૮
૮૧. ગઢપુરમાં હરિકૃષ્ણ પધરાવ્યા ૧૨૮
૮૨. મોટીબાનો વિરહ ૧૩૦
૮૩. મોટીબા ધામમાં ૧૩૨
૮૪. મોટીબાનો અગ્નિસંસ્કાર ૧૩૩

મુક્તો સાથે ગોષ્ઠી

પરમકૃપાળુ સર્વાવતારી, સર્વના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને જ્યારે અક્ષરધામમાંથી આ લોકમાં પ્રગટ થવાનું હતું, તે પહેલાં શ્રીહરિએ સહુ મુક્તોને પૂછ્યું કે...

"ઘણાં સમયથી આ જગતનું સર્જન થયું છે પણ એકેય જીવ અક્ષરધામમાં કેમ આવતો નથી ?"

ત્યારે મુક્તો બોલ્યા, "મહારાજ ! તમે જે જે અવતારોને મોકલ્યા તે તે અવતારોને ભજીને તે તે જીવ તેમના ધામને પામ્યા માટે તમે સ્વયં પધારો તો જીવ ધામમાં આવે."

મહારાજ કહે, "અમે સ્વયં પધારીએ તો તમારે સૌને પણ અમને ઓળખાવવા સાથે આવવું પડે." કોઈ સ્ત્રીરૂપે, કોઈ પુરુષરૂપે, કોઈ અમારા વાહનરૂપે તમે આવો તો અમે અવતાર લઈએ.

જ્યારથી પૃથ્વી રચાણી ને દેવતાના ૫૦ (પચાસ) વર્ષ ને એકાવનમાં દિવસનો દ્વોઢ પહોર દિવસ ચડ્યો ત્યારના તમામ દેવો અને બધાં ધામના મુક્તો પ્રાર્થના કરે છે કે,

હે પ્રભુ...! પ્રભુ પધારો...પ્રભુ પધારો... તો તમે બોલો...તમો સૌ આવવા તૈયાર છો ? મુક્તો કહે, હા...મહારાજ...! અમે આવીએ, તમારી સેવા કરીએ, ગુણ ગાઈએ ખરા પણ... સંતો-હરિભક્તના રૂપમાં... પણ મહારાજ...!!

મહારાજ કહે, પણ શું ?

મુક્તો કહે, મહારાજ અમે મહિલાઓ રૂપે દેખાવા ખુશી નથી. કારણ કે... પ્રભુ મહિલારૂપે હોઈએ એટલે લોકરિવાજ મુજબ તમો ને સંતો કથા કરતાં હોય ત્યાં બેસાય નહિ જેથી અમને કથાનો લાભ ન મળે.

વળી આપ સત્સંગમાં બધે વિચરો તો સાથે ન અવાય. તમે પૃથ્વી ઉપર જે જે લીલા કરો તે અમને દર્શન ન થાય માટે મહારાજ અમે સ્ત્રીરૂપે દેખાવામાં ખુશી નથી.

મહારાજ કહે, સાંભળો...જે મુક્ત મહિલારૂપે દેખાયો તેને અમે નિરાવરણ દૃષ્ટિ આપશું. જેથી અમે ગમે ત્યાં વિચરતાં હોઈએ, ગમે તે લીલા કરતાં હોઈએ તે તમને ઘેર બેઠાં દેખાશે. તમને કોઈ પુરુષનો સ્પર્શ થવા નહિ દઈએ. મૃત્યુલોકમાં તો અમે તમારા ભેળા જ રહીશું. પછી મુક્તો રાજી થયા ને કહ્યું, સારું મહારાજ ! "જેવી આપની મરજી"

મહારાજનું પૃથ્વી ઉપર પધારવું

ત્યાર પછી મહારાજ આ પૃથ્વી ઉપર પધારીને અક્ષરધામની વાટ વહેતી મૂકી.

જીવોનાં કલ્યાણ માટે સ્થાપેલ આ ધોરીમાર્ગ ક્યારેય બંધ ન થાય એવી શ્રીજી મહારાજે વ્યવસ્થા કરી. કલ્યાણના એવા ઘણાં ઉપાયો કર્યા, શાસ્ત્રો લખ્યા, મંદિરો કરાવ્યા, સંતો કર્યા. સંતોએ ગામડાઓમાં વિચરણ કરી નિયમધર્મ, આચાર, વિચાર ને સમજણના પાઠો શીખવ્યા. નંદસંતોએ વૈરાગીબાવાના માર ખાઈને પણ ખૂબ સત્સંગ કરાવ્યો. સ્વયં શ્રીજી મહારાજે કલ્યાણના અનેક ઉપાયો બતાવ્યા તેમાં સર્વશ્રેષ્ઠ ઉપાય છે. કથાવાર્તા...મહારાજે આ સિદ્ધાંતને લક્ષમાં રાખીને આપણાં નંદસંતો પાસે ઘણાં શાસ્ત્રો લખાવ્યા છે. નંદસંતો પાસે કથા કરાવી છે, મંદિરે મંદિરે કથા વાંચવાની આજ્ઞા કરી છે.

શતાનંદસ્વામી પાસે શ્રીમદ્ સત્સંગીજીવન શાસ્ત્ર પણ લખાવ્યું. શ્રીજી મહારાજની આજ્ઞાનુસાર ઝાઝાં જીવોને ભગવાન સન્મુખ કર્યા. બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે...

કરે પુરુષ પ્રબોધ રૂડા પુરુષને રે,
કરે ત્રિયા ત્રિયાને ઉપદેશ, રૂડી ઉધ્ધવ મતની કહું રીતડી રે...

આ પ્રણાલિકા મુજબ સાંખ્યયોગી બહેનો પણ શ્રીમદ્ સત્સંગીજીવન તેમજ લીલાચરિત્રોની સુંદર કથાઓ કરી શકે છે. મહિલા ભક્તો સામે બેસીને સાંભળી શકે છે. બહેનોથી જ બહેનોને સમાસ થાય છે. કથા છે તે જીવનો ખોરાક છે. કથા સાંભળવામાં રૂચીવાળા અગતરાયના પર્વતભાઈને સાત દિવસ જમવાનું નહોતું સાંભર્યું.

અરે...રાજા પરિક્ષીતે કથા સાંભળવા માટે અનશન વ્રત લીધું.

અરે... પૃથુરાજાએ કથા સાંભળવા માટે દશ હજાર કાન માંગ્યા. વળી ભગવાનની કથા મનોમંથન માટે છે નહિ કે મનોરંજન માટે...!!

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓનું સ્થાન આગવું છે. બહેનોના મંદિરો અલગ છે. બહેનોને દીક્ષા પણ સંપ્રદાયની પ્રણાલિકા મુજબ પૂ. ગાદીવાળાશ્રી આપે છે. સાંખ્યયોગી બહેનો પણ વ્યાસપીઠે કથા કરીને અનેક મુમુક્ષુઓને ભગવાન ઓળખાવે છે ને મોક્ષ માર્ગે વાળે છે.

ત્યાગી બહેનો એ સ્વામિનારાયણ સંપ્રદાયનું અવિભાજ્ય અંગ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે નારી જગતના ઉત્કર્ષ માટે ઐતિહાસિક કાર્યો કર્યા છે. દુનિયાના કોઈ દેશ કે ધર્મમાં ન હોય એવું સતીત્વ આ ભારતભૂમિમાં પાંગર્યું છે. ભારતમાં યુગોથી ભક્ત સ્ત્રીઓનું ગૌરવ ગવાયું છે.

યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ

ભારતીય સંસ્કૃતિમાં નારી નારાયણી મનાય છે. નારીનું જ્યાં સન્માન થાય છે ત્યાં દેવતાઓ આવીને રમણ કરે છે.

આર્યવર્તની આ પુણ્યભૂમિ ભારતમાં વૈદિક સમયથી મહાન નારી રત્નો અવતરતા જ આવ્યાં છે. ઉપનિષદ્ યુગના ગાર્ગી ને મૈત્રી જેવા અનેક ઉદાહરણો લઈને પૌરાણિક યુગ અને ત્યારપછી ભક્તિમતી મીરાંબાઈ, અનાદિમુક્ત જીવુબા, લાડુબા, રાજબાઈ, લાધીબાઈ, ગંગામા, વજીબા, રૂકમાઈબાઈ, જમકુબા, કુશળકુંવરબા, અમરી, અમૂલા, રામબાઈ જેવા અનેક સ્ત્રી ભક્તો થયાં છે.

જેમના તપ, ત્યાગ અને ભક્તિ મોટાં મોટાં ત્યાગીઓને અને યોગીઓને પણ પ્રેરણા આપે એવાં છે. જેમને સેવા-સમર્પણ અને શ્રદ્ધા દ્વારા ભગવાનને વશ કરી લીધાં હતાં. એ આદિક ભક્તોની તેજસ્વીતાની ધારા અવિરત પ્રવાહિત રહી છે. વિશેષ મહિલા ભક્તોમાં પ્રભુ પ્રત્યે પ્રેમ અગાધ રહ્યો છે. જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ત્રણ માર્ગો ભગવાનને પામવાના છે. આ ત્રણેયના સમન્વયથી પ્રભુ પ્રત્યે પ્રેમ પ્રગટે છે. જ્યારે હૃયમાં પ્રેમ પ્રગટે ત્યારે જીવન કૃતાર્થ બની જાય છે. પ્રેમલક્ષણા ભક્તિ હૃયમાં આવે એટલે સારાં સદ્ગુણો હૃયમાં નિવાસ કરે છે.

ભક્તિ એટલે દયમાં ભીનાશ.

ભક્તિ સ્વતંત્ર સકલ ગુન ખાની

ભક્તિ છે તે સર્વ ગુણોની ખાણ છે. ભક્તિ એટલે પ્રેમ. ભગવાનમાં પ્રેમ થાય અને જગતમાં વૈરાગ્ય થાય.

જગતમાં વૈરાગ્ય થાય એટલે આપોઆપ જગત ખારું થઈ જાય. આ સત્સંગના સાગરરૂપી રત્નાકરમાં અનેક મોતીઓ પાક્યાં છે. એમાં અમૂલ્ય રત્ન સમાન હતા **જીવુબા અને લાડુબા.** જેને મહારાજે સ્ત્રી ભક્તોના "ગુરૂપદે" સ્થાપન કર્યા હતા. તે દરેક બહેનોના "આદિગુરૂ" કહેવાય છે. ગઢડામાં એભલ પરિવાર એટલે અજોડ પરિવાર. ભગવાન પ્રત્યે અથવા તો એકાંતિક સંત પ્રત્યે લોકો આકર્ષાય. પરંતુ જેની ભક્તિથી આકર્ષાયને ૩૦ વર્ષ જેને ઘેર પુરુષોત્તમ નારાયણ રહ્યાં...તે છે **એભલ પરિવાર.** પરિવારના એક એક સભ્યના જીવનમાં જોઈએ તો કેવો સમર્પણ ભાવ... કેવી નિષ્ઠા, કેવી ભક્તિ અને દાદાખાચર તો ભાવનાથી છલકતું સરોવર.

પણ આપણે વાત કરવી છે. પ્રેમ મૂર્તિ મોટીબા (જીવુબા)ની...

જીવુબાનું પ્રાગટ્ય

હે વ્હાલા મુક્તો ! સંપ્રદાયના શિરમોડ સાંખ્યયોગી મુક્તાત્મા એટલે જીવુબા

જીવુબા એટલે સંપ્રદાયના સ્ત્રીમાત્રના ગુરૂસ્થાને રહેલાં મોટીબા.
જીવુબા એટલે ગઢપુરના ગામ ધણી એભલ બાપુના મોટા દીકરી.
જીવુબા એટલે સ્ત્રીભક્તોને શ્રીજી મહારાજના ચરિત્રો કહેનારા ઉત્તમવક્તા.
જીવુબા એટલે શુભ ગુણોના ભંડાર વચનસિદ્ધ યોગીની.
જીવુબા એટલે શ્રીહરિની પ્રસન્નતા માટે જ સર્વક્રિયા કરનાર મુક્ત.
જીવુબા એટલે સુરપ્રભાદેવીના સૌથી મોટા દીકરી.
જીવુબા એટલે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે જ જીવન જીવતાં મુક્તરાજ.
જીવુબા એટલે સંસારના સુખોને કાકવિષ્ટા તુલ્ય માનનારા મહાવૈરાગી.

જીવુબા એટલે ધામની મૂર્તિને અહીં નેત્ર આગળ દેખનાર મહામુક્ત.
જીવુબા એટલે મહારાજ અને સંતોનો અપાર મહિમા સમજનાર અનાદિમુક્ત.
જીવુબા એટલે અનેક પ્રકારના વ્રતો કરનાર મહા તપસ્વીની મુક્ત.

ગઢડાના ગામ ધણી દરબાર એભલખાચરને સુરપ્રભાદેવી અને સોમાદેવી એમ બે પત્ની હતાં. સુરબાઈનું પિયર કરિયાણા અને સોમાબાઈનું પિયર બોટાદ હતું. સુરબાઈના મોટા દીકરી જીવુબા સૌથી મોટા હતાં. તેથી સૌ "મોટીબા" પણ કહેતાં હતાં.

મોટીબાનો જન્મ સંવત ૧૮૪૦મા વૈશાખ સુદ પુનમે થયો હતો. એટલે પુનમવતીબાઈ પણ કહેતાં હતાં. સુરબાઈના બીજા પુત્રી લાડુબા, પાંચુબા, નાનુબા આમ ચાર દીકરીઓ સુરબાઈને હતાં. દાદાખાચર એ સોમાદેવીના પુત્ર હતાં. આમ એભલ ખાચરને પાંચ સંતાન હતાં.

ગોહિલપંથક એટલે કાઠીયાવાડની પાવનકારી ભૂમિ. અક્ષરધામ તુલ્ય ગઢપુર ધામમાં કાઠીકુળ ભૂષણ સમાન એભલખાચર અને તેમના સદ્‌ગુણી પુત્ર દાદા ખાચર તેમજ તેમની લાડકવાયી દીકરી જીવુબા અક્ષરધામના અનાદિમુક્ત હતા. શ્રીજી મહારાજની આજ્ઞાથી જન્મ લીધો હતો.

સત્સંગીજીવન ગ્રંથમાં જીવુબા ને "જયાબાઈ" નામથી ઉલ્લેખ કર્યો છે. સત્સંગમાં "જીવુબા" અને "મોટાબા" એવા નામ પ્રખ્યાત છે.

જીવુબાનો જન્મ થયો ત્યારે એભલ પરિવારમાં મોટો ઉત્સવ મનાવ્યો હતો. સંબંધીજનોને જમાડ્યાં. બ્રાહ્મણોને પુષ્કળ દાન દીધાં.

એક વિદ્વાન બ્રાહ્મણ પાસે જન્મકુંડળી કઢાવી. જન્મકુંડળી જોઈ વિદ્વાન પંડિતજી બોલ્યા કે, એભલરાય આ તમારી પુત્રી અન્ય મનુષ્યની કન્યા જેવી નથી, દેવકન્યા જેવી પણ નથી, આ તો બહુ મોટા મુક્ત છે.

જેમ મોટા પુરુષને દેવ જેવા કે મનુષ્ય જેવા કહેવાય નહીં તેમ તમારી આ પુત્રી અનેક જીવોને આત્યંતિક મોક્ષનો મારગ પમાડવા જન્મ્યાં છે. દેવને દુર્લભ સદ્‌ગુણો હે... દરબાર આ દીકરીમાં છે.

આ દીકરી પ્રત્યક્ષ ભગવાનને પામશે. હે રાજન્ ! આ દીકરીને લીધે તમારે વેર પ્રગટ ભગવાન આવશે ને આ પુત્રી તેમની સેવા કરશે. તમારી દીકરીનું શરણું લઈને અનેક સપવા સ્ત્રીઓ પતિવ્રતાના ધર્મ પાળતી થશે.

વળી હે રાજા ! આ દીકરી થકી અનેક ત્યાગી બહેનો થશે. અરે ! આ દીકરી તો હજારો મહિલાઓના નાડીપ્રાણ ખેંચીને સમાધી કરાવીને પ્રગટ પ્રભુના ધામના દર્શન કરાવશે. દેવોને દુર્લભ ગુણો હે રાજન્ ! તમારી પુત્રીમાં આવશે. દરબાર તમે ભાગ્યશાળી છો તે ભગવાને તમને આવી પુત્રી આપી છે.

આવી રીતે જન્મકુંડળી કાઢી ભૂદેવે દીકરી કેવી થશે તે આગમ ભાખી આશીર્વાદ આપ્યાં. એભલ ખાચરે ભૂદેવને ખૂબ ઝાઝી દક્ષિણા આપી રાજી કર્યા. પંડિતજી આશીર્વાદ આપી વિદાય થયાં છે. દીકરી આવી સદ્‌ગુણી થશે તે સાંભળી એભલ પરિવારના બધાં ખૂબ જ રાજી રાજી થયાં છે.

જીવુબા ધીમે ધીમે મોટા થવા લાગ્યા છે. સતત પ્રભુભક્તિમાં લીન રહેતા. જ્યારે શ્રીહરિ વનમાં વિચરતાં ત્યારે જીવુબા નિરાવરણ દૃષ્ટિથી દર્શન કરતાં ને કહેતાં મહારાજ આજે આ જંગલમાં વિચરે છે. આજે અહીં છે. અહીંથી ત્યાં ગયા વગેરે દેખતા અને બધાંને કહેતાં.

મહાપ્રભુનો વર્ણીનો વેશ છે. માથે ભૂરી જટા છે. એક કૌપીન પહેર્યું છે. દુબળું શરીર છે. આવી દિવ્ય વર્ણીની મૂર્તિને દેખતા.

ગઢડામાં એભલખાચર અને તેના પરિવારજનો દરરોજ રામાયણ અથવા તો ભાગવતની કથા પરિવારના દરેક સભ્યો ભેગાં બેસીને સાંભળતાં. એક વખત તો એકધારી સતત સાત વખત ઉપરા ઉપરી શ્રીમદ્ ભાગવતની કથા પરિવારના દરેક સભ્યો ભેગાં બેસીને સાંભળતાં. જેનું દિલડું ભક્તિના રંગે રંગાણું છે એવા જીવુબા કથા વાંચે ને પરિવારના બધાં સભ્યો સાંભળે છે. આખો પરિવાર ધાર્મિક છે. સૌને ભગવાનને રાજી કરવાનું તાન છે.

લાલજીએ દૂધ પીધું

જીવુબા નાનપણથી જ ભક્તિવાળા હતાં. રમકડાંની જગ્યાએ બાલમુકુંદની મૂર્તિ સાથે રમતાં. સમય જતાં જીવુબા થોડા મોટા થયાં. એટલે ભક્તિમાં વધારો કરવા લાગ્યા.

નીલકંઠ વર્ણી જ્યારે વનમાં નીકળ્યા ત્યારે જે બાલમુકુંદ લાલજી સાથે લઈને નીકળ્યા હતા ને અસુરે સરજુમાં ધક્કો માર્યો. પ્રભુ બાર ગાઉ પાણીમાં

તણાયા ત્યારે નીલકંઠવર્ણીએ દિવ્યરૂપે બાલમુકુંદ લાલજીને મોટીબા પાસે મોકલી દીધાં હતાં. તે લાલજીની સેવા મોટીબા પોતે કરતા હતા. લાલજીને શણગાર ધરાવે, દૂધ ધરાવે, આરતી કરે, લાલજી પાસે કીર્તનો બોલે વગેરે સેવા કરતા.

આ બધું જોઈને એભલખાચરને થયું કે દીકરીયું હજી નાની છે. અત્યારે તો રમવું, ભમવું, ઘણું ઘણું શીખવું વગેરેને આ સમયમાં આ બધું શું ? આખો દિવસ લાલજી-લાલજી બીજી વાત જ નય...શું અત્યારે ભક્તિ કરવાના દિ છે ? ભક્તિ તો વૃદ્ધાવસ્થામાં થાય. આવું વિચારીને એક દિવસ મોટીબા પૂજા કરતા હતા. ત્યાં આવીને કહ્યું કે બેટા...જીવુ... અત્યારથી શું લઈ મંડ્યા છો ? બેટા, દીકરી....તમે મોટા થાવ ત્યારે ભજન કરજોને...

જ્યારે મોટા થાવ બાઈ તમે, કરજો પૂજા રાજી છીએ અમે

જીવુબા કહે, પિતાજી ! મોટા થઈને તો પછી ક્યારે ભજાય, વૃદ્ધ થાશું કે કેમ ?

વૃધ્ધપણાને વાયદે રે'વું, અમને નથી મનાતું એવું.

પિતાજી ! વૃધ્ધપણાને વાયદે ન રહેવાય. ભજન તો અત્યારથી જ કરી લેવાય. તો બેટા, જીવુ આ તમારા લાલજી સાચા !!!

જીવુબા કહે, હા, પિતાજી.

બાપુ કહે, બેટા ! તો જો લાલજી સાચા હોય તો કંઈક ચમત્કાર બતાવે તો મને બરાબર મનાય.

જીવુબા કહે, બાપુ ! જુઓ ! અમે બધાં બહેનો સાંજે ભેગાં થઈને આરતી કરીએ ત્યારે બાપુ તમે આરતીના દર્શન કરવા આવજો.

સારું દિકરીયું આવીશ એમ કહીને બાપુ ગયા. પછી સાંજે આરતીની તૈયારી થઈ.

પડી સાંજને કરી આરતી, જીવુબાઈએ ભાવથી અતિ.

મોટીબા ભાવથી લાલજીની આરતી કરવા લાગ્યા. આરતી પુરી થઈ સ્તુતિ-પ્રાર્થના કરી દંડવત્ કર્યા છે. એભલખાચર પણ આરતીમાં હાજર રહ્યાં છે. પછી કટોરામાં દૂધ લાવી લાલજી આગળ દૂધ ધરાવ્યું છે.

પછી દૂધ કટોરો ભરીને, આપ્યો હેતે શું પીવા હરિને;
પછી બાલમુકુંદ મહારાજે, પીધું દૂધ જન હિત કાજે.

લાલજી પાસે દૂધનો વાટકો મૂક્યો છે તે લાલજીએ હાથમાં દૂધનો વાટકો લીધો ને મોંઢે માંડી બધું દૂધ પી ગયા ને એભલખાચરના પગમાં ખાલી વાટકાનો ઘા કર્યો. બાપુની તો આંખો પહોળી થઈ ગઈ. વાહ દિકરીયું વાહ, બાપુ તો નમી પડ્યા ને ગદ્‌ગદ્ થઈ ગયા. બાપુને યાદ આવ્યું કે જન્મકુંડળી કાઢનાર પંડિતજીએ કીધું હતું કે આ મનુષ્ય કે દેવ નથી. આ તો બહુ મોટા છે તે આજ સત્ય થયું. બધાં આનંદમાં ડુબી ગયા. વાહ વાહ બાઈ તમારી ભક્તિ. દિકરીયું ધન્ય છે તમને ધન્ય છે.

ધન્ય બાઈ તમારી ભગતી, ઘેલાઈમાં મેં ન જાણી ગતિ.

દિકરીયું ! તમે તો જોગમાયા છો જોગમાયા. મારા પૂર્વના પુણ્યે તમે મારે ઘેર પ્રગટ થયા છો એમ કહીને બાપુ પગે લાગ્યા. દિકરીયું, તમે સાધારણ મનુષ્ય નથી. તમારી ભક્તિ તો રાધારમા કરતાંય અધિક છે. **તમારી ભક્તિ તો ગોપીઓ કરતાંય વધી જાય એવી છે.** આજે મને ખરેખરો નિશ્ચય થયો છે. હવે દિકરીયું તમે સુખેથી સેવા-પૂજા ને ભજન કરો.

નોંધ : આ દૂધ પીધું તે લાલજી અને વાટકો હાલમાં ગઢપુર છે.

પ્રસાદીનો લીંબતરૂ

એક વખત કાંઈક વ્યવહારિક કામે એભલ ખાચર બાબરીયાવાડ ગયેલા ને ઉમેજ ગામથી લીંબડાનો છોડ લાવ્યા. પરિવારને ભેગો કર્યો. સુરપ્રભા, સોમાદેવી, જીવુબા, લાડુબા, પાંચુબા, નાનુબા અને નાના એવા દાદાખાચર વગેરે પરિવારજનો આંગણામાં ભેગાં થયાં. બાપુ બોલ્યા, બેટા ! જીવુ, બધાં ભેગાં થઈને આ લીંબડાનો છોડ આપણાં આંગણામાં વાવો. આ લીંબડા નીચે પ્રગટ ભગવાન બિરાજશે.

જીવુબા બોલ્યા, પણ બાપુ ! તમને કેમ ખબર કે લીંબડા નીચે પ્રગટ ભગવાન બિરાજશે ? એભલખાચર કહે, બેટા જીવુ ! સાંભળો જ્યારે હું

આ લીંબડાનો છોડ લેતો હતો ત્યારે બે સંતો વાતો કરતાં હતા કે આ લીંબડા નીચે પ્રગટ ભગવાન બિરાજશે ને બ્રહ્મજ્ઞાનની હેલી વરસશે. વળી દિકરીયું એ સંતો હતા આત્માનંદ સ્વામીના શિષ્યો "બાળાનંદ અને વિઠ્ઠલાનંદ." આ બંને સંતોની વાત મેં મારે કાને સાંભળી એટલે જ કહું છું કે આ લીંબડો આપણને જરૂર ભગવાનનો ભેટો કરાવશે. સૌને આનંદ થયો. હરખતે હૈયે સૌએ આંગણાની વચ્ચોવચ્ચ લીંબડો રોપ્યો ને પાણી પાયું. સૌને આશા બંધાણી કે એક દિવસ અહીં અખિલ બ્રહ્માંડનો નાથ પ્રભુ પધારશે ને આ લીંબડાની નીચે જ્ઞાનવાર્તાની હેલી વરસાવશે.

જેમ જેમ લીંબડો મોટો થવા લાગ્યો તેમ તેમ જીવુબાની ભક્તિ પણ વૃદ્ધિ પામવા લાગી. ફળિયામાં હરતાં-ફરતાં લીંબડાને જોઈને ગાયા કરે...આનંદમાં નાચ્યાં કરે...

મારે આંગણિયે અલબેલો આવશે રે...
મારે દિલડે બહુ બહુ ભાવશે રે, મારે આંગણિયે
સંતો ભક્તો આવશે રે...
ઘર તીરથ ધામ બની જાવશે રે.... મારે આંગણિયે

જીવુબા અને બધાં બહેનો વિશેષ ને વિશેષ જપ, તપ, વ્રત વગેરે ભજનમાં લાગી ગયાં છે. મનમાં એક જ લગન છે ક્યારે પ્રભુ આવશે...

મોહનને મળવા મનથી સર્વ દીધું ત્યાગી;
પામીને પુરુષોત્તમ ક્યારે બનું બડભાગી...

આમ ભજન કર્યા કરે છે. ક્યારેક સૌ ભેગાં થઈને વાતો કરે છે કે પ્રભુ ક્યારે આવશે ? ત્યારે એભલ ખાચર બોલે બેટા... જીવુ, જરૂર પ્રભુ આવશે જ. આવી વાતો અવારનવાર પરિવારમાં થાય છે.

પ્રભુ પધાર્યા કારિયાણી

શ્રીહરિ જ્યારે સરધારથી કારિયાણી પધાર્યા ત્યારે તેમણે માંચાખાચરને કહેલું કે, દરબાર તમે તાત્કાલિક ગઢડા કાગળ લખો. ત્યાં રહેનાર ભક્તો બહુ પ્રેમી છે ને આ પરિવાર સાથે અમારે ખૂબ જ આત્મીયતા છે અને હા,

દરબાર સાંભળો, એભલબાપુના મોટા પુત્રી જીવુબાઈ તો અમારા અનાદિમુક્ત છે ને તે ધામમાંથી આવેલાં છે.

મોટી પુત્રી તેની જીવુબાઈ, તેની વાત કહું સુણો ભાઈ;
અમે ફરીએ ને કરીએ જે કામ, તે તો ત્યાં બેઠાં દેખે તમામ.
ફર્યા જ્યાં જ્યાં અમે જન્મ ધરી, બીજે જે જે લીલા અમે કરી;
નિરાવરણ દૃષ્ટિ છે જેમ, જીવુબાઈ દેખે તે તેમ.
નૃપને નૃપનો પરિવાર, મુજ ભક્ત છે પ્રેમી અપાર
માટે માણસ ત્યાં મોકલાવો, લખી પત્ર ને તત્ર તેડાવો.

મહારાજે માંચાખાચરને આ વાત કરી ત્યારે માંચાખાચર હાથ જોડીને બોલ્યા કે, હા, પ્રભુ હમણાં જ સંદેશો મોકલાવું છું ને ઈ ગઢડાના દરબાર એભલખાચર મારા મિત્ર છે. મને કહી મેલ્યું છે કે પ્રભુ આવે એટલે તરત સમાચાર મોકલશો. અમે આખો પરિવાર દર્શન કરવા આવશું ને વળી, પ્રભુ ! તમારો આદેશ થયો. હમણાં જ ગઢડા સંદેશો પહોંચાડું છું. રાઘવભાઈ નામે વિપ્રને પત્ર લઈને ગઢડા મોકલ્યા છે.

પત્ર પહોંચતા પહેલાં તો એભલ ખાચરના પરિવારનાં બધાં સભ્યોના સ્વપ્નામાં તેજ તેજ દેખાણું છે. એ તેજમાં વિમાનમાં બિરાજીત મહારાજ ને અક્ષરધામની સભા દેખાણી છે.

જીવુબાએ સ્વપ્નમાં એવું જોયું કે આપણાં દરબારમાં પ્રભુ પધાર્યા છે. સવારે સૌ પરિવાર જનોને ભેગાં કરી સ્વપ્નની વાત કરે છે. એભલબાપુ બોલ્યા, બેટા જીવુ ! પ્રભુ જરૂર આવશે. પરિવારમાં આમ વાતો થયા કરે છે. બરાબર એ જ ઘડીએ કારિયાણીથી માંચાખાચરનો સંદેશો લઈને રાઘવ વિપ્ર આવ્યા છે. મહારાજ કારિયાણી પધાર્યા છે એવું જાણી પરિવારજનોના હૃદયમાં આનંદના પૂર ઉમટ્યા છે. શુભ સમાચાર લાવનારને ઠંસાર જમાડ્યો છે. વિપ્રને દક્ષિણા આપી વિદાય કર્યા છે ને હવે કારિયાણી જવાની તૈયારી ચાલે છે.

ત્યાં તો સવારમાં વહેલા ઉઠી પાંચુબા, નાનુબા ને રામબા એમ ત્રણેય નાની દિકરીયું એકલાં કારિયાણીને રસ્તે ચાલવા માંડ્યા છે. રસ્તામાં ભૂખ-

તરસ લાગી. કાંટા-કાંકરા વાગ્યા છતાં જલ્દી મહારાજના દર્શન કરવા એમ ધારી પડતા-આખડતાં ચાલ્યા જાય છે ત્યારે શ્રીહરિને દયા આવી છે.

એવા સમામાં આવ્યા મહારાજ, જન કષ્ટ નિવારવા કાજ,
ભેળું લાવ્યા જળ ઠામ ભરી, પાઈ પાણી પ્યાસ ત્રાસ હરિ,
આપ્યાં મોદકને પાયા પાણી, ધીરે ધીરે આવ્યા કારિયાણી.

મહારાજે કાંટા કાઢ્યા ને પાણી પીવડાવ્યું - ભાતુ જમાડ્યું. પછી કારિયાણી સુધી બ્રાહ્મણ વેશે સાથે રહ્યા. પછી કહે, ગામમાં વસ્તાબાપુનાં દરબારમાં ભગવાન છે ત્યાં તમે જાવ. આ તો તમે નાના છો એટલે અમે સથવારો કર્યો. હવે તમે જાવ દિકરીયું, લ્યો જે નારાયણ...

ત્રણેય બહેનો વસ્તાબાપુના દરબારમાં પહોંચ્યાં. મહારાજને પગે લાગ્યા. શ્રીહરિ કહે, એકલા શી રીતે આવ્યા ? ત્યારે તેમણે રસ્તાની બધી વાત કરી. શ્રીહરિ કહે, એ અમે હતા પછી સૌ રાજી થયા.

માંચા ખાચરના શુભ સમાચાર સાંભળી એભલ પરિવારમાં આનંદ આનંદ થઈ ગયો છે ને જલ્દી જલ્દી તૈયાર થઈ કારિયાણી આવી મહારાજનાં દર્શન કરી ધન્ય ધન્ય બન્યાં છે. સૌને પ્રત્યક્ષ દર્શન તો પહેલીવાર જ થયા હતાં.

ગઢપુર આગમન

જીવુબા-લાડુબા વગેરે એભલ પરિવારના સભ્યો ઘણાં દિવસ કારિયાણી રોકાઈને દર્શનનો લાભ લે છે અને દરરોજ મહારાજને આગ્રહ કરે છે કે પ્રભુ હવે ગઢપુર ક્યારે પધારશો ?? પ્રભુ જલ્દી ગઢડા આવો. મહારાજ કહે, જઈશું...જઈશું...એમ આજકાલ કરતાં વસંતપંચમી આવી. મહારાજે કારિયાણીમાં ધામધૂમથી વસંતપંચમીનો ઉત્સવ કર્યો છે.

વળી એભલખાચર હાથ જોડીને પ્રાર્થના કરે છે કે પ્રભુ હવે તો ગઢડા પધારો. જીવુબા વગેરે દરરોજ આગ્રહ કરે છે. માંચા ખાચર કારિયાણી રહેવા આગ્રહ કરે છે. એભલખાચર હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા...

હે પ્રભુ ! હે દયાળુ દીનાનાથ !

દયાસિંધુ દયા દિલ ધારો, દરબાર અમારે પધારો
મારે વાસ વસો મહારાજ, અમે તેડવા આવીયા આજ

હે પ્રભુ ! અમારો દરબારગઢ અને ગઢડું પાવન કરો. ત્યાં તો જીવુબા હાથ જોડીને બોલ્યા, હે વ્હાલા ! વસંતપંચમી તો ગઈ ને આ એકાદશી આવી. પ્રભુ ! હવે ગઢપુર ક્યારે પધારશો તે કહો ?

પંચમી તો વસંતની ગઈ, પ્રભુ આજે એકાદશી થઈ;
ચાલો ગઢપુર શ્રી ગિરધારી, કરો પુરણ આશ અમારી.

મહારાજ કહે, જીવુબા કરો તૈયારી, ઊઠો દરબાર, એભલખાચર ચાલો આજે જ ગઢડા આવીએ છીએ.

સુણી બોલિયા શ્રી મહારાજ, ચાલો આવશું આજ ને આજ

શ્રીજી મહારાજે માંચા ખાચર વગેરેને કીધું કે, હે દરબાર ! હવે અમને રજા આપો. માંચા ખાચર સાંભળો, આ લોકો બહુ જ ભાવિક છે માટે અમારે આજે જ ગઢડા જવું પડશે. કારણ કે,

એહ રાજા ને રાજકુમાર, રાજપુત્રીઓ પરમ ઉદાર.
એ છે સરવે અનાદિમુક્ત, ભલા મારા છે પૂર્વના મુક્ત.
સુખ આપવા તેને અપાર, આજ લીધો છે મેં અવતાર.
માત-તાતને દીધું છે લેશ, એને આપીશ એથી વિશેષ.
રાજા અભય અમારે કાજ, કરે છે તપ તજી સુખ સાજ.
તેના પુત્રને પુત્રીઓ જેહ, તીવ્ર વ્રત સદા કરે છે તેહ.
અતિ ઈચ્છા છે અમને મળવા, તલખી રહ્યાં છે સહુ તનમાં.

માંચા ખાચર હાથ જોડીને બોલ્યા, હા પ્રભુ જેવી તમારી ઈચ્છા. આપ રાજી થાવ એમ જ અમારે કરવાનું હોય. પ્રભુ, આપ સુખેથી ગઢપુર પધારો. આવી રીતે માંચા ખાચરની રજા લઈ મહારાજ ગઢડા જવા નીકળે છે. સંઘ સાથે માણકીએ અસવાર થઈ મહારાજ કારિયાણીથી રવાના થયાં છે.

બરાબર મહાસુદ જયા એકાદશીના દિવસે જયાબાના ભાવથી પ્રભુ પહેલાં-વહેલાં ગઢડા પધારે છે. આ તો થયું કાયમનું સંભારણું. આખું ગઢડું

શણગાર્યું છે, શેરીઓ સુંદર વળાવી છે. ઢોલ-નગારાથી ગામમાં જાહેરાતો થવા માંડી છે કે, એ...પ્રભુ પધારે છે....પ્રભુ પધારે છે....આખું ગામ ભેગું થયું છે. બહેનો મસ્તકે સામૈયા લઈને મંગલગીતો ગાય છે. ધામધુમથી સામૈયા થયાં છે. ગઢપુરની શેરી બજાર નિહાળતાં નિહાળતાં પ્રભુ દરબારગઢમાં પધાર્યા છે. જીવુબા-લાડુબાએ મોંઘે મોતીડે મહારાજને વધાવ્યાં છે. સોનારૂપાના ફૂલે વધાવ્યાં છે.

એભલ ખાચર દંડની પેઠે પ્રભુના ચરણમાં પડ્યાં છે. પ્રભુ લીંબતરૂ નીચે પધાર્યા છે. લીંબડાની ડાળ પકડીને પ્રભુ દરબારમાં ઊભાં રહ્યાં છે. તરત જ સભા ગોઠવાણી છે ને શ્રીજી મહારાજ સુંદર ઢોલિયા ઉપર ગાદી-તકીયે બિરાજમાન થયાં છે. એભલ ખાચરનું આંગણું પાવન થયું છે. લીંબતરૂ નીચે પ્રભુ બિરાજ્યા છે.

બાળાનંદ અને વિકલાનંદની આગાહી સત્ય થઈ છે.

દંડવત કરીને નિજ દેહ; નમ્યા કુંવર સહિત નૃપ તેહ;
મહારાજે મૂક્યો શીર હાથ, પછી ભૂપને ભેટીયા નાથ.

પ્રથમ સભા લીંબડા નીચે થઈ છે.

નેહ નીતરતાં નેણે એભલ ખાચર શ્રીહરિના ચરણમાં પડ્યાં છે. જીવુબા વગેરે બહેનોના જપ-તપ-વ્રત આજ ફળ્યાં છે. ભગવાન પ્રત્યે નિષ્ઠાની ગાંઠ બંધાણી છે. એભલ પરિવારે ગદ્‌ગદ્‌ કંઠે મહારાજને પ્રાર્થના કરી છે કે...હે પ્રભુ ! અમે તમારા છીએ. અમને તમારે શરણે સ્વીકારો. પ્રભુ... તમે તો ભક્તવત્સલ દયાળુ છો તો હે મહારાજ ! હવે રાજી થઈને આપ અહીં રહો. આ દરબાર ગઢ અને અમે તમારે શરણે છીએ.

ઓ...અધમ ઉધ્ધારણ...પતિતપાવન પ્રભુ ! મોટે ભાગ્યે તમો અમને મળ્યા છો. એભલ ખાચર, નાના દાદા ખાચર, જીવુબા, લાડુબા વગેરે સૌ લળી લળી ભાવવિભોર થઈ પ્રભુને પગે લાગે છે. પ્રભુ રાજી થજો...રાજી રહેજો...રાજી રહેજો.

પરમપુરુષ અક્ષરાધિ નાથ, નરતનુ ધરી અનેક મુક્ત સાથ.
પ્રભુ સ્વયં તે પધાર્યા, જન મન મોદ અનેક વધાર્યા.

એભલ પરિવારની પ્રાર્થના

આવી રીતે મહારાજ ગઢડામાં બિરાજે છે. થોડા દિવસ થયાં એટલે મહારાજ ઉપર દેશદેશથી પત્રો આવવા માંડ્યા છે. મહારાજ કહે, હે દરબાર એભલ ખાચર, જીવુબા, લાડુબા સાંભળો, હવે અમને ગામડે ગામડે તેડાવે છે ને પત્રો આવે છે તો અમારે જાવું જોઈએ માટે રજા આપો. ગામગામના ભક્તોના મનોરથો પૂરા કરવા જવું જોઈએ. આવી વાત સાંભળી ત્યાં તો એભલ પરિવાર ઉદાસ થઈ ગયો. પ્રભુ તમે ન જાવ. જીવનપ્રાણ તમે ન જાવ.

પ્રભુ કરવા પ્રવાસનું ધારી, જ્યારે કરવા માંડી છે તૈયારી
થયા અભય ઉદાસી તે વાર, તથા ઉત્તમ નામ કુમાર
થયા અંતરે સહુ ઉદાસ, હાથ જોડી બોલ્યા પ્રભુપાસ
પ્રભુ આજસુધી સુખ દઈને, જવા બેઠાં છો તૈયાર થઈને.
જયા લલિતા રાજકુમારી, જેને વ્હાલા છે વિશ્વવિહારી
થયા અંતરે સહુ ઉદાસ, હાથ જોડી બોલ્યા પ્રભુ પાસ.

હે વ્હાલા ! અમે તમારા વિના કેમ જીવશું ? હે પ્રભુ ! આપ ગઢડું મૂકીને ન જાવ. અમારી વિનંતી સાંભળો. મહારાજ કહે, એભલખાચર તમે સર્વે ઉદાસ ન થાવ. એભલ ખાચર કહે, હે મહાપ્રભુ ! તમે નિરંતર અમારા દરબારગઢમાં રહો. આ મારો દાદો ને દિકરીયું તમારાં છે. ત્યારે મહારાજ કહે, હે રાજા ! આ તમારો દીકરો એ અમારો દીકરો છો, તમારી દિકરીયું તે અમારી દિકરીયું છે. અમે તમારે ત્યાં અખંડ રહેશું એ વર મહારાજે એભલ દરબારને આપ્યો અને કહ્યું કે, સાંભળો દરબાર અમારે જાવું પડે એમ છે. પરંતુ વિચરણ કરી પાછાં અહીં આવીશું.

સદા વાસ તમારે વસીશ, બીજે તો મીજમાન રહીશ
જેમ જન કોઈ પરગામ જાય, નીજ ઘેર આવે સ્થિર થાય
તેમ હું વિચરું પરગામ, પણ જાણીશ આ મુજધામ
ગઢડું મારું ને હું ગઢડાનો, તે તો કેદી નથી મટવાનો.

મહારાજ કહે, એભલખાચર, જીવુબા, લાડુબા સૌ સાંભળો, આ સ્થાનમાં તો અમારે ધરમના ધામ ઊભા કરવા છે. આ લીંબડા નીચે તો

કથાવાર્તાની હેલી અને સત્સંગની પરબો મંડાવવી છે. અહીંથી તો અનંત જીવોના આત્યંતિક કલ્યાણનો ધોરી માર્ગ વહેતો મૂકવો છે. આ સ્થાન તો અમારું હૃદય છે ને અમારે રહેવાનું ધામ છે. પછી તો મહારાજે એભલખાચરના દરબારગઢને તારણહાર તીર્થ બનાવ્યું છે. શ્રીહરિ ગઢડા કાયમ ઘર માનીને રહે એવો જીવુબા વગેરેનો ભાવ હતો.

સૌરાષ્ટ્રાદિ વિશેષ દેશ ફરીને, દુર્ગાખ્ય પુરે રહ્યાં;
જેને આ જગમાંહી દુર્ગપુરના, વાસી વિશેષે કહ્યાં.

મહારાજ તો ભક્તને આધિન છે, ગઢડામાં રોકાયાં છે. આવી વાતો મહારાજે એભલ પરિવારને કરી કાયમ ગઢડા ઘર માનીને રહ્યા. અક્ષર ઓરડી તે મહારાજનો અખંડ ઉતારો.

વ્રત ટેકની રક્ષા

જીવુબાની ઈચ્છા ન હોવા છતાં કુળના રિવાજ મુજબ એભલખાચરે જીવુબાના લગ્ન કુંડળના હાથીયા પટગર સાથે કર્યાં. શ્રીજી મહારાજે જીવુબાના વ્રતટેકની રક્ષા કરી અને પ્રભુની દયાથી અને સતીત્વના તેજથી નાગણરૂપે દેખાયા એટલે...

રાઈબા કુંડળથી વેલડામાં બેસારી જીવુબાને ગઢડા મૂકવા આવ્યા ને કહ્યું કે, હે એભલરાય... આ તમારી દિકરી તો કોઈ અલૌકિક મુક્ત છે. એભલખાચરની આંખમાંથી આંસુ પડવા લાગ્યા. દિકરીને પગે લાગ્યા ને કહ્યું બેટા મને માફ કરજે. તારી ઈચ્છા ન હતી છતાં મેં આગ્રહ કર્યો. દિકરી હવે સુખેથી ભગવાન ભજો.

એભલખાચરને ચમત્કાર

એક વખત એભલખાચર અક્ષર ઓરડીમાં મહારાજ પાસે બેઠાં હતાં. મહારાજ વાતો કરતાં ત્યાં એભલખાચરને સમાધિ થઈ ગઈ. થોડીવારે સમાધિમાંથી જાગ્યા ને મહારાજને એકદમ દંડવત્ કરવા માંડ્યા.

મહારાજ કહે, એભલખાચર સમાધિમાં જે જોયું હોય તે અહીં બેઠાં છે તે સર્વેને કહો. એભલખાચર કહે, મહારાજ તમે બહુ દયાળુ છો. તમે મારી બહુ રક્ષા કરી મને કાળના મુખમાંથી બચાવ્યો.

વાત જાણે એમ છે કે મારે ચાર દિકરીયું આ જીવુબા-લાડુબા અને આ અમારા ધર્મની દિકરી રાજબાઈ. આ ત્રણેય કુંવારિકાઓ છે. તેમણે કેવળ હથેવાળાનો સંબંધ છે. બીજા આ અમારી અમરીબા ને અમુલાબા આ પાંચેય અગિયાર વર્ષની ઉંમરે સાંખ્યયોગી ડોસીઓ થઈને ભજન કરે છે. રૂપિયાભાર લોટ પીને રહે આવું તપ કરે છે. વહેલા ઉઠી પૂજાપાઠ કરે છે ને ભજન કર્યા કરે. એક દિ મને એમ થયું કે આટલી નાની ઉંમરમાં આવું બધું શું? આવો વિચાર મને આવ્યો. મારું મગજ તપી ગયું. મને ક્રોધ ચડ્યો ત્યાં તો એક વિકરાળ પુરુષ મને અધ્ધર આકાશમાં લઈને ઊડ્યો. ત્યાં તો મેં મોટા કાળરૂપ સર્પ જોયો. વિકરાળ સર્પ શ્વાસ લે ત્યાં સૌ એના મોંઢામાં એટલે કાળરૂપ સર્પના મોંઢામાં જવા લાગ્યા. હું પણ એના મોંઢામાં જવા લાગ્યો. મારા હાથમાં ઉગામેલી તલવાર હતી અને હું કાળના મોંઢામાં જવા લાગ્યો.

ત્યારે આકાશવાણી થઈ કે, હે રાજા એભલ ! તમારી પુત્રી જીવુબા તો અક્ષરના મુક્ત છે. લાડુબા-રાજબા વગેરે મુક્ત છે ને મોટા દેવીઓ કરતાં પણ અધિક છે, તેને તમે દુઃખ આપો છો. ભજનમાં આડ કરો છો. તેથી તમે કાળના ફાંસામાં પડ્યાં છો માટે તમારી દિકરીયુંનું સ્મરણ કરો તો તમને સ્વામિનારાયણ ભગવાન બચાવશે.

એભલ ખાચર કહે, હે મહારાજ ! તે વખતે મેં મારી દિકરીયુંનું સ્મરણ કર્યું ત્યાં તો તમારી મૂર્તિ મને દેખાણી ને તે મૂર્તિએ મને કાંડું ઝાલીને કાળના મુખમાંથી બહાર કાઢ્યો. ત્યારે મેં આ જીવુબાને દિવ્ય મહાન મુક્તરૂપે જોયાં. પછી હું સમાધિમાંથી જાગૃત થયો. કાળરૂપ સર્પ દેખાતો બંધ થયો ને તમારી મૂર્તિનો પ્રકાશ થયો.

હે મહાપ્રભુ દયાળુ ! તમે મને કાળથી બચાવ્યો ને આ જીવુબા-લાડુબા મહામુક્ત છે તે પણ જાણ કરાવી એમ કહી ઊભા થઈને મહારાજને દંડવત્ કર્યાં. આ વાત સાંભળી બેઠેલાં સૌ વિસ્મય પામી ગયાં. ગઢડામાં અક્ષરઓરડીમાં મહારાજે એભલખાચરને આવું ઐશ્વર્ય બતાવ્યું.

આ વાતથી આપણે સમજવાનું કે કોઈ ભક્તિ કરતું હોય તેને આડો પગ ના કરવો. નહિતર કાળરૂપી સર્પ ગળી જાય. ભજન થાય એટલું કરવું પણ કોઈ ભજન કરે, નિયમ પાળે, મંદિરે જાય તેને નડવું તો નહીં જ.

વાસુદેવનારાયણ પધરાવ્યા

મહારાજ ગઢપુરમાં રહ્યાં છે. દૂરદૂરથી ભક્તો દર્શને આવે છે. પોતાના ગામમાં પધારવા મહારાજને આગ્રહ કરે છે. પ્રભુ અમારા ઘર ને ગામ પાવન કરવા પધારો. સૌ બાળ-વૃધ્ધ, તમારાં દર્શન માટે તલખે છે.

દેશદેશના ભક્તોના આમંત્રણ અને આગ્રહથી મહારાજ સત્સંગ વિચરણમાં જવા તૈયાર થયાં છે ત્યારે એભલ પરિવારના દરેક સભ્યો જીવુબા-લાડુબા વગેરે બહુ જ દિલગીર થયાં. જીવુબા કહે, પ્રભુ અમને છોડીને તમે ન જાઓ. પ્રભુ. તમો અમારાં જીવનપ્રાણ છો. હે વહાલા ! અમારે બધાં પરિવારજનોને નિયમ છે કે આપણાં દર્શન કર્યા પછી જ અન્નજળ લેવું. આવી રીતે નિયમરૂપી ને પ્રેમરૂપી દોરીએ જીવુબા વગેરે બહેનોએ મહારાજને બાંધ્યાં છે. પરંતુ મહારાજ તો અનંતનું કલ્યાણ કરવાને માટે આવ્યા હતા. પણ આ પ્રેમીભક્તોની ભક્તિ જોઈને મહારાજ કહે, સારું હમણાં વિચરણમાં નહીં જઈએ બસ.

થોડા દિવસ પછી મહારાજે સંકલ્પ કર્યો તે મહારાજની ઈચ્છાથી શ્વેતદ્વિપના મુક્તો વાસુદેવનારાયણની મૂર્તિ લઈને આવ્યા ને ગઢડા દરબારમાં મૂકીને ગયા. જીવુબા કહે, મહારાજ ! આ મૂર્તિ મૂકીને સલાટ ગયા તે આવ્યા જ નહીં. તે કેમ ન આવ્યા ?

મહારાજ કહે : ઈ સલાટ નહોતા, ઈ તો શ્વેતદ્વીપના મુક્તો હતાં. અમારી ઈચ્છાથી મૂર્તિ લઈને આવ્યા હતાં.

પછી મહારાજે સંવત ૧૮૬૨ ફાગણવદ ત્રીજને દિવસે ઉત્તરાદાભારના ઓરડામાં મહારાજે તે મૂર્તિ પધરાવી. પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારી.

વંદુ જે હરિ દુર્ગપતને રહી, ત્યાં ભૂપના ધામમાં;
સ્થાપી ઉત્તમ વાસુદેવ પ્રતિમા, રંગે રૂડા શ્યામમાં.

શ્રીજી મહારાજે જીવુબા-લાડુબા વગેરે બહેનોને કહ્યું કે હવે તમો બધાં આ મૂર્તિના દર્શન કરજો. આ મૂર્તિમાં અમો કાયમ રહીશું ને તમારી સેવા-પૂજા-થાળ આ મૂર્તિમાં રહીને ગ્રહણ કરીશું. હવે તમે આ મૂર્તિના દર્શન કરીને અન્નજળ લેજો ને ભજન કરજો.

આ મૂર્તિ મહારાજે મોટીબા માટે જ પધરાવી હતી. મહારાજ કહે, જીવુબા, હવે આ મૂર્તિમાં અમો અખંડ રહ્યાં છીએ ને આ મૂર્તિ દ્વારા અમે તમને દર્શન દઈશું. માટે હવે વિચરણમાં જવાની રજા આપો. પછી મહારાજ દેશ-વિદેશમાં વિચરણમાં જતાં-પાછાં ગઢડા આવીને સ્થિર થતાં હતાં. આવો જીવુબાનો ભાવ હતો.

વાસુદેવનારાયણ પાછાં પધાર્યા...

મહારાજ ગઢપુરમાં બિરાજી સૌને દર્શનથી સુખીયા કરે છે. જીવુબા-લાડુબા દરરોજ મહારાજને નિત્ય નવા થાળ જમાડે છે. તેવામાં એક વખત ભૂજના ભક્તોનો પત્ર આવ્યો કે, હે દયાળુ પ્રભુ ! અમારે એક મૂર્તિ જોઈએ છીએ. તો આપ અમને પ્રસાદીની મૂર્તિ આપવા કૃપા કરશોજી. મહારાજ કહે, સંતો શું કરશું ? આ ભૂજથી આવો પત્ર આવ્યો છે. ત્યારે શુકાનંદ સ્વામી બોલ્યા કે, મહારાજ ! આ વાસુદેવનારાયણ છે એ મૂર્તિ ભૂજના ભક્તોને આપી દ્યો. મહારાજ કહે, એ તો બાઈઓના દર્શન માટે પધરાવ્યા છે. તે કેમ અપાય ?

શુકાનંદ સ્વામી કહે, હવે ઈ બાઈયો તો લાલજીની સેવા કરશે... આવું જાણીને બધાં બાઈઓ કહે, એ વાસુદેવનારાયણ તો અમારે દર્શન કરવા પધરાવ્યા છે. એમ કહી બધાં ખૂબ રડ્યા ને મોટાબાને તો મૂર્છા આવી ગઈ.

પત્ર આવ્યા પછી થોડા દિવસે ભૂજના ભક્તો મૂર્તિ લેવા આવ્યા. મહારાજને દંડવત્ કરી પગે લાગીને વિનંતી કરી વાસુદેવનારાયણની મૂર્તિ માંગી.

મહારાજ કહે, બીજી મૂર્તિ લઈ જાવ.

ભૂજના ભક્તો કહે, મહારાજ ! આ જ મૂર્તિ રાજી થઈ ને અમને આપો એવો આગ્રહ કર્યો ને પ્રાર્થના કરવા લાગ્યા. ભૂજના ભક્તો પણ અત્યંત

પ્રેમી ભક્તો હતા. શ્રીજી મહારાજે આવતા-જતાં કચ્છમાં સાત વર્ષ વિચરણ કરેલું. રામાનંદ સ્વામી પણ કચ્છમાં બહુ રહેતા. આથી શ્રીહરિને કચ્છ દેશ બહુ પ્રિય હતો. હરિભક્તો પણ શ્રીહરિના લાડીલા હતાં. મહારાજ માટે માથું દઈ દે એવા આ કચ્છના ભક્તો શૂરવીર હતાં. મહારાજ તેમના પ્રેમને વશ થઈ મૂર્તિની ના ન પાડી ને મહારાજ કહે, લઈ જાવ આ વાસુદેવનારાયણની મૂર્તિને. ભૂજના ભક્તોએ તો મૂર્તિ ગાડામાં પધરાવી ને રવાના થયા. નારીયેળીધાર પાસે પહોંચ્યાં ત્યાં અહીં મોટીબાએ સંકલ્પ કર્યો કે આ મૂર્તિ અમારે બાઈઓને દર્શન કરવા માટે પ્રભુએ દયા કરીને પધરાવી હતી. વળી પાછી પ્રભુએ ભૂજના ભક્તોને કેમ આપી દીધી ?

મહારાજ કહે, અમારો વાંક નથી. આ શુકસ્વામી કહે કે બાઈઓ તો લાલજીની સેવા-પૂજા કરશે એટલે અમે મૂર્તિ ભૂજના ભક્તોને આપી. પરંતુ આ બાજુ એવું બન્યું કે બધાં બહેનો પ્રાર્થના કરવા લાગ્યા કે આ મૂર્તિ અહીં જ રહે.

જીવુબા-લાડુબાની વૃત્તિમાં એવું બળ હતું ને એવી ભક્તિ તે જીવુબાએ વૃત્તિ દ્વારે મૂર્તિને ખેંચી. મોટીબાએ જ્યાં મૂર્તિમાં વૃત્તિ જોડીને ખેંચી ત્યાં ઓકળીમાં ગાડાના પૈંડા ખૂંતી ગયા. મૂર્તિ ભારેખમ થઈ ગઈ. બધાંએ ખૂબ પ્રયત્ન કર્યો પણ ગાડું ચાલ્યું નહીં. પછી ભક્તો દરબારમાં આવ્યા. મહારાજને વાત કરી.

મહારાજ કહે, આ બાઈઓની ભક્તિ બહુ ભારે છે. આ જીવુબા વાસુદેવનારાયણને વૃત્તિ દ્વારા ખેંચે છે માટે તમે જઈને કહો કે, હે વાસુદેવનારાયણ ! તમારે જ્યાં જવું હોય ત્યાં ગાડું ચલાવો. એમ કહીને પગે લાગી ગાડું ચલાવજો. બધાં ભક્તો પાછાં ઓકળીએ આવ્યા. વાસુદેવનારાયણને પગે લાગી પ્રાર્થના કરી ત્યાં તો મૂર્તિ હળવીફૂલ થઈ ગઈ ને ગાડું સીધું ગઢડા બાજુ ચાલવા લાગ્યું. બળદ દોડવા મંડ્યા ને ગાડું દરબારમાં આવ્યું. સૌ ભેગાં થયાં. વિચાર, વિમર્શ ને અંતે મૂર્તિ ઓરડામાં પાછી પધરાવી.

મોટીબાને તો એમ હતું કે મહારાજ કાયમ ગઢડા રહે પરંતુ મહારાજે વાસુદેવનારાયણની મૂર્તિ પધરાવી સૌ બહેનોને ભક્તિમાં જોડી દીધાં ને કીધું કે હવે અમે દેશ-પ્રદેશે વિચરણમાં જઈશું.

માટે આપો રજા રાજી થઈને, વેલા આવશું ગુજરાત જઈને.

પછી મહારાજ ગુજરાત વિચરણ કરવા પધાર્યા પણ...

ફરી ફરી હરિ અન્ય ગામ ગામ, ગઢપુરમાંહી વસે જ ધારી ધામ.
નહીં ગઢપુર તુલ્ય ધામ કોઈ, સુરમુની મુક્ત કરે વખાણ જોઈ.

જીવુબાની પ્રેરણાશ્રોત વાણી

અનાદિમુક્ત શ્રી મોટીબાના દિવ્ય તેજ-અલૌકિક ઓજસ જ એવું અનોખું હતું. મોટીબાનું વ્યક્તિત્વ જ સત્વગુણના મૂર્તિમંત સાકાર સ્વરૂપ સમાન હતું. ભલભલાના રજોગુણ-તમોગુણ શાંત બની જતાં ને અંતઃકરણ નિર્મળ બની જતું.

મહાન શીઘ્રકવિ ને નીતિશાસ્ત્રમાં કુશળ, બૃહસ્પતિ જેવા બુદ્ધિશાળી લાડુદાનજી બારોટનો રજોગુણ જીવુબાની વાણીથી વંટોળિયાની જેમ ઉડી ગયો ને થઈ ગયા શ્રીહરિના ચરણમાં સમર્પિત એવું એક જવલંત ઉદાહરણ એટલે સદ્. બ્રહ્માનંદ સ્વામી.

સંવત ૧૮૬૩ની સાલમાં કવિશ્રી લાડુદાનજી "સહસ્ત્રવધાની" અને "સતાવધાની"ની પદવી લઈને રજવાડાં જીતીને ભાવનગર આવ્યા. ત્યાંના રાજા વિજયસિંહજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણના પારખાં લેવા લાડુદાનજીને ગઢડા મોકલેલાં. ગઢડા આવી ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરતાં જ કવિશ્રી ભગવાનને શરણે સમર્પિત થઈ ગયાં ને અહોભાવ થયો.

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણી ગામે બિરાજમાન હતાં ત્યારે શ્રીહરિ કહે, લાડુદાનજી તમારા જેવું કામ પડ્યું છે.

અરે ! બોલો-બોલો મહારાજ આ સેવકને શું આજ્ઞા છે ?

મહારાજ કહે, કવિશ્રી વાત તો જાણે એમ છે કે આ દાદાખાચરના બહેનોને સમજાવવાના છે. તેઓ હઠ લઈને બેઠાં છે. ભગવાન ભજવા છે. તે બાઈઓનું સંસારમાં મન લાગતું જ નથી. સાંખ્યયોગીના ધર્મ પાળી ભજન કરે છે. પરંતુ સંસારમાં તો જવું જ પડેને... અને બહેનો સંસારમાં જવાની ના પાડે છે. તો તમે બહેનોને સમજાવવા જાવ.

લાડુદાનજી તો હસ્યા...કહે લ્યો...એમાં શું ? આ કામ તો ચપટી વગાડતામાં પતી જાય એવું છે. મહારાજ... હું તો એવી શૃંગારરસની વાતો કરીશ એટલે બન્ને બહેનો માની જશે. કવિશ્રી લાડુદાનજી કારિયાણીથી ઉપડ્યા તે ગઢપુર આવ્યા. બંને બહેનો સાથે બેઠક ગોઠવાણી વચ્ચે પડદો રાખ્યો છે. ઓરડામાં બહેનો બેઠાં છે. ઓસરીમાં એભલખાચર ને કવિશ્રી બેઠાં છે. કવિશ્રી જ્યાં ઓસરીમાં બેઠાં ત્યાં તો એને લાગ્યું કે મારી ચતુરાઈ અને વિદ્વત્તા ઓગળી રહી છે. સંસારથી વિરક્ત રહેવાની ટેક લઈને બેઠેલાં આ બહેનોને સમજાવવા લાડુદાનજીએ પોતાની કવિત્વ શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરીને જય નારાયણ કહી એવી તો વાત ઉપાડી કે સાંસારિક શૃંગારરસનું વર્ણન, સંસારની વાતો ખૂબ જ છણાવટ કરીને કરવા લાગ્યા. આમ તો કવિશ્રી ચારણ ગઢવી ખરાને... તે બોલવાની છટા તો હોય જ... એટલે કહે, બહેનો સંસારમાં જવું જ પડે ને ગૃહસ્થાશ્રમ ધર્મ અપનાવવો જ પડે. પહેરવું-ઓઢવું-સારા શણગાર વગેરે કુટુંબની શોભા છે. તો જ મા-બાપ અને ઈષ્ટદેવની લાજ આબરૂ વધે. માટે બહેનો તમે મારી વાત માનીને ગૃહસ્થાશ્રમ સ્વીકારો. આવી ઘણી ઘણી વાતો કરી પરંતુ ભલભલાને ડોલાવનાર લાડુદાનની વાત તો બહેનોને અડી પણ નહીં.

હવે ઓરડામાંથી મોટીબા (જીવુબા) બોલ્યા કે, કવિરાજ તમારી વાતો અમે સાંભળી. હવે અમારી થોડી વાત સાંભળો. અમારે તો મહારાજ સાથે અનાદિનો અક્ષરધામનો નાતો છે. પરંતુ કવિરાજ મહારાજને કહેજો કે...

ધામમાંથી આવ્યા જેહવાર, અમે પહેલાં કર્યો તો કરાર
નહીં વરીએ અવર નર, ત્યારે વાલે આપ્યો તો વર
ભલે અબળાનો દેહ ધારો, નહીં થાય વિયોગ અમારો
ક્ષણવાર ન રાખીશ દૂર, સદા રાખીશ મારી હજૂર
કોલબોલ આપેલ છે એવા, હવે મેલે છે સંદેશા કેવા.

અમારી વાત તો અનાદિની છે કવિરાજ પરંતુ તમે માનવીના દુહા, છંદ, ચોપાઈ રચી ધનદોલત મેળવો છો. પણ તે ક્યાં સુધી ? દેહ રહે ત્યાં સુધી જ ને. આવા સર્વોપરી ભગવાન મળ્યા છે. તેના ગુણ ગાઈને જન્મ

સફળ કરી લ્યો. જે મોંઢાને પાન ચાવવા મળે તે મોંઢે કોલસા ન ચવાય સમજ્યા !!!

કવિશ્રી ભગવાનના ગુણ ગાઈને તમારી કવિત્વ શક્તિને સાર્થક બનાવો. તમારા કાવ્યોરૂપી પુષ્પોનો હાર બનાવી ભગવાનનાં કંઠમાં આરોપો. તમારી કવિત્વ શક્તિથી બનેલો હાર અમર બની જશે તે ક્યારેય કરમાશે નહીં.

કવિરાજ ! આપે જરીયાની વસ્ત્રો પહેર્યા છે. માથે બે કિલો સોનું મઢ્યું છે. રજોગુણથી ઠાઠમાઠમાં બેઠાં છો, આંખોમાં કાજળ આંજ્યું છે, વેઢ-વીંટી-કડા પહેર્યા છે, આખા શરીરે શણગાર કર્યા છે, કવિશ્રી આ તમારા છેલછબીલા રૂપમાં પાન ચાવો છો. પણ એક'દિ આ બધું જ રાખ થઈ જવાનું છે. માટે કરવાનું છે તે કરી લ્યો. કવિરાજ, તમારી આવડત ને શક્તિરૂપી ફૂલ શ્રીહરિને શરણે ધરી દ્યો. અંદરથી જાગી જાવ-જાગી જાવ કવિરાજ જાગી જાવ. બસ તેજીને તો ટકોર જ હોય ને...

મોટીબાની એકધારી વાણી સાંભળી કવિશ્રી તો લજ્જામણીના છોડ જેવા થઈ ગયા. લાડુદાનજીના જ્ઞાનરૂપી ચક્ષુ ખુલી ગયા. મનમાં વૈરાગ્ય સળવળવા લાગ્યો. અંતરમાં ઊંડે-ઊંડે વૈરાગ્ય પડ્યો હતો તે જાગ્યો. જીવુબાના એક ઘડીકના સંગે લાડુદાનજીનું દય વિંધી નાંખ્યું. ને સાચો વૈરાગ્ય પ્રગટાવી દીધો.

મોટીબા કહે, કવિરાજ ! ભવ ભટકણમાં અમને તો પ્રભુ મળી ગયા છે. હવે અમૃત મૂકી ઝેર કોણ પીવે ? આવા પ્રગટ ભગવાનને મૂકીને સંસારમાં શીદ પડીએ !! અમારે તો અખંડ બ્રહ્મચર્ય પાળી ભગવાન ભજવા છે. આ શરીર તો કાચના વાસણ જેવું ક્ષણ ભંગુર છે. પતંગિયાની જેમ બળી જશે. આવો ઘણો ઘણો ઉપદેશ જીવુબાએ આપ્યો ને વાતો કરતાં કરતાં કહ્યું કે કવિરાજ ! તમે તો બુદ્ધિશાળી છો તો કલ્યાણને માટે કંઈક તો વિચાર્યું હશે ને !!!

આવા પ્રગટ મૂર્તિમાન ભગવાન મળ્યા છે માટે બુદ્ધિશાળી ને ડાહ્યા તે જ કહેવાય, જે પોતાનું કલ્યાણ સાધે. આવી રીતે જીવુબા એક જ શ્વાસે બોલ્યા. જીવુબાના જીવનના અનુભવસિદ્ધ આ શબ્દોએ કવિરાજના જીવનને બદલી નાંખ્યું. તેમનું અંતર ભેદાઈ ગયું ને લાડુદાનજીનો રજોગુણ ઓગળીને

રેલાની જેમ ભાગવા માંડ્યો. કવિશ્રીને તો પરસેવો વળી ગયો. આવી અસાર સંસારની વાતો અને ભગવાનના મહિમાની વાતો સાંભળી લાડુદાનજીનું દિલ તો ડોલી ઊઠ્યું. વાહ...વાહ...જીવુબા. ધન્ય હો જીવુબાના તપ, ત્યાગ, વૈરાગ્ય અને સમજણને.

હવે કોણ પડે ફંદ માંહી, બોલ્યા જીવુબા એટલું ત્યાંય

જીવુબાના આટલા શબ્દો સાંભળ્યા ત્યાં તો લાડુદાનજીનું અંતર પોકારી ઊઠ્યું.

લાડુદાનના દયમાંહી, પૂર્ણ સ્મૃતિ પ્રકાશી છે ત્યાંહી
અળગાપણું ન રહ્યું અણુ, જાણ્યું માહાત્મ્ય જીવુબા તણું
હતું શ્રીજીને કહેવાનું જેહ, જીવુબા પાસે કેવરાવ્યું તેહ
મને મોકલ્યો જીવુબા પાસ, મોટી મહેર કરી અવિનાશ.

લાડુદાનજી સલાહ આપવા આવેલાં પરંતુ જ્ઞાન લઈને આનંદિત થયા. અંતરમાં તો સુવિચારોની વણઝારો ઉઠી છે. વિશુદ્ધ જીવનમાંથી ઉઠેલાં શબ્દો જીજ્ઞાસુના દિલમાં ચોંટી જાય ત્યારે જ અનોખું સર્જન થાય છે. જીવુબાના વિશુધ્ધ હૈયામાંથી બોલાયેલા શબ્દો લાડુદાનજીના દિલમાં ચોંટી ગયા. સંસારની સાર પૂર્ણ વાતો કરનારને હવે સંસાર અસાર ભાસવા લાગ્યો. અંતરથી આત્મા પોકારવા માંડ્યો, હે જીવલડા ! તું સહજાનંદનું શરણું લઈ લે. આ અવસર અમૂલખ આવ્યો છે. મોક્ષ પામવાનો સમય છે. ભવજળ તરવાનું બરોબર ટાણું છે. એ...જીવ ચેતી જા અવસર આવી ગયો છે, દૂર નથી.

કવિરાજ તો ધન્ય જીવુબા, ધન્ય જીવુબા કરતાં ઊઠી પગે લાગ્યા. હાથ જોડી બન્ને બહેનોને જે નારાયણ કહી સીધાં મહારાજ પાસે કારિયાણી આવ્યા. શ્રીહરિને દંડવત્ પ્રણામ કરી મહારાજ પાસે ઘરેણાંનો ઠાઠમાઠ જરીયાની વસ્ત્રો ઉતારી ઢગલો કર્યો ને કહેવા લાગ્યા. હે પ્રભુ...હે દયાળુ વ્હાલા ! ગોપીઓ પાસેથી જેમ ઉધ્ધવે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમ તમે મને જ્ઞાન દેવા નહીં પણ જ્ઞાન લેવા મોકલ્યો હતો. પ્રભુ, તમે મને સીધો ઉપદેશ ન આપ્યો ને જીવુબા દ્વારા કહેવડાવ્યું, પરંતુ મહારાજે બહુ સારૂં કર્યું. પ્રભુ આજથી રજોગુણનો ત્યાગ. હે મહારાજ ! હું જીવુબા પાસેથી જ્ઞાન પામ્યો, એટલે જીવુબા મારા

માતા તુલ્ય છે ને મારા ગુરૂતુલ્ય છે. હવે તમે મને દીક્ષા આપી સાધુ કરો. ને તમારો સેવક કરીને સેવામાં રાખો.

જોયું ને ભક્તો !! આવો ચમત્કાર સર્જી શકે છે વિશુદ્ધ ભક્તિભાવથી ભરેલું જીવન. એ તો મુક્ત હતા તે તરત અસર થઈ ગઈ ને આત્મા જાગી ગયો. બાકી તો બદ્ધ પાસે ગમે એટલી વાતો કરીએ પણ...માયાના થરના થર જામ્યા હોય તે આત્મા જાગે ક્યાંથી ? પછી લાડુદાનજી રાજકવિપદ છોડી સાધુ થયાં. રાજા-રજવાડાંને પોતાની કવિત્વ શક્તિથી રંજન કરનાર આજ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ બની ગયા. ને આખી જિંદગી સહજાનંદ સ્વામીના ગુણ ગાયા.

જીવુબાના ઉપદેશથી રંગ લાગ્યો એટલે **"શ્રી રંગદાસજી"** નામ પાડ્યું ને પાછળથી બ્રહ્મમહોલના સમ્રાટ કવિ સદ્‌ગુરુ **શ્રી બ્રહ્માનંદ સ્વામી** તરીકે પ્રસિદ્ધ થયાં.

બ્રહ્માનંદ સ્વામી સાધુ થયા પછી તેમના પૂર્વાશ્રમના સંબંધી શંભુદાન ગઢવી વગેરે પરિવારજનો ગઢડા આવેલાં તે "આશીયાકુળ" પરિવારના દરેક બહેનોને જીવુબાએ વ્રતમાન ધરાવી કંઠી પહેરાવીને સત્સંગના નિયમ આપેલાં. તે મહિલાઓમાં લાડુદાનજીના માતૃશ્રી લાલુબાદેવી તેના દિકરી આછુબા, લાલુબાના દેરાણી મોજબા અને લાડુદાનનો સંબંધ કર્યો હતો, તે બન્ને કન્યાઓ માનબા અને ખીમબા તેમજ ખીમબાના માતૃશ્રી એમ દરેક બહેનો કંઠી બાંધી સત્સંગી થયા હતા. પછીથી માનબા સાંખ્યયોગી થયા હતાં ને મોટીબાના શિષ્ય હતાં.

શ્રીહરિ ધરમપુરમાં

શ્રીજી મહારાજ કાર્તિકી સમૈયે વડતાલ હતાં. સમૈયો પૂરો થયો. ધરમપુરથી કુશળકુંવરબા રાણીનો ભાવભીનો પત્ર આવ્યો. હે મહારાજ દયાળુ પ્રભુ ! આપ ધરમપુર પધારી અમને દર્શન દઈ સુખીયા કરો.

મહારાજ કાર્તિક મહિનાની પૂર્ણિમા પછી તરત જ ધરમપુર જવા તૈયાર થયાં છે. વડતાલથી જીવુબાને ગઢડા પત્ર લખ્યો કે અમે ધરમપુર જઈએ છીએ.

ત્યાં રાણીબાને સત્સંગ કરાવવા માટે જીવુબા તમારે બધાં બાઈઓને ધરમપુર આવવું પડશે. કારણ કે સ્ત્રીઓથી જ સ્ત્રીઓને સમાસ થાય. સજાતિ-સજાતિમાં સમાસ થાય માટે જીવુબા-લાડુબા-રાજબા વગેરે બાઈઓ આવજો. અમે ધરમપુર જઈ પત્ર લખીએ પછી આવજો. આમ મહારાજનો પત્ર વાંચી જીવુબા વગેરે બહેનો રાજી થયાં.

થોડા દિવસ પછી ધરમપુરથી ગઢડા મહારાજનો પત્ર આવ્યો. જીવુબા-લાડુબા-રાજબા વગરે બાઈઓ વેલડા જોડાવી ધરમપુર રવાના થયાં છે. થોડા દિવસે ધરમપુર પહોંચ્યા. સૌએ મહારાજને નમસ્કાર કર્યાં. રાણીબા દોડીને સામા આવ્યા ને જીવુબાને ભેટી પડ્યાં છે.

જયાબાઈ આવ્યા એવું જાણી, ભેટ્યા કુશળ કુંવરબા રાણી.

મહારાજ કહે, રાણીબા... આ જીવુબા તો બહુ મોટા ભક્તરાજ છે. કેટલાંય સ્ત્રીભક્તો એને યોગે પ્રભુ ભજે છે. જીવુબા જ્ઞાનવાર્તા ઘણી સારી કરે છે. જીવુબાની કથા સાંભળી બાઈઓના સંશય ટળી જાય છે ને બાઈઓ બ્રહ્મરૂપ થઈ જાય છે માટે રાણીબા-મોટીબાનો ઉતારો તમારી પાસે રાખજો ને ખૂબ સમાગમ કરજો.

તમ અર્થે તેડાવ્યા છે એને, આપો ઉતારો તમ પાસ તેને
રાતદિવસ સમાગમ રાખો, એના મુખથી જ્ઞાનામૃત ચાખો.

રાણીબા, તમારા માટે જ દૂરથી આ બાઈઓને તેડાવ્યા છે. આ જીવુબાનો સમાગમ તો બહુ દુર્લભ છે. આ જીવુબા સુંદર કથાવાર્તા કરી તમારા તમામ સંશયો હરશે. રાણીબાએ જીવુબા વગેરે બાઈઓને રાજમહેલમાં પોતાની પાસે જ ઉતારા કરાવ્યા છે. રોજ જ્ઞાનવાર્તા થાય છે. જીવુબા બાઈઓની સભામાં કથા કરે છે. રાણીબા વગેરે બહેનો ભાવથી સાંભળે છે.

ધરમપુરમાં રાણીબાના મહેલમાં કથાવાર્તાની એવી હેલી જામી છે કે જાણે ધરમપુર નૈમિષારણ્યક્ષેત્ર બની ગયું હોય ને શું !! પછી તો રાણીબાએ પોતાની ભાભી અને ભત્રીજીને પણ કથા સાંભળવા તેડાવ્યાં છે.

બાઈ કુશળકુંવરે વિચારી, તેડાવ્યા સગા સ્નેહી સંભારી
સમાગમ જીવુબાનો કરવા, વળી ભવજળ પાર ઉતરવા.

જીવુબાની પાસે બેસીને રાણીબા તેમજ વાંસદાથી તેડાવેલાં જીતબા અને તેજબા પણ ખૂબ ભાવથી કથાનો લાભ લે છે. ઘણાં દિવસ આવી રીતે રાણીબાએ જીવુબાના સમાગમનો લાભ લીધો છે. પછી જ્યારે મહારાજે વડતાલ જવાની રજા માંગી છે ત્યારે રાણીબા દિલગીર થઈ રડવા લાગ્યાં છે.

મહારાજ કહે, રાણીબા, હવે અમારે જવું તો પડશે જ. રાણીબા પગે પડીને કરગરવા લાગ્યા છે કે મહારાજ હે દયાળુ ! પ્રભુ ! દયા દિલ લાવો.

મહારાજ કહે, બહુ ઝાઝા દિવસ અહીં રોકાણા માટે હવે રજા આપો.

રાણીબા આજીજી કરવા લાગ્યા કે, પ્રભુ ! આ જીવુબા વગેરે બાઈઓને તો કહો કે અહીં રોકાય તો અમારે કથાવાર્તાનું સુખ આવે.

જીવુબાઈ આદિક છે જેહ, થોડા દિવસ રહે અહીં તેહ,
એવી આજ્ઞા કરો અવિનાશી, પ્રભુ છો તમે ગઢપુરવાસી
સુણી એવું બોલ્યા સુખરાશી

મહારાજ કહે, ગઢડાથી બાઈઓ આવ્યા તેને પણ ઘણાં દિવસ થયાં. માટે હવે રજા આપી દો, એમ કહીને રજા લીધી છે. મહારાજ, રાણીબા ઉપર બહુ રાજી થયાં છે. મહારાજે જીવુબા વગેરે બાઈઓને કહ્યું કે, તમે અહીંથી સુરત જજો. થોડાં દિવસ સુરત રોકાઈને પછી ગઢડા જજો.

જીવુબા વગેરે બહેનો સુરત આવ્યા છે. સુરતના બહેનોને કથાવાર્તા કરી ખૂબ જ સુખીયા કર્યા છે. સુરતના બાઈઓ મોટાબાના સમાગમથી સત્સંગમાં ખૂબ જ બળીયા થયાં છે. આમ જુઓ તો સુરતમાં મોટાબાનો કરાવેલો સત્સંગ છે એટલે જ સુરતનો સત્સંગ મહિમાવંતો અને બળીયો છે. સુરતના બહેનોને મોટાબાનો બહુ જ મહિમા થયો છે. આ બાજુ ધરમપુરથી શ્રીહરિ, સંઘ સાથે રવાના થઈને વડતાલ આવ્યાં છે. જોબનપગીએ મહારાજને ઉત્સવ કરવા રોક્યા છે. તે સમયે સુરતથી જીવુબા આદિ બાઈઓ પણ વડતાલ આવ્યાં છે.

ત્યાં તો સુરતથી તેહકાળ, જયાબાઈ આવ્યા વડતાલ.

મહારાજ કહે, અરે જીવુબા ! તમે સુરતથી ગઢડા ન ગયા ને અહીં કેમ આવ્યા ? જીવુબા કહે, પ્રભુ તમને સાથે ગઢડા તેડી જવા છે, એટલે અમે સુરતથી વડતાલ આવ્યા છીએ. પ્રભુ, તમે ઉત્સવ કરી લ્યો પછી સાથે

ગઢપુર જઈશું. તમે ઉત્સવ પછી અહીં રોકાઈ પછી તો જીવુબાએ હાથ જોડી પ્રાર્થના કરી પ્રભુ ગઢપુર પધારો.

જીવુબાઈએ જોડ્યા છે હાથ, સુણો કોટી બ્રહ્માંડના નાથ...

હે પ્રભુ ! ગઢડાવાળા તમારા વિયોગે દુઃખી છે. તમને સંભારીને રડે છે. અન્નજળ લેતાં નથી. હે દયાળુ પ્રભુ ! બે દિવસ પૂરતા પણ ગઢડા આવી જાવ, પછી વડતાલ આવી ઉત્સવ કરજો. મહારાજ ગઢડા જવા તૈયાર થયાં છે. ભગુજી લાવો માણકી **છડી સવારીએ સહિત** મહારાજ તરત જ તૈયાર થયા ને ગઢડા જવા રવાના થયાં છે. જીવુબા-લાડુબાના વેલડા પણ ગઢડા જવા રવાનાં થયાં છે.

પછી ગઢડે જાવા ગિરધારી, છડી સવારીએ કીધી તેયારી
ચાલ્યા ત્વરાથી તે સુખરાશી, સુખીયા કર્યા ગઢપુરવાસી

સંવત ૧૮૬૩ની સાલનો અન્નકૂટ ઉત્સવ

શ્રીજી મહારાજે વાસુદેવનારાયણ પધરાવ્યા. તેને જોતજોતામાં એક વર્ષ પૂર્ણ થતાં સં. ૧૮૬૩ની સાલમાં વાસુદેવનારાયણની આગળ અન્નકૂટનું આયોજન થયું છે. એભલખાચરના દરબારમાં સીધાં-સામાનના ગાડા ઠલવાવા લાગ્યા છે. ઘીના ઘડા, ગોળની ભેલીયું, મરી-મસાલા અનાજ વગેરે સામગ્રીઓ પુષ્કળ પ્રમાણમાં આવવા લાગી છે.

જીવુબા-લાડુબા-રાજબા-પાંચુબા-નાનુબા વગેરે દરબારગઢમાં રહેતાં સર્વે બહેનો ભેગાં મળીને અન્નકૂટ માટે વિવિધ વાનગીઓ બનાવવા લાગી ગયા. કોઈ દળવા, કોઈ ખાંડવા કોઈ મસાલા તૈયાર કરવામાં, કોઈ અનાજ સાફ કરવામાં આમ દરેક બહેનો શ્રીહરિમાં વૃત્તિ રાખતાં થકાં ઘણીવાર સુધી સેવા કરતાં કરતાં થંભી જતા. જીવુબા તેમને ટપારતાં કે અલી...સાંબેલું કેમ અધ્ધર રહી ગયું. કામ જલ્દી આટોપવાનું છે.

ત્યારે બાઈઓ કહેતાં... શું કરું ? બા મને ખાંડણીયામાં શ્રીહરિ દેખાય છે તેથી સાંબેલું કેમ છોડું ? આ સાંભળી લાડુબા પણ કહેતાં કે ખરું હો બહેન મારી પણ એ જ દશા છે. પાપડ વણતા વેલણ હાથમાં રહી જાય

છે. કારણ કે પાટલી ઉપર શ્રીહરિ ઘનશ્યામ બેઠેલા દેખાય છે. જયાદેવી પણ વડી વણતાં વણતાં સ્વામિનારાયણ - સ્વામિનારાયણ એમ બોલે છે. તેથી એક એક વડીમાં શ્રીહરિના દર્શન થાય છે. અન્નકૂટમાં જોડાયેલ દરેક મહિલાઓની આજ સ્થિતિ હતી. કોઈને પુરી તળતાં ઝારી હાથમાં રહી જતી, કોઈ લોટ બાંધતા સ્થિર થઈ જતાં તેથી અન્નકૂટનું કામ અતિ મંદગતિએ ચાલતું હતું. અન્નકૂટનો દિવસ નજીક આવતો જતો હતો.

શ્રીહરિ પણ રસોડામાં જોવા પધારતાં કે કેટલાં પકવાન તૈયાર થયાં ને કેટલાં બાકી છે. કામ ધીમું જોઈને જીવુબાને કહ્યું કે, જીવુબા હવે તો બે દિવસ જ બાકી છે ને હજુ અન્નકૂટ તો ઘણો બાકી છે, કેમ થશે ?

જીવુબા હસતાં હસતાં બોલ્યા કે પ્રભુ વાંક તમારો છે. બધાંના ચિત્તમાં પેસી ગયા છો એટલે તમારી મૂર્તિ વિના કોઈને કાંઈ દેખાતું નથી. સાંબેલું અધ્ધર રહી જાય, વેલણ હાથમાં રહી જાય ને તળવાની ઝારી હાથમાં સ્થિર થઈ જાય છે. જ્યાં કામ કરવા જાય ત્યાં તમારી મૂર્તિ જ દેખાય છે, તેથી કામ કેવી રીતે થાય ?

શ્રીહરિ આ સાંભળી હસ્યા ને કહ્યું કે,"ભક્તિની આ અંતિમ સ્થિતિ છે. મારા સ્વરૂપમાં વૃત્તિ રાખીને જેટલી ક્રિયા કરશો તે વાસુદેવનારાયણ સ્વીકારશે. બાકી તો બાહ્યક્રિયાથી સામગ્રીનો અન્નકૂટ દેખાશે પણ તેમાં ભક્તિનો ભાવ નહીં હોય." જયાબા શ્રીહરિની વાત સમજી ગયા તેથી હાથ જોડીને પ્રાર્થના કરી..

હે મહારાજ ! અમારી ઉપર કૃપા કરીને આની આ સ્થિતિ રખાવજો. આ સ્થિતિથી ચલિત ન થવાય અને સ્થિતિમાં જ રહીને સેવા થાય એવી કૃપા સદા રાખજો. શ્રીહરિની કૃપાથી સર્વે અન્નકૂટની સામગ્રીઓ તૈયાર થઈ ગઈ. અન્નકૂટનો મંગલ દિવસ આવ્યો. વાસુદેવનારાયણ આગળ સુંદર રીતે અન્નકૂટ પૂર્યો છે. શ્રીહરિએ આરતી ઉતારી છે. અન્નકૂટની દરેક વાનગી નિહાળીને શ્રીહરિએ જીવુબા-લાડુબાના ભક્તિભાવની ખૂબ પ્રશંસા કરી. બીજી બાજુ જીવુબાના લાલજી પાસે પણ પકવાન ગોઠવ્યાં હતાં. તે વખતે લાલજીના રૂપમાં શ્રીહરિ થાળ જમી રહ્યાં હતાં, એવા દર્શન સર્વે સ્ત્રીભક્તોને થયા. સૌ બહેનો આનંદમાં ગરકાવ થઈ ગયા ને અન્નકૂટના કીર્તનો બોલવા

લાગ્યા. તે જ વખતે તેમની ભક્તિથી પ્રસન્ન થઈને ભક્તિદેવી મૂર્તિમંત પ્રગટ થયાં. શ્વેત વસ્ત્ર પહેર્યા હતાં ને તેજસ્વી હતાં.

જીવુબાએ હાથ જોડી વિનયથી કહ્યું કે, "દેવી ! આપ કોણ છો ?" ત્યારે તે હસીને બોલ્યા કે જેની તમે ભક્તિ કરો છો તે શ્રીહરિના અમે માતા છીએ ને અમારું નામ ભક્તિ છે. જીવુબા આ જાણી રાજી થયા ને તરત મહારાજને વાત કરી. શ્રીહરિ કહે, જીવુબા...ભક્તિમાતાને કહો કે, હે ભક્તિદેવી ! તમે અહીં રહો, જેથી સદાય અમારાથી અખંડ ભક્તિ થાય.

શ્રીહરિના કહેવા પ્રમાણે જીવુબાએ પ્રાર્થના કરી ત્યારે ભક્તિદેવીએ કહ્યું કે, હું તો પતિવ્રતા સ્ત્રી છું. મારા પતિ જ્યાં હોય ત્યાં હું રહું.

જીવુબા કહે, પ્રભુ દેવી આવી વાત કરે છે.

મહારાજ કહે, બરાબર છે. સાંભળો જીવુબા, જ્યાં ધર્મ હશે ત્યાં ભક્તિ હશે અને જ્યાં ધર્મ-ભક્તિ હશે ત્યાં અમે રહીશું. કારણ કે અમે ધર્મભક્તિના પુત્ર છીએ.

શ્રીહરિની વાત સૌના અંતરમાં સમજાઈ ગઈ કે ધર્મથી ઇન્દ્રિયોની શુદ્ધિ થાય છે અને ભક્તિથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. માટે ધર્મ પાળવો ને ભક્તિ કરવી તો ભક્તિપુત્ર રાજી થશે. પછી અન્નકૂટની વાનગી શ્રીહરિ જમ્યા. સહુને પીરસીને જમાડ્યા. આમ જીવુબા અને લાડુબાના ભક્તિભાવથી દિવ્ય અન્નકૂટ મહોત્સવ થયો.

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી

શ્રીહરિને સંવત ૧૮૭૨ની સાલનો ચૈત્રી સમૈયો કરવા વડતાલ જવું હતું. જીવુબા-લાડુબાનો એટલો બધો ભાવ હતો કે શ્રીહરિને વડતાલ જતાં રોકી રાખ્યાં. શ્રીહરિ જ્યારે વડતાલ જવા તૈયાર થયા. જીવુબા વગેરે બાઈઓને ખબર પડી કે મહારાજ ગુજરાત જાય છે. ગુજરાતના ભક્તો તો બહુ ભાવિક જો વહાલાંને રોકી રાખે તો મહારાજ તો આપણાં જીવનપ્રાણ છે. પ્રભુ વિના કેમ રહેવાય ? જીવુબા વગેરે બાઈઓ વાસુદેવનારાયણના ઓરડામાં ધ્યાનમાં બેઠાં ને માણકી ઘોડીની વૃત્તિ ખેંચી.

મહારાજ સંઘ સાથે માણકી ઘોડી ઉપર સવાર થઈ દરવાજે પહોંચ્યા. ત્યાં તો માણકીઘોડી ફરંગટી ખાઈને પછી વળી લીમડા નીચે ઊભી રહી. મહારાજ ચોકકું ખેંચી માણકીને ફરી દરવાજે લાવ્યા. ફરીથી માણકી પાછી વળી ને લીમડે આવી ઊભી રહી. મહારાજે માણકીને એડી મારી ફરી દરવાજે પહોંચ્યા. માણકી પાછી વળીને લીમડે ઊભી રહી. મહારાજનો ઇશારો ન ખમે. ઇશારે તો આકાશમાં ઉડવા મંડે. એવી માણકીને મહારાજે પગની એડી મારી છતાં લીંબડે આવીને જ ઊભી રહે. એટલે મહારાજે જાણ્યું કે આ પ્રેમીભક્તો રોકે છે. મહારાજ બોલ્યા, મોટીબા ! એ મોટીબા ! બધાં બાઈઓ ઓરડામાંથી બહાર આવ્યા હાથ જોડી ઊભા રહ્યાં. મહારાજ કહે, મોટીબા આ માણકી તમારી મરજી જાણી અમને લઈને દરબારગઢ બહાર જતી નથી. તમે તેની વૃત્તિ બાંધી લીધી છે. પરંતુ મોટીબા અમારે વડતાલ જવું પડશે. દેશદેશના ભક્તો ત્યાં આવે, ચૈત્રી સમૈયામાં અમે ન જઈએ તો હરિભક્તો નારાજ થાય માટે મોટીબા રાજી થઈને વડતાલ જવાની રજા આપો.

આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી...

ત્યારે જીવુબા બોલ્યા, પ્રભુ તમે અમારા જીવનપ્રાણ છો ને રામનવમી હવે બહુ દૂર નથી તો પ્રભુ ઉત્સવ પૂરો થાય તરત ગઢપુર તરફ પાછા વળજો.

જાઓ પ્રભુ રામનવમી નથી દૂરી, સેવકદાસ પ્રેમાનંદ હજૂરી...

પછીથી મહારાજ વડતાલ જવા નીકળ્યા. પ્રેમાનંદ સ્વામી કહે છે કે મહારાજ રજા માંગતા ત્યારે હું ત્યાં હાજર હતો.

ગોપીઓનો પ્રેમ શ્રીકૃષ્ણ ભગવાનને વિશે અથાગ હતો છતાં પ્રભુ મથુરા જતા રહ્યાં. ગોપીઓ ખૂબ જ રડી કારણ તેમના જીવનપ્રાણ જતા રહ્યાં. ગોપીઓ કરતાં હજાર ગણો ભાવ ભગવાનમાં જીવુબા-લાડુબા વગેરે બાઈઓનો હતો. જેથી મહારાજ દરબારગઢ બહાર ન જઈ શક્યા ને આજ્ઞા માંગી પછી ગયા, પ્રેમને વશ પાતળીયો છે. એટલે જ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે...

જયા લલિતા જન મોટા, સત્સંગમાં શિરોમણી
પ્રીતે વાલમ વશ કર્યા, એની કહીએ મોટપ શું ઘણી...

જીવુબાની સુદ પક્ષની સેવા

સંવત ૧૮૭૦ની સાલમાં કારતક વદ પાંચમને દિવસે ગઢડાના દરબાર એભલખાચર ધામમાં ગયા. દાદાખાચર દર વર્ષે તેના પિતાજીની તિથી ઉજવતા અને જીવુબા હસ્તક બ્રાહ્મણો જમાડતા ને હજારો રૂપિયાનું દાન અપાવતાં. દર વર્ષે બ્રહ્મભોજન કરાવતા. શ્રીહરિની આજ્ઞાથી ભક્તિમાતાની અક્ષરવાસ તિથિ પણ જીવુબા વગેરે બહેનો ઉજવતા ને ઉત્સવ કરાવતા.

અતિ વિનય-વિવેકવાળા એવા દાદાખાચરે એકદિવસ જીવુબા-લાડુબાને બોલાવીને કહ્યું કે બહેનો ભગવાને કૃપા કરીને આપણાં ઘેર નિવાસ કર્યો છે. પ્રભુની કૃપાથી આજે આપણે ઘેર મૂર્તિમાન લક્ષ્મીજી આવીને વસ્યા છે. આપણે ખૂબ સંપત્તિવાન છીએ તો આ સર્વે સંપત્તિ ભગવાનના રાજીપા અર્થે જ વાપરવી છે.

માટે બહેનો સાંભળો...આપણાં પિતાજીની જેમ જ મને પણ મોટા મોટા ઉત્સવો કરાવી મહારાજને રાજી કરવાની બહુ જ ઇચ્છા છે તો તમારે બન્ને બહેનોને ઉત્સવની જવાબદારી ઉપાડી ધામધુમથી ઉત્સવ ઉજવવા. બહેનો આ ધનસંપત્તિ, સેવકો વગેરે તમારે આધિન છે.

દાદાખાચરની આવી રૂડી વાત સાંભળીને બન્ને બહેનો બોલ્યા કે, હે ભાઈ ! તમે બહુ સારો વિચાર કર્યો. આપણે શ્રીહરિને રાજી કરવા જ મોટા ઉત્સવો કરવા છે. જીવુબા કહે, ભાઈ ! તમે બધી સામગ્રી લાવો, બીજું બધું અમે કરી લઈશું. દાદા, તમે જરાય ચિંતા ના કરતાં. સામગ્રી મંગાવવા મંડો. બન્ને બહેનોની વાત સાંભળી દાદાખાચર રાજી થયા ને દોડતા મહારાજ પાસે આવ્યા, દંડવત્ કરી પગે લાગીને વાત કરી કે પ્રભુ, તમે રજા આપો તો મોટા મોટા ઉત્સવ કરાવવા છે.

મહારાજ રાજી થઈને બોલ્યા કે, હે રાજન્ ! તમે ભાગ્યશાળી છો. તમારા બંને બહેનો ખૂબ જ પ્રવિણ છે ઉત્સવની જવાબદારી તેમણે લીધી છે. ને તે બંને બહેનો ઉત્સવની જવાબદારી ઉપાડે એવા ડાહ્યા છે.

વળી એક દિવસ મહારાજે દાદાખાચર, જીવુબા-લાડુબાને બોલાવી કીધું કે સાંભળો... તમે બન્ને બહેનો ઉત્સવ કરાવવાને યોગ્ય છો પરંતુ એક

ઉત્સવમાં બે વ્યક્તિની આગેવાની બરાબર ન ગણાય. આગેવાની તો એકની જ જોઈએ.

બંને બહેનો હાથ જોડીને બોલ્યા કે પ્રભુ તમે કહો એમ અમે કરીએ. શ્રીહરિ બોલ્યા કે, સાંભળો જીવુબા-લાડુબા, શુક્લપક્ષમાં જેટલા ઉત્સવો આવે એમાં જીવુબા આગેવાન બને અને કૃષ્ણપક્ષમાં જેટલા ઉત્સવો આવે તેમાં લાડુબા આગેવાન બને બરાબરને...

હા...હા...પ્રભુ તમે રાજી થાવ એમ જ અમારે તો કરવું છે. મહારાજ કહે, બહેનો તમારા બંનેના ઉત્સાહને ધન્ય છે. તમારા સર્વે મનોરથો સફળ થશે. પરમાત્માએ આ પ્રમાણે આજ્ઞા કરી તે બંને બહેનોએ આનંદથી સ્વીકારી લીધી.

સંવત ૧૮૭૨ની સાલનો જન્માષ્ટમીનો સમૈયો લાડુબાની આગેવાનીમાં બહુ મોટો થયો. એ જ રીતે મોટીબાની આગેવાની નીચે વિજયાદશમી આવી તે દશેરાનો ઉત્સવ પણ મહારાજે બહુ મોટો કરાવ્યો. આમ શ્રીહરિને રાજી કરવા બંને બહેનો પોતપોતાના વારામાં આવતાં ઉત્સવો વધુ ને વધુ સારી રીતે ઉજવાય તે માટે ભારે પ્રયત્ન કરતાં અને બને તેટલાં ઉત્સવો પોતે જ કરવાનો આગ્રહ બંને બહેનો રાખતાં.

દિવાળીના દિવસો નજીક આવ્યા ત્યારે લાડુબા-જીવુબાને પગે લાગીને કહેવા લાગ્યા કે મોટાબેન આ અન્નકૂટની સેવા મને કરવા દો.

જીવુબા કહે, અરે નાનાબેન, તમે જન્માષ્ટમીના ઉત્સવમાં બહુ જ લાભ લીધો છે ને વળી પાછો દિવાળીના ઉત્સવનો પણ લાભ લેશો ને જુઓ બેન અન્નકૂટનો ઉત્સવ તો શુક્લપક્ષમાં આવે છે. તે ઉત્સવની સેવા તો હું જ કરાવીશ. કારણ કે મહારાજે આપણને ઉત્સવો વહેંચી આપ્યાં છે.

ત્યારે હાથ જોડી વિનંતીપૂર્વક લાડુબા બોલ્યા કે, મહારાજે આપણને ઉત્સવો ઉજવવાની વ્યવસ્થા કરી છે તે આજ્ઞા તો પાળવાની જ. પરંતુ બહેન દિવાળી ને અન્નકૂટ તો સાથે જ આવે છે ને તમે જો મોટીબેન આજ્ઞા કરો તો હું અન્નકૂટની પણ સેવા કરું. લાડુબાની વાત સાંભળી જીવુબા રાજી થઈ ગયા ને કહ્યું સારું તમે ઉત્સવ કરો. પછી તો લાડુબાએ અન્નકૂટ ઉત્સવનું ભવ્ય આયોજન કર્યું. એવો સુંદર અન્નકૂટ પૂર્યો કે શ્રીહરિ દિવ્યરૂપે મૂર્તિમાંથી

પ્રગટ થઈને સ્વહસ્તે અન્નકૂટની વાનગી આરોગવા લાગ્યા. દેશ-પ્રદેશથી પધારેલાં હજારો ભક્તોએ આ દર્શનનો લાભ લીધો.

ત્યારપછી પ્રબોધિની એકાદશીનો ઉત્સવ ખૂબ જ ધામધુમથી ઉત્સાહપૂર્વક જીવુબાએ કરાવ્યો ને શ્રીહરિની ખૂબ પ્રસન્નતા મેળવી. આવી રીતે બંને બહેનો ઉત્સવ કરાવતાં ને શ્રીહરિને રાજી કરતા ને સંપત્તિ સદ્‌રસ્તે વાપરતાં. દાદાખાચર પણ ખૂબ રાજી થતાં. ત્રણેય ભાઈબહેન અતિ ઉત્સાહી અને એક જ તાનવાળા કે શ્રીહરિ રાજી કેમ થાય !!! એકમાત્ર પ્રભુને રાજી કરવાનું જ તાન છે.

મહારાજનું સર્વોપરીપણું

શ્રીજી મહારાજ અતિ દયાળુ છે તે ક્યારેક ક્યારેક દયા કરીને પોતાના પુરુષોત્તમપણાની ઘણી વાતો કરતા. શ્રીહરિ કહેતાં કે આ અવતારે કરીને તો અસંખ્ય જીવોનું કલ્યાણ કરવું છે. એટલે જ અમે અનેક અક્ષર મુક્તોને સાથે લાવ્યા છીએ. જેથી આ અક્ષરમુક્તો દુનિયાના જીવોને ભગવાન ઓળખાવે અને મોક્ષ માર્ગે ચડાવે. શ્રીહરિ પોતે પણ ગામ-પરગામ જીવોના કલ્યાણાર્થે વિચરણ કર્યા જ કરતાં. મોક્ષના કેન્દ્ર તરીકે ગઢડા પસંદ કરેલું. ગઢડામાં રહ્યાં થકા પોતે અસંખ્ય જીવોનો ઉદ્ધાર કર્યો. દાદાખાચરના દરબારમાં શ્રીહરિએ અખંડ નિવાસ રાખી અક્ષરધામ અવની ઉપર ઊતાર્યું. જીવુબા-લાડુબા વગેરે પ્રેમીભક્તોની ભક્તિથી બંધાઈને પોતે કાયમ ગઢડાવાસી બનીને રહ્યાં.

મહારાજના મહિમાવાળા આ બહેનોની દરબારગઢમાં સભા હોય ત્યારે કથાવાર્તાની હેલી વરસતી. એક વખત સભામાં બધાં ભાઈઓ કથા કરતા હતાં. એમાં ચર્ચા થઈ કે આપણે મહારાજને કેવા સમજવા એટલે બધાં બહેનો વતી જીવુબાએ મહારાજને હાથ જોડીને વિનંતી કરી કે, હે પ્રભુ ! અમને તમારું સર્વોપરીપણું કહો. અમારે તમને કેવા જાણવા ! તે અમને બરાબર સમજાવો તો સમજાય. મહારાજ કહે, સારું જીવુબા. ક્યારેક સર્વોપરીપણું સમજાવશું. થોડા દિવસ પછી એક વખત દયાળુ શ્રીહરિ દયા કરીને બહેનોને ઓરડે વાતો કરવા પધાર્યાં. મહારાજ ઢોલીએ બિરાજમાન થયાં છે. આગળ

જીવુબા, લાડુબા, અમરીબા, અમૂલાબા, રાજબા, પાંચુબા વગેરે સાંખ્યયોગી બાઈઓ બેઠાં છે તે વખતે મહારાજે સ્વ સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી કે...જીવુબા...લાડુબા... સાંભળો તમે તે દિવસે વાત કરવા વિનંતી કરી હતી ને તે વાત આજે કરીએ છીએ.

જીવુબા સાંભળો... સોળે કળાએ ચંદ્રમાં ખીલ્યો હોય છતાં પણ સૂરજ સમાન તો ન જ થાય. તેમ પુરુષોત્તમ નારાયણને બીજા અવતાર જેવા તો ન જ કહેવાય. અમે તો સર્વોપરી સૌના ઉપરી છીએ. એક ચિંતામણીમાં અનંત પારસમણિ સમાઈ જાય તેવી તે ચિંતામણી છે પણ તેને બીજા અન્ય મણિસમ જાણવાથી ચિંતામણીની સામર્થી કાંઈ ઘટતી નથી પણ સમજનારને ખોટ રહી જાય છે માટે જીવુબા સાંભળો, જે જેટલો મહિમા જાણે એને એટલી પ્રાપ્તિ થાય છે અને તમને તો પૂર્ણ પુરૂષોત્તમ નારાયણની પ્રાપ્તિ પ્રત્યક્ષ થઈ છે અને હું અક્ષરધામનો અધિપતિ છું. સર્વનો નિયંતા છું. અક્ષરબ્રહ્મ મારું ધામ છે. તેમાં અનંતકોટી મુક્તો સાથે હું દ્વિભુજ સાકારપણે સદા વિરાજુ છું. મારા મહિમાનો કોઈ પાર પામી શકતું નથી.

જીવો, ઈશ્વરો, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ, મહામાયા સુધી કાળ વ્યાપેલો છે ને આ બધાંનો પ્રેરક હું એક સર્વોપરી છું. અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનો કર્તા હું છું. મારી મરજી વિના તૃણ તોડવા કોઈ સમર્થ નથી. માયાથી પર મારા અક્ષરધામને પામવું હોય, અખંડ મારી સમીપે રહેવું હોય તેણે પંચવિષયને મિથ્યા ગણીને તેનાથી છેટા રહેવું. મારા સિવાય અન્ય આકારમાત્રને માયિક જાણવા. દેહ અને દેહના સંબંધીમાંથી હેત તોડજો ને મારામાં મનની વૃત્તિ જોડજો. મારી આજ્ઞા, મારા નિયમ દૃઢ કરીને પાળજો. આવી ઘણી ઘણી વાતો શ્રીહરિએ પ્રગટ પુરુષોત્તમપણાની કરી.

આવી દિવ્ય વાતો શ્રીહરિના સ્વમુખે સાંભળીને દરેક બાઈઓ ધન્ય ધન્ય થઈ ગયા ને સર્વે બાઈઓ ભાવવિભોર થઈ ગયા ને સૌને શ્રીહરિની દિવ્યતા જોવાની ઈચ્છા થઈ તે જાણીને શ્રીહરિ અંતરજામીએ પોતાના હાથમાં જે ફૂલનો દડો હતો તે આકાશમાં ઉછાળ્યો તેનો સુસવાટો થયો. તે અવાજ સાંભળી બધાં જ બહેનોએ ઊંચું જોયું ત્યાં તો આકાશમાં વિમાનોની ઠઠ જામેલી જોઈ અને આકાશમાં બધાં અવતારો વિમાનો લઈને શ્રીહરિના દર્શન કરવા આવ્યા

હતા. આવા દર્શન સર્વ બાઈઓને થયા. આવી રીતે જીવુબાના કહેવાથી શ્રીહરિએ પોતાના પુરુષોત્તમપણાની દિવ્ય દિવ્ય વાતો કરીને સર્વને દિવ્ય દર્શન કરાવી પોતાનું સર્વોપરીપણું સમજાવ્યું. જીવુબા-લાડુબા મહારાજને સર્વોપરી સમજતા જ હતા. પરંતુ આ પ્રસંગ પછી બીજા અન્યજનોને પણ સમજાવતા. પુરુષોત્તમપણાનો આશરો જીવુબા-લાડુબાને દૃઢ હતો ને વાતો સાંભળીને વિશેષ દૃઢ થયો.

એભલ પરિવારનો પ્રેમ

દાદાખાચર, જીવુબા, લાડુબા વગેરે અક્ષરધામના અનાદિમુક્ત હતાં. ભગવાનની સાથે જ ધામમાંથી આવેલાં શ્રીહરિને કાયમ ગઢડામાં વસાવનાર એભલપરિવારમાં દાદાખાચર, જીવુબા, લાડુબા વગેરે હતાં. એટલે જ મહારાજે ગઢડાને પોતાનું ઘર માન્યું હતું. મહારાજ દેશ પ્રદેશ વિચરણ કરીને ગઢડા આવે. ત્યારે કહેતાં હાશ હવે ઘરે આવ્યો. ગઢડામાં કાયમ વસાવનાર અને વસ્યા પછી બીજે ખસવા ન દેનાર જીવુબા હતા.

મહારાજે ગ.અં.પ્ર.ના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે અમે કેટલીવાર સત્સંગમાંથી જવાને અર્થે ઉદાસ થયાં છીએ પણ ભગવાનના ભક્તનો સમૂહ જોઈને ટક્યાં છીએ. તે કોઈ રીતે મૂકીને જવાતું નથી. અને ભક્તનો સમુદાય એટલે એભલ પરિવાર, જીવુબા-લાડુબા, પાંચુબા વગેરે... શ્રીહરિ કહેતા કે અમારો સ્વભાવ એવો જે ગોદોહન માત્ર એક સ્થાનમાં રહેવાય વધુ રહેવાય નહીં, એવા ત્યાગી વૈરાગી હતા, તેને બદલે આ દાદાખાચરે, જીવુબા-લાડુબા એના દરબારમાં ટકી રહ્યાં. ગઢડામાં ટકાવી રાખનાર જબરું પરિબળ એટલે પ્રેમની મૂર્તિ જીવુબા અને લાડુબા હતા. મહારાજને આ સત્સંગમાં બંધનયુક્ત બનાવનાર મુક્તાત્મા જીવુબા હતા ને એવા તો નિર્માની-નિર્મોહી-સેવા પરાયણ જ્ઞાન-ભક્તિનો પ્રભાવ ફેલાવનાર, પ્રેમલક્ષણા ભક્તિમાં તરબોળ અને ભગવાનને જ કર્તા-હર્તા માનનાર આવી સમજણ ધરાવનાર આ પરિવાર હતો એટલે જ જીવુબા-લાડુબા માટે જ મહારાજે વાસુદેવનારાયણ પધરાવ્યા હતાં.

મુક્તાનંદ સ્વામીની જેમ જ જીવુબા પણ સત્સંગની 'મા' કહેવાય છે. શ્રીહરિ આ પરિવાર માટે ભક્તવત્સલ બની ગયા હતાં. આખું કુટુંબ ભક્તિમાં

તરબોળ હતું. અરે ક્યારેક ક્યારેક તો મહારાજ અને જીવુબા વચ્ચે અતિશય ઉચ્ચ પ્રકારની જ્ઞાન-વિજ્ઞાનની ચર્ચાઓ પ્રસંગોપાત થતી રહેતી. એટલે જ કહેવાય છે કે અક્ષરધામના અનાદિમુક્તે મોટીબારૂપે પૃથ્વી ઉપર પ્રગટ પ્રભુ સાથે અવતાર લીધો છે.

જેમણે શ્રીહરિની સેવા માટે જ એભલ પરિવારમાં જન્મી, આજીવન શ્રીહરિને પોતાના દરબારગઢમાં વસાવી સત્સંગને એક અણમોલ સેવાનો માર્ગ બતાવ્યો છે. આવા મહાન શક્તિ જીવુબા હતા ને દરિયાવ દિલના પાંચુબા હતા કે પોતે પોતાના ઓરડા પાડી મંદિર કરવાનું કીધું કે અહીં મંદિર કરો. આવી રીતે સત્સંગને જીવંત રાખનાર હતા પાંચુબા. મોટીબાના પરિવારજનો પણ દૈવી જીવો હતા. અવતારી સ્વરૂપો હતા. દેવતાઓ જ શ્રીહરિની સેવા માટે જન્મ્યા હતાં ને મોટીબાના કુટુંબીજનો થયા હતા. સ્વયં શ્રીહરિ સ્વમુખે પ્રસંગોપાત આવી વાતો કરતાં.

એક વખત મહારાજે સભામાં વાત કરી કે આ બધાં કાઠી દરબારો નથી. એને તો મોટા દેવની પણ ઉપમા ન દેવાય તેવા છે. અમે હિન્દુસ્તાનમાં રહ્યાં ને વનમાં ફરતાં ત્યારે ઘણાં રજવાડા દેવા તૈયાર થયા પણ અમને કોઈ રાખી શક્યા નહીં રામાનંદ સ્વામી પાસે આવ્યા પછી પણ ઘણાં મોટા મળ્યા પણ કોઈ અમને રાખી શક્યા નહિ. પરંતુ અહીંના દરબાર દાદાખાચર-જીવુબા-લાડુબા વગેરેએ અમારી અનુવૃત્તિમાં રહીને અમારું ગમતું કરીને અમને વશ કરી લીધાં. એની ભક્તિ વડે અમે અહીં રહ્યાં. એમનું સર્વસ્વ અમને સોંપી દીધું. અમારાંથી અંતરાય કાંઈ પણ રાખ્યો નથી ત્યારે અમે અહીં ટક્યા છીએ. પરંતુ કોઈને સંકલ્પ થતો હશે કે ગઢડામાં કેમ બંધાઈને રહ્યાં છે. ત્યારે સભામાંથી રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે મહારાજ ! મને જ આવો સંકલ્પ થયો હતો. પછી મહારાજ હસતાં હસતાં અક્ષર ઓરડીએ પધાર્યાં.

દરબારગઢનો મહિમા

મોટીબા તો સદાય પરમાત્માના દય કમળમાં દિવ્યરૂપે ભગવાનની અભિન્ન શક્તિ સ્વરૂપે બિરાજમાન રહેલાં છે. ભગવાન શ્રીહરિના દયમાં ભક્ત મોટીબા અને ભક્ત મોટીબાના દયમાં ભગવાન શ્રીહરિ.

ભગવાન અને ભક્ત એકબીજામાં એવા તો ઓતપ્રોત થઈ ગયેલા છે કે કોને કોને પોતામાં સમાવી લીધાં છે. એ તો સમાવનારા અને સમાઈ જનારા જ સમજી શકે. આપણે તો આ વિશિષ્ટ પ્રકારની ભક્તિના ઉચ્ચત્તમ પૂર્ણ સ્વરૂપને માત્ર વંદન કરીએ.

આવા અભિન્ન ભક્ત દયમાં તો શ્રીહરિ નિરંતર દિવ્ય સ્વરૂપે નિવાસ કરીને રહેલા હોય જ છે. પણ જ્યારે પરબ્રહ્મ પરમાત્મા મનુષ્યકૃતિ અવતાર ધારણ કરીને આ બ્રહ્માંડમાં પધારે છે ત્યારે પણ પોતે આવા ભક્તોથી દૂર રહી શકતાં નથી ને પૃથ્વી ઉપર પધારે ત્યારે અક્ષરધામમાં રહેલાં આવા પરમ મુક્તાત્માઓને પોતાની સાથે લઈને પોતે આ બ્રહ્માંડમાં પધારે છે

ગ.પ્ર.નું ૭૧મા વચનામૃતમાં સ્વયં શ્રીજી મહારાજે વાત કરી કે ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્ય મુર્તિ એવા જે પાર્ષદ અને પોતાના સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે પણ એ બીજાના દેખ્યામાં આવે નહીં. એ સર્વ ભગવાન ભેળું જ છે તોય ભગવાન તે મનુષ્ય જે પોતાના ભક્ત હોય તેની સેવા અંગીકાર કરે છે ને ગાર્ય-માટીના જે ઘર તેને વિષે વિરાજમાન રહે છે. માટે જ ભગવાન શ્રીહરિ દાદાખાચરના દરબારમાં મોટીબાને વશ થઈ ગાર્ય માટીના મકાનમાં રહ્યાં છે.

વચ.ગ.પ્ર. ૨૭માં શ્રીજીમહારાજ બોલ્યા, જે એમ સમજતો હોય જે તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે, જેના વરસાવ્યા મેઘ વરસે છે, જેની આજ્ઞાએ સૂર્ય-ચંદ્ર ઉદય - અસ્તપણાને પામે છે તથા ચંદ્રની કળા વધેઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની આજ્ઞાએ કરીએ મર્યાદામાં રહે છે એવા અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેના કર્યા જ થાય છે. આવી સમજણ હોય તેના દયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે.

મોટીબા-લાડુબા-દાદાખાચર વગેરે આવી સમજણવાળા ભક્તો હતા. તેમના દયમાં તો શ્રીહરિ સદાય અખંડ વસેલા જ હતા. પણ આ સ્થૂળ પૃથ્વીને વિષે મનુષ્યરૂપે પધાર્યા ત્યારે ગઢપુરમાં જે દાદાખાચરના ઘરે કાયમ ઘર માનીને રહ્યાં, તે અક્ષરધામ તુલ્ય ઓરડાનો મહિમા તો અપાર છે. સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ એવા અક્ષરાધિપતિ ભગવાને પોતે અનંતકોટિ બ્રહ્માંડોનું સર્જન કર્યું છે તેમણે જ આ ઓરડાનું સર્જન કર્યું છે ને અહીં પ્રભુ ૩૦ વર્ષ

સુધી રહ્યાં છે. આ ઓરડામાં ને ઓસરીમાં ચાલવાથી ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ થાય છે. જ્યાં શ્રીહરિ કાયમ રહેલાં છે એવું આ સ્થાન, એના ઉપરથી કોઈ પક્ષી ઉડીને જાય તેનું પણ કલ્યાણ થાય છે. આ ઓરડા-ઓસરી જો અંતકાળે સાંભરે તો અક્ષરધામના દરવાજા ઊઘડી જાય એવા અલૌકિક આ ઓરડાં છે.

ભગવાન પોતે બોલેલા છે કે આ ઓરડા-ઓસરી દેખાતાં નથી, આ તો અક્ષરધામનું મધ્ય છે. આવા આ ઓરડા ને ઓસરી, લીંબતરૂ, દરબારગઢનું ફળિયું વગેરે દિવ્ય છે. જીવુબાએ પોતાની ભક્તિ અને દિવ્ય શક્તિના પરચા બતાવી દિવ્ય ભૂમિ બનાવી છે. જીવુબા-લાડુબા વગેરે બાઈઓએ આ દરબારગઢમાં ઘણું ભજન કર્યું છે ને અત્યારે પણ સાંખ્યયોગી બાઈઓ દરબારગઢમાં વ્રતતપ ને ભજન કરે છે ને અહીં અનંતજીવોના કલ્યાણ થાય છે. એવા આ અક્ષરધામ તુલ્ય દરબારગઢ, લીંબતરુ આવા આ દિવ્ય સ્થાનમાં જીવુબા વગેરે બાઈઓ ભજન કરે છે.

જીવુબાની કસોટી

શ્રીહરિ ભક્તોના કેવા અંગ છે તે જોવા ક્યારેક કસોટીએ ચડાવતાં. પોતાના માનેલા એવા હરિભક્તોની નક્કર નિષ્ઠા તપાસવા તેમની દૃઢતા જોવા પરીક્ષાઓ કરતાં.

ગ.અં.ના ૨૮મા વચનામૃતમાં શ્રીજી મહારાજે વાત કરી છે કે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ કર્મયોગે કરીને શૂળીએ ચડાવ્યો હોય ને તે સમયમાં અમે તેની પાસે ઊભા હોઈએ પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે આ ભગવાન મને શૂળીના કષ્ટ થકી મૂકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે એવો જે નિષ્કામભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે. આવી રીતે એક વખત શ્રીહરિએ જીવુબા-લાડુબા-દાદાખાચર વગેરે એભલપરિવારની આકરી કસોટી કરી.

વિ.સં. ૧૮૭૦ની સાલમાં એભલખાચર ધામમાં ગયા. હજારો વિમાન લઈ મહારાજ મુક્તો સાથે તેડવા પધાર્યા. દુદુંભી વાગ્યા. દાદાખાચર પાસે

બધી અગ્નિસંસ્કારની વિધિ કરાવી ને પછી મહારાજે એભલપરિવારની આકરી પરીક્ષા કરી. જે દિવસે એભલખાચર ધામમાં ગયા. તે જ દિવસે સાંજે સૌને બોલાવ્યા. સુરપ્રભાદેવી, સોમાદેવી, જીવુબા, લાડુબા, પાંચુબા, નાનુબા, દાદાખાચર, હરજીઠક્કર, નાગમાલો વગેરેને મહારાજ કહે કે, એભલખાચર અમે કહીએ તેમ કરતાં તેણે અમને સર્વસ્વ સોંપી દીધું હતું ને તે દરબાર અમને ભગવાન જાણતા અને અમારું જ ધાર્યું કરતાં ને હવે તે એભલખાચર ધામમાં ગયા માટે હવે અમારે અહીં રહેવું નથી.

ત્યારે જીવુબા બોલ્યા કે હે દયાળુ પ્રભુ ! અમે પણ તમને ભગવાન જ માનીએ છીએ. હે મહારાજ ! તમારું જ ધાર્યું થશે. અમે તો તમારા દાસ છીએ. ત્યારે મહારાજ કહે, સૌ સાંભળો અમે કહીએ તેમ તમે કરશો !!!

જીવુબા કહે, હા મહારાજ, તમે જેમ કહેશો તેમ જ કરશું. અમે બધાં તમારા જ છીએ.

મહારાજ કહે, તો આ એભલખાચરની જે મિલકત છે. ગામ-ગરાસ, નોકર-ચાકર, ઢોરઢાંખર, ઘોડાં-રથ, પાલખી, રૂપિયા-ઘરેણાં તે સર્વે મિલકત સ્વામિનારાયણની છે, આવું લખી બધાં સહી કરો તો અમારે રહેવું છે. જીવુબા કહે, અરે મહારાજ ! એમાં શું ? આ બધો દરબારગઢ તમારો જ છે. છતાં ચાલો લખી દઈએ. કાગળ લાવી લખાણ કર્યું ને બધાંએ સહી કરી કાગળ મહારાજના હાથમાં આપ્યો. મહારાજ કહે, સાંભળો કાલે સવારે દિવસ ઉગતાં પહેલાં તમે બધાં અહીંથી જતાં રહો, ને જ્યાં સ્વામિનારાયણનું નામ ન હોય ત્યાં જઈને રહેજો. બીજે 'દિ સવારે ભાઈબેન સૌ ચાલવા તૈયાર થયાં છે. જીવુબા હાથ જોડીને બોલ્યા, મહારાજ દાદો નાનો છે. ભૂખ્યો થાય તો એક રોટલો ઘડીને સાથે લઈ લઉં ?

મહારાજ કહે, તો અમે આ ચાલ્યા...જીવુબા કહે, ના...ના...મહારાજ. મહારાજ કહે, તો પછી રોટલો નહીં લેવાય. જીવુબા કહે, મહારાજ કાંઈ વાંધો નહીં. ચાર પૈસા આપો તો લખું કંદોઈની દુકાનેથી ગાંઠીયા લઈ ખવરાવી જતા રહીશું.

મહારાજે કહ્યું, એક પાઈ પણ હવે તમારે લેવાશે નહીં. તમે સહી કરીને બધું અમને આપી દીધું છે ને ચાર પૈસા લેવા હોય તો આ અમે ચાલ્યા.

જીવુબા કહે, ના...ના...મહારાજ રાજી રહેજો. અમે જતાં રહીએ છીએ. ભગવાનને પગે લાગી પહેરે કપડે પાંચેય ભાઈબેન, એભલખાચરના બંને પત્ની વગેરે ચાલતાં થયાં છે. રાધાવાવે આવ્યા છે. મનમાં દુઃખ છે કે હવે ભગવાનના દર્શન ક્યારે થશે ? તે મરમાળી મૂર્તિને ક્યારે નીરખશું ? વહાલાના વદનના વાલપના વેણ ક્યારે સાંભળશું એમ કરી કરીને બધાં રાધાવાવે બેઠાં બેઠાં ખૂબ જ રડે છે. કાઢી મૂક્યા એનું દુઃખ નથી. મહારાજનો અવગુણ જરા પણ નથી પણ હવે મહારાજના દર્શન ક્યારે થશે એમ રડે છે. પ્રભુ વિના હવે કેમ રહેવાશે, વિયોગ કેમ સહન થશે એમ રડતે હયે પ્રસાદીની વાવમાં સ્નાન કર્યું છે ને બેઠાં બેઠાં રડે છે.

સુરાખાચરને સમાચાર મળ્યા કે દરબાર ધામમાં ગયાં એટલે સુરાખાચર ગઢડા આવ્યાં છે ને ત્યાં આવી ખબર પડી કે મહારાજે જીવુબા-લાડુબાને દરબારમાંથી રજા દીધી છે. અક્ષરઓરડીએ મહારાજ પાસે આવીને ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યા. મહારાજ કહે છાના રહો, સુરાખાચર આટલું બધુ રડાય !! હવે એભલખાચર તો ઉમરવાળા હતા તે બહુ રુદન ન કરાય.

સુરાખાચર કહે, મહારાજ એભલખાચરનું નથી રડતો. ઓલ્યા જીવુબા-લાડુબાને પંડોપંડ કાઢી મૂક્યા. પ્રભુ તમને કોઈ ભગવાન નહીં માને. બિચારાંને ભૂખ્યા-તરસ્યા કાઢવા. પ્રભુ, તમે જે કરો તે સારા માટે જ કરતા હો પણ...પણ... પ્રભુ તમે કહો તો હું છેલ્લી વખત બધાંને મળી આવું. મહારાજ કહે, દરબાર તમને બહુ દુઃખ લાગતું હોય તો પાછાં બોલાવી લઈએ. મહારાજ કહે જાવ, નાજા જોગીયા. રાધાવાવે સૌ બેઠાં હતા ત્યાં નાજા જોગીયા ગયા. તેને જોઈને બધાં વધુ રોવા લાગ્યા. નાજા જોગીયા પણ ખૂબ રડ્યા. પછી કહે, જીવુબા, તમે બધાં પાછાં ચાલો મહારાજ બોલાવે છે. જીવુબા કહે, સાવ સાચું બોલો છો ? સો ટકા કીધું હોય ને બોલાવતાં હોય તો આવીએ. તમે સમ ખાવ તો આવીએ.

પછી નાજા જોગીયા કહે, પ્રભુએ જ મને મોકલ્યો છે. જો હું ખોટું બોલતો હોઉં તો આખી પૃથ્વીનું પાપ મને લાગે. પછી સૌ દરબારમાં આવ્યા છે ને શ્રીહરિને પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા કે, લાડુબા તમને પાછા શું કામ બોલાવ્યા છે ખબર છે. જીવુબા કહે, ના...મહારાજ. મહારાજ કહે,

કાગળમાં લેખ લખ્યો છે તે ક્યારેક ફાટી જાય માટે ત્રાંબાના પતરા ઉપર લખી આપો એટલે બોલાવ્યા છે. પછી પાછું જવાનું છે સમજ્યા...!!! જીવુબા કહે, હા...હા...મહારાજ, તમો જેમ કહો એમ કરવા પ્રભુ અમે તૈયાર છીએ.

પછી તુરત જ કંસારાને ત્યાંથી ત્રાંબાનું પતરું લાવ્યા. તેની ઉપર કંસારા પાસે પાકું લખાણ કરાવ્યું ને તે પતરું પાંચુબાના પટારામાં મૂકાવ્યું.

પછી મહારાજ કહે, હવે રહો.

મોટીબા કહે, મહારાજ ત્રાંબાના પતરામાં તો શું પણ કહો તો કાળજા ઉપર લખી દઈએ. પ્રભુ અમારે તમારાથી વધુ કાંઈ નથી. પછી મહારાજ રાજી થયા ને કહે, વાહ...વાહ... જીવુબા પરીક્ષામાં પાસ થયા.

જુઓ કેવી આકરી કસોટી જીવુબા વગેરેની કરી, છતાં ડગ્યા નહીં. કસોટીમાંથી સારધાર પાર ઉતર્યા. તેમનો સમર્પણભાવ તો અતિ ઉચ્ચકક્ષાનો ગણાય. જે કોઈ 'દિ ઉઘાડે પગે ચાલ્યા નથી. રાજપુત્રીઓ હોવા છતાં શ્રીહરિની મરજી સાચવી. શ્રીહરિ જેમ રાજી થાય તેમજ કર્યું. ધન્ય છે આવા મુક્તને આકરી કસોટીના તાપમાં પણ તેમની સરળતા અને કોમળતા નષ્ટ ન થઈ. પરંતુ અનેક મુમુક્ષુ આત્માઓને પ્રેરણારૂપ બની ગઈ. શ્રીહરિનો મહિમા ને દિવ્યભાવ લેશમાત્ર ઘટ્યો નહીં. તેમની સમજણ પણ લેશમાત્ર મોળી પડી નહીં. અતિ પ્રેમીભક્ત એવા જીવુબા-લાડુબા ને દાદાખાચરના સમર્પણના પાયા કેટલા મજબૂત હશે કે મહિમા વિશેષ ને વિશેષ વધતો ગયો.

નોંધ : શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી આચાર્ય શ્રી વિહારીલાલજીમહારાજે તે લેખ હાલમાં વડતાલ અક્ષરભુવનમાં પધરાવેલ છે.

જીવુબા સાળંગપુરમાં

શ્રીજી મહારાજ સાળંગપુર પધારેલા ને અહીં ઘણાં દિવસ થયા પણ ગઢપુર ના પધાર્યા. તેથી જીવુબા વગેરે બાઈઓ સારંગપુર દર્શને આવ્યા. જીવુબા મહારાજ માટે ચાંદીનો અબખોરો ને લોટો લાવ્યા. લાડુબા સરસ મજાનો સોનાનો થાળ મહારાજને જમવા માટે લાવ્યા. રાજબા સોનાની ઉતરી લાવ્યા ને મહારાજને કંઠમાં પહેરાવી. અમરી ને અમુલા સોનાના કડા લાવ્યા

ને શ્રીહરિને હાથમાં પહેરાવ્યા. સૌ બહેનો મહારાજને પગે લાગી પંચાગ પ્રણામ કરીને બેઠાં ત્યારે મહારાજે ગઢડાના સમાચાર પૂછ્યા કે બહેનો એભલખાચર. જીવાખાચર બન્ને દરબારો અને બીજાં બધાં ગઢડામાં મજામાં છે ને !

જીવુબા કહે, મહારાજ અમારા બાપુ તો રાતદિવસ તમારું જ રટણ કરે છે. આખો દિવસ ભજન જ કર્યા કરે છે. તમારા સોળ ચિહ્નનું ધ્યાન અખંડ ધરે છે. વારંવાર આંખમાં આંસુ સાથે તમને સંભારે છે. રાજકાજની વાતો છોડી તમારી મૂર્તિની જ વાતો કરે છે અને મહારાજ, અમારા બાપુ કહે છે કે આ રાજદરબાર, ઘરબાર બધું ભગવાનનું જ છે. આમાં આપણું કાંઈ નથી. દીકરીઓ તમે ભગવાન ભજવા મંડો. આ ઘર તો ભગવાનને રહેવાનું છે. મારે તો આજકાલમાં ધામમાં જવું છે. ધામમાં જ સાચું સુખ છે. મહારાજ, અમારા પિતાજી આવું બોલે છે.

તમે મારી દિકરીયું મહામુક્ત છો. તમને બધાંને હું ધામમાં દેખું છું. અત્યારે પણ તમને દિવ્યરૂપે દેખું છું. જે દિવસથી મને મહારાજ મળ્યા તે દિવસથી મને અક્ષરધામ દેખાય છે. મારા બધાં અંતઃશત્રુ ટળી ગયા છે. અક્ષરધામમાં તો મોટાં મોટાં મહેલ છે. અહીં તો તમે મારી દિકરીયું છો ને ત્યાં તો તમે અનાદિમુક્ત છો એવું મને દેખાય છે. હે મહારાજ ! આવી દિવ્ય દિવ્ય વાતો અમારા બાપુ અમને રોજ રોજ કહે છે. ને પ્રભુ તમને સંભારીને રડે છે.

જીવુબાની વાત સાંભળી મહારાજ રાજી થયા ને મોટા સંતોને બોલાવી વાત કરી કે આ જીવુબા વગેરે બાઈઓ તો મુક્તો છે જ, પરંતુ એભલખાચરની પણ દિવ્યદૃષ્ટિ થઈ ગઈ છે. આટલી વાત કરીને મહારાજ જમવા પધાર્યા.

જીવુબાની એકતા

એક વખત મહારાજ રાધાવાવે બેઠાં હતા ને મુક્તાનંદ સ્વામીને કહે અમે ઉદાસ થયા છીએ તે અમારે ઉત્તરાખંડમાં જાવું છે. આવો સંકલ્પ છે. અમારું ચિત્ત ખેંચાય છે માટે અમારે રહેવું નથી. મહારાજે આટલા જ સંકલ્પની વાત મુક્તાનંદ સ્વામીને રાધાવાવે કરી ત્યાં તો દરબારગઢમાં મોટીબાને મૂર્છા

આવી ગઈ. એક માણસ દરબારગઢમાંથી દોડતો આવ્યો કે જીવુબાને મૂર્છા આવી છે, બેશુધ્ધ થઈ ગયા છે. દેહ રહે તેમ નથી.

ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે હે કૃપાનાથ ! આમ કેમ કરો છો ? તમારી ઉદાસીનતાએ તો કેટલાંયના દેહ પડી જશે માટે આમ ન કરો. સ્વામીની વાત સાંભળી મહારાજ હસવા માંડ્યા. ત્યાં તો થોડીવારે દરબારમાંથી સમાચાર આવ્યા કે મોટીબાને સારું છે મૂર્છા ઉતરી ગઈ છે. મહારાજ હસ્યા ને જવાનો સંકલ્પ બંધ કર્યો ત્યાં તો પ્રેમીભક્તોને હયમાં આનંદ થાય છે. આવો પ્રેમ મહારાજને વિષે જીવુબાને હતો.

એક વખત બ્રહ્માનંદ સ્વામી કહે, મહારાજ તમારે હવે ક્યારેય ઉદાસ ન થાવું હો મહારાજ નહિતર આ બાઈઓના દેહ પડી જશે માટે મહારાજ તમારે રાજી રહેવું ત્યાં તો મહારાજ હસવા મંડ્યા ને કહ્યું, જાવ બેચર ચાવડા જીવુબાને કહેજો કે અમારું ભાત અહીં વાડીએ મોકલાવે. પછી રીંગણાનું શાક બનાવી જીવુબા વગેરે બાઈઓ વાડીએ આવ્યા ને છેટેથી મહારાજનાં દર્શન કર્યા ત્યારે મહારાજ કહે, આ જીવુબા છે તે અમારા મુક્ત છે. અમારી ઉદાસીનતા તેની વૃત્તિએ કરીને બંધન કરે છે. જીવુબાની પ્રેમલક્ષણા ભક્તિએ અમને બાંધ્યા છે. અમારામાં અખંડવૃત્તિ રાખે છે, તે તોડીને જવાતું નથી. અને જો પરાણે જઈએ તો તો એનો આત્મા દેહનો ત્યાગ કરીને અમારા સ્વરૂપમાં લીન કરી ચાલી નીકળે એટલે અમારી ઉદાસીનતા કંઈ કામ લાગતી નથી. જીવુબાનો પ્રેમભાવ અમને ગઢડું છોડવા દેતો નથી. અમને તો આ જીવુબાએ પ્રેમથી સત્સંગમાં જકડી રાખ્યા છે માટે અમે જઈ શકતાં નથી.

એક વખત મહારાજે સુંદર તાજા રીંગણા દરબારમાં મોકલ્યા ને કહ્યું થાળમાં રીંગણાનું શાક મોકલજો. નાજા જોગીયા રીંગણા દરબારમાં આપવા ગયાં પછી મહારાજે મનમાં સંકલ્પ કર્યો કે ઓળા થાય એવા રીંગણાં હતા. મહારાજનો સંકલ્પ જાણીને જીવુબાએ શાક બનાવ્યું ને ઓળો પણ બનાવ્યો. બપોરે વાડીએ થાળ આવ્યો. શ્રીહરિએ થાળમાં નજર કરી તો એક વાટકામાં રીંગણનું શાક અને એક વાટકામાં રીંગણનો ઓળો હતો. શાક અને ઓળો જોઈને મહારાજ રાજી થયાં કે જીવુબાએ અમારો સંકલ્પ જાણ્યો. અમારે શાક ને ઓળો બંને જમવું હતું તે જીવુબાએ એમ જ મોકલ્યું. આવી એકતા મહારાજ

સાથે જીવુબાને હતી. મહારાજ જીવુબાના અંતરનું તો જાણે જ પણ મહારાજના અંતરનું પણ જીવુબા જાણી જતાં. શ્રીહરિ પ્રસન્ન વદનથી થાળ જમ્યાં ને બાઈઓને પ્રસાદી આપી. વાહ...જીવુબા...વાહ

જીવુબાનો મહિમા

શ્રીહરિ જ્યારે પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે અક્ષરધામમાંથી ઘણાં મુક્તો સાથે લાવ્યા હતાં.

જ્યારે હરિએ લીધો અવતાર, ત્યારે અવતર્યા મુક્ત અપાર.
રાધારમા જેવી કોઈ શક્તિ, જન્મ્યા ભૂતળ કરવાને ભક્તિ.

સંપ્રદાયના શાસ્ત્રોમાં પાને પાને જીવુબાના હજારો પ્રસંગો લખાયેલાં છે. જીવુબા અનાદિમુક્ત હતા. શ્રીહરિએ જ્યારે આ સત્સંગની સ્થાપના કરી ત્યારે ભજનભક્તિનો એકસરખો દરજ્જો સ્ત્રીઓને પણ આપેલો. ભક્તિનો અધિકાર સ્ત્રીઓને પણ પુરુષ જેટલો જ ભગવાને આપેલો અને સૌ પ્રથમ ત્યાગીની દીક્ષા જીવુબાએ જ લીધી હતી. એટલે જ સ્ત્રી માત્રના ગુરૂપદે મહારાજે જીવુબાની સ્થાપના કરી હતી.

જીવુબાના યોગમાં આવી ઘણાં ત્યાગી ને ગૃહી બાઈઓ ભજન કરતાં. જીવુબા ઘણાં જ મહાન હતા. જીવુબા સમાધિનિષ્ઠ હતા. સમાધિ દ્વારા તો અક્ષરધામમાં રહેતા ને જતાં આવતાં. જીવુબાએ સ્વામિનારાયણ ભગવાનને શ્રદ્ધા અને મહિમા સહિત ભક્તિથી વશ કરી લીધાં હતાં. જીવુબા ત્રણે અવસ્થામાં મહારાજની મૂર્તિ દેખતાં હતાં. વળી વચનસિદ્ધ અને બ્રહ્મસ્થિતિવાળા હતા. મહારાજને સંભારીને જીવુબા જે બોલે તે થાય એવી સામર્થી હતી. જીવુબાના જીવનમાં શ્રદ્ધા, ભક્તિ, વૈરાગ્ય અને નિષ્ઠાની વાતોનો પાર આવે એમ નથી. જીવુબા ત્રણેય કાળનું જ્ઞાન ધરાવતા હતા.

ક્યારેક મહારાજ ગઢપુરથી હરિભક્તોને દર્શન દેવા માટે જીવુબા-લાડુબાને કહ્યાં વગર ગુપ્તપણે એકલાં ચાલી નીકળે ત્યારે જીવુબા-લાડુબા અન્નજળનો ત્યાગ કરતાં ને સમાધિમાં જઈને જુએ કે મહારાજ કંઈ બાજુ પધાર્યા છે, ક્યા ગામમાં ગયા છે ? મહારાજ મેથાણ ગુપ્તપણે ગયેલા.

વિસનગર પણ ગુપ્તપણે ગયેલાં, ગઢડામાં કોઈને કીધાં વિના જ પ્રભુ બીજાને દર્શન દેવા જાય ત્યારે ગઢડાવાળા બહુ દુઃખી થતાં. લીંબડી સગરામ ભગતના ઘરે પૂછ્યા વગર જતાં રહ્યાં હતાં. જીવુબા કહી દેતા કે આ બાજુ આ ગામમાં આ હરિભક્તને ઘેર ગયાં છે. આવી નિરાવરણ દૃષ્ટિવાળા જીવુબા હતાં, ને મહારાજ પાછાં આવે ત્યારે દર્શન કરી પછી જ અન્નજળ લેતાં.

નિષ્કામભાવે મહારાજનું પૂજન ભજન કરતાં. જે બાઈ જેવી મુમુક્ષુ હોય તેની પાસે જીવુબા તેવી વાત કરતા. બીજાના આત્માને જીવુબા દેખતાં. શ્રીહરિની કૃપાથી જીવુબા સિદ્ધગતિને પામેલાં હતાં. જે બાઈઓ જીવુબાના યોગમાં હતી તે અંતકાળે મહારાજ સાથે જીવુબાને દેખતી. જે જે ભક્ત બહેનો અને જે જે સાંખ્યયોગી બહેનો ધામમાં જાય તો તેમને મહારાજ તેડવા આવે તેની સાથે જીવુબા જતાં ને સાંખ્યયોગીના આત્માને અક્ષરધામ સુધી પહોંચાડી આવતા આવી સામર્થી જીવુબાની હતી. જેને ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય તેને અખંડ ચિંતવન થાય. જીવુબામાં શ્રદ્ધા, નિશ્ચય ને માહાત્મ્ય આ ત્રણે અંગ હતા. એટલે મહારાજમાં અખંડવૃત્તિ રાખતાં. જીવુબા ત્યાગ, તપ અને વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિ હતાં. ભગવાન વિના બીજા પદાર્થમાં અરૂચિ રાખતા.

મહારાજે એક કાગળમાં લખાવ્યું કે મેં જીવુબા-લાડુબાની બહુ પરીક્ષા લીધી પણ અમારે એની શ્રદ્ધા અને ભક્તિ ને મહિમાનો તાગ આવ્યો નહીં. જીવુબાને પરમેશ્વરને રાજી કરતાં આવડે છે. જીવુબા જેવી ધીરજ ને ક્ષમતા કોઈનામાં નથી.

જીવુબાના યોગમાં ને સમાગમમાં આવવાથી બહેનો બળીયા થયા હતા. મહારાજ કહે, જીવુબા અતિ નિર્માની, દાસના દાસ થઈને રહેનારા અમારી અનુવૃત્તિ જાણનારા, સરળ ચિત્તવાળા દરેક ક્રિયામાં નિપુણ આવા ભક્ત તો બાઈઓમાં જીવુબા સમાન કોઈ નહીં. જીવુબાને નાનપણથી ભગવાન બહુ વહાલા હતાં.

બાલ અવસ્થા શું હરિ પ્યારા, સંસારી સુખ જાણ્યો અસારા
ત્યાગ-વૈરાગ્ય ભારે જીવમાંહી, હરિ કી ભક્તિ કરત મુદ પાઈ

નાનપણથી શ્રીહરિમાં હેત-પ્રેમવાળા હતાં. એની પ્રેમલક્ષણા ભક્તિથી વશ થઈને મહારાજ ગઢડું છોડીને જઈ શકતાં નહીં. મહારાજને ગઢડામાં

બાંધી દીધાં તે પાત્રો કેવા પ્રેમી હશે ! જેની પધરામણી કરવી હોય તોય દુર્લભ, જેની પાછળ દેવોને મુક્તો ફરે તોય દર્શન દુર્લભ એવા સર્વોપરી ભગવાનને ૩૦ વર્ષ રોકી રાખ્યા એ જીવુબા, લાડુબા, રાજબા, દાદાખાચર વગેરે કેવા ભક્ત હશે ?? મહારાજ રાજી થઈને ઘણી વખત જીવુબાને આવી આવી વાતો કરતા કે, જીવુબા ! આ લીંબડો પણ મુક્તરૂપ છે. જીવુબા તમારા ગોળાનું પાણી પીશે તેનું પણ કલ્યાણ થશે. તમારે ઘેર પશુ, ઢોર વગેરેનું કલ્યાણ થશે. આ દરબારગઢની ભૂમિનો બહુ મોટો પ્રતાપ છે. અનંત જે મૂળપુરુષ, પ્રકૃતિપુરુષ, વૈરાટપુરુષ તથા ગોલોકાદિ ધામના મુક્તો, ધામના ધામીઓ આ તમારા દરબારગઢમાં આળોટવા આવે છે. મહિમા જાણીને અહીંની રજ માથે ચડાવે છે. શ્રીહરિનું આવું વચન સાંભળીને જીવુબા-લાડુબાને મહારાજનો ખૂબ જ વિશેષ મહિમા થયો ને તેના યોગમાં આવનારને પણ આવો પાકો નિશ્ચય કરાવતાં.

જીવુબાને કોઈ ઉપર ઈર્ષ્યા કે અભાવ નથી. ભગવાનના ભક્તો ઉપર પ્રેમવાળા હતાં. જે જે વસ્તુ પદાર્થ ભગવાનના કામમાં આવે તેમ તેમ જીવુબા ખૂબ જ રાજી રહેતાં. મહારાજ કહેતા આવો સ્વભાવ કોઈ મનુષ્યમાં ન હોય આ તો અમારા અનાદિ મુક્ત છે. માયાળુ ને દયાળુ સ્વભાવના છે. કોઈ હરિભગત ગમે તેટલું બગાડે તોય જીવુબા ક્યારેય ક્રોધ કરતાં જ નહિ. મહારાજ કહે, ઘણીવખત અમે અપમાન કરીએ છતાંય ક્યારેય તપતા નથી એવા મહાન છે. મહારાજ કહે, અમે ક્યારેક તપી જઈએ પરંતુ જીવુબા તો અતિ શાંતવૃત્તિ રાખે છે. ભગવાનને રાજી કરવામાં એમના જેવા તત્પર કોઈ નહીં. જેટલા મોટેરા સાધુ છે તેઓ બધાં જીવુબાના સ્વભાવ જેવી સાધુતા શીખવા પ્રયત્ન કરે છે, છતાં કોઈમાં આવી સાધુતા આવતી નથી.

રાધિકાજી અને લક્ષ્મીજી જેવી દેવીઓ તેમના જેવી સાધુતા શીખવા અનંતયુગોથી પ્રયાસ કરી રહી છે. આ વાતથી આપણે જાણીએ કે જીવુબા અનાદિમુક્ત છે ને અનંતકાળથી અક્ષરધામમાં છે. ત્યારે જ અનંતયુગોથી તેના જેવા ગુણ કેળવવા દેવો ને મુક્તો પ્રયાસ કરે છે. અત્યારે જીવુબાની ઉંમર ૨૨ (બાવીસ) વર્ષની છે. છતાં એક બ્રહ્મનિષ્ઠ મહાપુરુષમાં જેવા સદ્‌ગુણો હોય તેવા સદ્‌ગુણો જીવબામાં હતાં.

મહારાજ કહેતાં અમે સત્સંગીઓના હિત માટે બધે ફરીએ છીએ, જીવોના કલ્યાણ માટે વિચરીએ છીએ. પરંતુ જીવુબાની સાધુતા જોઈને, તેના સદ્‌ગુણો જોઈ જીવુબા અમને ભુલાતાં નથી. મહારાજ કહે, હું આકાશ જેવો નિર્બંધ છું. કોઈના બંધનમાં ન આવું પણ જેમાં સાધુતા છે, સદ્‌ગુણ છે તેના બંધનમાં આવું છું. આવી ઘણી ઘણી વાતો જીવુબાના સદ્‌ગુણોની મહારાજે જેતપુર ભાદર નદીમાં સંતો સાથે નાહતાં નાહતાં કરી હતી ને જીવુબાના સદ્‌ગુણોના ખૂબ વખાણ કર્યા હતા. (હરિચરિત્રામૃતસાગર) જીવુબા સાધુ સ્વભાવના હતા. ત્યાગી સાંખ્યયોગી બાઈઓ અને ગૃહસ્થ બાઈઓ જીવુબાને ગુરૂ માનતા. જીવુબામાં સાધુતાના ગુણ જોઈને સૌ તેમાં પૂજ્યભાવ રાખતાં.

લાડુબા-રાજબા-અમરીબા-અમૂલાબા આ ચારેય બહેનો પણ જીવુબા જેવા સદ્‌ગુણી હતાં ને ચારેય બહેનોને પરસ્પર હેત બહુ હતું. મહારાજ કહે, આ બાઈઓમાં આવો સંપ ને હેત જોઈ અમે બહુ રાજી છીએ. માટે ત્યાગી બાઈઓએ પરસ્પર હેત રાખવું. જીવુબા બધાંનું હિત ચાહતા ને બધાંને પ્રેમથી ઘણી વાતો કરતાં. કોઈ બીન સત્સંગી મહિલાઓ જો જીવુબાના મુખની વાતો સાંભળે તો તે તરત સત્સંગી થઈને કંઠી બંધાવતા. શ્રીહરિની જેવી મરજી હોય તે જાણીને જીવુબા વાતો કરતા. પોતાના સદ્‌ગુણોની વાતો ક્યારેય કરતાં નહીં. હંમેશા બીજાના સદ્‌ગુણોની વાતો બહુ કરતાં આવા હતા જીવુબા... હરિભગતની કાયમ સાર સંભાળ રાખતાં. દરબારગઢમાં કાયમ ઉત્સવ સમૈયા થાય એટલે માણસોનો બહુ જ ઘસારો રહેતો છતાં મહિમાથી બધાંને બોલાવતાં જમાડતાં. કોઈ ગરીબ હરિભગત બાઈ કે ભાઈ હોય તેને આગળ પાછળ પરિવારમાં કોઈ ન હોય તો તેને ત્યાં દરબારગઢમાં જ રાખીને અન્નવસ્ત્ર આપી સુખી કરતાં. પોતાના ગરાસની જે ઉપજ તે ગરીબો માટે ને ઉત્સવ સમૈયા માટે જ વાપરી નાંખતાં.

બધાં પાસે ભજન બહુ કરાવતાં. નિયમ ધર્મ દૃઢ કરાવતાં. નિયમ ન પાળે, ભજન ન કરે તેને તુરત રજા દેતાં. જીવુબા ધર્મ ઉપર બહુ જ ભાર રખાવતા. જીવુબા મહાસમર્થ હતા ને તેનામાં યોગકળાઓ રહી હતી. જીવુબા જેવો સંકલ્પ કરે એવું સુખ તેને મહારાજ ધામમાં દેતાં. ધામમાં તો રાધા ને લક્ષ્મીજી કરતાં જીવુબા મૂર્તિનું સુખ અધિક લેતાં. વિનય, વિવેક, સમજણ,

દયા ને સારા વિચારો આ બધું જીવુબામાં હતું. જીવુબાનું જીવન તો અમૂલખ રતન જેવું હતું.

"મહિલાઓમાં દિવ્ય સત્સંગની મશાલ જગાવનાર તેમજ ઉચ્ચ મહિમાની વિચારધારાવાળા અને મહિલાઓને સત્સંગમાં ઉજાગર કરનાર ગઢડાના અનાદિમુક્ત શ્રી જીવુબા હતા."

મહારાજે જ્યારે સંતોને રસકસના નિયમ આપ્યા ત્યારે જીવુબા ને લાડુબા એક એક શિંગોડું ખાઈને રહેતા. મહારાજને રાજી કરવા આવા આકરા તપ ને ભજન કરતાં. જીવુબા જ્યારે જ્યારે સંભારે ત્યારે ભક્તિમાતા દર્શન દેતા. ભક્તિમાતામાં જેટલાં સદ્‌ગુણો હતા તે બધાં સદ્‌ગુણો ભક્તિમાતાએ આ બંને બહેનોને આપ્યા હતા. નવધાભક્તિમાં જે ગુણો છે તે જીવુબામાં હતાં. તેને લઈને બંને બહેનો ગુણવાન હતાં. રાધાજીની સખી જે લલિતા તેના ગુણો પણ જીવુબામાં હતાં. જીવુબાની સેવા ચાતુર્ય દેખીને તે સર્વે બહેનો વિસ્મય પામતી. આવા ભક્તિવાળા બહેનો જોઈને ભક્તિમાતા તે બહેનોથી એક પળ પણ દૂર જતાં નહીં. જેમ દીવાથી દીવો પ્રગટે તેમ આવા મહાન વ્યક્તિના જીવનથી ઘણાના જીવન સુધરે ને જ્ઞાન પ્રગટે.

જીવુબા-લાડુબા મહારાજને સર્વોપરી અવતારના અવતારી જાણતાં. પૂર્ણ પુરુષોત્તમ સર્વના નિયંતા જાણતાં ને ભગવાનમાં સર્વોપરીપણાની નક્કર નિષ્ઠા હતી. જીવુબા વગેરે કાયમ નકોરડી એકાદશી કરતાં. ચાંદ્રાયણ વ્રત તપ કરતાં. જીવુબા લાડુબા વગેરે બાઈઓ તપ બહુ કરતાં. જોખીજોખીને જમવાના નિયમ હતા. પાશેર, અડધો શેર, નવટાંક આવા વ્રત કરતાં. ગળ્યું ચીકણું મિષ્ટાન્ન તો જમતાં જ નહીં.

ગળ્યું ચીકણું સરસ અન્ન, તજ્યું તેનું કરવું ભોજન;
ખાટપાટ પર્યંક પલંગ, તજ્જ સુવે ભૂમિ પર અંગ.

શ્રીહરિએ મોક્ષ માટે ચાર બાબત બતાવી છે.

૧. ધર્મમાં રહેવું.

૨. ભગવાનની ઉપાસના કરવી.

૩. ભગવાનના ચરિત્રોનું કીર્તન કરવું.

૪. ભગવાનનું સ્મરણ કરવું.

આ ચાર વાનાં જીવના કલ્યાણને અર્થે છે.

આ ચારેય વાનાં જીવુબામાં હતાં. આવા સદ્‌ગુણો જોઈને મહારાજ ગઢડામાં ટક્યા હતા ને જીવુબાએ ભાવથી સત્સંગમાં રોકી રાખ્યા એટલે ખરેખર જીવુબા સત્સંગની "મા" છે. મહારાજને રોક્યા તો સત્સંગ રહ્યો. સત્સંગને જીવતદાન દેનારી મા એટલે **જીવુબા.** આ સત્સંગને જીવુબાએ બચાવ્યો છે. મહારાજને વનમાં જતાં થંભાવી દીધાં છે. જીવુબા આજે પણ મહિલાઓના સંકલ્પો પુરા કરે છે. મહારાજ દેશ-પ્રદેશમાં ફરીને ગઢડા આવે ત્યારે કહેતાં હાશ હવે અમારે ઘેર આવ્યા. આવો પ્રેમ આ બાઈઓનો હતો. મહારાજ કહે, અમે કેટલીવાર ઉદાસ થયા પરંતુ આ પરિવારે રોકી રાખ્યા છે. જીવુબા લાડુબાના પ્રેમને વશ થઈને એનો ભાવ જોઈને ટક્યા છીએ. ગઢડું મૂકીને જવાનું મન થતું નથી. મહારાજ કહે, આ ભક્તોના નિષ્કામી વ્રતમાનને લઈને અમે અહીં ટક્યા છીએ. આમ જુઓ તો એભલ પરિવારના બધાં જ આત્માઓ દિવ્ય હતા તે પરિબ્રહ્મ ઘર માનીને રહ્યાં. પરબ્રહ્મને કાયમ પાલવવાનું બીજાનું ગજું નહીં. એ તો એભલ પરિવાર જ પાલવી જાણે. જીવુબા જેવા મહામુક્ત જ મહારાજને રાખી શકે.

શ્રીજી મહારાજ ગમે ત્યાં હોય, જીવુબા-લાડુબાને વિરહ થાય ને આર્તનાદથી પ્રાર્થના ઉપાડે તો મહારાજની માણકી સીધી ગઢડા આવીને ઊભી રહે. સંપ્રદાયમાં મુખ્ય કુટુંબ હોય તો એભલ પરિવાર. એનાથી નજીક કુટુંબ સંપ્રદાયમાં કોઈનું ન કહેવાય. કહેવું હોય કે ઉપમા દેવી હોય તો કહેવાય કે, "જીવુબા છે તે લાડુબા જેવા અને લાડુબા છે તે જીવુબા જેવા"

- તુલસી સામાન્ય ઝાડ ન ગણાય.
- ગંગાજળ સામાન્ય જળ ન ગણાય.
- શાલીગ્રામ સામાન્ય પથ્થર ન ગણાય.
- ચિંતામણિ સામાન્ય કાચ ન ગણાય.
- હિમાલય સામાન્ય પર્વત ન ગણાય.

એમ જીવુબા સામાન્ય ભક્ત ન ગણાય તે તો અનાદિમુક્ત હતા. જીવુબા ગુણના ભંડાર અને અપરંપાર સાધુતાપૂર્ણ સ્વભાવવાળા હતાં. શ્રીહરિની ભક્તિ કરવામાં તો તે અતિ શ્રેષ્ઠ હતાં.

વચનામૃતમાં શ્રીજી મહારાજે વાત કરી કે જીવને પ્રકૃતિ ટાળવી બહુ કઠણ છે. તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટાળવી કઠણ ન પડે.

જેમ દાદાખાચરના ઘરનાં માણસો અને લાડુબા જીવુબા વગેરેને અમને રાખવાનો સ્વાર્થ છે તો અમને જે પ્રકૃતિ ન ગમે તે ક્યારેય રાખતા નથી એમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે. મહારાજ કહે, આ જીવુબા-રાજબા-લાડુબા-દાદાખાચર તેમને અમને રાખ્યાનો ઘણો ભાવ છે. આ પરિવારે ક્યારેય અમારા વચનમાં સંશય કર્યો નથી. એવા નિઃસંશયી ભક્તોની ભક્તિ જોઈને અમે ટક્યા છીએ. તેમણે તો ગામ ગરાસ દરબારગઢ સર્વે અમારા પરાયણ કરી મેલ્યા છે. આ બાઈઓ દાળ રોટલાં ભેગાં કરી પાણી નાંખીને જમે છે. એવા નિઃસ્વાદી છે. દરરોજ રાતના ૧૧ વાગ્યા સુધી હંમેશાં કથાવાર્તા કરે છે. સવારે વહેલા ઊઠી પૂજાપાઠ કરી પાછાં કથાવાર્તા કરે છે. આવી ભક્તિ ને શ્રદ્ધા જોઈને અમે ટક્યા છીએ. મહારાજે સ્વમુખે આવી ઘણી ઘણી વાતો કરી હતી.

એક વખત અક્ષર ઓરડીમાં એભલ પરિવારજનો દાદાખાચર-જીવુબા-લાડુબા વગેરે બેઠાં હતાં. મહારાજ જ્ઞાનવાર્તા કરતાં હતાં. મહારાજે ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ વગેરે ધામની સરસ વાતો કરી ને અક્ષરધામની પણ વાત કરીને કહ્યું કે અક્ષરધામ સુધી કોઈ પહોંચતું નહોતું તે જીવોના કલ્યાણ કરવા અમે સ્વયં પધાર્યા ને અમારા યોગમાં આવે તેના જન્મ-મરણ મટાડવા આવી અક્ષરધામની ઘણી ઘણી વાતો કરી.

અક્ષરધામ દિવ્ય છે ત્યાં પરમસુખ છે. આ અક્ષરઓરડી છે તે અક્ષરધામ તુલ્ય છે, કારણ અમે અહીં રહ્યાં છીએ. આવી દિવ્ય વાતો સાંભળી જીવુબા વગેરે બાઈઓ તો આનંદમગ્ન બની ગયા.

પછી મહારાજ મૌન રહ્યાં પરંતુ આવો મહિમા જાણીને જીવુબાને તો સમાધિ થઈ ગઈ ત્યાં અનંત મુક્તો જોયાં. સોનાના સિંહાસનમાં મહારાજ બિરાજમાન હતા. આવા દિવ્ય અક્ષરધામની શોભાના દર્શન સમાધિમાં

જીવુબાને થયાં, પછી મહારાજે જીવુબાને જગાડ્યા ને કીધું કે જેવું જોયું હોય તેનું વર્ણન કરો. જીવુબા તો ખૂબ જ હરખતે હૈયે ભાવવિભોર થઈને અક્ષરધામનું વર્ણન કહેવા લાગ્યા. જે જોયું હતું તે બધી દિવ્યતાની વાતો કરી, સાંભળનારા પણ આનંદમાં આવી ગયા. અક્ષરધામમાં તેની દિવ્યતા, દિવ્ય મુક્તો, મહારાજની મૂર્તિનું વર્ણન જીવુબાએ જે જોયું હતું તે કર્યું.

મોટીબા અતિ દયાળુ ને નિર્માની હતા. પોતે જાતે જ મહારાજની બધી સેવા કરતાં. કઈ ઘડીએ મહારાજને કઈ વસ્તુ જોઈશે તેનો પૂરો ખટકો રાખતાં ને અખંડ ચિંતવન મૂર્તિનું કરતાં મહારાજની સેવા માટે નાનામાં નાના માણસને મળવું ઘટે તો મળતાં આવા નિર્માની હતાં. મોટાબાના દર્શનથી તો સૌ સુખીયા થતાં.

એકવખત જીવુબાએ ઉગમણાબારના ઓરડે મહારાજને જમવા તેડાવ્યા. સુંદર થાળ ધરાવ્યો. મહારાજ જમી મુખવાસ લઈ ઢોલીયે બિરાજ્યા. દાદાખાચર પૂજા કરવા આવ્યા. જીવુબાએ સુંદર વાઘા ને દાગીના કરાવ્યા હતાં તે દાદાખાચરે મહારાજને પહેરાવ્યા. સુંદર ફૂલના હાર તોરા ગજરા ધરાવ્યા ને ઉગમણાબારના ઓરડામાં હીંડોળાના ઢોલીયે બિરાજમાન થયાં. બંને ઓરડા વચ્ચે જે બારી છે ત્યાંથી જીવુબા લાડુબા દર્શન કરતા હતાં. હિંડોળાના ઢોલીયે બિરાજમાન હતાં. ત્યાં તો મહારાજની મૂર્તિમાંથી તેજ નીકળવા માંડ્યું. તે આખો ઓરડો ભરાઈ ગયો. ચારેકોર તેજ તેજ થઈ ગયું. દર્શન કરી સર્વે બહેનો તો આનંદવિભોર થઈ ગયા પછી તેજ મહારાજમાં સમાઈ ગયું.

ઘણી વખત મહારાજ ઓરડામાં આવું ઐશ્વર્ય બતાવતાં ઉગમણાબારના ઓરડાની ઓસરીએ રસોડું હતું. ત્યાં જીવુબા મહારાજને જમાડતાં. જીવુબા-લાડુબા-દાદાખાચર વગેરે આવા ઐશ્વર્ય જોઈને ઘણાં ખુશી થતાં હતાં.

પંચાળાના ઝીણાભાઈના બેન અદીબાએ જીવુબા પાસે સતી ગીતાનો અભ્યાસ કરેલો. મહારાજ જ્યારે વિચરણમાં જાય ત્યારે જીવુબા વાસુદેવનારાયણને થાળ ધરાવતા. વાસુદેવનારાયણ પ્રત્યક્ષ થાળ જમતા. મહારાજ આવીને કહેતાં વાસુદેવનારાયણ દ્વારા અમે થાળ જમતાં હતાં. જીવુબા કાયમ શ્રીહરિને દયમાં રાખતા ને શ્રીહરિના દયમાં રહેતાં. જીવુબા

શાસ્ત્રનું શ્રવણ-મનન એકાગ્રતાથી કરતાં જે વાંચે તે તુરત યાદ રહી જતું હતું. જીવુબાની એટલી અલૌકિક યાદશક્તિ હતી. શ્રીહરિના બધાં જ ચરિત્રો તેમને યાદ હતાં. ધર્મશાસ્ત્રો વાંચી યાદ રાખી સાર કાઢી મુમુક્ષુઓને કથા કરતાં.

જે સમાધિ માટે અષ્ટાંગયોગ સાધવો પડે તે સમાધિ જીવુબાને સહજમાં થતી ને સમાધિમાંથી જાગીને અક્ષરધામની અલૌકિક વાતો કરતાં. જીવુબા-લાડુબાને મહારાજમાં પ્રેમભાવ ને સર્વોપરી નિષ્ઠા ને ભક્તિ હતી. તેને વશ થઈને પુરુષોત્તમનારાયણનો રાજીપો હતો. જીવુબા ઉત્તમ નિર્વિકલ્પ સમાધિની સ્થિતિવાળા ને પાછા વ્યવહાર કુશળ હતાં. ઉત્તમકોટિનું જ્ઞાન આ બાઈઓમાં હતું. ધર્મનો સચોટ ઉપદેશ આપતા હતા. જીવુબા વાતો કરી મુમુક્ષુ બાઈઓને કલ્યાણનો સીધો માર્ગ બતાવતા.

જીવુબા ચૈતન્ય સ્વરૂપ પોતાના આત્મામાં મૂર્તિ ધારતા ને બધાં બહેનોને ધ્યાનનો અભ્યાસ કરાવતા. કોઈ બહેનો જો આદરથી વસ્તુ પદાર્થ લાવે તો જીવુબા મહારાજ અને સંતને અર્થે વાપરતાં. જીવુબા જે બોલતા તે વચન સત્ય થતાં કારણ કે તેમના મુખે ભગવાન બોલતાં. જીવુબાના સદ્‌ગુણો મહારાજ પોતે ઘણીવખત કહેતાં. ફુંડાળ ગામમાં મહારાજે વાત કરી કે જીવુબા સમાન અત્યારે કોઈનામાં આવા સદ્‌ગુણ નથી. જીવુબા દરેક કાર્યમાં નિપુણ છે. તેમનામાં માન-મોટપ નથી. હરિભક્તના દાસ થઈને રહે છે. કોઈને આપ્યા વિના, જમાડ્યા વિના જમે નહીં. કોઈનું કાંઈપણ ક્યારેય બગાડે નહીં. અભાવ, ઈર્ષ્યા જરાય નહીં. આવા ગુણવાળા તો બાઈઓમાં આ જીવુબા છે ને એવા એક આ મુકુંદ બ્રહ્મચારી છે.

બાયુ મેં જીવુબા સમ ન કોઉ, હરિજનદાસ હોઈ વર્તત સોઉ
કોઈ ઉપર નહીં ઈર્ષ્યા અભાવા, ભક્તજન પર રાખે અતિ ભાવા
ઘરમે સરસા હે વસ્તુ જેહા, તર્ત દેવત ભક્ત કુ તેહા
ભક્ત કે અર્થેમાં આવે જીતનો, અતિ બડો ભાગ્ય જાનત તીતનો.

જીવુબા જ્યારે બાઈઓને સત્સંગની વાતો કરે ત્યારે ભક્તિમાતાને મુખ્ય રાખીને વાતો કરતાં. ક્યારેક તો ભક્તિમાતા સભામાં પ્રત્યક્ષ દર્શન દેતાં. સારા લક્ષણવાળા સેવક ઉપર ભગવાનને બહુ ભાવ હોય છે. એવા તો એક જીવુબા હતાં.

મહાસમર્થ જીવુબાએ કંઈકના દુઃખ નિવારણ કર્યા છે. કોઈને રોગમુક્ત પણ કર્યા છે. કોઈકને તેડવા પણ મહારાજ સાથે પધાર્યા છે. અક્ષિશુદ્ધ નિયમધર્મ પાળી બીજાને પ્રેરણા આપી અનેકને સત્સંગી બનાવીને બળીયા કર્યા છે. અનેક સ્ત્રી ભક્તોને નિયમધર્મમાં રખાવી ભજન કર્યું ને કરાવ્યું છે. અનેકને ધામના અધિકારી બનાવ્યા છે. કોઈ દંભી કે પાખંડી હોય તો જીવુબા જાણી લેતાં ને તેના પર દયા રાખી સમજાવી તેને સત્સંગમાં લેતાં ને ભગત બનાવતાં. ત્યાગી બહેનોના નિયમધર્મ અને વર્તન જોઈને હજારો બાઈઓ સત્સંગ પરાયણ થતા.

જીવુબાનું સત્સંગમાં વિચરણ

શ્રીહરિ હરિભક્તોનો ભાવ પૂરા કરવા જ્યારે સત્સંગમાં વિચરણ કરતાં. ગામડે ગામડે જતાં ત્યારે સ્ત્રીઓને સત્સંગનો મહિમા સમજાવવા જીવુબા વગેરે બાઈઓ સાથે જતાં. ક્યારેક મહારાજની આજ્ઞાથી પાછળથી જતા ને ક્યારેક મહારાજ કાગળ લખાવીને તેડાવતા. આમ જીવુબા લાડુબાએ પણ ઘણું સત્સંગ વિચરણ કર્યું છે. એટલે સંપ્રદાયમાં બે પડાળીયો સત્સંગ છે. જીવુબા વગેરે બાઈઓએ ગામડા ફરી સત્સંગ કરાવેલો પરિણામે મહિલાભક્તો પણ ઘણું ભજન કરે છે. સદ્‌ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું છે કે...

આજ તો સત્સંગમાં ડોસીઓ પણ હજારો જીવના કલ્યાણ કરાવશે.

મહારાજ ગામડે ફરતાં ફરતાં સંતો પાર્ષદો સાથે બોટાદ, લોયા, લીંબડી, ઘાઘરેટી, તાવી, નાગડકા થઈને શિયાણી પધાર્યા ને દરબારમાં ઊતર્યા. ત્યારે જીવુબા લાડુબા વગેરે બાઈઓ પણ શિયાણી આવ્યા. જીવુબા સત્સંગનું અન્ન ખાતાં નહીં તે પોતાનું સાથે રાખતાં.

મહારાજ જ્યારે મેથાણ પધાર્યા ત્યારે જીવુબા પણ આવેલા ને જીજીબાને ઘેર બાનો ઉતારો હતો. ત્યાં થોડા દિવસ રોકાઈ વેલડામાં બેસીને વિચરણમાં નીકળેલાં. મહારાજ પણ સંતો-ભક્તો સાથે વિચરણમાં હતાં. સીતાપુર, ભદ્રેશી, ટીકર, મૂળી, પંચાળા, સાયલા, મછીયાવ, મેમકા વગેરે સ્થળે થઈને સરધાર પધાર્યા. બીજે 'દિ સભા થઈ. હરિભક્તો સાકર શ્રીફળ લાવ્યા. તે સૌ સંતો ભક્તોને સાકર વહેંચી દીધી. અહીંના બાઈઓ પણ રાજી થયા કે

જીવુબા-લાડુબા-રાજબા આવ્યા છે તે બહુ મોટા અને બાઈઓમાં શ્રેષ્ઠ છે. બાઈઓને સારો સત્સંગ કરાવે છે.

જ્યારે શ્રીહરિ સાથે હરિજનોના સંઘ જાય ત્યારે બંને બહેનો સ્ત્રીઓના ગુરૂ થઈને સાથે આવતા. ધર્મકુળ હજુ આવ્યું નહોતું ત્યારે બાઈઓના ગુરૂ જીવુબા હતાં.

શ્રીહરિ દૅઢાવ્ય દેશમાં વિચરણ કરતાં ત્યારે જીવુબા વગેરે બાઈઓ પણ કુંડાળ વગેરે ગામોમાં ગયેલાં ત્યાં વાડીમાં સભા થઈ ત્યારે મહારાજે જીવુબાના સદ્‌ગુણોની ઘણી વાતો કરેલી. દૅઢાવ્ય દેશમાં વેલાલ વગેરે ગામડાઓમાં મહારાજ પધાર્યા ત્યારે વિચરણમાં જીવુબા આદિક બાઈઓ પણ આવેલાં. જેસીંગભાઈનું બીજું અંતઃપુર હતું ત્યાં જીવુબા-લાડુબા વગેરે ત્યાગી બાઈઓનો ઉતારો હતો ને બાઈઓની સભામાં જીવુબા ખૂબ જ ઉપદેશ દેતાં. ગૃહસ્થ બહેનો કંઠી બંધાવીને સત્સંગ સ્વીકારતા. સૌને જીવુબામાં ગુરૂભાવ તરત જ થઈ જતો. આ બધાં ત્યાગી બાઈઓને નિયમમાં રહીને બાઈઓને કથાવાર્તા સંભળાવી સત્સંગ કરાવવો એ જ મુખ્ય તાન હતું.

જીવુબા-લાડુબા વગેરે બાઈઓ શ્રીહરિ સાથે જ્યાં સંઘ જાય ત્યાં વેલમાં બેસીને કે રથમાં બેસીને સેવિકાઓ સાથે ઝાલાવાડ, સોરઠ, કચ્છ, ચરોતર, દૅઢાવ્ય દેશ, વાળાંક, સુરત, ધરમપુર તથા ગઢપુરની આજુબાજુના ગામડાઓમાં ઘણી વખત વિચરણ કરતાં, ને બહેનોને કથાવાર્તા સંભળાવી સત્સંગનું બળ પૂરું પાડ્યું છે. મોટા મોટા યજ્ઞોમાં પધારી સૌ મહિલાઓને દર્શનનું સુખ દેતા ને મહિલાઓ બહુ રાજી થતાં. અન્નકૂટ, હરિજયંતી, ફૂલદોલ, પ્રતિષ્ઠા જેવા પ્રસંગો ઉત્સવ સમૈયા વગેરે મહોત્સવોમાં પોતે પધારી મહિલાઓને દર્શન કથાનું ખૂબ સુખ આપતા. વળી શ્રીહરિ અડધી રાત્રિએ જમવા માંગે તો તરત રસોઈ બનાવી જમાડતા આવી શ્રદ્ધાવાળા હતા.

જીવુબાનો શાકોત્સવ

ગઢડા લક્ષ્મીવાડીમાં સુંદર મજાના રીંગણા થયેલાં મહારાજ વાડીએ પધાર્યા.

વાલો પધાર્યા વાડીયે રે, રથે બેસી ઘનશ્યામ
હેમકડાં બેઉ હાથમાં, હારે શોભે શોભાનું ધામ...

સુંદર વાઘા ને શણગાર ધારણ કરી અતિ શોભતાં મલપતા શ્રીહરિ સંતો સાથે વાડીમાં ફરે છે. રીંગણાં જોઈને મહારાજ કહે, સંતો શાકોત્સવ કરીએ તો કેમ ? સંતો કહે, અરે મહારાજ... તો તો બહુ સારું પ્રભુ કરો શાકોત્સવ મહારાજ કહે, પણ ઘી બહુ ઝાઝું જોઈએ તે દરબારમાં જીવુબાને કહેવડાવ્યું કે વાડીમાં રીંગણ સુંદર થયાં છે. સંતોને જમાડવા છે ને શાકોત્સવ કરવો છે પણ ઘી ઝાઝું જોઈએ. જીવુબાએ પૂછાવ્યું કેટલું જોઈશે ? મહારાજ કહે, ૧૮ થી ૧૯ મણ જેટલું ઘી તો જોઈશે જ. જીવુબાએ કહેવડાવ્યું કે, મહારાજ જેટલું જોઈએ એટલું ઘી મોકલાવશું પણ શાકોત્સવ કરો.

પછી તો ગાડા ભરીને તમામ મસાલા ને ઘી જીવુબાએ વાડીએ મોકલાવ્યું. મોતૈયા લાડવા પણ કર્યા. મહારાજે પોતે ઘીમાં શાક વઘાર્યું તે શાકની સોડમ ક્યાંય સુધી આવી. પછી શ્રીહરિ જમ્યા ને સંતોની પંગત પડી તે મહારાજ શાક પીરસે ને નિત્યાનંદ સ્વામી લાડવા પીરસે તે સૌ શાક જ લે. લાડવા તો કોઈ લે જ નહીં.

નિત્યાનંદ સ્વામી કહે, મહારાજ કોઈ લાડવા લેતાં નથી. મહારાજ કહે, લાવો હું લાડવા પીરસું ને મહારાજ પંગતમાં આવ્યા તે સૌ લાડવા લેવા માંડ્યા. મહારાજ પણ જે બે માંગે તેને ચાર અને ચાર માંગે તેને આઠ એમ પીરસી બધા લાડવા ખૂંટવાડી દીધાં. સંતો-ભક્તો જમીને બહુ રાજી થયા. આવો દિવ્ય દિવ્ય શાકોત્સવ લક્ષ્મીવાડીમાં જીવુબાએ કરાવ્યો.

જીવુબાના સદ્‌ગુણો

વાત-૧

ગઢડાના ઘેલા ધાધલની પત્ની જાલુબાઈ બહુ સારા ભગત હતા. મહારાજમાં ખૂબ જ હેતવાળાને જીવુબા-લાડુબાનો તો બહુ જ મહિમા જાણતા.

એકવખત મહારાજ રાજી થઈને કહે, જાલુબાઈ અમે રાજી થયાં છીએ. જે જોઈએ તે માંગો. ત્યારે જાલુબાઈ કહે, હે શ્રીહરિ, જીવુબા-લાડુબા ને રાજબા એ જ્યાં હોય ત્યાં હું રહું ને એમની સેવા કરું. એવું વરદાન આપો.

મહારાજ કહે, જાલુબાઈ, તમે લાડુબા-જીવુબા વગેરેનું જેવું માહાત્મ્ય જાણવું જોઈએ એવું જાણો છો વળી તે બાઈઓ સાથે તમારે હેત છે તેથી

તમારો મનોરથ પુરો થશે ને જીવુબા જેવું તમારું કલ્યાણ થશે. માટે મોટાની સાથે હેત થાય તે પણ કલ્યાણનું કારણ બને ને મોટાપુરુષનો જો અવગુણ આવે તો અધોગતિનું કારણ બને.

વાત-૨

જેતપુરના જીવા જોષીની દીકરી કડવીબાઈ હતા ને તે સાંખ્યયોગી થયા તેનું નામ મોટા રામબાઈ રાખ્યું હતું. તેણે મોટીબાની અનુવૃત્તિમાં રહીને ખૂબ જ સેવા કરી હતી. મોટીબાનો સમાગમ કરી. ખૂબ કથાવાર્તા સાંભળી જીવનપર્યંત મોટીબા સાથે રહી મહિમા સહિત સેવા કરતા ને મોટીબાની આજ્ઞાથી મહિલાઓને કથાવાર્તા પણ કરતાં.

જ્યારે મહારાજ વડતાલ જવા તૈયાર થયા ત્યારે માણકીઘોડીની વૃત્તિ ખેંચનાર પણ આ રામબાઈ હતાં.

વાત-૩

ગઢપુરમાં મહારાજ રંગોત્સવ કરી ગાતાવાતા સૌ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા ગયા ત્યાં જીવુબા-લાડુબાએ થાળ તૈયાર કરી રાખ્યો. સ્નાનોત્સવ પછી આવીને પ્રભુ જમવા બેઠાં. જમતાં જાય ને દાદાખાચરને પ્રસાદી દેતાં જાય. જીવુબા-લાડુબા મહારાજને પીરસીને જમાડતાં ને મહારાજ જમતાં ત્યારે બંને બહેનો બોલ્યા કે, હે પ્રભુ ! આ રંગોત્સવનો ઉત્સવ તો ભારે થયો. અરે મહારાજ આ દિવ્ય દર્શન કરવા કેટલાંક દેવતા ને મુક્તો પણ આવ્યા હતા તે અમે પણ જોયાં. મહારાજ કહે, અરે જીવુબા ઉત્સવ સમૈયાના દર્શને દેવો અને મુક્તો તો આવે જ પરંતુ તમારો બનાવેલો આ થાળ ને અમારી પ્રસાદી લેવા જુઓને કેટલાંય મુક્તો ને દેવો ઊભા છે. તરત જીવુબા લાડુબાએ ઊંચું જોયું તો મુક્તો-દેવો ને અવતારો અસંખ્ય દેખાણા. દરેક બાઈઓ જીવુબા-લાડુબા વગેરે આ જોઈ વિસ્મય પામ્યા ને રાજીરાજી થઈ ગયા. વાહ મહારાજ...વાહ મહારાજની લીલા એમ બોલવા મંડ્યાં.

વાત-૪

એક વખત મહારાજ કહે, જીવુબા લોયાથી સુરાખાચર અમને તેડવા આવ્યા છે તો અમારે લોયા જવું પડશે ને તમારે બધા બાઈઓને અમારા

દર્શનનું નિયમ છે તો હવે અંતરમાં મૂર્તિ ધારીને અમારા દર્શન કરજો. જીવુબા કહે મહારાજ ! તમારી કૃપાથી અમે તમને આઠે પહોર અંતરમાં દેખીએ છીએ. તમારી કૃપાથી નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ છે. હે વ્હાલા ! અંતરમાં તો હવે તમારા વિના કાંઈ દેખાતું નથી.

આવી ઊંચી સ્થિતિ જીવુબાની હતી એટલે જ મહારાજ આવા પ્રેમીભક્તોનું સર્વ પ્રકારે ધ્યાન રાખતાં ને રખાવતા. એકવખત વરસાદની તૈયારી થઈ જીવુબા-લાડુબાના ખળામાં અનાજ હતું. તે મહારાજ ભક્તોને સાથે લઈને ખળાવાડમાં ખળા ઢાંકવા ગયા હતા. આવા ભક્તાધીન ભગવાન છે. આવી રીતે વાલો ભક્તોની રક્ષા કરે છે.

વાત-૫

ગઢડામાં મહારાજે પોતાના ભત્રીજા સીતારામ પ્રસાદજીને જનોઈ આપી તેનો તમામ ખર્ચ જીવુબાએ આપ્યો હતો. તે દિવસે મહારાજ એવું બોલેલા કે આ સીતારામપ્રસાદને જીવુબાએ જનોઈ અપાવી ને અમે તેને ગાદી આપીશું.

વાત-૬

શ્રીજી મહારાજે મછીયાવમાં ફુલદોલનો ઉત્સવ કરેલો ત્યારે ગઢડાથી જીવુબા-લાડુબા વગેરે બાઈઓ મછીયાવ ગયેલાં ત્યારે આત્માનંદ સ્વામીની શિષ્યાઓ હરબાઈ ને વાલબાઈ મછીયાવ આવેલાં તે વખતે જીવુબાએ એમને ષટ્ચક્ર, દેવતાના સ્થાન, પ્રણવનાદ વગેરે સમાધિની દરેક ક્રિયાઓ વિષે સુંદર વાતો કરેલી તે સાંભળીને હરબાઈ ને વાલબાઈ તો આશ્ચર્યચકિત થઈ ગયા.

વાત-૭

એકવખત મહારાજ કચ્છમાં ગયેલાં ને કચ્છ તેરાથી પત્ર લખીને કહેવડાવ્યું કે બધાં સંતોએ મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરવો અને બધાં ત્યાગીને ગૃહસ્થ બાઈઓએ જીવુબાનો સમાગમ કરવો. નહિતર આ સંસારમાં માયાનું બંધન થતાં વાર નહીં લાગે.

વાત-૮

ગઢડામાં જીવુબા મહારાજ માટે રસોડામાં થાળ બનાવતા ત્યાં ઓચિંતાના ઓરડાનો કરો પડ્યો. જીવુબા રસોડામાં હતા. બધાં જલ્દી જલ્દી ભેગાં થઈ

ગયા ને ઉતાવળે માટી કાઢવા લાગ્યા. જોયું તો માટીના વાસણ પણ ફૂટ્યા નહીં ને જીવુબાને કાંઈ વાગ્યું પણ નહીં. માટી ખસેડી તો જીવુબા સમાધિમાં બેઠાં હતાં. આવી રીતે મહારાજે પોતાના ભક્તોની રક્ષા કરી.

વાત-૯

ગઢડામાં રાધાવાવે સેવામાં સચ્ચિદાનંદ સ્વામી રહેતા. મંદિરની ખેતી ને સાચવતાં. વાડીમાં રીંગણાં ખૂબ જ થયેલાં. સારા રીંગણાં જોઈને સ્વામીને સંકલ્પ થયો, જે મારે મહારાજને અને સંતોને રીંગણાનું શાક જમાડવું છે. સ્વામીનો આ સંકલ્પ મૂર્તિમાન થઈ દરબારમાં આવ્યો. જીવુબા કહે, કોણ છે ? અરે બા... એ તો હું સચ્ચિદાનંદસ્વામીનો સંકલ્પ છું. સ્વામીને રીંગણાનું શાક મહારાજને જમાડવું છે. એવો સંકલ્પ થયો તે હું મૂર્તિમાન આવ્યો છું.

જીવુબા કહે, સ્વામીનો સંકલ્પ છે તો કાલે મહારાજ અને સંતોને જમાડશું. જાવ વાડીએથી રીંગણાં મોકલો.

વાત-૧૦

ઉગમણાબારના ઓરડા જ્યારે તૈયાર થયા ત્યારે જીવુબાએ વાસ્તુકર્મ કરાવ્યું. બ્રાહ્મણોને જમાડી ખૂબ દક્ષિણાઓ આપી રાજી કર્યા. બીજે દિવસે મહારાજ સંતો-બ્રહ્મચારી-પાર્ષદ વગેરેને ભાવથી જમાડ્યા. જીવુબા સ્વભાવે દિલના બહુ ઉદાર હતાં.

વાત-૧૧

સંવત ૧૮૬૩ની સાલમાં વાસુદેવનારાયણના અન્નકૂટની સેવા બહેનોએ બહુ કરી. મહારાજે અન્નકૂટની આરતી ઉતારી પછી શ્રીહરિએ ભગુજી આદિક પાર્ષદો પાસે જીવુબાની ઉદારતા ને સદ્‌ગુણોની પારાવાર પ્રશંસા કરી. તે સત્સંગી જીવનના ત્રીજા પ્રકરણમાં ૩૮મા અધ્યાયમાં છે. ગ.અં.ના ૨૪મા વચનામૃતમાં મહારાજે અંગની વાત કરી તેમાં કહ્યું કે જીવુબાને શ્રદ્ધાનું અંગ, રાજબાને ત્યાગનું અંગ, લાડુબાને અમારી પ્રસન્નતાનું અંગ. વળી એ જ વચનામૃતમાં વાત કરી જે અહીંની મોટેરી ત્રણ બાઈઓ એ જ...

જીવુબા-લાડુબા ને રાજબા

લોયાના ત્રીજા વચનામૃતમાં કહ્યું કે ભગવાનને અર્થે અને સંતને અર્થે

શું નો થાય ? તેમાં મહારાજે જીવુબા-લાડુબા-રાજબાનો ઉલ્લેખ કર્યો છે. આધારાનંદ સ્વામીએ લખ્યું કે,

તેહી મધ્યે હરિજન તીન ઉદારા,
પ્રભુપદમેં તેહી પ્રેમ અપારા;
જીવુબાઈ રાજબાઈ જાણો, ત્રીજા લાડુબાઈ પ્રમાણો.

મહારાજ કહેતાં કે આ ત્રણે બહેનો અક્ષરધામને સુખે સુખીયા છે. આ લોકમાં રહ્યાં છે પણ અક્ષરધામની એકતા છે.

વાત-૧૨

દાદાખાચરના દરબારગઢની ડેલીએ દામોદરભાઈ દરવાજી તરીકે બેસતાં. એક દિવસ એક વૈરાગી સાધુ આવ્યા ને દામોદરભાઈને કહે, મને બહુ જ ભૂખ લાગી છે. હું બે-ત્રણ દિવસથી ભૂખ્યો છું. મને કંઈક જમવાની વ્યવસ્થા કરી દો. એમ કહી તે વૈરાગી બાવો દરવાજે બેઠાં. દામોદરભાઈ દરબારગઢમાં મોટીબા પાસે આવી વાત કરી કે એક વૈરાગી બહુ ભૂખ્યા છે ને દરવાજે બેઠાં છે. સંતોના મહિમાવાળા એવા મોટીબાએ તરત જ બાજરાનો રોટલો ને ભાજી બનાવીને દામોદરભાઈ સાથે મોકલાવ્યું. વૈરાગી જમીને ખૂબ રાજી થયા. આવા દયાળુ ને મહિમાવાળા જીવુબા હતાં.

જીવુબાએ સંતોને જમાડ્યા

એક વખત કાળ આવ્યો તે મુક્તાનંદ સ્વામીએ કાળને પાછો કાઢ્યો. પછી મનમાં થયું કે કાળ ગયો તો હવે દાનપુણ્ય કરીએ. જીવુબાને કહેવડાવ્યું કે બ્રાહ્મણને ગાય દેવાનું અને સત્પુરુષને જમાડવાનું બહુ પુણ્ય છે. જીવુબાએ તો તરત પવિત્ર બ્રાહ્મણને બોલાવી ગાયનું દાન કર્યું ને પરમહંસોને જમાડવા રસોઈ બનાવી મહારાજને કહ્યું, પ્રભુ મારે રોજ પરમહંસને જમાડવાનું નિયમ લેવું છે. આપ પીરસવા પધારો. આ મુક્તાનંદ સ્વામીએ તો કાળને પાછો વાળ્યો માટે અમારે મુક્તાનંદ સ્વામીને રોજ જમાડવા છે ને પ્રભુ આ સાધુ-બ્રહ્મચારી સૌને જમાડવા છે.

પછી પાંચ પકવાનની જીવુબાની રસોઈ મહારાજ આગ્રહથી પીરસતા ને સૌ જમતા. જીવુબા-લાડુબા દર્શન કરીને રાજી થતાં. પછી સાંજે સભા થઈ ત્યારે જીવુબાએ સુંદર શ્વેત વસ્ત્ર પાઘ વગેરે બનાવ્યું હતું. તે મુક્તાનંદ સ્વામીને આપ્યું ને મુક્તાનંદ સ્વામી પાસે મહારાજનું પૂજન કરાવ્યું.

જીવુબાએ ઘી આપ્યું

જગન્નાથાનંદ સ્વામી મહારાજને કહે, મહારાજ મારે તમને અને સંતોને જમાડવાનો બહુ ભાવ છે પણ અમે સાધુ તો કેમ કરીએ. શેની રસોઈ દઈએ પણ પ્રભુ ! દાદાખાચરના ઘેરથી માંગેલો આ લોટ છે ને લક્ષ્મીવાડીમાં રીંગણા બહુ થયા છે અને જીવુબાએ પાંચ મણ ઘી આપ્યું છે ને જીવુબાએ કીધું છે કે વધુ ઘી જોઈએ તોય આપશે એટલે પ્રભુ અહીં જ શાક બનાવી બધાંને જમાડો પણ પ્રભુ લોયામાં શાક કર્યું હતું એવું કરો ને તમે જ વઘારો.

મહારાજ કહે, સ્વામી આટલા ઘી એ નો થાય.

સ્વામી કહે, તો મહારાજ કેમ કરશું ? મારે તો સૌને શાક જમાડવું જ છે.

ત્યાં જીવુબાના કારભારી હરજીભાઈ ઊભા હતા તેમણે દરબારમાં જઈને જીવુબાને વાત કરી તો જીવુબાએ કહેવડાવ્યું ૨૦ મણ ઘી તૈયાર છે. પછી ૧૫ મણ ઘી શાકમાં નાંખ્યું. મહારાજ જમ્યા પછી સૌ સંતોને શાક ખૂબ પીરસીને જમાડ્યું. દૂધ સાકર પણ ખૂબ પીરસ્યું ને જમાડ્યા. મહારાજે જગન્નાથાનંદ સ્વામી ઉપર દૂધ રેડ્યું. સૌને રાજી કર્યા. જીવુબાએ ઘી વાપર્યું.

જીવુબાએ સાકરના પાણી પાયા

ઉનાળાનો દિવસ હતો ને મહારાજ મંદિરના ચોકમાં સભા કરી બેઠાં હતાં. મહારાજ કહે, બ્રહ્મચારી જીવુબા-લાડુબાને કહો સાકરનું ઠંડું પાણી લાવે. તરત જ પાણી લાવ્યા ને મહારાજે જળપાન કર્યું.

પછી મહારાજ કહે, બ્રહ્મચારી જીવુબા-લાડુબાને કહેવડાવો કે અમે ઠંડું પાણી પીધું પણ આ પરમહંસ તો રહી ગયા માટે સંતોને પણ સાકરના ઠંડા

પાણી પાવ. બ્રહ્મચારી સમાચાર લઈ જીવુબા પાસે આવ્યા. જીવુબાએ કેટલાક મણ સાકર મંગાવી. મોટી મોટી ત્રાંબાની ગોળીઓમાં સાકરના પાણી કરાવ્યા. જળની ગોળીઓ ભરી ૨૦૦ બાઈઓ લાવ્યા. મહારાજે સર્વ સંતોને પતર ભરી ભરીને ઠંડું જળ પાયું. મહારાજે પોતે પતરમાં પાણી રેડ્યું ને સંતોને પાયું.

જીવુબાને રૂપિયા આપ્યા

ગઢડા એભલખાચરે દરબારગઢમાં ખજાનો સાચવવા એક માણસ રાખેલો ને તેની મતિ ફરવાથી તે ૬૦ હજાર રૂપિયા અને એક તલવાર લઈને રાત્રે ભાગી સાલેમાળના ડુંગરા બાજુ જતો રહ્યો. તે બાજુ સમાધિવાળા અખંડાનંદ સ્વામી ફરતા તેને મળ્યો. તે સ્વામીએ જાણ્યું જે આ ચોરી કરીને આવ્યો છે. તેણે તલવાર ને રૂપિયા લઈ લીધાં. ગઢડા આવી એભલખાચરને આપ્યા. એભલ ખાચરે વિચાર્યું કે રૂપિયા તો ગયા હતા પણ તે આવ્યા હવે વહેવારમાં ન વપરાય. ધર્માદામાં વાપરવા પડે જેથી ૧૦ હજાર જીવુબાને ઉત્સવ સમૈયા કરવા માટે આપ્યાં. રસોઈ દેવા માટે લાડુબાને ૧૦ હજાર આપ્યા. અને ૪૦ હજાર મહારાજને આપીને કહ્યું લો પ્રભુ, જ્યાં વાપરવા હોય ત્યાં વાપરજો. આવા હતાં એભલ દરબાર...

જીવુબાએ બ્રાહ્મણોને જમાડ્યા

એક વખત પર્વણીના દિવસે જીવુબાએ બ્રાહ્મણોને જમાડ્યાં. દાદાખાચરને ફાંટ ભરીને રૂપિયા આપ્યા ને કહ્યું કે દાદા બ્રાહ્મણોને રૂપિયો રૂપિયો દક્ષિણા આપો. દાદાખાચરે બ્રાહ્મણોની પંગત પાડીને રૂપિયો રૂપિયો દક્ષિણા આપી મહારાજને પગે લગાડ્યા. દાદાખાચર પણ મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ સભામાં બોલ્યા કે, ઉત્તમરાજા જેવો કોઈ બ્રહ્માંડમાં જીવ નથી ને કોઈ મુક્ત પણ નથી એમ કહીને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને વળી મહારાજ કહે, આ ત્રણેય બાઈઓ પણ એવા જ છે, તેમાં આ જીવુબા તો અમારા સાક્ષાત્ અનાદિ મુક્ત છે. અને આ મુળજી બ્રહ્મચારી જેવો જીવ પણ બ્રહ્માંડમાં નથી.

ઉત્તમરાજા, મુળજી બ્રહ્મચારી અને આ ત્રણેય બાઈઓ બહુ જ નિર્દોષ છે. દાદાખાચર તથા જીવુબા આદિ ત્રણ બાઈઓ ને ધર્મકુળ એ સર્વે અમારે આશરે રહેલાં છે. આવું મહારાજ સભામાં બોલ્યા. વળી બોલ્યા કે, જીવુબા-લાડુબા- રાજબા ને ઉત્તમરાજા એ ચારને અમે વશ થઈ ગયા છીએ. જીવુબા વૃત્તિએ કરીને એવા ખેંચી રાખે છે કે અમારે જવું હોય તોય જવાતું નથી. આમ સભામાં વાત કરી ઉતારે પધાર્યા.

જીવુબાની વિનંતી

એક વખત જીવુબા વગરે બહેનોએ મહારાજને દૂધપાન કરવા બોલાવ્યા. સુંદર સાકરવાળુ દૂધ સોનાના પાત્રમાં આપ્યું. મહારાજે દૂધપાન કર્યું. તે ઉપલે હોઠે દોરો પડ્યો સૌ દર્શન કરે છે. પછી સોનાના દાગીના મહારાજને પહેરાવ્યા ને જીવુબાએ હાથ જોડીને વિનંતી કરી, હે પ્રભુ ! તમે જ્યારે અશ્વ ખેલાવો ત્યારે અમે સાથે ન હોઈએ તો બધાં બહેનોની એવી ઈચ્છા છે કે પ્રભુ તમે માણકીએ અસવાર થઈને માણકી ખેલાવો સૌ બાઈઓને આપના આવા દર્શન કરવાની ઈચ્છા છે. મહારાજ રાજી થયા.

સુંદર વસ્ત્ર-ઘરેણાં પરિધાન કરીને માણકીએ અસવાર થયા ને લીંબતરૂ ફરતી ગોળ ગોળ માણકીને ફેરવી મહારાજનું આ અદ્‌ભુત ચરિત્ર જોઈ બાઈઓ તો રાજી રાજી થઈ ગયા અને તે ચરિત્રનું વર્ણન કરતાં પ્રેમાનંદ સ્વામીએ કીર્તન બનાવ્યું છે કે,

ઘોડી ફેરાવે લીંબતરૂ ફરતાં, થાય નેણાં શીતળ દર્શન કરતાં
ધન્ય દુર્ગનગર શેરીએ શેરીએ, વિચર્યા સહજાનંદજી...

જીવુબાનો થાળ દિવ્યરૂપે જમ્યા

એક વખત દાદાખાચર મહારાજ પાસે આવીને કહે, પ્રભુ જીવુબા-લાડુબા બન્ને બહેનોને એવી ઈચ્છા છે કે સારા સારા પકવાનો રોજ મહારાજને જમાડવા છે. પરંતુ અમારા આ મનોરથો કેવી રીતે પુરા થાય તે મહારાજને પૂછો.

મહારાજ કહે, બંને બહેનોને અહીં બોલાવો એટલે જીવુબા-લાડુબા આવ્યા. મહારાજને પંચાંગ પ્રણામ કરી બેઠાં. મહારાજ કહે, જીવુબા-લાડુબા, તમારો મનોરથ દાદાખાચર દ્વારા મેં જાણ્યો ને તમારો એ મનોરથ મારી મૂર્તિ દ્વારા સિદ્ધ થશે. મહારાજે બધાં બાઈઓને આધારાનંદ સ્વામીએ ચીતરેલી એકેક મૂર્તિ પોતાને હાથે જ સૌ બહેનોને આપી. જીવુબા-લાડુબા લ્યો આ મૂર્તિ સુંદર સિંહાસનમાં પધરાવી વિવિધ પ્રકારના ઉપચાર વડે પૂજા કરજો. સમયે સમયે ભાવથી થાળ ધરાવજો. અમે આ મૂર્તિમાં રહીને તમારો ધરાવેલો થાળ જમશું. ને તમને દર્શન પણ દઈશું.

પછી બધાં બાઈઓ પોતપોતાના સ્થાને સેવાપૂજા થાળ વગેરે કરતાં. ક્યારેક ક્યારેક તો જીવુબા-લાડુબા બહુ ભાવથી અશ્રુભીની આંખે પ્રાર્થના કરતાં થાળ ધરાવતાં તે મહારાજ તરત મૂર્તિમાંથી પ્રગટ થઈને દર્શન દેતા ને થાળ જમતાં.

એક વખત બંને બહેનોના ભુવનમાં બે સ્વરૂપે મૂર્તિમાંથી પ્રગટ થઈને થાળ જમતાં જમતાં પાક બનાવવાની ચતુરાઈ બહુ છે, એવી પ્રશંસા કરતાં અત્યંત આનંદ આપતાં. ચળુ કરી મુખવાસ લીધો ને જીવુબાએ આરતી કરી પછી મહારાજ મૂર્તિમાં લીન થયા.

આવી રીતે અવારનવાર મૂર્તિ દ્વારા પ્રભુ દર્શન દેતાં થાળ જમતાં ને સૌ બહેનો રાજી થતાં.

જીવુબાનો નક્કર નિશ્ચય

એક વખત મહારાજે ગઢપુરમાં એવું મનુષ્ય ચરિત્ર કર્યું તે મહારાજ કહે, જીવુબા વડોદરાથી બાબો દીવાન અમને પકડવા આવે છે તે અમને બહુ બીક લાગે છે. જીવુબા તમે અમને ક્યાંક સંતાડી દો. ત્યારે જીવુબા-લાડુબા-દાદાખાચર વગેરે કહે કે હે મહાપ્રભુ ! ૧૮૮૩ની સાલની દેવદિવાળીનો સમૈયો નજીક આવ્યો છે. દેશદેશમાં પત્રિકા ગઈ છે. હવે તો સમૈયા આડા ચાર-પાંચ દિવસ જ બાકી છે ને તમે આમ બીકણ થઈને સંતાડવાની વાતુ કરો તે કેવું લાગે ! હે મહારાજ ! તમે સૌના નિયંતા ભગવાન છો. કર્તાહર્તા છો બાબો દિવાન બિચારો તમને શું કરી શકે ? છતાં મહારાજ તો કરીમભાઈ

પાસે રથ જોડાવી રાખાવાવે જઈ ત્યાં બાવળ નીચે ઢોલીયે બિરાજ્યા. બપોરે જીવુબા-લાડુબા વગેરે ભાત લઈને મહારાજને જમાડવા આવ્યા. પછી મહારાજ જમ્યા મુખવાસ લઈ ઢોલીયે બેઠાં ને વળી બોલ્યા, જીવુબા...હું મહારાજ. અમને બહુ બીક લાગે છે તે સૌ બાઈઓ હસવા લાગ્યા. કે હે મહાપ્રભુ ગમે તેવા બીકણ થાવ, ગમે તેવા મનુષ્ય ચરિત્ર કરો પરંતુ અમારા હ્યમાં જે પરમેશ્વરપણાનો નિશ્ચય છે તે આળસવાનો નથી. મહારાજ એ બિચારા દિવાનનો શું ભાર છે ? તમે તો ભગવાન છો. આવા વચન સાંભળી મહારાજ ઘણું પ્રસન્ન થયા ને બોલ્યા, હવે બાબો આવે તો કાં શાસ્ત્રે કાં શસ્ત્રે સંવાદ કરશું. પછી દરબારમાં પધાર્યાં.

જીવુબાએ તોડા આપ્યા

ગઢડામાં મંદિરનું કામ ચાલતું ને કડિયાના પગાર ચડ્યાં હતાં. મહારાજે જીવુબાને વાત કરીકે, જીવુબા કામ ચાલે છે નાણાંની જરૂર છે. કેમ કરશું ?

મહારાજ આ દરબારગઢ ને અમે સૌ તમારાં જ છીએ. એમ કહી પટારામાંથી સોનાના તોડા (પગમાં પહેરવાના) લાવી શ્રીહરિને ચરણમાં મૂક્યા. પ્રભુ દરેક ક્ષણે આપે અમને ધન્ય બનાવ્યા છે. આ સોનાના તોડાં છે તે વેચી પ્રભુ કડિયાના પગાર ચૂકવો.

શ્રીહરિએ જીવુબાનો સમર્પણભાવ જોઈને કહ્યું, ધન્ય છે તમારી સેવા અને શ્રદ્ધાને....વિપરીત પરિસ્થિતિમાં પણ તમારી શ્રદ્ધા અડગ રહે છે. આવું કોઈથી ન થાય. વસ્તુ પદાર્થનું મમત્વ છૂટવું ઘણું કઠણ છે પરંતુ જેને સત્સંગ અને ભગવાન પ્રધાન હોય તેને વહાલી વસ્તુ છોડતાં વાર ન લાગે.

જીવુબાએ ઔષધ કર્યું

એકવાર શ્રીહરિ અક્ષરઓરડીથી આથમણી તરફ ઉગમણા બારની ઓસરીમાં વેદી ઉપર બેસીને તાપતા હતાં. તે સમયે લક્ષ્મીવાડીએથી કોઈ પ્રેમીભક્ત મૂળા લાવ્યા તે બ્રહ્મચારીએ સુધારી પતીકા કરી. મીઠું-જીરૂ નાંખીને મહારાજને આપ્યાં. મહારાજ મૂળા જમ્યાં. થોડીવાર થઈ ત્યાં મહારાજ કહે,

અમને પેટમાં બળે છે. કોઈ જઈને ઓલ્યા ભજનાનંદ વૈદ્ય સ્વામીને બોલાવો તો ઔષધ કરે ને પેટમાં બળતું મટે.

ત્યારે જીવુબા ત્યાં આવ્યા ને બોલ્યા, હે કૃપાનિધાન ? તેનું ઔષધ તો હું જાણું છું. મહારાજ કહે, તો તમે જલ્દી ઔષધ લાવો. મોટાબા એક રૂપાના વાટકામાં થીણું ઘી ને સાકર નાંખીને લાવ્યા ને કહ્યું લ્યો મહારાજ આ જમો. મહારાજ ચમચી વડે જમવા મંડ્યા. જેમ જેમ જમતા ગયા તેમ તેમ પેટમાં બળતું મટતું ગયું. જમી રહ્યાં ને બળતું પણ મટી ગયું. મહારાજ કહે, વાહ જીવુબા વાહ સમાની સેવા કરી. આવી સમાની સેવાથી અમે બહુ રાજી થયા ને અતિ પ્રસન્ન છીએ.

જીવુબાની રસોઈ

ગઢપુરમાં જીવુબાની દૂધપાક પૂરીની રસોઈ હતી. મહારાજ પીરસતાં બ્રહ્માનંદ સ્વામી પાસે આવ્યા. લ્યો સ્વામી દૂધપાક. સ્વામીએ ના કહ્યું એટલે દૂધપાકનું કમંડળ માથે રેડી દીધું. વળી ઓરડામાંથી દૂધનું બીજું દોણું લઈ પીરસવા જતા ત્યાં મોટીબા બોલ્યા, મહારાજ સંતોને દૂધપાક ખૂબ જમાડો-પીવડાવો પણ ઢોળી ન નાંખો.

મહારાજ કહે, બધાં સંતોના માથે રેડવું છે. અરે વ્હાલા માથે રેડો તો દૂધવાળા શરીરે સંતો કેમ જમે માટે પ્રભુ પહેલાં સંતોને સુખેથી જમવા દો. શ્રીહરિ કહે, નહીં જીવુબા માથે જ રેડવું છે. મહારાજ તો દોણું લઈને ચાલ્યા તે જીવુબાએ ઉપરથી દોણું પકડી રાખ્યું. મહારાજે ખેંચ્યું તે વચ્ચેથી દોણું ફૂટી ગયું ને દૂધ બધું ઢોળાઈ ગયું. મહારાજના વસ્ત્રો ને ચરણ દૂધવાળા થયાં. મહારાજ તો બીજું દોણું લઈને મંડ્યા પીરસવા તે પત્તર છલકાવવા મંડ્યા એમ ખૂબ જમાડ્યા પછી ઘેલે ન્હાવા ગયા. સાંજે સભા થઈ. મહારાજ કહે બ્રહ્માનંદ સ્વામી કીર્તન બોલો તે સ્વામી બોલ્યા, **ધર્મલાલ લીલા કરે રંગ રસીયો** તેમાં એમ કડી આવી **કાંઠો રહ્યો મોટાબાને હાથ રે ધર્મલાલ લીલા કરે રંગ રસીયો** અને કીર્તનના નામાચરણમાં ગાયું કે,

એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે ધર્મલાલ લીલા કરે રંગરસીયો.

મહારાજ કહે, સ્વામી, અમે ક્યારે એવું કર્યું તું તે કહો. બ્રહ્માનંદ સ્વામી કહે, મહારાજ મેં તો જેવું નજરે જોયું એવું ગાયું. મહારાજ હસવા મંડ્યા ને દૂર બહેનોની સભામાં જીવુબા બેઠાં હતાં તેને કહ્યું કે જીવુબા, આ બ્રહ્માનંદ સ્વામીને થાળની પ્રસાદી આપજો નહીંતર ફજેતો કરશે. મહારાજ આમ રમૂજ કરી રમાડતા...જમાડતા ને આનંદ કરાવી સુખ દેતાં...

જીવુબાએ નવી રજાઈઓ બનાવી

એક વખત ગઢડામાં જીવુબાએ નવી રજાઈઓ મહારાજ માટે કરાવેલી. સુંદર ગાદલું, તકીયા, ઓશીકા વગેરે બનાવી મહારાજ માટે અક્ષર ઓરડીમાં મોકલાવ્યું. નાજા જોગીયા મહારાજની સેવામાં હતાં. તેને કહેવરાવ્યું કે, આ નવી રજાઈ મહારાજને ઓઢાડજો.

એમાં એક વખત એવું બન્યું કે મહારાજને શરીરે કસર હતી તે સગડીએ તાપતા હતાં. મહારાજ રજાઈ ઓઢીને સૂતા હતાં. થોડીવારે પડખું ફર્યા તે રજાઈ લસરી ગઈ ને છેડો સગડી ઉપર પડ્યો. પછી ઓલવી નાંખ્યો. મહારાજ કહે, અરે નાજા જોગીયા આ નવી ને નવી રજાઈ બળી ગઈ તેં ધ્યાન નો રાખ્યું. હવે જીવુબા વગેરે બાઈઓને શું જવાબ દેશું ? એક તો અમારે શરીરે કસર છે. તે બે દિવસથી દર્શન કરવાની બંધી કરી છે ને પાછું આજ આ બાઈઓની ગોદડીઓના છેડા બળી ગયા હવે બાઈઓ કુરાજી થશે કેમ કરશું. હાલો આપણે જતાં રહીએ. નાજા જોગીયાએ માફી માંગી. પ્રભુ ભૂલ મારી થઈ મેં સગડી દૂર ન મૂકી, પણ જતુ ન રહેવાય. લ્યો હું દરબારમાં જઈ જીવુબા વગેરેને વાત કરું. જો કુરાજી થશે તો આપણે ચાલી નીકળશું અને જો બાઈઓ રાજી હશે તો અહીં જ રહીશું. શ્રીહરિએ નાજા જોગીયાની વાતમાં સંમતિ આપી કે હા...હા... જાવ દરબારમાં પૂછી આવો.

નાજા જોગીયા દોડતાં દરબારમાં આવ્યા ને જીવુબા લાડુબાને રજાઈ બળી ગઈ તે વાત કરી તે સાંભળીને જીવુબા-લાડુબા બોલ્યા કે, નાજા જોગીયા બીજી વાત પછી પણ મહારાજને શરીરે કેમ છે ઈ કહો. નાજા ભગત કહે બા, મહારાજને શરીરે તો સારું છે પણ રજાઈ બળી ગઈ તેનું મનમાં દુઃખ છે. બંને બહેનો બોલ્યા કે, અરે ભગત રજાઈ બળી ગઈ એનું અમારે કાંઈ દુઃખ નથી

માટે ઝટ જાવો ને મહારાજને કહો, બધાં બાઈઓ બહુ રાજી છે. અમારે તો મહારાજને શરીરે કસર એ જ દુઃખ છે. પ્રભુને કહો કે આ બધો દરબારગઢ તમારા ઉપર કુરબાન છે. પણ શ્રીહરિ ઉદાસ ન થાય ને કહેજો કે શ્રીહરિના દર્શન વિના સર્વે બાઈઓ સુનમૂન બેઠાં છે ને બે દિવસથી કોઈ જમ્યા પણ નથી.

નાજા જોગીયાએ અક્ષરઓરડીમાં આવી મહારાજને બધી વાત કરી. શ્રીહરિ કહે, શું વાત છે ? અમારા માટે એણે બધું કુરબાન કર્યું છે એમ છે તો નાજા જાવ કહો કે આવીને છેટેથી દર્શન કરે પછી અન્નજળ ગ્રહણ કરે. મહારાજની આજ્ઞા થતાં જીવુબા-લાડુબા વગેરે બાઈઓ તરત જ આવ્યા ને દૂર રહી ભાવથી મહારાજના દર્શન કર્યાં. પછી બાઈઓએ અન્નજળ લીધું. મહારાજ આવા આવા દિવ્ય ચરિત્રો કરતાં ને ભક્તોને રાજી કરતાં. બાઈઓ પણ મહારાજમાં પૂરી નિષ્ઠાવાળાં હતાં.

જીવુબાને દિવ્યદર્શન

ગઢડામાં જે જગ્યાએ પાર્ષદોની પર્ણકૂટી હતી ત્યાં તંબુ કરાવ્યો હતો. તેમાં મહારાજ નિત્યાનંદ સ્વામી પાસે પદ્મપુરાણની કથા કરાવતાં હતાં. દરરોજ દરબારમાંથી જીવુબા-લાડુબા થાળ મોકલતા. એક વખત જીવુબા-લાડુબા-રાજબા-અમરબાઈ ને રાજુબાઈ વાણીયા એમ પાંચેય બાઈઓ પર્ણકૂટીએ થાળ લઈને આવ્યા અને જ્યાં માંડવો કર્યો હતો ત્યાં થાળ મૂક્યો. તંબુમાં મહારાજ બેઠાં હતાં. પાંચેય બહેનો દર્શન કરવા આવ્યા ત્યાં તો તંબુમાં જે ઢોલીયે મહારાજ બિરાજમાન હતા તે ઢોલીયામાં શેષસૈયા દેખાણી - માથે મોટી ફણા નાગની હતી. શેષનાગને હજાર મોંઢા હતા. તે શેષસૈયામાં મહારાજ બેઠા હતા તો જીવુબા લક્ષ્મીરૂપે ચરણ દાબતા, રાજબા સરસ્વતીરૂપે, વીણા વગાડતાં, લાડુબા રાધાજીરૂપે વીંજણો નાંખતા, અમરબાઈ ને રાજુબાઈ દાસીરૂપે બાજુમાં ઊભા હતા.

આ પાંચેય બહેનો એકબીજાના મોંઢા સામું જોઈ રહ્યાં. આપણે તો અહીં છીએ ને આપણા જેવા આ કોણ ? આપણે હોઈએ એવું કેમ દેખાય છે ? વળી હજારો મુક્તો મહારાજની પૂજા કરતાં આવું દેખાણું ત્યાં તો મહારાજ ઊભા થયાં ને થાળ જમવા માટે પધાર્યા. મહારાજ જમી ચળુ કરી મુખવાસ

લઈને ઢોલીયે બિરાજ્યા ત્યારે જીવુબાએ મહારાજને આ બધી વાત કરી કે મહારાજ આ અમે જોયું તે શું હતું ? મહારાજ કહે, જીવુબા ! અમે પુરુષોત્તમનારાયણ છીએ. પૃથ્વી ઉપર પહેલાં વહેલાં જ આવ્યા છીએ...આવો અવતાર અમારો થયો નથી ને ક્યારેય થશે પણ નહીં ને તમે સૌ અમારા અનાદિમુક્ત છો. આ તો તમને અમારા મૂળ સ્વરૂપની થોડીક ઝલક બતાવી. તમને પ્રત્યક્ષ દર્શન થયા પણ તમારે મનમાં કાંઈ સંશય કરવો નહિ. આવું સાંભળી પાંચેય બાઈઓ ગદ્‌ગદ્‌ભાવે મહારાજની સ્તુતિ કરવા લાગ્યા ને અંતરમાં ખૂબ જ આનંદ અનુભવ્યો. મહારાજને પગે લાગી મૂર્તિ અંતરમાં ઉતારી આનંદ થકા દરબારમાં પધાર્યા.

જીવુબાએ દૂધ પાયું

મહારાજ અક્ષરઓરડીએથી સુંદર ચાખડી પહેરીને દરબારમાં પધાર્યા. ઉગમણાબારની ઓસરીમાં ઢોલીયે બિરાજમાન થયા તે વખતે મોટીબાએ દૂધમાં સાકર એલચી નાંખી તાંસળીમાં ભરીને મહારાજને દૂધ આપ્યું. મહારાજ દૂધ પીવે છે સૌ બાઈઓ દર્શન કરે છે. દૂધપાન કર્યા પછી તાંસળી મોટાબાના હાથમાં આપી. મહારાજના ઉપલે હોઠે સુંદર દૂધનો દોરો પડ્યો ને જેણે જેણે તે દર્શન કર્યા તેના મન મૂર્તિમાં ખેંચાવા મંડ્યાં. મૂર્તિમય થઈ ગયા. સૌને આનંદ આનંદ થયો. સૌને ધ્યાન કરવા જ મહારાજે આ ચરિત્ર કર્યું હતું. આપણે પણ મહારાજને હોઠે દોરો પડે છે તેનું ધ્યાન કરવું.

જીવુબાની સમાની સેવા

જીવુબાનું અંગ અનુવૃત્તિની સેવા કરવાનું હતું. મહારાજને ક્યા સમયે શું જરૂર પડશે તે ખટકો રાખતા. મહારાજને જમાડવાની સેવાનો જીવુબાને અજોડ ભાવ હતો. ગઢડા હોય કે બહારગામ હોય પરંતુ જીવુબા મહારાજને જમાડવાની સેવા પહેલાં કરતાં. હંમેશાં મહારાજનું ગમતું કરવું આવો ધ્યેય જીવુબાનો હતો. મહારાજ નારાજ થાય એવું ક્યારેય કરવું નહીં.

એકવાર મહારાજ સંઘ સાથે વડતાલ જતા ત્યારે મોટીબાએ માટલું ફોડી તેમાં રેતી ભરી છાણાનો આડ ખડકી તેની હાંડલીમાં ભાત રાંધવા મૂક્યા ને માથે તે ઠીબ લીધી ને ઉઘાડે પગે ચાલ્યા આવે. રસ્તામાં સૌ જમવા રોકાણા. ભાતા સાથે હતાં. મહારાજ કહે, જીવુબા અમને ભુખ લાગી છે. જીવુબા કહે, ચાલો મહારાજ જમવા બેસી જાવ. ઝાડ નીચે ગરમ ભાતમાં ઘી સાકર નાંખીને મહારાજને જમાડ્યા. આવી સેવા મહારાજની જીવુબા કાયમ કરતાં. અત્યારે હજારો બાઈઓ સેવાને ભજન કરે છે. પરંતુ તેના બીજ જીવુબા-લાડુબાએ રોપ્યાં છે. જીવુબાની સમર્પણ ભક્તિએ પ્રભુને સતસંગમાં રોકી રાખ્યા છે.

જીવુબાની ભક્તિ બાગે રસોઈ

ગઢડામાં ભક્તિબાગ નામે મંદિરની વાડી છે. મહારાજ સંતોને લઈ ત્યાં પધાર્યા. અહીં સંતોને યોગકળા શીખવતા હતા. ૩૫૦ સંતો સાથે ઘણા ભક્તો હતાં. તેમને જમાડવા જીવુબા-લાડુબા વગેરે ૧૫૦ બાઈઓ સીધા સામાનના ગાડા ભરી ખેડૂતો પાસે ગાડા જોડાવી ભક્તિ બાગે આવ્યા ને જીવુબા વગેરે બાઈઓએ મહારાજ માટે સુંદર થાળ બનાવ્યો. સંતો ભક્તો માટે પણ જીવુબાની રસોઈ હતી. તેથી સરસ પકવાન બનાવ્યાં હતાં. મહારાજને ભાવથી જમાડ્યા પછી સંતોની પંગત થઈ. મનવાર કરી કરીને મહારાજ સંતોને પીરસે છે. સંતો હરિભક્તોને ખૂબ જમાડ્યા તે દર્શન કરીને બાઈઓ રાજી થયાં. ત્યાં પાસે ઓરીયો કૂવો છે. મહારાજ બે મહિના સંતો સાથે ત્યાં રહેલાં. મહાભારતની કથા કરાવતા તે વખતે દરરોજ જીવુબા-લાડુબા થાળ બનાવી મહારાજ માટે મોકલતાં. ક્યારેક તો જીવુબા-લાડુબા પોતે મહારાજને જમાડવા ઓરીયે કૂવે જઈને જમાડતા ને મહારાજને રાજી કરતાં અને ક્યારેક થાળ બનાવીને મુળજી બ્રહ્મચારી સાથે મોકલતાં.

જીવુબા અતિ નિર્માની

જીવુબા-લાડુબાને મહારાજની સેવાનો ખૂબ જ મહિમા હતો. નિર્માની પણ એવા કે પોતાથી નાના ગણાતા મનુષ્યો પાસે સેવા સંબંધી કામ માટે

જવું પડે તો પોતાનો માન-મોભો બધુ પડતો મૂકીને નાનામાં નાની વ્યક્તિ પાસેથી શ્રીહરિ રાજી થાય તેવું શીખી લેતાં. શ્રીહરિને રાજી કરવા, મહારાજને મનગમતી રસોઈ શીખવા માટે નાનકડાં ગામડાના પટલાણીને વાહન મોકલી ગઢડે તેડાવ્યા. આવા નિર્માની ને સેવાભાવી બંને બહેનો હતાં. શ્રીહરિનું ગમતું કરવું એ જ એક ધ્યેય જીવુબા-લાડુબાને હતો.

મહારાજ ગઢપુરથી વિચરણમાં નીકળ્યા તે લોયાથી નાગકડા જતાં હતા ને સંધા પટેલના પત્ની ખેતરે ભાત દેવા જતાં. મહારાજ કહે, લ્યો પટલાણી ક્યાં ઉપડ્યાં ? પટલાણી કહે, મહારાજ ! જુઓને આ દાડીયા ઝાઝા કર્યા છે તે ભાત દેવા જાઉં છું.

મહારાજ કહે પટલાણી અમનેય બહુ ભૂખ લાગી છે. પટલાણી કહે, હાલો હાલો મહારાજ ઘરે. પટલાણીએ પ્રભુને પાછા વાળ્યા. મહારાજ ઘરે ગયા. મહારાજ કહે નવું કાંઈ કરવું નથી ભાતમાં છે તે હાલશે લાવો. મહારાજ અને સર્વે સખા સૌ જમવા બેસી ગયા. સૌને દાળ-રોટલા જમાડ્યાં. મહારાજ જમીને રાજી થયા ને ગઢપુર પધાર્યા. મોટીબાએ થાળ બનાવ્યો. મહારાજ જમવા બેઠા. જમતાં જમતાં મહારાજ કહે કાલે લોયામાં જે થાળ જમ્યા એવો ક્યારેય જમ્યા નથી. મોટીબાએ બીજે દિવસે વળી ખટકો રાખી સુંદર થાળ બનાવ્યો. મહારાજ જમવા બેઠાં. વળી જમીને બોલ્યાં કે, લોયા જે થાળ જમ્યા એવો ક્યારેય જમ્યા નથી. મોટીબાને થયું કે, આ પટલાણીએ વળી કેવો થાળ બનાવ્યો હશે તે મહારાજ યાદ કરે છે. પટલાણી પાસે શીખવું પડશે.

તરત લોયા ગાડું મોકલ્યું ને પટલાણીને ગઢડા તેડાવ્યા. પટલાણી આવ્યા ત્યારે જીવુબા ને લાડુબા પૂછવા મંડ્યા કે, હે પટલાણી ! તમે મહારાજને કેવો થાળ બનાવીને જમાડ્યા'તા. તે મહારાજ રોજ તમારા થાળના વખાણ કરે છે. અમારે પણ એવો થાળ બનાવતાં શીખવું છે. મહારાજને રાજી કરવા. પટલાણી કહે, અરે...બા હું તો સાથી દાડીયાનું ભાત દેવા જાતી હતી તે અડદની ફોતરાવાળી દાળ અને મોટા મોટા બાજરાના રોટલાં મેં તો આવું જમાડ્યું હતું.

પણ બા, એ તો મારો ભાવ જોઈને મહારાજ કહેતાં હશે. જુઓ તો ખરા કેવું નિર્માનીપણું !!! મોટા રાજાની રાજકુંવરીયું છે જેને ઘેર મૂર્તિમાન ભગવાન રહે છે. છતાં એક ગામડાની કણબીબાઈને બોલાવીને પૂછ્યું તમે

કેવો થાળ કરતા'તા. અમે પણ એવો કરીએ. કેટલી ગરજ ભગવાનને રાજી રાખવાની. વાહ જીવુબા, વાહ લાડુબા તમારા ચરણમાં વંદન...

જીવુબાને ભક્તિ કરવાની રીત

શ્રીહરિ અક્ષર ઓરડીમાં ઢોલીયા ઉપર બિરાજમાન હતાં. ત્યારે જીવુબા-લાડુબા દરબારમાં ભજન કરતાં. દરેક બાઈઓ મહારાજ પાસે આવી પગે લાગીને બેઠાં. જીવુબાએ વાત કરી હે કૃપાનિધાન ! અમારી સૌ બહેનોની હાથ જોડીને વિનંતી છે કે હે મહાપ્રભુ ! તમને પ્રસન્ન કર્યાનું મુખ્ય સાધન શું છે દયા કરીને અમને કહો. આ દરેક બહેનોને તે જાણવાની ઈચ્છા છે.

શ્રીહરિ બોલ્યા કે, જીવુબા ! હું જેવો ભક્તિથી રાજી થાવ છું. એવો બીજા સાધનથી થતો નથી. બીજા સાધન કરતાં ભક્તિ જ મને પ્રસન્ન કરનારી છે. માહાત્મ્ય સમજીને ભગવાનની સેવા કરવી એ જ ભક્તિનું લક્ષણ છે. જીવનમાં જો ભક્તિ આવે તો બધાં જ ગુણો આવે ને ભક્તિ જાય તો બધાં જ ગુણો જતાં રહે છે. માહાત્મ્ય વિના ભક્તિ વૃદ્ધિ પામતી નથી. અને જો માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ કરાય તો ભક્તિ રોજ રોજ વધતી જાય છે. શમદમાદિ જે ગુણો છે તે માહાત્મ્ય જ્ઞાન વિનાની ભક્તિ કરનારામાં આવતાં નથી. જેટલું માહાત્મ્ય હોય તેટલી શ્રદ્ધા વધે છે. શ્રદ્ધાને અનુરૂપ ભક્તિ થાય છે. માટે હે જીવુબા ! લાડુબા ! તમારે સૌને માહાત્મ્ય જ્ઞાન છે જ છતાં તેની દૃઢતા કરવા કથા તો નિત્ય સાંભળજો. કથાથી ભક્તિની વૃદ્ધિ થાય છે. શ્રીહરિના આવા વચન સાંભળી. જીવુબા લાડુબા ને દરેક બાઈઓએ ખૂબ જ હર્ષ અનુભવ્યો. બધાં બાઈઓ ભેગાં મળી ખૂબ જ ભક્તિ કરવા લાગ્યા. ત્યારે ભક્તિમાતાએ પ્રસન્ન થઈને દરેક બાઈઓને પ્રત્યક્ષ દર્શન આપ્યાં.

જીવુબાને સેવાની તત્પરતા

મુક્તાત્મા મોટીબા સેવાની મૂર્તિ હતા. શ્રીહરિની અનુવૃત્તિની સેવા કરતાં. કયા સમયે શ્રીહરિને શું જરૂર હશે તે જીવુબા ખટકો રાખીને સેવા કરતાં. સમાની સેવા કરી શ્રીહરિને રાજી કરતાં.

એક વખત શ્રીહરિ ગઢપુરથી સંઘ સાથે લોયા નાગડકા જતાં હતાં. સંઘમાં સંતો-હરિભક્તો જીવુબા વગેરે બાઈઓ પણ હતાં. સંઘ બરવાળા પહોંચ્યો ને ત્યાં ઘડીક રોકાણાં. જીવુબા તો સેવાની એવી તત્પરતા રાખી મહારાજ માટે જમવાની તૈયારી રાખતાં. ઝીણી ઝીણી બાબતમાં વિચારીને તૈયારી કરીને જ નીકળતા. જીવુબાની તત્પરતા ખરેખર અજોડ હતી.

બરવાળા પહોંચ્યાં ત્યાં ઘોડી ઉપર બેઠાં બેઠાં જ મહારાજ કહે, જીવુબા અમને ભૂખ લાગી છે. તરત જ જીવુબાએ સરસ મજાનું દહીંનું દોણું મહારાજને સીધુ ઘોડી ઉપર બેઠા હતાં ત્યાં આપ્યું. શ્રીહરિ તો ઘોડા ઉપર બેઠા બેઠા જ હાથ વડે દહીં લઈને જમવા મંડ્યા. સુરાખાચર વગેરેને ખબર પડી કે મહારાજ દહીં જમે છે. તે બધાં સખા કહે, અલ્યા ચાલો પ્રસાદી લેવા મહારાજ દહીં જમે છે. સખાએ મહારાજને ઘેરી લીધાં કે પ્રભુ, પ્રસાદી આપો. મહારાજ કહે, પ્રસાદી નહીં મળે. મહારાજે માણકી દોડાવી એક હાથમાં લગામ અને એક હાથે દહીં જમે. સખા ઘોડા લઈને પાછળ થયા. ભાદર નદી આવી દહીં છલકાય તે મહારાજના વસ્ત્રો ને પલાણ દહીંવાળા થયાં. સખા સર્વે આવી ગયા. મહારાજે દોણું નીચે પછાડ્યું તે ફૂટી ગયું.

સર્વે સખા ઠીકરામાં ચોંટેલું દહીં પ્રસાદીનું જાણીને ચાટવા માંડ્યા. પછી ભાદર નદીમાં સૌ ન્હાયા ને દહીંવાળા વસ્ત્રો ને પલાણ ધોયાં. પછી લોયા નાગડકા પધાર્યા. આવી રીતે જીવુબા મહારાજને વિચરણમાં પણ જમવાની સગવડતા રાખતા ને ખટકો રાખીને જમાડતાં. માટે સેવાનો મહિમા હોય તો આવું બધું થાય.

જીવુબાને કહી તે વાત કહો

સંવત ૧૮૮૩ની સાલમાં પોષ સુદ આઠમના દિવસે ગઢપુરમાં શ્રીહરિના નાનાભાઈ ઈચ્છારામભાઈ ધામમાં ગયાં. તેમનો અગ્નિસંસ્કાર વેલાને કાંઠે સંતોના ઓટા પાસે થતો હતો ને બીજી બાજુ ખીજડા પાસે ઓટો હતો ત્યાં મહારાજ બિરાજમાન હતા ને સંતો પણ હતાં. મહારાજ આગળ વેદાંત અને સાંખ્ય સંબંધી વાતો ચાલતી હતી. અધ્યાત્મ ચર્ચાઓ ચાલી રહી હતી.

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીના કાનમાં કહ્યું સ્વામી પરમદિવસે જીવુબાએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો હતો ને શ્રીહરિએ તેમને જે જવાબ આપ્યો હતો તે વાત મેં ક્યારેય સાંભળી નથી. માટે તમે પ્રશ્ન પૂછો તો મહારાજ વાત કરે તે વાત સૌને સાંભળવા જેવી છે. ત્યારે શ્રીહરિ બોલ્યા, સ્વામી ! યોગીરાજ શું કહે છે ?

મુક્તાનંદ સ્વામી કહે, હે પ્રભુ ! તમે પરમદિવસે જીવુબા આગળ જે વાત કરી હતી તે સાંભળવાની ગોપાળાનંદ સ્વામી સહિત અમારે સૌને ઇચ્છા છે. માટે કૃપા કરીને એ વાત અમને સૌને કહો.

મહારાજ કહે, હા...સ્વામી એ વાત તો ખરો મુમુક્ષુ પાત્ર હોય તેને જ કહેવાય. જીવુબા-લાડુબા જેવું કોઈ સુપાત્ર નથી, માટે તે વાત તેને કહી હતી. હવે તે વાત તમે પૂછી તો સ્વામી, તમારા જેવા ને ગોપાળાનંદ સ્વામી જેવા બીજા કોણ સુપાત્ર હોય માટે એ વાત તમને કહીએ છીએ. એ વાત તો ઉદ્દાસીપણાને ટાળે એવી ને સમજવા જેવી છે. આ વાત સમજે તે જ પૂરો જ્ઞાની છે. સુપાત્ર હોય તેને જ આ વાત સમજાય છે. **ધર્મનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા** આ ચારેય નિષ્ઠા એક સ્વરૂપનિષ્ઠામાં આવી જાય છે પરંતુ મુક્ત સિવાય આ વાત કોઈને સમજાય નહીં.

એક દિવસ જીવુબાએ અમને પ્રશ્ન પૂછ્યો કે, હે મહારાજ ! બધ્ધ હોય તે મુક્ત કેમ થાય ને મુક્ત હોય તે બધ્ધ કેમ થાય ? અમે જીવુબાને બદ્ધ હોય અને મુક્તની વાત કરી હતી તે સાંભળો. એમ કહી મહારાજે સંતો પાસે ઘણી ઘણી વાતો કરી. આમ મોટીબા ને મહારાજ વચ્ચે ઘણી ઘણી તત્ત્વજ્ઞાનની વાતો થતી. અતિશય ઊંચા જ્ઞાનની વાતો પણ પ્રસંગોપાત થતી. જીવુબાની કેવી બુદ્ધિપ્રતિભા હશે ?

જીવુબાએ માંદા સાધુની સેવા કરી

એકવાર જીવુબા-લાડુબા-કરિયાણા-મીણબાઈ પાસે ગયેલાં. પાછા આવતાં ઘેલા નદી કાંઠે મોટા અખંડાનંદ સ્વામીને પેટબેસણાનો રોગ થયો હોવાથી નદી કાંઠે બેઠાં બેઠાં સ્વામિનારાયણ...સ્વામિનારાયણ એમ ઊંચે સ્વરે ભજન કરતાં. તે સાંભળી બંને બહેનોએ ગાડી ઊભી રખાવી. હાંકનારને કહ્યું કોણ

ભજન કરે છે. તપાસ કરી આવો. ગાડુ હાંકનાર કહે કોઈ માંદા સાધુ છે. બંને બહેનો કહે, તે સંતને ગાડામાં સુવડાવી દો ને દરબારમાં લાવો. બંને બહેનો ચાલીને દરબારમાં આવ્યા. સ્વામીની બધી વ્યવસ્થા કરાવી સ્વામીના બગડેલાં કપડાં ધોવરાવ્યાં. રાત્રે બાર વાગે સ્વામીને ભૂખ લાગી તે કેવરાવ્યું કે સ્વામીને રોટલો ને તાંદલજાની ભાજી જમવી છે.

જીવુબાએ એક ચાકરને વાડીએ ભાજી લેવા મોકલ્યો. તાજી ભાજી નોકર લઈ આવ્યો તે વઘારીને ભાજી બનાવી હતી તે અને ઘીએ ચોપડીને રોટલો જીવુબાએ સ્વામી માટે મોકલાવ્યું. માંદા સાધુ જમીને રાજી થયા. જીવુબાની શ્રદ્ધાને વખાણી મહારાજને ખબર પડી તે જીવુબા ઉપર ખૂબ જ રાજી થયા ને બોલ્યા, જીવુબા... તમે અખંડાનંદ સ્વામી માંદા થયા તે વેલડામાં બેસારી દરબારમાં પહોંચાડ્યા, બગડેલાં કપડાં ધોયા, અડધી રાત્રે જમાડ્યા. આટલી શ્રદ્ધાથી સંતોની સેવા કરી હું બહુ જ રાજી થયો છું માટે માંગો.

જીવુબા કહે, તો ગઢડાને કાયમ ઘર માનીને અહીં રહો. સંતની સેવા કરી મહારાજને માંગી લીધાં.

ધન્ય જીવુબા...ધન્ય જીવુબા...

જીવુબાની દિવ્ય પ્રતિભાનો પ્રભાવ

જીવુબા-લાડુબાનું ઓજસ એટલું બધું પ્રભાવશાળી હતું કે તેના દર્શન તો શું તેમના થોડાક શબ્દના શ્રવણ માત્રથી પણ માનવીના રજોગુણ-તમોગુણ નાશ પામી જતાં એવા સમર્થ હતાં. છતાં નિર્માની રહીને નાના સત્સંગીઓને પણ બહુ મહિમા સમજાવતા ને દાસાનુદાસ ભાવે સેવા કરતા. શ્રીહરિની આજ્ઞા મુજબ જ જીવન જીવતાં.

સાવરકુંડલા પંથકના ગામડામાં મોટા યોગાનંદ સ્વામીએ સત્સંગ કરાવેલો. ખુમાણ દરબારો પણ સત્સંગી થયેલાં. યોગાનંદ સ્વામીએ ભગવાન અને સંતો ભક્તોનો ખૂબ મહિમા સમજાવેલો. એકવખત તે ખુમાણો (દરબાર) ગઢડા દર્શન કરવા આવેલાં. સાવરકુંડલાના આલાખુમાણ, સેલણાના વાજસુર ખુમાણ, ભમોદરાના ઓઘડ ખુમાણ.

આ બધાં દરબારો ગઢડા આવેલાં. મનમાં થયું કે દાદાખાચરના બહેનો જીવુબા-લાડુબા મહાન મુક્તો છે. રાધારમા કરતાં પણ ઊંચી સ્થિતિ છે તો આપણે દર્શન કરતાં જઈએ તે ત્રણેય દરબારો દાદાખાચર પાસે આવ્યા. ને કહ્યું અમારે બહેનોના દર્શન કરવા છે.

દાદા ખાચર કહે છે. બહેનોને પૂછીને વ્યવસ્થા કરું છું. પછી વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં ચાકળા નંખાવ્યા છે. ત્યાં ત્રણેય દરબારો આવીને બેઠાં છે, ઉંબરામાં દાદાખાચર બેઠાં છે ને અંદર ઓરડામાં બહેનો બેઠાં છે પછી ઓઘડખુમાણ બોલ્યા, દાદા...બા ને કહો કે ઓઘડખુમાણ, વાજસુર ખુમાણ, માણસીયો ખુમાણ જે નારાયણ કહેવડાવે છે. એટલે અંદરથી જીવુબા બોલ્યા કે, દાદા, ભાઈને કહો કે જય સ્વામિનારાયણ... આ શબ્દો ઓસરીમાં બેઠેલા ત્રણેય દરબારોને સાંભળ્યા ત્યાં તો ત્રણેયના ઘાટ સંકલ્પ બંધ થઈ ગયા ને ભાવસમાધિમાં ડૂબી ગયા. દયમાં અલૌકિક સુખ વર્તવા માંડ્યું.

આમ મોટીબાના દર્શનથી અને વાણી સાંભળવાથી ભલભલા ચમરબંધીના ગર્વ પણ ગળી જતાં. રજોગુણ, તમોગુણના પડળ ઝાકળની જેમ મોટીબાના દિવ્ય શબ્દે ઉડી જતાં અને જીવાત્મા નિર્મળ થઈ જતાં.

દરબારોના મનમાં થયું કે આ તો સાક્ષાત્ લક્ષ્મીજી રાધાજી જેવા છે ને એમ થયું કે આપણા ગુરૂ સદ્‌ગુરુશ્રી યોગાનંદ સ્વામી કહેતા હતા એવા જ આ મહાન દેવીઓ છે. પછી લીંબડા નીચે જઈને ત્રણે દરબારો બહેનોને દૂરથી દંડવત્ કરવા મંડ્યા ને ધન્ય જીવુબા ધન્ય લાડુબા. આમ વખાણ કરતાં ફુંડલા ગયા ને ત્યાર પછી એક વખત આ ત્રણે દરબારો ભાવનગર વજેસિંહબાપુને મળવા ગયેલાં. આ લોકોને વજેસિંહબાપુ સાથે ઘણો સ્નેહ હતો તે દરબારે દારૂ પીવાનો આગ્રહ કર્યો ત્યારે ત્રણે જણ બોલ્યા કે, બાપુ અમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. યોગાનંદ સ્વામી અમારા ગુરૂ છે. આવો શૂરવીરતા ભર્યો જવાબ સાંભળી વજેસિંહબાપુ રાજી થયા કારણ કે તેને પણ સત્સંગનો ગુણ હતો.

જીવુબામાંથી તેજ નીકળ્યું

જીવુબાનું જીવન એટલું દિવ્ય અને પ્રભાવી હતું કે તેમના યોગમાં આવે તેમને માયાના ભાવ ઉડી જતા અને દિવ્યતાની અનુભૂતિ થતી. તેમનો આત્મા સત્સંગને રંગે રંગાઈ જતો. વિષયરસ ઝેર જેવા થઈ જતાં અને સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરી અક્ષરધામને પામતાં.

એક વખત મોટીબા ઓસરીમાં બેઠા હતા ને મેમકાથી પાનબાઈ આવ્યા. બા ને જયસ્વામિનારાયણ કહી પગે લાગ્યા ને બાના પગ દબાવવા લાગ્યા, પગ ચાંપતા ચાંપતા બોલ્યા કે, બા, અહીં ગોપીનાથજી મહારાજ છે ને મૂળીમાં રાધાકૃષ્ણ દેવ છે. બંનેના દર્શનનું ફળ તો સરખું જ થાય પણ હું દર વર્ષે ગઢડા શું કામ આવું છું !! બા, તમે રાજદરબારની દીકરીને દાદાખાચરના બેન જાણીને નહીં પણ તમે અક્ષરધામના અનાદિમુક્ત છો આવું જાણીને બા...હું અવારનવાર તમારા દર્શને આવું છું. આટલું પાનબાઈ બોલ્યા, ત્યાં તો મોટીબાના શરીરમાંથી પ્રકાશ નીકળવા લાગ્યો ને બધે તેજ તેજ તેજ થઈ ગયું. પાનબાઈ તો મોટીબાના ચરણમાં પડી ગયાં ને હાથ જોડી ગદ્‌ગદ્‌ કંઠે પ્રાર્થના કરવા લાગ્યા ને બોલ્યા કે બા તમે મને એકવચન આપો. મોટીબા કહે, માંગો શું જોઈએ છે ? પાનબાઈ કહે, બા જ્યારે હું દેહ મેલું ત્યારે તમે મહારાજને સાથે લઈને મને તેડવા પધારજો. બા તમે મને બહુ વહાલા છો. તો વહાલા વહાલા મહારાજ સાથે અંતકાળ મને તેડી જાજો. બા, તમે જ્યાં હો ત્યાં તમારી દાસી કરીને મને સેવામાં રાખજો.

ત્યારે મોટીબાએ ત્રણ વખત કોલ આપ્યો કે, પાનબાઈ મહારાજને લઈને હું તેડવા આવીશ ને તમને દિવ્યધામમાં તેડી જઈશ. અમારી બરોબર કરીને તમને ધામમાં રાખશું.

ત્રણ દિવસ અગાઉ ખબર આપીને મહારાજને લઈને આવશું. આવું વરદાન મોટીબાએ પાનબાઈને આપ્યું. પછી પાનબાઈ મેમકા ગયાં.

જીવુબાએ પાનબાઈની વરસાદથી રક્ષા કરી

મેમકાના રામજી શેઠના માતૃશ્રી પાનબાઈ, જીવુબાના કૃપાપાત્ર શિષ્યા હતાં. એકવખત મેમકાથી ગાડી જોડીને ગઢડા દર્શન કરવા આવતા હતા તે રસ્તામાં વરસાદ ખૂબ પડ્યો પણ ગાડી ઉપર એક છાંટો ન પડ્યો. ગઢડા આવી શ્રી ગોપીનાથજી મહારાજના દર્શન કર્યા પછી મોટીબાના દર્શન કર્યા. ઉતારા કર્યા પછી દરબારગઢમાં નેવા નીચે રસોઈ કરવાની જીવુબાએ આજ્ઞા કરી. એટલે ઈંટોનો ચૂલો બનાવી તપેલામાં ખીચડી ઓરી ત્યાં તો ધોધમાર વરસાદ પડવા લાગ્યો. તે દરબારમાં નળીયા ઉપર પાણી સમાય નહીં. મોટી ધારે નેવા પડવા મંડ્યા પરંતુ જ્યાં રસોઈ કરતાં હતાં. ત્યાં એક છાંટોય ન પડે. કળિયામાં પાણી ભરાણું પણ ચોકો કર્યો હતો તેની બાજુમાંથી પાણી વહ્યું જાય. ચોકામાં જરાય ન આવ્યું. રસોઈ કરતાં હતાં એટલી જગ્યા સાવ કોરી રહી. રસોઈ થઈ ગઈ પછી પાનબાઈ વગેરે જમ્યા.

ત્યારે મોટીબાએ આવીને પૂછ્યું પાનબાઈ તમને વરસાદે કાંઈ કનડગત કરી નથીને ! ત્યારે હાથ જોડીને પાનબાઈ કહે, બા તમે તો અમને રસ્તામાંય પલળવા નહોતાં દીધાં ને અહીં પણ ચોકો કોરો રાખ્યો. બા, તમે અમારી બહુ ખબર રાખો છો.

જીવુબા બોલ્યા કે, પાનબાઈ તમે એટલે બધે દૂરથી દર્શન કરવા આવો છો તે શ્રી ગોપીનાથજી મહારાજ તમારી એટલી તો ખબર રાખે જ ને... પછી પાનબાઈ બે દિવસ ગઢડા રોકાણા બધે દર્શન કર્યા. જીવુબાનો સમાગમ કર્યો. ત્રીજે દિવસે બા સાથે પાનબાઈ મંદિર ઉપર દર્શન કરવા ગયા ત્યારે જીવુબા કહે, જુઓ તો ખરા પાનબાઈ ગોપીનાથજી મહારાજને કેટલો પરસેવો વળ્યો છે. કેટલી ગરમી થતી હશે.

પાનબાઈ કહે, જુઓને બા પરસેવાના તો મોંઢે મોતીયા દેખાય છે. પછી જીવુબાએ રૂમાલે કરીને ગોપીનાથજી મહારાજને પરસેવો લુછ્યો ને તે રૂમાલ પાનબાઈને આપ્યો કે લ્યો પાનબાઈ પ્રસાદીનો રૂમાલ. પછી જીવુબાએ વીંજણાથી ગોપીનાથજીને પવન નાંખ્યો. આવા દિવ્ય દર્શન જીવુબાએ

પાનબાઈને કરાવ્યા. પાનબાઈ તો ધન્ય બની ગયા ને થોડા દિવસ ગઢડા રોકાઈ પછી મેમકા ગયાં.

જીવુબા શ્રીહરિ સાથે તેડવા પધાર્યા

સમય જતાં પાનબાઈનો અંતકાળ આવ્યો ત્યારે જીવુબાએ ત્રણ દિવસ અગાઉ દર્શન દઈને કહી ગયા કે આજથી ત્રીજે દિવસે મહારાજ, હું ને રાજબાઈ વગેરે તમને તેડવા આવશું. પાનબાઈ તૈયાર રહેજો. પાનબાઈએ ઘરના બધાંને વાત કરી કે આજથી ત્રીજે દિવસે હું ધામમાં જઈશ. મને જીવુબા કહી ગયા છે. પાનબાઈએ બાઈઓને ભેગાં કરીને કીર્તન ગવરાવ્યા.

સજની ટાણું આવ્યું રે ભવજળ તરવાનું...

ત્રીજે દિવસે તાવ હતો તોય નદીએ ન્હાવા ગયા. નાહીને આવી પૂજા કરીને સાંજ સુધી ડોસીઓને ભેગી કરી કીર્તનો ગવરાવ્યા. સાંજે નારાયણભાઈની દીકરીને મહારાજના દર્શન થયા ને બોલી જુઓ...જુઓ. મહારાજ આવ્યા. કેટલાય રથ હાથી ઘોડા છે ને મને કહે છે કે પાનબાઈને તાવ આવે છે તે ખબર જોવા અત્યારે આવ્યા છીએ ને અડધીરાત્રે તેડી જઈશું. પાનબાઈ કહે, મને તો મોટીબાએ માથે હાથ મૂકીને વચન આપ્યું છે કે મહારાજને લઈને આવીશ તે હમણાં જ આવશે બધાં ધૂન કરો. ત્યાં તો મોટીબાના દર્શન થયાં. પાનબાઈએ હાથ જોડ્યા પધારો બા પધારો. પાનબાઈનો દીકરો ખાટલે વાંસો દાબતો હતો. તે પાનબાઈ બોલ્યા, અમરશી ઉઠ, બા ને ઉપવાસ પડશે. ત્યાં તો મહારાજ પધાર્યા. લાડુબા-રાજબા, અમૂલાબા વગેરે મુક્તોના દર્શન થયાં. પાનબાઈ કહે, એ લ્યો સૌને 'જય સ્વામિનારાયણ' એમ કહી દેહ મેલી દીધો ને ધામમાં ગયા. ઘરના સૌ ધુન કરવા લાગ્યા. જ્યારે પાનબાઈએ દેહ મૂક્યો બરોબર તે જ ટાણે લીંબડીમાં પાનબાઈના બેન તે જૈન ધર્મના પુંજ (સાધ્વી) હતા તેને દર્શન થયા કે ભગવાન સ્વામિનારાયણ વિમાનમાં બેસાડી પાનબાઈને લઈને ધામમાં જાય છે. આવા દર્શન થયા ને મહારાજ કહેતા ગયા પુતળીબાઈ જુઓ તમારા બેનને ધામમાં લઈ જઈએ છીએ...વાહ સહજાનંદ વાહ...

જીવુબાનું વચન સિધ્ધ થયું

પાનબાઈને દર્શન દેવા મોટીબા એકવખત મેમકા ગયેલાં. પાનબાઈ બહુ જ ભાવીલા હતાં ને મોટીબામાં તેને અતિ દૃઢ ગુરૂભાવ હતો. તે દર્શન દેવા મોટીબા પધારેલાં. રામજી શેઠની દીકરીને મોટીબાએ પૂછ્યું કે, બેટા શિવુ ! તારા લગ્ન હમણાં થયાં છે, પણ સાસરામાં સત્સંગ તો છે ને !!! શીવુ, તારી સાસુ ભજન કરવા દે છે ને ! ત્યારે શીવુ બોલી કે "બા, મારી સાસુ તો કહે, આ સ્વામિનારાયણ લસણ-ડુંગળી-હીંગ" નો ખાય આવા તોફાન અહીં નહીં ચાલે. આ તો તું પહેલું આણું વળીને આવી છો તે હું કાંઈ બોલતી નથી. હવે ફરીવાર આવે ત્યારે તારા નિયમ તારા પિયર મૂકીને આવજે. અહીં તો આ બધુ ખાવું પડશે ને નિયમ નહીં પળાય. અહીં તો બધે લસણ-ડુંગળી વપરાશે પછી જોઉં છું કે તું કેવીક નથી ખાતી...બા મને તો આવો ડારો દીધો છે. હવે તો મારે સત્સંગ રાખવામાં મોટી મુશ્કેલી પડશે. તો બા હવે હું શું કરૂ ? તમે કહો તેમ કરૂ બા."

મોટીબા કહે શિવુ... હવે તું સાસરે જા ત્યારે તારી સાસુ નહીં હોય પછી તને કોણ કનડશે ? તું સુખેથી સત્સંગ રાખજે. ત્યારે પાનબાઈ કહે, બા...શિવુને સાસરે જવાને તો આઠ દિવસની જ વાર છે ને એની સાસુ તો હજી નાની ઉંમરના છે. મોટીબા કે આઠ'દિ શું ઓછા છે ? પછી તો જીવુબા ગઢડા ગયા ને પાંચમે દિવસે સમાચાર આવ્યા કે શિવુના સાસુ ગુજરી ગયા. મોટીબાના વચન સિદ્ધ થયાં.

જીવુબાના યોગથી વૈરાગ્ય

જીવુબાની એકાંતિક ભક્તિનિષ્ઠા-ધર્મનિષ્ઠા દેખીને અનેક મહિલાઓ પતિવ્રતાના ધર્મ પાળતી થઈ હતી. જીવુબાનું વર્તન દેખીને ઘણાં બહેનોએ ત્યાગીની દીક્ષા લીધી હતી. જેના હૃદયમાં ભગવાન સિવાય બીજો ઘાટ ન થાય એવી મહિલાઓ જીવુબાના યોગથી થઈ હતી. જીવુબાની ભક્તિ જોઈને ઉમા-રાધા-રમા વગેરે દેવીઓ જીવુબાને પગે લાગવા આવતા.

વડતાલ પાસે બામરોલી ગામના જોબનપગીના ભાઈ તખાપગીની ત્રણ દીકરીયું આંબુબા, લીંબુબા ને નાનબાઈ ત્રણેય ખૂબ જ મુમુક્ષુ હતા. જીવુબાના સમાગમથી વૈરાગ્ય લાગ્યો ને ભજન કરવાનો સંકલ્પ થયો. પરંતુ લોકરિવાજ મુજબ તખાપગીએ લગ્નનું આયોજન કર્યું ને લગ્ન વખતે માંડવામાંથી જ ત્રણેય બહેનોએ માથેથી મોળીયો ને હાથપગના ઘરેણાં કાઢી વરરાજાને કહે, લ્યો ભાઈ તમારા લગ્ન નિમિત્તે અમારું આ હાથગરણું એમ કહીને માંડવામાંથી ઊભા થઈ ગયેલાં ને પછી સાંખ્યયોગી થયેલા. મોટીબા પાસે અવારનવાર ગઢડા આવી સમાગમ કરતા ને ઘેર રહી ભજન કરતા. ત્રણેય બહેનોએ બાની બહુ સેવા કરી પ્રસન્નતા મેળવેલી ને ભજન કરતાં.

જીવુબા કહે ગોપીનાથજી દીકરો દેશે

મોટીબા અતિ દયાળુ હતા. કોઈને કોઈ દુઃખ હોય, મુશ્કેલી હોય, કોઈને દીકરો ન હોય, કોઈ રોગી હોય ને કરગરતા આવે તો મોટીબાના આશીર્વાદથી તેના દુઃખ દૂર થતાં ને સૌ સુખીયા થતાં. જીવુબા શ્રીહરિની મરજી હોય એમ વર્તતા. નિરાવરણ અવસ્થા ને સિદ્ધદશાને પામેલા હતાં છતાં પોતાની સિદ્ધાઈ ને સામર્થીનો ક્યારેય ઉપયોગ કરતાં નહીં.

એકવખત જીવુબા વઢવાણ ડોસાભાઈને ઘેર પધાર્યા હતા. વઢવાણ ગામમાં એક વાણીયણ બાઈ હતા તેને દીકરો નહોતો. તેમણે જીવુબાનો મહિમા સાંભળ્યો હશે તેથી તે બાઈ જીવુબાના દર્શને આવી જીવુબાને પગે લાગીને બોલી, બા...મારે દીકરો નથી જો તમે મને દીકરો થવાનું વચન આપો તો મને દીકરો થાય.

ત્યારે જીવુબા બોલ્યા, અરે બાઈ તું ગાંડી છે. દીકરા આપવા તે અમારા હાથમાં થોડા છે. એ તો ભગવાનના હાથમાં છે એને પ્રાર્થના કર. તે બાઈને જીવુબા ઉપર પૂરો વિશ્વાસ હતો કે જીવુબા કહે તો મારે જરૂર દીકરો થાય. પછી તે બાઈ તો બેસી રહી ઘરે ન ગઈ.

જીવુબા તો રથમાં બેસીને ગઢડા જવા નીકળ્યા. સૌ વળાવવા ગયા. તે બાઈ પણ પાછળ પાછળ ગઈ. સૌ વળાવીને પાછા વળ્યા પણ આ બાઈ

તો રથ પાછળ પાછળ ચાલવા માંડી. પાછી ન વળી તે ત્રણ ગાઉ ખારવા ગામ આવ્યું. ત્યાં સુધી બાઈ આવી ત્યારે મોટીબા કહે, બાઈ તું હવે પાછી વળી જા. પણ બાઈ તો હાથ જોડીને કરગરવા માંડી. બા...તમે કહો તો જરૂર મારે દીકરો થાય એમ કરગરે છે. બા...તમે મહાન સમર્થ છો. દયા કરો તમે રાજી થઈને વચન આપો તો દીકરો થાય. બા મારો વંશ જાય છે.

ફરી જીવુબાનો રથ ચાલવા માંડ્યો ને તે બાઈ પાછળ પાછળ ચાલી તે સાત ગાઉ સુધી ચાલી પાછી વળી જ નહીં. પછી જીવુબાએ રથ ઊભો રખાવ્યો ને બોલ્યા, અરે બાઈ ! તારી શ્રદ્ધાને ધન્યવાદ છે. જા...તને ગોપીનાથજી મહારાજ દીકરો દેશે ને સવા વર્ષનો થાય ત્યારે ગઢડે આવજે. ગોપીનાથજી મહારાજને સવા પાંચ રૂા. ધરી પગે લગાડી જજે.

પછી તે બાઈ ખોળો પાથરી જીવુબાને વારંવાર પગે લાગી. અંતરમાં આનંદ આનંદ થયો.

જીવુબા કહે, હવે પાછી વળી જા તો તે બાઈ પાછી વળી ગઈ ને સમય જતાં એ બાઈને દીકરો થયો. સવા વર્ષનો થયો એટલે ગઢપુર આવી દીકરાને પગે લગાડ્યો ને સવા પાંચ રૂા. ભેટ મૂક્યા. જીવુબાને પણ દૂરથી પગે લગાડ્યો.

જીવુબાની વાણી

જીવુબા ત્રણે અવસ્થામાં મહારાજના દર્શન કરતાં હતા. જીવુબા સમાધિનિષ્ઠ-વચનસિદ્ધ ને બ્રહ્મસ્થિતિવાળા હતા. મોટીબા મહારાજને સંભારીને જે બોલે તે થતું.

એકવાર જીવુબાના દર્શને ગઢાળીના ભાવસાર રતનબાઈ આવ્યા. તેમને દૂરથી આવતા જોઈને જીવુબાએ કહ્યું, રતન તું એટલે રહેજે મને અડીશ નહીં. કારણ કે તારા પેટમાં દીકરો છે. પછી સમય જતાં તેને દીકરાનો જન્મ થયો. સવા મહિનાનો થયો એટલે જીવુબાને પગે લગાડવા આવ્યા દૂરથી પગે લગાડી આશીર્વાદ લીધાં. જીવુબાએ તેને પ્રસાદીનો રૂમાલ આપ્યો ને દીકરાનું નામ હરિ પાડ્યું.

સમય જતાં આ ઘટના પુનઃ ઘટી. સૌરાષ્ટ્રમાં અમરેલી જીલ્લાના દાઠા ગામના વતની બ્રાહ્મણ પાનબાઈ એકવાર ગઢડા દર્શન કરવા આવ્યા ત્યારે જીવુબાએ કહ્યું, પાન તું એટલે રહેજે તારા પેટમાં દીકરો છે. પૂરે માસે દીકરાનો જન્મ થયો ને ઈશ્વર નામ પાડ્યું.

ગામ ઉમરાળાના શ્રીમાળી બ્રાહ્મણબાઈ હતા. જીવુબાના દર્શને આવ્યા. જીવુબા કહે, બાઈ તું એટલે રહેજે તારા પેટમાં દીકરો છે. પછી તે બાઈને દીકરાનો જન્મ થયો તેનું નામ જટાશંકર પાડ્યું અને તે શ્રીહરિના એકાંતિક ભક્ત થયા હતા.

જીવુબાના આશીર્વાદ

આખોલ ગામના ક્ષત્રિય ભક્ત શશાભાઈ ને તેની પત્ની જવનીબાઈ સારા સત્સંગી હતાં. જવનીબાઈને શરીરે લુખસ થઈ ગઈ હતી. આખા શરીરે ખૂબ જ ખંજવાળ આવે તે બેન કંટાળી ગયા ને તેમના પતિને કહે, તમે ગમે તે ઉપાય કરો જેથી મને આ ખસ મટે.

શશાભાઈ કહે, દેવી તમે ગઢડા જાવ. ભગવાનશ્રી સ્વામિનારાયણનું મોટું ધામ છે. ત્યાં ઉન્મત્તગંગા નદી વહે છે. જ્યાં લક્ષ્મીજી-રાધાજી સમાન મહાન તપસ્વીની જીવુબા ને લાડુબા છે. તેમને પગે લાગી દર્શન કરી વાત કરજો તે તમારો રોગ મટાડવાનો ઉપાય બતાવશે.

પોતાના પતિની વાત સાંભળી જવનીબાઈ પોતાના સંબંધીઓ સાથે ગઢડા આવ્યા. મંદિરમાં ગોપીનાથજી મહારાજના દર્શન કર્યા ભેટ મૂકી. દરબારગઢમાં મોટીબાના દર્શન કર્યા ને પોતાના દુઃખની વાત કરી પગે લાગી કરગરવા લાગ્યા કે "બા...દયા કરો હું દુઃખી છું. મારો રોગ મટાડો."

જયાબા કહે, ઉન્મત્ત ગંગાને વિષે જયાઘાટ છે ત્યાં અપસ્માહર નામનું તીર્થ છે ત્યાં વિધિ સહિત સ્નાન કરજો. આવી રીતે ઉન્મત્તગંગામાં સ્નાન કરવાથી જવનીબાઈનો રોગ મટી ગયો ને સુખી થઈ ગયાં.

જીવુબાનો સાડલો

મોટીબાના આશીર્વાદથી ગઢાળીના હરિભાઈનો જન્મ થયો હતો. મોટાબાના કૃપાપાત્ર આ હરિભાઈને ચાર દીકરા હતાં. તેમાં અભરાજભાઈ તેના ગોપાળભાઈ ને તેના ઘનશ્યામભાઈ તેને ઘેર મોટીબાનો પ્રસાદીનો સાડલો છે.

ઘનશ્યામભાઈ મુંબઈમાં રહે છે તે સાડલાના દર્શન ગઢડાના મૂળજીભાઈ પંજવાણીએ કરેલાં છે. મૂળજીભાઈ છગનભાઈ પંજવાણીની પોતાની લખેલી વિગત હું લખું છું. કે મોટીબાની છબી ચીતરનારા મોટીબાના સાડલાનો રંગ હંમેશાં કાળો કરતા પણ મોટીબાએ ક્યારેય કાળો સાડલો ધારણ કરેલો જ નથી. પોતે સાંખ્યયોગી હતા ને સાંખ્યયોગી જેવો ઘેરો કંથાઈ રતુમડા રંગનો સાડલો ધારણ કરે છે. તેવો જ મોટીબા ધારણ કરતા હતા.

જયારે મૂળજીભાઈએ મોટીબાના સાડલાના પ્રત્યક્ષ દર્શન કરેલાં પછી મૂળજીભાઈએ ચિતારાઓને વાત સમજાવી ત્યારથી ચિત્રમાં ઘેરો કંથાઈ રતુમડા રંગનો સાડલો જ મોટીબાએ ધારણ કર્યો હોય એમ ચીતરવા લાગ્યા.

મૂળજીભાઈની લખેલી ચોપડી "સાક્ષાત્ શ્રી મોટીબા" પ્રકરણ ૩૫ માંથી આ વાત લખેલી છે.

જીવુબાના વચને સત્સંગ થયો

વડોદરામાં દશાશ્રીમાળી વાણીયા વ્રજલાલભાઈ સારા સત્સંગી હતા ને તેની દીકરી પાર્વતીને પરણાવ્યા હતા ત્યાં સત્સંગ નહીં. સાસુ-સસરા-પતિ કોઈ સત્સંગી નહીં તે પાર્વતીને નિયમધર્મમાં ખૂબ મુશ્કેલી પડતી. સત્સંગ મૂકાવવા ઘરનાં સૌ આગ્રહ કરતાં પણ પાર્વતી તો સત્સંગમાં મક્કમ હતા.

એક વખત તેની સાસુ જાત્રામાં જતાં તે પાર્વતીને પુછ્યા વિના તેનું કાનમાં પહેરાવાનુ મચકનીયું પહેરી જાત્રામાં ગયાં.

આ બાજુ વ્રજલાલભાઈ ગઢડા દર્શન કરવા પરિવાર સાથે આવ્યા. પાર્વતીને પણ સાથે લેતાં આવ્યા. ગોપીનાથજી મહારાજના દર્શન કરી મોટીબાને પગે લાગવા ગયા.

બા કહે, પાર્વતી સત્સંગ કરો છો ને !!

પાર્વતી કહે, બા સત્સંગ તો રાખું છું પણ ઘરના સૌને ગમતું નથી.

મોટીબા કહે, પાર્વતી ચિંતા ના કર. તારા ઘરમાં સત્સંગ થશે. પછી બીજે'દિ એકાદશી હતી તે પાર્વતી વગેરે ઘેલામાં ન્હાવા ગયા. ન્હાતા ન્હાતા પાર્વતી નદીઓના નામ લેતા ગંગા, સરસ્વતી, યમુના ત્યાં તો હાથમાં મચકનીયું આવ્યું. મનમાં થયું આ મારું ઘરેણું અહીં ક્યાંથી કેમ આવ્યું ? દરબારગઢમાં આવી મોટીબાને વાત કરી. મોટીબા કહે, પાર્વતી એ તારું મચકનીયું જ તારી સાસુને સત્સંગ કરાવશે. એનું કારણ છે કે તારી સાસુ તારું આ ઘરેણું પહેરીને ગઈ છે તે આજે મથુરા યમુના ન્હાવા ગયા ત્યાં યમુનામાં પડી ગયું ને અહીં તેં યમુનાજીનું નામ લીધું. તે તારા ખોબામાં યમુનાજી આવ્યા ને મચકનીયું લાવ્યા. મોટીબાનું અંતર્યામીપણું જાણી પાર્વતી તો રાજી રાજી થઈ ગયા. પછી થોડા દિવસે વડોદરા ગયા.

આ બાજુ તેના સાસુ જાત્રા કરીને આવ્યા પણ એકદમ ઉદાસ કારણ કે હું પાર્વતીથી છાનુ કાનમાં પહેરીને ગઈ હતી. તે યમુનામાં ન્હાતા પડી ગયું. ઘણું શોધ્યું પણ જડ્યું નહીં. હવે પાર્વતીને શું જવાબ દઈશ !!!

તે જાત્રામાંથી આવ્યા બધી વાત કરી. પાર્વતી કહે, આ રહ્યું મચકનીયું. એકાદશીના દિવસે તમે મથુરા હતા ? તેના સાસુ કહે, હા.

પાર્વતી કહે, તે દિવસે જ હું ગઢડા ઉન્મત્તગંગામાં નહાતી હતી. ત્યાં હાથમાં આવ્યું. આ સાંભળી તેની સાસુને અને ઘરનાને બધાંને ગુણ આવ્યો. બધાં સત્સંગી થયા. મોટીબા બોલ્યા હતા તે સત્ય થયું. મચકનીયાથી ઘરમાં સત્સંગ થયો.

મહારાજ મેથાણમાં

જ્યારે ઓગણતેરા કાળમાં મેથાણના કાકાભાઈ અને પુંજાભાઈએ અન્નનો સંગ્રહ ન કર્યો તે અન્ન વગર દુઃખી થતા તે મહારાજ ગઢપુરથી કોઈને પૂછ્યા વગર છાના મેથાણમાં કાકાભાઈને ત્યાં પધાર્યા. સવારે જીવુબા-લાડુબા-મુળજી બ્રહ્મચારી વગેરે ચિંતા કરવા મંડ્યા કે શ્રીહરિ પૂછ્યા વગર

છાના ક્યા જતાં રહ્યાં હશે ! કચ્છમાં, ગુજરાતમાં કે વળી ક્યા ગયા હશે ? દરબારગઢમાં સૌ વિલાપ કરે છે. મહારાજનો વિયોગ સહન ન થતાં પૃથ્વી ઉપર ઢળી પડ્યાં છે. મહારાજને સંભારીને રડ્યા કરે છે. હે દયાળુ પ્રભુ ! તમે દયા વિસારીને કેમ જતા રહ્યાં. કેમ અમને વિસાર્યા !! પ્રભુ ! અમારી શું ભૂલ થઈ ? કૃપાનાથ ? હવે ક્યારે મળશો ! દયાળુ પ્રભુ દયા લાવો. આભ ફાટેને પૃથ્વી પ્રલય થાય એવું દુઃખ પ્રભુ તમારા વગર અમને છે માટે વ્હાલા, જ્યાં હો ત્યાંથી વહેલાં ગઢપુર પધારો. પ્રભુ ! તમે કેવો આનંદ આપતા, રમાડતાં, જમાડતાં, સુખ દેતા ને પ્રભુ ઓચિંતા જતા રહ્યા. આવું તો અમે સ્વપ્ને પણ ધાર્યું નહોતું. જો પ્રભુ તમે કહીને ગયા હોત કે અહીં જાવ છું ને આટલા દિવસે પાછો આવીશ તો પ્રભુ આટલું દુઃખ ના થાત. અમે ક્યા કાગળ લખીએ ? કે તેડવા પણ ક્યા મોકલીયે ? અમને કાંઈ સુજતું નથી. પાણી વગર માછલા તરફડે એવી અમારી દશા છે. હે પ્રાણજીવન ! પ્રભુજી ધીરજ કેમ ધરીએ... પ્રભુ ! અમારો શું વાંક તે અમારો ત્યાગ કર્યો. હે દયાળુ સહજાનંદજી ! કેમ દયા દિલથી વિસારી ? કોઈનું દુઃખ તમે ખમી ન શકો ને આજ કેમ કઠણ થયા. તમારા વિયોગનું મહાદુઃખ અમારે આવ્યું છે. આવી ખૂબ રડી રડીને જીવુબા-લાડુબા-દાદાખાચર વગેરે પ્રાર્થના કરે છે.

જીવુબાએ નાજા જોગીયાને બોલાવી કહ્યું, નાજાજોગીયા, તમે પ્રભુના પાર્ષદ છો. વળી મહારાજના આજ્ઞાકારી ભક્ત છો. તમે જાવ ને ગમે ત્યાંથી ગોતીને શ્રીહરિને ગઢડા તેડી લાવો. જ્યારે મહારાજ તમને મળે ત્યારે અમારા દુઃખની વાત કહેજો ને મહારાજના સારા સમાચાર મળશે ત્યારે જ અમે અન્નજળ લેશું. તે વિના તો દેહ પડી જાય તોય અન્નજળ લેશું નહીં. નાજા જોગીયા, તમે હનુમાનજી જેવા પ્રભુના સેવક છો. ગામો-ગામ ફરી ગમે ત્યાંથી પ્રભુને ગોતી લાવો. વળી જીવુબા બોલ્યા કે આજે રાત્રે મેં સ્વપ્નમાં મહારાજને મેથાણ બાજુ જતાં હોય એવું જોયું તો તમે પહેલાં મેથાણ જજો. ત્યાં તપાસ કરજો ને જલ્દી જાવ.

નાજા જોગીયા કહે, બા ! તમે ચિંતા ના કરતાં. ગમે ત્યાં દેશ-પ્રદેશ ફરીને હું મહારાજને ગોતીને લાવીશ એમ કહીને ઉપડ્યા. મેથાણ આવી તળાવને કાંઠે ઊભા ઊભા વિચારે છે કે ગામમાં જવું કે કેમ ?

મહારાજ ક્યા હશે ? ત્યાં જ એક ખવાસની દીકરી પાણી ભરવા આવી તેને જોગીયાએ પૂછ્યું, બેન, આ ગામમાં સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે ? ત્યારે તે હસતી હસતી બોલી મને કાંઈ ખબર નથી. પૂજા બાપુની ડેલીએ જાવ તો ખબર પડે. મોઢું મલકાવીને બોલી. તે જોગીયાને થયું કે મહારાજ અહીં જ હશે તેથી તેની પાછળ પાછળ ડેલીએ જઈ ઊભા રહ્યાં. દીકરી અંદર જઈ મહારાજને કહે, હે પ્રભુ ! ગઢપુરથી એક ભગત આવ્યા છે. કેડે તલવાર છે, બોકાની વાળી છે ને કહે છે કે મારે મહારાજને મળવું છે. તમે કહો તો અહીં બોલાવી લાવું. મહારાજ કહે, બોલાવી લાવો. દીકરી દોડતી ડેલીએ આવી નાજા જોગીયાને અંદર આવવા કહ્યું. નાજા જોગીયા અંદર ગયા ને દંડની પેઠે મહારાજના ચરણમાં પડ્યાં. મહારાજ કહે આવો...આવો નાજા જોગીયા પણ હું અહીં પૂજાભાઈના દરબારમાં છું તે કેમ ખબર પડી ?

જોગીયા કહે, મહારાજ ! મેં આ દીકરીને પૂછ્યું તો તે હસીને બોલી એટલે ખબર પડી કે મહારાજ અહીં જ હશે. મહારાજ કહે, ઠીક. ભલે આવ્યા પણ ગઢપુરના શું સમાચાર છે ? નાજા જોગીયા કહે, પ્રભુ ! તમે બધું જાણો જ છો. તમારાથી કાંઈ અજાણ્યું નથી. હે હરિ ! જીવુબા-લાડુબા વગેરે બાઈઓ બહુ દુઃખી છે, અન્નજળનો ત્યાગ કર્યો છે, તમારા વિયોગે સૌ રડે છે. સૌની સ્થિતિ મરણતુલ્ય થઈને પ્રભુ વિયોગે માથાં પછાડે છે. વળી મૂર્છિત થઈ જાય છે માટે હે મહારાજ ! જલ્દી ગઢડા પધારો. મહારાજ ! તમે પૂછ્યા વગર વહેલા ઉઠી અહીં આવતા રહ્યા એટલે સૌ દુઃખી છે. પ્રભુ તમે જાણ કરીને આવ્યા હોત તો સૌને શાંતિ રહેત ને આવવાની વાટ જોવત. પ્રભુ દયાળુ ! તમને આમ ન ઘટે. વિયોગે રડતા જો કોઈનો જીવ જશે તો પાપ કોને લાગશે ? પ્રભુ ! જીવુબા-લાડુબાની આવી સ્થિતિ છે ને જ્યારે તમારા સમાચાર મળશે ત્યારે જ અન્નજળ લેશે.

પછી મહારાજ મેથાણથી ગઢપુર પધાર્યા. સૌને દર્શન આપ્યા છે. જીવુબા-લાડુબા રાજી રાજી થયાં છે. મહારાજને જમાડી સૌ જમ્યા છે. ગઢપુરમાં લીલાલહેર થઈ છે. આવા પ્રેમી હતા જીવુબા ને લાડુબા - રાજબા વગેરે...

મહારાજ કહે વનમાં જવું છે.

મુક્તાનંદ સ્વામી વડોદરામાં સભા જીત્યા તેનો પત્ર ગઢડા આવ્યો. ને પત્ર સભામાં વંચાણો. મહારાજ બહુ રાજી થયાં. મહારાજે સભામાં મુક્તાનંદ સ્વામીની ખૂબ પ્રશંસા કરી. વખાણ કર્યા કે મુક્તાનંદ સ્વામીને કોઈ જીતે નહીં. સ્વામી જયાં જાય ત્યાં તેની જીત જ હોય. ત્યારે સભામાં બેઠેલાં નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદને ઈર્ષ્યા આવી તે બોલ્યા, એમાં શું અમને વડોદરા મોકલ્યા હોત તો અમે પણ સભા જીતીને આવત. આવા ઈર્ષ્યાના વચન બોલ્યા તે મહારાજને ન ગમ્યું, ને મહારાજ ઉદાસ થઈ ગયા. ત્યારે જીવુબા બોલ્યા, પ્રભુ કેમ ઉદાસ થયાં ? અમારી સેવામાં કાંઈ ખામી રહે છે ! અમારી કાંઈ ભૂલ થઈ છે પ્રભુ જે હોય તે કહો તો ખબર પડે. પ્રભુ ! શું અમારાથી કાંઈ આજ્ઞા લોપાઈ ગઈ છે જે હોય તે કહો.

જીવુબાએ ઘણાં આગ્રહથી પૂછ્યું ત્યારે મહારાજ કહે, ઘણાં દિવસ સત્સંગમાં રહ્યાં. હવે વનમાં જાવું છે. જીવુબા કહે, અરે મહારાજ ! તમે તો આ સત્સંગના જીવનપ્રાણ છો. જો પ્રાણ વનમાં જાય તો તો પાછળ મડદા રહીને શું કરશે ? પ્રભુ તમારે વનમાં જાવું છે એવી જો સત્સંગમાં ખબર પડશે તો તો કંઈકના જીવ જાશે. માટે હે હરિ ! ઉદાસી ટાળો ને દયા કરીને સત્સંગમાં રહો એવી અમારા બધાં બહેનોની હાથ જોડીને વિનંતી છે. આવું જીવુબા બોલ્યા પણ મહારાજે ઉદાસી મૂકી નહીં. જીવુબાએ મોટેરા હરિભક્તોને બોલાવ્યા. મોટી સભા થઈ. મોટેરા સંતો બ્રહ્માનંદ સ્વામી વગેરે. સુરાખાચર વગેરે હરિભક્તો વાતો કરી મહારાજને હસાવે પણ મહારાજ હસે જ નહીં. બધાં એ બહુ જ વિનંતી કરી પ્રાર્થના કરી. હે મહારાજ ! તમે કહો તેમ કરીએ. કહો તે આજ્ઞા પાળીએ પણ દયાળુ અમને તજીને વનમાં ન જાવ. ત્યારે જીવુબા-લાડુબા બોલ્યા કે, ગઢપુરમાંથી તો અમે વનમાં નહીં જ જવા દઈએ. મોટો સમૈયો કરીએ દેશદેશના સંતો ભક્તો આવે. આખો સત્સંગ ભેગો થાય ને સૌ સત્સંગ સમાજ રજા આપે તો રજા લઈને પ્રભુ તમે સુખેથી વનમાં રહેજો ને અમે પણ દેહ તજી મૃગાદિરૂપે વનવાસી થઈશું.

હે વહાલા ! ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય કરનારા તમે છો. બ્રહ્માંડોના નિયંતા તમે છો વળી કર્તા હર્તા સર્વોપરી તમે છો માટે અમને તજીને તમતમારે વનમાં જાજો. આપના રાજીપામાં અમારું સુખ છે. મોટેરા સંતોએ પણ વિનંતી કરી કે અહીં મોટો સમૈયો કરીએ આખો સત્સંગ સમાજ ભેગો થાય. જીવુબા-લાડુબાનું પણ આમ જ કહેવું છે. પ્રભુ ! જો તમે ગઢડાવાળાની જ રજા લઈને જાવ તો સૌને લાગે કે ગઢડાવાળા સાચવી ન શક્યા. તે મહારાજ વનમાં જતા રહ્યાં. માટે મહારાજ એક ઉત્સવ કરીએ. મહારાજ કહે, હા...એ બરાબર એમાં અમારી ના નથી કરો ઉત્સવ તમતમારે પછી અમે સૌની રજા લઈને વનમાં જાઈશું. પરંતુ વાત એમ છે. ભક્તો કહે, શું મહારાજ ?

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, અહીં ગઢડામાં સમૈયો કરો તો દૂરદૂરના ભક્તો કેમ પહોંચે ? સાધુ ને બ્રહ્મચારીઓ તો ગુજરાતમાં ક્યાંયના ક્યાંય ફરે છે. જો ગુજરાતમાં સમૈયો થાય તો સર્વેજનોથી સમૈયામાં અવાય. સહુ હાથ જોડીને બોલ્યા કે, પ્રભુ ! તમે કહો ત્યાં કરીએ. મહારાજ કહે, આદરજમાં કરીએ તો કેમ ? બધાં કહે, હા, હા પ્રભુ આદરજમાં કરીએ ને અમે સૌ ત્યાં આવશું. મહારાજે તરત મૂરત જોવરાવ્યું. પત્રિકાઓ લખાવી દેશદેશમાં મોકલાવીને લખ્યું કે દિવાળી ને અન્નકૂટ ઉત્સવ આદરજમાં છે. સૌ ભક્તોએ આદરજ આવવું. જ્યાં જ્યાં સંતો વિચરણ કરતાં ત્યાં પત્રિકાઓ મોકલાવી.

આસો વદ પડવાને દિવસે ગઢપુરથી આદરજ જવા પ્રયાણ કર્યું છે. બધાંને ખબર પડી કે હવે મહારાજ ગઢડા નહીં આવે. આવી વાતો ઠેર ઠેર થવા લાગી. ગઢડામાં સૌ ઉદાસી થયાં છે કે હવે આપણને ફરી દર્શન નહીં થાય. ઉત્સવ કરીને મહારાજ વનમાં જતાં રહેશે. એટલે નાના મોટા વૃદ્ધ સૌ મહારાજને વળાવવા ઘરનાં કામકાજ મૂકી મહારાજ સાથે હાલતાં થયાં. ગઢડા આખામાં તો ખળભળાટ થઈ ગયો. અરેરે હવે મહારાજ પાછાં નહીં આવે !!! સહુ બે-ત્રણ ગાઉ સુધી ગયા. મહારાજ ઊભાં રહ્યાં ને કહે, હવે તમે બધાં પાછાં વળો, પણ કોઈ પાછાં ન વળ્યા. સૌ મહારાજ સામું જોઈને ઊભા રહ્યાં. આંખમાંથી આંસુ પડે છે. બોલી શકતાં નથી. હાથ જોડ્યા છે. પ્રભુ દયાળુ તમે જ્યાં જશો ત્યાં અમે આવશું. દેહ ચાલશે ત્યાં સુધી સાથે ચાલશું. દેહ નહીં ચાલે ત્યાંથી અમારો આત્મા તમારી સાથે આવશે. ગઢપુરવાસીનો

ભાવ જોઈ મહારાજને દયા આવી છે. ઉગામેડી, ઝીંઝાવદર ગામ ગયું, દુદાપર ગામ આવ્યું. કોઈ પાછાં વળતાં નથી. મહારાજ ઊભા રહ્યાં. સૌને કહે, અમે તમારી ઉપર ખૂબ રાજી છીએ પાછા વળી જાવ. છતાં કોઈ પાછા વળતાં નથી. શરીરે અશક્ત હોય તે તો પાછી વળી જાવ. છતાં પડતાં આખડતાં સૌ સાથે ચાલે છે. મહારાજ કહે, સાંભળો ઉત્સવ પૂરો કરીને અમે જરૂર ગઢડા આવશું બસ...હવે પાછાં વળી જાવ. જરૂર આવશું આવી ધીરજ આપી સૌ પાછાં વળ્યાં છે.

મહારાજ આદરજ પધાર્યા છે. ખૂબ જ ધામધૂમથી અન્નકૂટ ઉત્સવ થયો છે. મહારાજે બધાંને દર્શનનું ખૂબ સુખ આપ્યું છે. રતુ ખાંટે અને બાદર ખાંટે બહુ મોટો લાભ લીધો છે. ઉત્સવ કરાવીને દેશદેશથી ઘણાં સંઘ આવેલાં તો મહારાજ કહે, હવે તમે સૌ પોતપોતાને ગામ જાઓ. દરેક ગામના આગેવાન ભક્તો હોય તે રોકાવ. પછી સંઘ સૌ વિદાય થયાં. મુખ્ય મુખ્ય હરિભક્તો રોકાયાં છે. મોટા મોટા સંતો અને મુખ્ય હરિભક્તોની સભા કરીને મહારાજ કહે, અમારે હવે વનમાં જવું છે. સૌ રાજી થઈને રજા આપો. ત્યાં તો સહુની આંખમાંથી અશ્રુધારા વહી, ઘણાંને તો મૂર્છા આવી ગઈ. જીવુબા-લાડુબા વગેરે ત્યાગી બાઈઓ અને ઉત્સવમાં આવેલાં કર્મયોગી બાઈઓ સૌ ધ્રુસકે ધ્રુસકે ચોધાર આંસુએ રડવા મંડ્યા.

પ્રભુને પ્રાર્થના કરવા મંડ્યાં. પ્રભુ વનમાં ન જાવ. દયાળુ દિલમાં દયા લાવો. સંતો રડતાં રડતાં કહેવા લાગ્યા કૃપાનાથ કેમ કૃપા તજી ? પ્રભુ, તમારે કાજે ઘરછોડી અમે આવ્યા હવે તમે કેમ તરછોડો છો ? પ્રભુ અમારી ભૂલ હોય તો માફ કરજો. તમે જેમ આજ્ઞા કરો તેમજ અમે વર્તીશું. તમારે કાજે વહાલા અમે સંસારથી પ્રીતિ તોડી છે. લોકોના મેણાં ખાઈને તમારા દાસ થયાં છીએ. અમારો શું વાંક તે પ્રભુ તમે આવડો કોપ કર્યો. મુખમાં ઘાસ લઈને નમન કરીએ. ગુના માફ કરો. અમારે વર્તવામાં ચૂક પડી હોય તો અમને કહો. હરિભક્તો પણ દિલગીર થઈને ઢળી ઢળીને પગે લાગ્યા. પ્રભુ વનમાં જશો તો અમે પણ વનમાં આવશું. માટે પ્રભુ વનમાં ન જાઓ. પ્રભુ વનનો સંકલ્પ બંધ રાખો. વહાલા સંતો ભક્તો બાઈઓ સૌને રોતાં કકળતાં જોઈને મહારાજને દયા આવી ને બોલ્યા કે જુઓ સત્સંગ તો બહુ

વધ્યો છે પણ અંદર ક્યાંક ક્યાંક ઈર્ષ્યા છે તે અમને ગમતી નથી માટે કુરાજી થયાં છીએ. માટે માન-અભિમાન-ઈર્ષ્યા-રસાસ્વાદ કાઢો. મોટાની મરજાદા રાખો. અંદરખાનેથી ઈર્ષ્યા ત્યાગો. અમને જો રાખવા હોય તો મોટેરા સંતની આજ્ઞામાં રહો. સૌ હાથ જોડી બોલ્યા, પ્રભુ તમે કહો એમ કરીએ, તમે કહેશો તેની આજ્ઞામાં રહીશું. દાસ થઈને રહીશું વાલા...પણ તમે સત્સંગમાં રહો. અમને ત્યાગશો નહીં. પછી મહારાજ રાજી થયા. માટે જેને મહારાજને રાજી રાખવા હોય તેણે પરસ્પર ઈર્ષ્યા ન કરવી.

જુઓ મુક્તાનંદ સ્વામીના વખાણ કર્યા ને બીજાને ઈર્ષ્યા આવી તો મહારાજ કેટલા ઉદાસી થઈ ગયા. વનમાં જાવા તૈયાર થયાં. માટે કોઈના સારાં સદ્‌ગુણો જોઈને આપણે ઈર્ષ્યા ન કરવી. પરંતુ કોઈના સારા સદ્‌ગુણ, સારી આવડત, સારી ક્રિયા વગેરે જોઈને રાજી થવું. નહિંતર મહારાજ કેટલાં કુરાજી થાય તે આપણે આ ચરિત્રમાંથી જાણ્યું. આ તો સારું થયું કે સત્સંગ સમાજે, જીવુબા-લાડુબાએ કરગરી માંડ માંડ મહારાજને સત્સંગમાં રાખ્યા તે આ સત્સંગ ફાલ્યો ફૂલ્યો છે. માટે અદેખાઈ ઈર્ષ્યાનો ત્યાગ ભગવાનના ભક્તોએ રાખવો.

ગઢપુરમાં મંદિર નિર્માણ

સંવત ૧૮૮૧ની સાલમાં મહારાજ સુરત વિચરણ કરીને ગઢપુર પધાર્યા ત્યારે ગઢડાવાસી દાદાખાચર જીવુબા-લાડુબા વગેરેએ મહારાજને પ્રાર્થના કરી જીવુબા બોલ્યા, હે પ્રાણનાથ પ્રભુ અમારી વિનંતી છે કે તમે કચ્છ, ગુજરાત, ભાલ, સોરઠ વગેરેમાં મંદિર કર્યા ને પ્રભુ આ ગઢ્ડું તો તમારું ઘર છે. તેને હે પ્રભુ કેમ વિસારી દીધું. પ્રભુ તમે સદા અમારી સાથે રહો છો ને પરદેશી પ્યારા એવું કેમ કર્યું !! પ્રભુ આ ગઢડાવાસી સૌ તમારાં જ છે.

મહારાજ કહે, જીવુબા ધીરજ રાખો. અહીં તો અમે પોતે મોટું મંદિર કરશું. તમે દિલગીર ન થાઓ. જીવુબા જ્યાં સુધી ગઢડામાં મોટું શિખરબંધ મંદિર ન થાય ત્યાં સુધી અમે ધામમાં નહીં જઈએ. બસ...આવા રાજીપાના મહારાજના વેણ સાંભળી સૌ રાજી રાજી થઈ ગયા. જીવુબા-લાડુબા-રાજબા-અમરીબા વગેરે બાઈઓ સૌ આનંદમાં આવીને દરબારમાં સાકર વહેંચી.

ભક્તોના ભાવ પૂરા કરવા વળી મહારાજ વિચરણમાં પધાર્યા છે. ગામડાં ફરી વળી પાછાં ગઢડા પધાર્યા છે.

એકદિવસ લીંબતરૂ નીચે મહારાજ ઢોલિયા ઉપર બેઠાં છે, દાદાખાચર ચરણમાં બેઠાં છે. શ્રીહરિ અતિ પ્રસન્ન ચિત્તે વાતો કરે છે ત્યાં જીવુબા-લાડુબા-રાજબા-અમરીબા-અમૂલાબા-સૂરપ્રભા-સોમાદેવી વગેરે બહેનો આવીને બેઠાં. મહારાજને અતિ પ્રસન્ન જોઈને હાથ જોડી દાદાખાચર બોલ્યા, પ્રભુ, મારી અને આ બહેનોની, દરબારમાં રહેતાં દરેકની વિનંતી છે કે પ્રભુ અહીં મોટું મંદિર જલદી કરો. કારણ કે કચ્છ ગુજરાત વગેરેમાં મોટા મંદિર થઈ ગયા તે મહારાજ હવે ધીરજ રહેતી નથી. તમે મંદિર કરવાનો કોલ આપ્યો છે તે પ્રભુ ભૂલી ન જતાં. આ બંને બહેનો મને અવારનવાર કહ્યા કરે છે કે ગઢડામાં મંદિર ક્યારે થશે ? ત્યારે જીવુબા બોલ્યા કે હે દયાળુ પ્રભુ ! આ ગઢડું તો સત્સંગનું મૂળ છે. અત્યારે બધી રીતે સાનુકૂળ છે. અહીં ઉન્મત્તગંગા અખંડ વહે છે. આપે મુક્તો સાથે ખૂબ જ સ્નાનલીલા કરી છે. તીર્થવાસીને પણ સ્નાનનો સુયોગ છે. લક્ષ્મીવાડીમાં બાગબગીચા છે. સંતોને પણ રહેવાનું સાનુકૂળ છે. ગમે તેટલા હરિભક્તો આવે ઉત્સવ સમૈયામાં તોય ઉતારાનું અનુકૂળ છે. અહીં મોટા મોટા વંડા ઉતારા માટે છે હે પ્રભુ ! તમે અહીં રહીને વિશેષ ચરિત્રો કર્યા છે. અમને તમારા માન્યા છે. "ગઢડુ મારૂ ને હું ગઢડાનો તે તો કેદી નથી મટવાનો" આવું તમારું વચન છે તે સાર્થક કરી પ્રભુ હવે જલદી મંદિરનો પાયો નાંખો. મનમાં તો થાય છે કે હવે ક્યારે મંદિર થશે....ક્યારે મંદિર થશે.

હે પ્રભુ ! અમે પૂર્વે જો કોઈ પુણ્યદાન કર્યા હોય. વ્રત, જપ, તપ, તીર્થ આદર્યા હોય, એનું ફળ એ કે તમે **અહીં મોટું મંદિર કરો.** અમે અત્યાર સુધી જે ભજન ભક્તિ કર્યા હોય તમારી સેવા તમને રાજી કર્યા હોય તે સર્વનું ફળ એ કે તમે **અહીં મોટું મંદિર કરો.** હે પ્રભુ ! અમને તમારા ગણતા હો, અમારો શુદ્ધ ભાવ હોય તો દિલમાં વિશેષ દયા લાવીને **અહીં મોટું મંદિર કરો.**

આવા વિનંતી ભર્યા જીવુબા-લાડુબાના વચનો સાંભળી મહારાજ બોલ્યા, કે દાદાખાચર તથા બહેનો અને દરેક પરિવારજનો મારા મનમાં છે જ કે

અહીં મોટું મંદિર કરવા મેં નિર્ધાર કરેલો જ છે. અમે અહીં અખંડ વાસ કરીને રહેલાં છીએ. આ દરબારગઢને તો અમે અક્ષરધામ તુલ્ય માનીએ છીએ. તમે સૌ ધીરજ રાખો મંદિર થશે. અમારી જેવડી જ મૂર્તિ અમે પોતે બથમાં લઈને પધરાવશું. જીવુબા વગેરે બહેનો, તમારી ભક્તિથી વશ થઈને જ અમે અહીં રહ્યાં છીએ. ને મંદિર પણ કરશું માટે સૌ ભજન કર્યા કરો. અમે રાજી છીએ.

આવા નેહ નીતરતાં વહાલાના વેણ સાંભળી સૌના અંતર નાચી ઊઠ્યા. વાહ પ્રભુ વાહ પ્રભુ અહીં મંદિર કરશે. આવો સૌના દયમાં આનંદ થયો.

થોડો સમય ગયો મહારાજ કારિયાણી થઈને સારંગપુર પધાર્યા. જીવાખાચરે હાથ જોડીને વિનંતી કરી કે પ્રભુ આ સારંગપુરના ઘેલા શેઠ છે તે મને કાયમ કહે છે કે દરબાર ભગવાનને તેડાવો આપણે અહીં મંદિર કરાવીએ. દરબાર તમે જમીન આપજો ને હું રૂપિયા આપીશ. ઘેલા શેઠે કહેવરાવ્યું છે કે મારે ૨૫ (પચીસ) ગામમાં વેપાર છે. બળદગાડા જોઈએ તેટલાં મળી રહેશે ને રૂપિયા પણ શેઠ પાસે છે અને પ્રભુ મારી પાસે જમીન બહુ ઝાઝી છે તો દયા કરીને અહીં મોટું મંદિર કરો. એવી અમારી વિનંતી છે. જે જોઈએ તે આપશું. પણ પ્રભુ મંદિર મોટું સારંગપુરમાં કરો.

આવી મંદિર સંબંધી વાત થઈ સારંગપુરમાં અને વાયુવેગે પહોંચી ગઢડામાં. જીવુબા કહે, દાદા જલદી વેલું જોડાવો, સારંગપુર જાવું છે. જીવુબા-લાડુબા-દાદાખાચર વગેરે બધાં મળી સારંગપુર આવ્યા. મહારાજને પ્રણામ કર્યા ને વિનંતી કરી કે પ્રભુ અમને વચન આપ્યું છે મંદિર ગઢપુરમાં કરવાનું તે ભુલી તો નથી ગયાને !!

મહારાજ કહે, ના...ના... મંદિર તો ગઢડામાં જ કરવાનું છે. આ તો જીવાખાચર તેનો ભાવ રજૂ કરે છે ને ઘેલાશેઠ વાણીયા વાત ડાહ્યા ખરા ને પણ એનો પણ ભાવ પૂરો થશે. દાદાખાચર કહે, મહારાજ અમે તેડવા આવ્યા છીએ. પ્રભુ ગઢડા પધારો. તરત જ મહારાજ તૈયાર થઈને માણકીએ અસવાર થયા છે. ત્યારે સારંગપુરના જીવાખાચર ઉદાસ થયા છે. મહારાજ કહે, દરબાર ઉદાસ ન થાવ. તમારા ગામમાં પણ પ્રતાપી દેવનું મોટું ધામ થશે. માટે ઉદાસ

ન થતાં એમ કહી મહારાજ અને એભલ પરિવારના સૌ સભ્યો ગઢપુર રવાના થયાં છે. દરબારમાં સભા કરી બેઠાં છે.

દાદાખાચર કહે, મહારાજ આ દરબારગઢ તમારો છો. જ્યાં ગમે ત્યાં મંદિર કરો. મહારાજ કહે, આ દખણાદ્વારના ઓરડા છે ત્યાં સુધી મંદિર કરીએ. ત્યાં તો પાંચુબા ઊભા થયા ને કહે, મહારાજ તે ઓરડા તમને કૃષ્ણાર્પણ કર્યા. પ્રભુ મંદિર કરો.

દાદાખાચર કહે, આખો દરબારગઢ સોંપી અમે બહાર રહેવા જશું પ્રભુ. આવો ભાવ આ જીવુબા-લાડુબા ને દાદાખાચરનો જોઈ મહારાજ બહુ રાજી થયા. પછી દખણાદાબારના ઓરડા પડાવ્યા ત્યાં મહારાજે મંદિરનું ખાતમૂરત કર્યું. જોતજોતામાં વિમાન આકારે મંદિર બની ગયું. નારાયણજીભાઈ પાસે મહારાજ મૂર્તિ બનાવરાવે છે. મૂર્તિ પૂરી થવા આવી છે ને વળી મહારાજને બહારગામ જવાનું થયું છે. ઉતરાદાબારના બંને ઓરડાની વચ્ચે જે ઓરડી છે ત્યાં મૂર્તિ મૂકી છે. જીવુબાને થયું કે મૂર્તિ કેટલીક અધુરી હશે ! મહારાજ ક્યારે પ્રતિષ્ઠાનું મુરત લેવાના હશે. આવું વિચારીને જીવુબાએ ઓરડીમાં આવી મૂર્તિ ઉપરથી કપડું લીધું ત્યાં ગોપીનાથજીની મૂર્તિએ આંખો પટપટાવી ને મૂર્તિ હસવા માંડી. મૂર્તિને આવી રીતે હસતી જોઈને જીવુબા તો આશ્ચર્ય પામી ગયા ને હૃયમાં આનંદ થયો ને વળી મૂર્તિને કપડું ઓઢાડી દીધું.

બીજે દિવસે મહારાજ પધાર્યા. નારાયણજીભાઈને કહે, હવે તમે જલદી મૂર્તિનું કામ કરો. નારાયણજીભાઈ મૂર્તિ ઉતરાદાબારના ઓરડાની ઓસરીમાં બહાર લાવ્યા. મહારાજ ઢોલીયે બિરાજમાન થયાં છે. નારાયણજીભાઈએ જ્યાં મૂર્તિને ટાંચણું અડાડ્યું ત્યાં તો લોહી નીકળ્યું ને નારાયણજી તો હેબતાઈ ગયા આ શું ?

મહારાજ કહે, જીવુબા, આ મૂર્તિના કોણે દર્શન કર્યા'તા ? જીવુબા કહે, મહારાજ એ તો મને એમ થયું કે મૂર્તિ કેટલી અધુરી હશે તે મેં દર્શન કર્યા હતા. મહારાજ કહે, તો હવે આમાં ગોપીનાથજી પધારી ગયા. મૂર્તિ પૂરી થઈ ગઈ. નારાયણજી હવે આ મૂર્તિને કાંઈ કરવાનું નથી. મહારાજ કહે, જીવુબા-લાડુબા-દાદાખાચર સૌ સાંભળો હવે મૂર્તિ પ્રતિષ્ઠાનો મોટો ઉત્સવ થશે. ગામડે ગામડેથી...શહેરોમાંથી મોટા સંઘો આવશે. વડતાલ ને અમદાવાદમાં

જે સંઘો આવ્યા'તા તેથી વિશેષ સંઘો આવશે. હજારે હજાર વિદ્વાન બ્રાહ્મણો આવશે. બહુ મોટો સમૈયો થશે. સઘળો સામાન તૈયાર કરાવા માંડો.

જીવુબા કહે, પણ મહારાજ મૂરત તો જોવરાવો પ્રતિષ્ઠાની તિથી નક્કી થાય એટલે સૌ તૈયારી કરવા થનગની રહ્યાં છે. પ્રભુ સેવા કરવાવાળા ઉતાવળા થાય છે. મહારાજ રાજી થયાં ને રામચંદ્ર જોષીને બોલાવી મૂરત જોવરાવ્યું છે.

સંવત ૧૮૮૫ આસો સુદ-૧૨ (બારસ)નો શુભ દીન પ્રતિષ્ઠા માટે નક્કી થયો છે. દરબારગઢમાં વાજિંત્રો વાગ્યા છે. ગોળ ધાણા વહેંચાણા છે. કંકોત્રીઓ લખાણી છે. દેશ પ્રદેશમાં કંકોત્રીઓ રવાના કરાઈ છે. દરબારમાં સૌને આનંદ છે. જીવુબા વગેરે બાઈઓ મનમાં મગન થઈ ખૂબ જ ફૂલ્યા છે. રસોઈમાં પ્રવિણ ગંગામાં આદિક બ્રાહ્મણ બાઈઓને અગાઉ રસોઈ કરવા તેડાવ્યા છે. મોટો મહોત્સવ થયો છે. શ્રીહરિએ પોતાના સ્વહસ્તે શ્રી ગોપીનાથજીની મૂર્તિ પધરાવી. પ્રતિષ્ઠાની વિધિ કરી છે. શ્રીહરિએ આરતી ઉતારી છે. સર્વત્ર જય જયકાર થયો છે. દાદાખાચર પરિવાર સૌ રાજી રાજી થયાં છે. જીવુબા-લાડુબા વગેરેને ખૂબ આનંદ થયો છે.

ગઢપુર છબી ગોપીનાથજીની, પ્રભુ પધરાવી છબી તથા રવિની.

ગઢપુરમાં ગોપીનાથજીની પ્રતિષ્ઠાનો પ્રસંગ પૂરો થયો પછી એકવખત મહારાજે દાદાખાચર જીવુબા-લાડુબા વગેરેને બોલાવ્યા. મહારાજ કહે, તમારા કહેવાથી ગઢપુરમાં મંદિર થયું. દેવો પધરાવ્યા. હવે દેવોની આજીવિકા માટે થાળ માટે કંઈક કરવું જોઈએને. તે તમે મંદિર કરાવ્યું તે દેવની આજીવિકા પણ તમારે જ બંધાવવી પડે. વાર તહેવારે સંતો-હરિભક્તો આવે. ગઢપુરમાં રોકાય અને દેવના થાળની આજીવિકા માટે શું કરશો ?

ત્રણેય ભાઈ બહેન કહે, મહારાજ આપ જેમ કહો તેમ અને રાજી થાવ તેમ કરીએ. મહારાજ કહે, અમે કહીએ તેટલી જમીન મંદિરમાં અર્પણ કરો. પછી મહારાજ માણકી ઉપર અસવાર થઈને ભક્તિબાગે પધાર્યા ને વાડીમાં ઘોડી ફેરવીને કહ્યું આટલી જમીન દેવને આજીવિકા માટે અર્પણ કરો. પછી ભક્તિબાગની ૨૦૦ વીઘા જમીન જીવુબા લાડુબા ને દાદાખાચરે અર્પણ કરી.

વાસુદેવનારાયણ જમ્યા બાઈઓ તપ કરતાં

દરબારગઢમાં વાસુદેવનારાયણની સેવાપૂજા થોડાદિવસ જીવુબા સમય પ્રમાણે કરતાં. એકવખત મહારાજ લક્ષ્મીવાડીએ પધાર્યા તે સમયે જીવુબાએ વાસુદેવનારાયણ આગળ થાળ ધરાવ્યો તે વાસુદેવનારાયણ મહારાજરૂપે પ્રગટ થઈને થાળ પ્રત્યક્ષ જમ્યાં. આ ઐશ્વર્ય જીવુબા-લાડુબા-રાજબા વગેરેએ નજરે જોયું. પછી મહારાજ લક્ષ્મીવાડીએથી આવ્યા ત્યારે દાદાખાચરે મહારાજને વાત કરી. મહારાજ વાસુદેવ નારાયણને ઓરડે ગયા ને કહ્યું જીવુબા તમારે અમને જમાડવાનો ભાવ હતો તે અમે વાસુદેવનારાયણમાં રહીને જમ્યા.

વાસુદેવની છે મૂરતિ જેહ, જાણો હું જ પ્રત્યક્ષ છું તેહ
મૂર્તિ ધ્યારા હું સુખ દઈશ, તમે અર્પણ કરશો તે લઈશ.

આવા મહારાજના વચન સાંભળીને વાસુદેવનારાયણ પ્રત્યક્ષ જમ્યા તે જોઈને દરબારગઢમાં રહેતાં દરેક સાંખ્યયોગી બહેનો રાજી રાજી થઈ ગયા.

ભક્તિબાગની બાજુમાં જગ્યા હતી. મહારાજ ક્યારેક ત્યાં રહેવા જતાં. સોમલા પટગર ત્યાં બાજુમાં રહેતા. એક વખત મહારાજ ત્યાં એક મહિનો રહ્યાં. દરબારગઢમાંથી જીવુબા ભાત મોકલતાં. તેમાં ઓળો-દહીં ને રોટલો મોકલતાં. જીવુબા, લાડુબા, રાજબા, અમરબાઈ બ્રાહ્મણ અને રાજુબાઈ વાણીયા આ પાંચ બાઈઓ નવટાંક લોટ ડોઈને પીને રહેતાં આવું તપ કરતાં.

ચોમાસામાં વરસાદ સહન કરતાં, શિયાળામાં ઠંડી સહન કરતાં ને ઉનાળામાં તાપ તડકો સહન કરતાં. આવી રીતે જોગ સાધતા ને ભજન કરતાં. મહારાજ મહિનો ભક્તિબાગે રહેતા પણ દાદાખાચર અને પાંચે બહેનોને દર્શન દેવા સવાર-સાંજ દરબારમાં પધારતાં. આવો ભાવ આ બાઈઓનો હતો.

શ્રીહરિ સન્યાસી બન્યા

મહારાજ ગઢડામાં રહ્યા થકા દાદાના દરબારમાં ઘણી વખત રમુજી ચરિત્રો કરતાં. જમતાં-જમાડતાં-રાસ રમાડતાં અપરમપાર સુખ ભક્તોને આપતાં. આનંદ કરાવતાં ને દરબારગઢમાં અખંડ રહેતાં.

એક વખત શ્રીહરિ સંતોની ધર્મશાળામાં પધાર્યા ને સંતોને કહે, હવે અમારે સંન્યાસી થાવું છે. સંતો કહે, સારું મહારાજ જેવી તમારી મરજી. સંતો પાસેથી લઈને મહારાજે ભગવા લુગડાં પહેર્યા. બ્રહ્માનંદ સ્વામી કહે, મહારાજ હવે તમારે ધાતુપાત્રને અડાશે નહીં. તુંબડું ને પતર રાખવું પડશે. શ્રીહરિ કહે, હા...હા...લાવો. પત્તર તુંબડું. સંતો લાવ્યા, ઝોળીમાં પત્તર તુંબડું મૂક્યું ને ઝોળી ખંભે ભરાવી. એક દંડ હાથમાં લીધો.

સુરાખાચરે મહારાજના જરીયાની વસ્ત્રોનું પોટલું લઈ લીધું ને દરબારગઢમાં ગયા. જીવુબા-લાડુબાને વાત કરી. મહારાજ તો સંન્યાસી બની ગયા છે ને હવે ગામડામાં જાય છે. જીવુબા લાડુબા કહે, સુરાબાપુ અમે મહારાજના બહુ દર્શન કર્યા પણ સંન્યાસીના રૂપમાં દર્શન કર્યા નથી. માટે મહારાજને કહો કે અમને દર્શન દેવા દરબારમાં પધારે. સુરાખાચર મહારાજ પાસે આવ્યા ને કહ્યું પ્રભુ બાઈઓ કહે છે કે અમને સંન્યાસીના રૂપમાં દર્શન દેવા પધારે.

શ્રીહરિ કહે, ચાલો સુરાખાચર બાઈઓને દર્શન દેવા જઈએ. મહારાજ દરબારગઢમાં પધારી વાસુદેવનારાયણના ઓરડે ઓસરીની કોર ઉપર ચાકળે બિરાજમાન થયાં. ત્યારે લાડુબા બોલ્યા, મહારાજ અમને આવા દર્શન ક્યારેય નહોતા થયા પરંતુ પ્રભુ હવે તમે સંન્યાસી થયા તે અગ્નિને અડાશે નહીં. ભીક્ષા માંગીને ખાવું પડશે.

લાડુબા મહારાજને હસાવવા માર્મિક શબ્દો બોલ્યા, જે હે મહારાજ ! અહીં તો મારે બેચાર છોકરા ને જીવુબાને બે ચાર છોકરા તે ચોખ્ખો થાળ તમારાં માટે ક્યાંથી થાય ! બ્રાહ્મણીયું નાહી ધોઈને તમારા માટે ચોખ્ખી રસોઈ કરીને બેઠીયું હશે. વળી લાડુબા કહે, મહારાજ ત્યાં તો એવું હોય કે રાત્રે છોકરા ઝાડે ફરેલા હશે તેને લઈને રોટલા કરશે. વળી નાકમાંથી શેડા કાઢતી હશે ને રોટલા ઘડતી હશે. તમારે તો રોજ રોજ માંગીને ખાવાનું. આમ

લાડુબાએ બાઈઓની વાતો કરી તે સાંભળીને શ્રીહરિ બોલ્યા, અરરર...આવા ગોબરા બાઈઓ !!

સુરાખાચર કહે, ત્યાં તો બધું એવું જ હોય ને મહારાજ. મહારાજે તો હાથમાં દંડ હતો તેનો જે ઘા કર્યો તે ઠેઠ લીંબડે જઈને પડ્યો. ભગવા લૂંગડા કાઢીને ફેંકવા મંડ્યા. તે એક ધોતી રાખી બાકી બધાં કપડાં ફગાવી દીધાં. ને બોલ્યા, અમારે સંન્યાસી થાવું જ નથી. લાવો અમારા લુગડાં પહેરવા છે. સુરાખાચર કહે, લ્યો મહારાજ તૈયાર જ છે. મહારાજ જરીયાની વસ્ત્રો પહેરી હસતાં હસતાં ઉતારે પધાર્યાં. શ્રીહરિએ સંન્યાસીનો વેષ ઉતાર્યો એટલે દરબારમાં બધાં રાજી થયા ને સાકર વહેંચી. આવા આવા ચરિત્રો મહારાજ ઘણી વખત કરતાં ને સૌને રાજી કરતાં. પોતે તો પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે. પણ મનુષ્યલીલા કરતાં ને હજારોનું કલ્યાણ કરતાં.

રામાનંદ સ્વામી પ્રસાદ લેવા આવ્યા

એક વખત ગઢડામાં જીવુબાની જલેબી-મોતૈયાની રસોઈ હતી. મહારાજ પીરસવા આવ્યા. તે સમયે સદ્‌ગુરુ રામાનંદ સ્વામી સંતરૂપે ફળિયામાં આવીને ઊભા રહ્યાં. શ્રીહરિ જલેબી-મોતૈયા પીરસતા હતા તે ટોપલો લઈને રામાનંદ સ્વામી પાસે ગયા ને બોલ્યા, "લ્યો મહાપુરુષ ચઈતા." તરત રામાનંદસ્વામીએ રૂમાલ પાથર્યો ને પ્રસાદી લેવાની ઈચ્છા બતાવી. મહારાજે ટોપલામાં જે મોતૈયા-જલેબી હતા તે રૂમાલમાં ઠલવી દીધાં. રામાનંદ સ્વામી મહારાજના હાથની પ્રસાદી લઈને રાજી થકાં શ્રીહરિને પગે લાગી ચાલતાં થયાં.

પછી મહારાજે વાત કરી કે, આ સંતરૂપે આવ્યા હતા. તે રામાનંદ સ્વામી હતાં. આ સાંભળી જીવુબા બહુ જ રાજી થયા કે મહારાજ આજની રસોઈ આપ જમ્યા. સંતો જમ્યા ને ગુરુ રામાનંદ સ્વામી પણ જમ્યાં. પ્રભુ અમારા કેવા મોટાં ભાગ્ય એમ કહીને જીવુબા અતિ રાજી થયાં. મહારાજને જમાડવામાં જીવુબા તત્પરતાથી સેવા કરતાં. મહારાજની મરજી જોઈ સેવા કરતા. મહારાજની વિચારધારા ને મરજી ઉપર જીવુબા હંમેશાં ધ્યાન દેતાં.

રામબાઈ સાંખ્યયોગી થયા

એક વખત મહારાજ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા ત્યાં કચ્છના હરજીભાઈ ને ઉકાભાઈ ને તેમની દીકરી રામબાઈ મહારાજના દર્શન કરવા આવ્યા.

મહારાજ કહે, તમે ત્રણે ભક્તો કેમ આવ્યા છો ? ભક્તો કહે, મહારાજ અમારે ત્રણેયને ત્યાગી થાવું છે ને આ ત્રણ હજાર ચાંદીની કોરી પ્રભુ તમને ભેટ દેવી છે તે સ્વીકારો ને તમારી પૂજા કરવી છે. મહારાજ કહે, પૂજા કરો. તે હરજીભાઈએ મહારાજના કપાળમાં ચાંદલો કર્યો. ચંદનની અર્ચા કરી હાર પહેરાવ્યો ને એક સરસ કામળી શ્રીહરિને ઓઢાડીને દંડવત્ કર્યા. મહારાજ કહે, ભક્તો તમારે સાધક થવું છે કે સિદ્ધ થવું છે ? જો સાધક થવું હોય તો નરોનારાયણાનંદ સ્વામીના મંડળમાં રહો ને તત્કાળ સિદ્ધ થવું હોય તો અમારી આજ્ઞા પ્રમાણે કરો. ત્યારે હરજીભાઈ હાથ જોડીને બોલ્યા કે, મહારાજ સાધન દશા તો મહેનતવાળી કહેવાય. સિદ્ધદશા ઉત્તમ કહે છે માટે હે પ્રભુ ! અમારે તો લાખના સ્વપ્ન કરતાં રોકડો ત્રાંબીયો સારો માટે સિદ્ધ થવું છે.

મહારાજ કહે, તો તમે છે ને આ જીવુબાની ખેતીના કારભારી થાઓ ને તમારી આ દીકરી રામબાઈ છે તે સાંખ્યયોગી થઈને મોટીબાની સેવામાં રહેશે. સારૂ મહારાજ. તમે કહો તેમ. પછી બંને ભાઈઓને પાર્ષદ કર્યા ને રામબાઈને સાંખ્યયોગી કર્યા. બંને નવા પાળાને મહારાજ લક્ષ્મીવાડીએ લઈ ગયા ને સાંતી હાંકવાની આજ્ઞા કરી. બંને સાંતી હાંકવા મંડ્યા. ત્યાં તો સમાધિની સ્થિતિ થઈ ગઈ. બંનેને અક્ષરધામ દેખાવા લાગ્યું પછી તો દરેક ક્રિયામાં મહારાજની મૂર્તિ દેખાવા લાગી. આ આજ્ઞાનો પ્રતાપ છે, આજ્ઞા પાળી તો...

વિના સાધને સિધ્ધ દશા પમાડી,
સૌથી પોતાની રીત ન્યારી દેખાડી...

મહારાજને પગે લાગીને કહે, મહારાજ તમે બહુ દયા કરી. સિદ્ધ દશા આપી. અમે તો કૃતાર્થ થયા. જાંબુડા નીચે મહારાજ બેઠા હતા તે જીવુબાએ આ બંને પાળા પાસે મહારાજની પૂજા કરાવી. જીવુબાની રસોઈ હતી તે

મહારાજને જમાડ્યા. સંતો પાળા સાંખ્યયોગી વગેરેને જીવુબાએ જમાડ્યા. મહારાજે પ્રસાદી બંને નવા પાળાને આપીને છાતીમાં ચરણ આપ્યાં.

લક્ષ્મીનારાયણદેવના દર્શન

કચ્છથી આવેલા હરજીભાઈ ને ઉકાભાઈ બંને ભાઈ હતાં. હરજીભાઈની દિકરી રામબાઈ સાંખ્યયોગી થયા હતાં. ત્રણેયને મહારાજની કૃપાથી સિદ્ધદશા પ્રાપ્ત થઈ હતી. આ બંને ભાઈ મોટીબાના કારભારી થઈ ખેતીનું કામ કરતાં ને રામબાઈ મોટાબાના સેવક થઈને રહ્યાં હતાં.

હરજીભાઈને એક'દિ મનમાં સંકલ્પ થયો કે આ વાડીનું નામ લક્ષ્મીવાડી છે, વડતાલમાં પણ લક્ષ્મીનારાયણદેવ છે. આપણે ભૂજમાં નરનારાયણદેવના દર્શન કર્યા પણ ક્યારેય લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કર્યા નથી ત્યાં તો વાડીમાં જ્યાં કામ કરતાં હતાં, ત્યાં બંનેને લક્ષ્મીનારાયણદેવનાં દર્શન થયાં. મહારાજ નારાયણરૂપે ને મોટીબા લક્ષ્મીજીરૂપે આવા દર્શન હરજીભાઈને થયા ને પાછાં તરત બંને સ્વરૂપો મહારાજમાં લીન થઈ ગયાં. આવું દિવ્ય દર્શન વાડીમાં જેટલા હતાં તે બધાંને થયું. સૌ આશ્ચર્ય પામી ગયાં. પછી મહારાજ દરબારમાં પધાર્યા ને જીવુબા લાડુબાને આ બધી વાત કરી કે આજે વાડીએ આવું ચરિત્ર થયું.

મહોદય પર્વ આવ્યું

મહારાજ ગઢપુરમાં બિરાજે છે ને એકવખત મહોદય પર્વ આવ્યું સભામાં મહારાજ કહે આજે મહોદય પર્વ છે તે પુણ્ય પર્વણીનો દિવસ કહેવાય તો આજે સંતોને કોણ જમાડશે ? ત્યાં તો તરત જીવુબા બોલ્યા, મહારાજ મારે આજે સંતોને જમાડવા છે. લાડુબા કહે, મારે પણ આજે સંતોને રસોઈ દેવી છે ને મહારાજ સંતોને પીરસીને જમાડે. મહારાજ કહે. આ તો ડબલ રસોઈ થઈ ને વળી અમે પીરસવા આવશું માટે ત્રણ રસોઈનો સામાન તૈયાર કરાવો. પછી તો ગાડે ગાડા સામાન આવવા મંડ્યો.

મહારાજ કહે રીંગણાનું શાક ઘીમા અમે કરશું. ને સંતો તમે લાડવા કરવા માંડો. લાડુ-દાળભાત-રોટલી-શાક વગેરે બની ગયું. મહારાજ જમ્યા ને કહ્યું સંતો હવે તમે પંગત કરો અમે પીરસવા આવીએ છીએ. મહારાજ પધાર્યા. ખેસ આડસોડે બાંધીને મંડ્યા પીરસવા પણ સૌ શાક જ લે. લાડુ ઓછા લે. કારણ કે મહારાજનું બનાવેલું શાક તે સૌ મહિમાથી જમે. **નિત્યાનંદ સ્વામી લાડવા પીરસે ને મહારાજ પાસે આવી કહે, પ્રભુ હવે તમે લાડવા પીરસો તો સૌ લાડવા લે. મહારાજ લાડુ પીરસવા આવ્યા તે સંતોને ખૂબ જમાડ્યા ને લાડુ બધાં ખૂટવાડી દીધાં.** સંતો જમીને તૃપ્ત થયા.

મહારાજ કહે, જીવુબા આજે મહોદય પર્વ તમે બંને બહેનોએ બરાબર ઉજવ્યું. તમારી રસોઈ સાર્થક થઈ. આવા પુણ્યપર્વણીના પવિત્ર દિવસે તમે સંતો જમાડ્યા. જીવુબા આ વખતે અમારે સંબંધે કરીને તમારા જેવા ભાગ્ય છે તેવા બીજા કોઈના નથી. ભવ બ્રહ્માદિક દેવો પણ તમારા મહિમાના પારને ન પામે. કારણ કે તમે પ્રગટના સાધુને રોજ જમાડો છો આવી વાત મહારાજે લાડુબા-જીવુબાને કરી.

સાંખ્યયોગી બાઈઓની પરીક્ષા

જીવુબાના શિષ્યો ઘણાં ત્યાગી બહેનો ગઢડામાં રહીને ભજન કરતાં. ઘણાં ગામડાઓમાં રહીને ભજન કરતાં ને કરાવતાં. ઘણાં બહેનો પોતાને ઘેર રહીને ત્યાગીના નિયમ પાળીને ભજન કરતાં ને દરેક બાઈઓ જીવુબાના શિષ્યાઓ હતાં. અવારનવાર જીવુબાનો સમાગમ કરવા ગઢડા આવતાં ને ઘણું ઘણું ગઢડામાં રહેતાં. ગૃહસ્થ બહેનો પણ ઘણા જીવુબાના શિષ્યાઓ હતાં. સૌને જીવુબામાં પૂર્ણ ગુરૂભાવ હતો. કહેવાય છે કે ત્યાગી, ગૃહસ્થ ને સમર્પિત બહેનો થઈને ૧૪૦૦ જેટલા બહેનો મોટીબાને આશરે ભગવાનનું ભજન કરતાં. દરબારગઢમાં અખંડ કથાવાર્તાની હેલી વરસતી. જીવુબા સૌને કથાવાર્તા કરીને સુખીયા કરતાં. રોજેરોજ મહારાજના દિવ્ય દર્શન થાય. ઉત્સવ સમૈયામાં સેવાનો લાભ મળે ને સુખેથી પ્રભુ ભજાય આવા આશયથી ઘણાં બહેનો ગઢડામાં રહીને ભજન કરતાં.

એકવખત પર્વણીના દિવસે દાદાખાચરે મહારાજને સુંદર વસ્ત્રો પહેરાવ્યા ને મહારાજ દરબારમાં ઢોલીયે બેઠાં હતાં. મહારાજને થયું બાઈઓનો કેવો ત્યાગ તેની પરીક્ષા કરીએ. તેવામાં ત્યાંથી સાંખ્યયોગી રતીબા નીકળ્યા. મહારાજ કહે, રતિબા હં.... મહારાજ. તમે સર્વે સાંખ્યયોગી બહેનોને અહીં બોલાવો. સારું મહારાજ. જીવુબા-લાડુબાને રતિબાએ વાત કરી તરત જ જીવુબા-લાડુબા-રાજબા-અમરીબા-અમૂલાબા-અદીબા-આસુબા-રતીબા-નાનામોટા રામબા-ફૂલીબા, ઝમકુબા ઈત્યાદિક ઘણાં બાઈઓ આવીને સભામાં મહારાજને પગે લાગીને બેઠાં. મહારાજે થોડી સત્સંગની વાતો કરી.

પછી મહારાજ બોલ્યા કે, તમે સૌ પોતપોતાને ઘરે ભજન કરો ને પરમેશ્વરને રાજી કરો. અમારી આજ્ઞા પાળજો. ધર્મ રાખજો ને ભગવાન ભજજો.

આવા પ્રભુના વેણ સાંભળી બાઈઓના હૃયમાં ફ્રાસકો પડ્યો. આંખમાં પાણી આવી ગયાં હાથ જોડીને ગદ્‌ગદ્‌ ભાવે બોલ્યા, હે વહાલા દયાળુ પ્રભુ ! અહીં કથાવાર્તાનો ભારે જોગ છે. જીવુબા-લાડુબા અમને ખૂબ જ્ઞાનવાર્તા કરી, ભગવાનમાં જોડે છે. જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિની વાતો કરે છે. આવી વાતો સાંભળીને હવે સંસાર તો હરામ થઈ ગયો છે. સંસારના સુખ તો ઝેર જેવા લાગે છે. જીવુબાનો સમાગમ અને હે પ્રભુ ! તમારા નિત્ય દર્શન આવું સુખ મહારાજ ઘરે થોડું મળે. અહીં તો પ્રભુ નિત્ય સમૈયાને સમૈયા જ છે. તમારી સેવાનો પણ લાભ મળે છે. સંતમંડળની રસોઈની સેવાનો પણ લાભ મળે છે. આ જીવુબા સાથે અમને કથાવાર્તાનું ખૂબ સુખ છે એ જ અમારાં મોટાં ભાગ્ય છે. હે વહાલા ! અમે પાશેર અનાજ જમીને તમારી ને આ અયોધ્યાવાસીની સેવા કરીશું. પણ હે શ્રીહરિ અહીં સમૂહમાં બાઈઓ સાથે સેવા ને ભજનનું સુખ છે, તે એકલા ઘરે ભજન કરવાથી ન આવે માટે પ્રભુ કૃપા કરીને અહીં જીવુબા સાથે ભજન સેવા કરવા રહેવા દો.

બાઈઓની વિનંતીથી દયાળુએ દયા કરીને મહારાજે જીવુબાને કહ્યું કે, જીવુબા-લાડુબા આ વખતે તમારા જેવા મોટા ભાગ્ય છે તેવા કોઈના નથી કારણ કે અમે પૂર્ણ પુરૂષોત્તમનારાયણ તમારે ઘેર નિવાસ કરીને રહ્યાં છીએ. માટે તમે આ સૌ બાઈઓની અન્ન વસ્ત્રે કરીને ખબર રખાવજો. જીવુબા રાજી થયા સારું મહારાજ આપની જેવી આજ્ઞા આવી રીતે મહારાજે જીવુબાને

બાઈઓની ભલામણ કરી એટલે દરેક સાંખ્યયોગી બાઈઓ રાજી રાજી થઈ ગયા. મહારાજ કહે, હવે અહીં રહો ને સુખેથી ભજન કરો.

જીવુબાને સંતો જમાડવાનો ભાવ

શ્રીહરિ સત્સંગમાં વિચરે છે. સત્સંગીઓને સુખીયા કરી વળી પાછા ગઢડા પધારે છે. જીવુબા-લાડુબા ને દાદાખાચરનો ભાવ પ્રભુને ગઢડા ખેંચી લાવે છે. મહારાજ ગઢડામાં સાંજે જમીને લીંબડા નીચે ઢોલીયે બિરાજ્યા છે. દાદાખાચર મહારાજના ચરણમાં બેસી ચરણની સેવા કરે છે. તે સમયે દાદાખાચરે પૂછ્યું, પ્રભુ બહેનોને કંઈક વિનંતી કરવી છે તો અહીં આવે ??

મહારાજ કહે, હા બોલાવો બહેનોને...

ત્યાં તો તરત જીવુબા-લાડુબા-રાજબા-સુરપ્રભાદેવી સોમાદેવી વગેરે ઘણાં બહેનો આવ્યા. મહારાજને પગે લાગીને બેઠાં. હાથજોડીને જીવુબા બોલ્યા કે, મહાપ્રભુ તમે વડતાલ વગેરે ધામોમાં ઉત્સવ કરો છો તે અહીં ઘણાં દિવસથી કોઈ ઉત્સવ કર્યો નથી તો પ્રભુ અહીં ઉત્સવ કરાવોને. હે પ્રભુ ! તમો આજ્ઞા કરો તો અમે ઉત્સવ માટે સામાન તૈયાર કરાવીએ પણ પ્રભુ જુઓ, સંતો ગામડે ફરે છે એને વહેલા તેડાવવાના ને દરરોજ અમારી રસોઈ. પ્રભુ એમાં કોઈનો ભાગ નહીં. અમારે સંતોને જમાડવાનો બહુ જ ભાવ છે.

ત્યાં તો દાદાખાચર બોલ્યા, હા...હા...મહારાજ સંતોને ૨૦ દિવસ વહેલા તેડાવજો. હે મહાપ્રભુ ! રોજ રોજ સંતો અહીં જમે એ તો અમને બહુ જ ગમે.

નિત્ય સંત સમૂહ જમે, તે ગમે મનમાં અતિ ઘણું
જયા લલિતા જન જોડી, ઉદાર મન ઉત્તમ તણું.

મહારાજ કહે, પણ વારી ઘડીએ તમને ઉત્સવ કરાવવાનો ભાવ થાય પરંતુ ઉત્સવમાં દાખડો બહુ પડશે ને આ ઉત્સવ તો તમે બંને બહેનો મળીને કરો તો થાય, કારણ સુદપક્ષ ને વદપક્ષ તમારા ઉત્સવની સેવા વહેંચેલી છે. પણ આટલા બધાં દિવસ સંતોને તેડાવો તો દાખડો બહુ થાય.

જીવુબા કહે, પ્રભુ સંતોને તેડાવો ને ઉત્સવ કરાવો. અમે તો તે દાખડો એ જ સેવા માની છે. ત્યારે મહારાજ કહે, તમારો ભાવ છે તો મંડો તૈયારી કરાવવા. જીવુબા-લાડુબા કહે, મહારાજ ! અમે રસોઈ બનાવરાવશું પણ તમારે રોજ પીરસવા આવવું.

મહારાજ કહે, અમે આવશું, કરો તૈયારી.

પછી બન્ને બહેનો મંડ્યા સામાન મંગાવવા. ઘી-સાકર-ગોળ, દાળ-ચોખા-ઘઉં વગેરે ખૂબ મંગાવ્યું છે, પડસુદીના પાક બનાવ્યા છે. (મેંદાનો લોટ) દેશમાં ફરતાં સંતો સમાચાર મળ્યા કે તરત આવી ગયા છે. દેશ દેશના ભક્તો આવવા મંડ્યા. મહારાજ માટે અવનવી ભેટ લાવીને મહારાજની પૂજા કરે છે. રોજ નવી નવી રસોઈઓ થાય ને મહારાજ પીરસવા પધારે છે. બાઈઓ ભાવથી દર્શન કરે છે. રોજ સરસ સભા થાય છે. મહારાજ એવી દિવ્ય દિવ્ય વાતો કરે છે. સુંદર શણગાર પહેરી નિત્ય નવા નવા દર્શનથી સૌને સુખીયા કરે છે. મેડે બેસી દર્શન આપે છે. ક્યારેક ફુલના સુંદર શણગાર પહેરી દર્શન આપે છે. સૌને આનંદ આનંદ છે દરબારમાં સૌને પ્રભુ ખૂબ સુખ આપે છે. જીવુબા-લાડુબાને અતિ હરખ છે.

ધન્ય જયા લલિતા બે જન, જેણે પ્રભુને કર્યા પ્રસન્ન.
સત્સંગમાં શિરોમણી ને વાસી ગઢડા ગામના
અતિ ત્યાગી તપસી ને વાલા સુંદર શ્યામના

એવા જીવુબા-લાડુબાએ ખૂબ જ લાભ લઈને ભગવાનને રાજી કર્યા છે. ત્યાં તો ફૂલદોલના ઉત્સવનો દિવસ આવ્યો. દાદાખાચરે વ્યક્તિ દીઠ પિચકારી કરાવી છે. મહારાજ સુંદર શ્વેત વસ્ત્ર પહેરી પધાર્યા ને ઉતરાદાબારના ઓરડે ઊભાં છે. જમણો હાથ થાંભલીએ રાખ્યો છે. ડાબો હાથ કેડ ઉપર મેલી ઓસરીની કોર ઉપર ઊભા છે. આ રંગ ઉત્સવના યજમાન જીવુબા-લાડુબા છે ને બધાં બાઈઓ આથમણાબારના ઓરડે ઊભા રહીને દર્શન કરે છે. રૂડાં વાજંત્રો વાગે છે, સૌ વાટ જુએ છે પ્રભુ ક્યારે નીચે ફળિયામાં ઉતરે, પિચકારી તૈયાર કરી સંતો ભક્તો ઊભા છે.

મહારાજ મંદ મંદ હસે છે પછી બધાં ભક્તોએ મહારાજ જ્યાં ઊભા હતા ત્યાં પિચકારી જાવા દીધી. ખૂબ સુંદર રંગ ઉત્સવ થયો. હિંડોળે ઝુલ્યા,

ગાતાવાતા ઘેલે નાહીને દરબારગઢમાં પધાર્યા. જીવુબા-લાડુબાએ ભાવથી જમાડ્યા.

ધન્ય ધન્ય ગામ ગઢડું, ત્યાં લાડીલે લીલા કરી
ધન્ય જીવુબા ધન્ય લાડુબા અને દાદાની ભક્તિ ખરી

જીવુબાએ અન્નકૂટ ઉત્સવ કરાવ્યો

ગઢડા રહે ઘણું ઘણું, ધન્ય ભાગ્ય એ ભૂમિકા તણું
હેત જોઈ હરિજનના, ગિરધારી ગઢડે રહ્યાં

ગઢપુરમાં મહારાજ બિરાજે છે. ને ચાતુર્માસની શરૂઆત થઈ ત્યારે જીવુબા-લાડુબા અને દાદાખાચર કહે, પ્રભુ ! આ ચોમાસામાં સંતોને ગામડે કેટલી મુશ્કેલી પડતી હશે. આ વરસાદ વરસે છે. પ્રભુ સંતો ક્યા જમતાં હશે ! ક્યાં સુતા ને રહેતાં હશે ! સંતોને અહીં તેડાવો ને જમાડો...

મહારાજ કહે, હા, ઈ વાત સાચી હો...જીવુબા ચાતુર્માસમાં સંતોને અહીં બોલાવીએ અને વળી મંદિરનું કામ ચાલે છે. તે સેવા પણ થાય. પછી મહારાજે સંતોને તેડાવ્યા છે તે શ્રાવણ વદ ચોથને દિવસે સંતો ગઢડા આવી ગયા.

મહારાજ કહે, સંતો ! તમે ચોમાસામાં અહીં સુખેથી રહો, ભીક્ષા માંગવા જવું નથી. દરરોજ આ જીવુબા રસોઈ કરી જમાડશે. સંતો રાજી થયા છે. વળી કહે, આ પરિવારનો સો ટકા ભાવ છે. તેથી અહીં રહો ને પ્રેમથી સેવા કરો. રોજ ઘેલે (ઉન્મત્તગંગા) ન્હાવા જાય તે ઘેલેથી એકેક પથરો માથે ઉપાડતા આવે એમ આનંદ-ઉત્સાહમાં દિન જતાં ને આવી કપિલાછઠ તેનો મહારાજે ઉત્સવ કર્યો. ત્યાં તો દિવાળી પણ આવી ગઈ ને સુંદર દીપમાળા બનાવી મધ્યમાં મહારાજને બેસાર્યા. સંતો કીર્તન ગાય છે. દૂરથી બાઈઓ દર્શન કરે છે.

બળે દિવા હજારે હજારું, થયો પ્રકાશ ગયું અંધારું
જોઈ મનોહર વ્હાલાનું રૂપ, મૂર્તિ જોઈ મોહ્યા મોટા ભૂપ
હસી હસી જુએ વાલો સામું, પુરે ભક્તોના મનની હામુ.

મહારાજે સુંદર જરિયાની વસ્ત્રો પહેર્યાં છે. હસતાં હસતાં મહારાજ સૌની સામું જુવે. આમ આનંદમાં દિવસ વીતે છે. બીજે દિવસે અન્નકૂટ પૂર્યો છે. મહારાજ જમ્યા ને સંતોની પંક્તિ થઈ, ખેસ આડસોડે નાંખીને મહારાજ પીરસે છે. લાડુ એક માંગે ને તેને ત્રણ આપે એમ સંતોને જમાડ્યાં છે.

જીવુબા-લાડુબાનો ભાવ મહારાજે પૂરો કર્યો છે. શ્રાવણ વદ ચોથને દિવસે સંતો તેડાવ્યા તે કારતક સુદ બીજ આવી ત્યાં સુધી સંતોને રોક્યાં છે. આ અઢી મહિના ગઢડામાં રહીને મહારાજે ઈ દરબારગઢમાં એવી તો કથાવાર્તાની હેલી વરસાવી કે સહુને સુખીયા કરી દીધાં ને આ શ્રાવણ મહિનાથી તે કારતક મહિના સુધીમાં મહારાજે જે વાતો કરીને સંતોએ લખી લીધી તે વાતો એટલે 'મધ્ય પ્રકરણના વચનામૃતો' રૂપે સંગ્રહ થયો. આવી રીતે બાઈઓનો ભાવ જોઈ મહારાજ અખંડ દરબારમાં રહ્યાં છે.

બંને બહેનો અને દાદાખાચર મહારાજના વહાલા થઈ પડ્યાં છે. ત્રણેય ભાઈબહેનના બધે વખાણ થવા લાગ્યા છે. કારણ કે ઉત્સવ થાય, સત્સંગી આવે, ઉતારા જમાડવા વગેરે તેમની જવાબદારી હોય વળી સૌને સાચવવા પરંતુ જીવુબા-લાડુબાને ક્યારેય કોઈનો અભાવ અવગુણ નહીં. ગમે તેટલાં આવે જમે રહે, બગાડે તો ય અભાવ નહીં. આવા આવા ઘસારા ૩૦ વર્ષ સુધી ખમ્યા ધન્યવાદ છે જીવુબા-લાડુબા ને દાદાખાચરને...

કરાવીયો અન્નકૂટ ઉત્સવ એહને,
જયા લલિતા ઉત્તમ જને.

આવા ઉત્સવ થાય ને સત્સંગમાં જીવુબા-લાડુબા ને દાદાખાચરના વખાણ થાય તે જીવાખાચરના મનમાં ઈર્ષા આવી તે સત્સંગમાંથી પાછાં પડી ગયા માટે ક્યારેય કોઈનું સારું જોઈને તેની સાથે ઈર્ષ્યા ન કરવી નહિંતર જીવાખાચરની જેમ આપણાંથી પણ સત્સંગમાંથી પાછું પડી જવાય છે.

જીવુબા મૂળી સમૈયે ગયા

મૂળીધામમાં વસંતપંચમીનો સમૈયો હતો. જીવુબા-લાડુબા-દાદાખાચર વગેરે મૂળી સમૈયે ગયેલાં. ઉત્સવને બીજે દિવસે જીવુબાએ રસોઈ આપી.

સંતોની પંગત થઈ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પીરસવા પધાર્યા. બધાં બાઈઓ દૂરથી દર્શન કરે છે. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજની સાથે શ્રીજી મહારાજ પણ પંગતમાં સંતોને પીરસે છે. આવા દિવ્ય દર્શન જીવુબાને થયા. પછી દાદાખાચરે આચાર્ય મહારાજશ્રીની પૂજા કરી. શેલુ પાઘ વગેરે કરાવ્યું હતું. ત્યારે જીવુબા કે મારે પણ કેશવપ્રસાદજી મહારાજની પૂજા કરવી છે. ત્યારે કેશવપ્રસાદજી મહારાજ બોલ્યા કે, બા...હું માંગું તે આપો એટલે હું તમારી પૂજા માની લઈશ. ત્યારે જીવુબા કહે, તો માંગો. મહારાજશ્રી કેશવપ્રસાદજી કહે, બા... તમે જે પૂજામાં મહારાજના ચરણારવિંદ રાખો છો તે અને મહારાજનું પ્રસાદીનું શેલુ-સુરવાળ ને મહારાજ કાયમ રાખતા તે રૂમાલ ને મહારાજ હાથમાં રાખતાં તે સોટી આટલી પ્રસાદીની વસ્તુ મને આપો. મોટીબાએ પૂજામાંથી તરત ચરણારવિંદ મહારાજશ્રીને આપ્યા ને કહ્યું કે બીજી વસ્તુ જ્યારે ગઢપુર આવશો ત્યારે આપશું. પછી જ્યારે કેશવપ્રસાદજી મહારાજશ્રી ગઢડા આવ્યા ત્યારે બધું આપ્યું ને જીવાખાચરના દરબારગઢમાંથી પણ એક શેલું-જામો ને તલવાર આટલી પ્રસાદીની વસ્તુ મહારાજશ્રીને અમદાવાદ આપી. મોટીબાના આપેલા ચરણારવિંદ મહારાજશ્રીએ ધૂળકોટ મંદિરમાં પધરાવ્યા છે ને તેમાંથી ઘણી વખત તેજ નીકળતું...

જીવુબાને સંતોનો મહિમા

શ્રીજીમહારાજ દરબારગઢમાં ઉગમણાબારની ઓસરીએ બિરાજ્યાં હતાં.

સચ્ચિદાનંદ સ્વામી અને સિધ્ધાનંદ સ્વામી રાધાવાવની સેવા સંભાળે છે. વાડીમાં શેરડી વાવી હતી. શેરડીનું પિલાણ ચાલું થયું એટલે સચ્ચિદાનંદ સ્વામી અને સિધ્ધાનંદ સ્વામી એ બંને સંતો પ્રેમી હતા તેમને વિચાર આવ્યો કે શેરડી મહારાજ અને સંતોના ઉપયોગમાં આવે એવો અંતરમાં હરખ જેથી રોજ એક ગાડુ ભરીને શેરડી સંતો માટે મોકલે અને એક ગાડુ શેરડી મહિલા ભક્તો માટે મોકલે. જીવુબા-લાડુબા સાથે અનેક મહિલાઓ સાંખ્યયોગ પાળતાં હતાં.

શ્રીજી મહારાજે બધાંને આજ્ઞા કરેલી કે આ શેરડીના ગાડા આવે એટલે બધાંએ એક એક શેરડીનો સાંઠો લેવાનો. મહારાજના કહેવાથી સંતો ભક્તો

અને મહિલાઓની સભામાં પૂછાયું કે શેરડી વગર કોણ બાકી રહે છે ? હવે રોજ ગાડા ભરીને આવતા હોય એમાં કોણ બાકી રહે ? એક-બે-ત્રણ દિવસ દઢતા રહે પછી તો એમ થાય કે ઠાકોરજીનો પ્રસાદ છે તો ન્યાય આપીએ.

શ્રીજી મહારાજ ઉગમણાબારની ઓસરીએ બિરાજતાં હતાં ને સિધ્ધાનંદ સ્વામી મહારાજના દર્શને આવ્યા. મહારાજે પૂછ્યું, સાધુરામ ! આ સાધુ કહે છે કે સિધ્ધાનંદ સ્વામી શેરડી જમતા નથી. અમારે તમને જમાડવી છે. કેમ નથી જમતાં ? સિધ્ધાનંદ સ્વામીએ જવાબ દીધો. મહારાજ ! એમાં મારી વૃત્તિ જાય તો તમારી મૂર્તિ ભૂલાઈ જવાય ને એકવાર ખાવાની ટેવ પડે પછી વારે વારે ખાવાની ટેવ પડી જાય. શ્રીજી મહારાજ બહુ રાજી રાજી થઈ ગયાં. વિષયમાં વૈરાગ્ય થયા વિના ક્યારેય ભગવાનમાં રાગ કે પ્રીતિ થતી નથી.

સિધ્ધાનંદ સ્વામી એકબાજુ મહારાજને માટે તમામ પ્રકારની સામગ્રી, ફળફૂલ સતત મોકલતાં રહે ને બીજી બાજુ અનાસક્ત ભાવ. શ્રીજી મહારાજ બહુ રાજી થયાં. મહારાજ કહે, આ સાધુ આટલો દાખડો કરે છે તમે અહીંયા રહેનારાને તો અમારો પ્રસાદ મળે છે પણ આ સાધુ કોઈને યાદ પણ આવે છે !!! કે લો આ સાધુને પ્રસાદ પહોંચાડીએ. બિચારા વાડીમાં સેવા કરે. આમ બોલ્યા ત્યાં મહારાજની મરજી જાણી જીવુબાએ હાથ જોડ્યાં. મહારાજ ! આપની જો ઈચ્છા હોય પ્રસાદ પહોંચાડવાની તો આજથી અમે જવાબદારી લઈએ છીએ કે કાયમ માટે તમારા થાળનો પ્રસાદ અમે સ્વામીને મોકલાવવાની વ્યવસ્થા કરીશું.

કાયમ માટે જીવુબા-લાડુબા મહારાજના થાળમાંથી ભાત તૈયાર કરીને સચ્ચિદાનંદ સ્વામી અને સિધ્ધાનંદ સ્વામી માટે મોકલતાં.

ગઢપુરમાં હુતાશની

વડતાલમાં દિવાળીનો ઉત્સવ કરી મહારાજ ગઢડા પધાર્યા. "વડતાલથી નાથ પધારીયા આવ્યા તે ગઢડા ગામ" જીવુબા લાડુબાને તો હરખ સમાતો નથી. નયણે નિરખી નાથ ને હૈયે હરખ ન માંય ચરણમાં પડી લળી લળી લાગ્યા પાય.

મહારાજના સામૈયા કર્યા છે સૌ વાજતે ગાજતે દરબારગઢમાં પધરાવ્યા છે. મહારાજને ફૂલડે વધાવ્યાં છે. ઘણાં દિવસના દર્શન વિના તરસ્યા હતા. લીંબવૃક્ષ નીચે પાટ ઉપર મહારાજ બિરાજમાન થયાં છે. મહારાજ કહે, સંતો ! હવે તમે ઉતારા કરો એટલે સંતો ઉતારે ગયા છે. મહારાજ લીંબડા નીચે પાટ ઉપર બેઠાં છે. ત્યાં જીવુબા-લાડુબા વગેરે બાઈઓ આવીને પગે લાગ્યાં. પ્રભુ ! તમે કેટલા દિવસે પધાર્યા. તમને અમે ઘણાં દિવસથી જમાડ્યા નથી. માટે મહારાજ પહેલા દૂધપાન કરો.

જીવુબા સાકર નાંખેલા દૂધની તાંસળી ભરીને લાવ્યા ને મહારાજને આપી. જીવુબાનો ભાવ સ્વીકારવા મહારાજે દૂધ પીધું પછી બધાં બહેનો મહારાજની ફરતાં ફરતાં બેસીને મહારાજને સમાચાર પૂછવા મંડ્યા કે હે મહારાજ ! કૃપા કરીને તમે વડતાલમાં શું શું લીલા કરી તે કહો. પ્રભુ અમને સાંભળવાની આતુરતા છે. માટે મહારાજ અમને વડતાલની વાત કરો. મહારાજ કહે, એમાં શું કહેવું'તું ? બહેનો કહે, ના મહારાજ અમારે સાંભળવું છે કેવો સમૈયો થયો, કેટલા મનુષ્યો હતા. તમારી પૂજા કેવી રીતે કરતાં ? એ ભક્તોનો કેવો ભાવ હતો તે બધું પ્રભુ દયા કરીને અમને કહો.

મહારાજ ! અમે સાંભળ્યું છે કે ગુજરાતના ભક્તોને પૂજા કરતાં બહું સારું આવડે તમે કહો તો પ્રભુ અમને શીખવા મળે ને કેવી રીતે પધરામણી કરાવતા કેવી રીતે પીરસતા કેમ જમાડતા કેવા આસન ઉપર તમને બેસારતાં વગેરે આ બધાં બાઈઓને અને મારે પણ સાંભળવાની બહુ ઈચ્છા છે. આવી વિનંતી જ્યારે જીવુબાએ કરી ત્યારે હસીને શ્રીહરિ બોલ્યા કે,

જીવુબા ગુજરાતના ભક્તોની તો શું વાત કરવી બહુ જ ભાવિક. મહારાજ કહે સાંભળો "ભક્તિ જેવી ગુજરાતમાં એવી આજ નથી ત્રિભુવનમાં" રાતદિવસ સેવામાં ખડેપગે રહે. અમારી મૂર્તિ એક ઘડી ન ભૂલે કીર્તન ગાતા ગાતા તો ક્યારેક સવાર પડી જાય- આખી રાત વહી જાય તે ખબર પણ ના પડે આવો પ્રેમ. થાક કે કંટાળો બિલકુલ નહીં. આવા બહેનો ને ભાઈઓ બધાં જ બહુ ભાવિક.

અમારા દર્શનમાં એવા તો તલ્લીન બને તે ખાવાનુંય ભૂલી જાય. અમે કહીએ સૌ જમ્યા. તો કહે હા, મહારાજ. ફળફૂલ જે મળે તે જમી લે. જમવા ખોટી થાય જ નહીં. આવા ભાવિક ગુજરાતના ભક્તો છે.

જીવુબા-લાડુબાને તો આ સાંભળીને થઈ ગયું. આ....હા...હા... આવા પ્રેમી ને હેતાળા ભક્તો ગુજરાતમાં છે. તો ક્યાંક મહારાજને ગુજરાતમાં તેમની પ્રેમની દોરીએ બાંધી દે નહીં. જીવુબા કહે, એવા ભક્તોના નામ તો કહો અમે પણ આવા મહિમાવાળા ભક્તોના નામ સાંભળી એના જેવા ગુણગ્રહણ કરવા પ્રયત્ન કરીએ.

મહારાજ કહે, જુવો જીવુબા એક તો જોબનપગી ને તેના પત્ની તેમજ તેમના માતૃશ્રી વખતબા અને તેમની બન્ને દિકરીયું જે સાંખ્યયોગી હતા તે સૂરજબા ને રળીયાતબા. જીવુબા કહે હા...મહારાજ તે પણ બહુ ભગત છે. સાંખ્યયોગીના નિયમ પાળે છે. વજાપગીની દીકરી અમરબા તે પણ સાંખ્યયોગીના નિયમ પાળે છે. ગણેશપગીની દીકરી રામબાઈ તે પણ ભક્તિને રંગે રંગાણા છે તે સાંખ્યયોગી છે. આવા વડતાલમાં ને વડતાલની આજુબાજુના ગામોમાં ઘણાં સાંખ્યયોગીના ધર્મ પાળનારા બહેનો હતાં. અવલબાઈ, જમનાબાઈ, કુશળબાઈ, હેતબાઈ આ સૌ મહારાજ આવે ત્યારે વડતાલ આવી જતાં ને દર્શનનો લાભ લેતાં.

આવી બધી મહારાજને મુખે ભક્તોના વખાણની વાત સાંભળી જીવુબા રાજી થયાં ને ધીમે રહી હાથ જોડીને બોલ્યા, કે મહાપ્રભુ આવા ભક્તોને અહીં તેડાવો ને અમને આવા ભક્તોની ઓળખાણ કરાવો. અમારે પણ આવા ભાવિક ભક્તોના દર્શન થાય. મહારાજ કહે, પણ નિમીત્ત વગર કેમ તેડાવવા !! કંઈક ઉત્સવનું નિમીત્ત હોય તો એ બહાને સૌ અહીં આવે.

મહારાજ કહે, જુઓ જીવુબા ! હવે ફાગણ માસ આવે ત્યારે અહીં ઉત્સવ કરાવો. હુતાશનીનો રંગ ઉત્સવ-ફુલદોલોત્સવ કરીએ ને રંગે રમાડીએ. આપણે જો આવો હુતાસનીનો સમૈયો કરીએ ને સૌને તેડાવીએ તો આવે.

જીવુબા-લાડુબા વગેરે બાઈઓએ તાળીઓ પાડી વાહ-વાહ કરવા લાગ્યા. પ્રભુ અહીં ઉત્સવ કરાવો. અમારાં તો ધન્યભાગ ને ધન્ય ઘડી ઉત્સવ

કરાવવાની અંતરમાં ઇચ્છા તો હતી જ ને મહારાજે કીધું તે રાજી રાજી થઈ ગયાં.

કંકોત્રીઓ લખાણી ને દેશ દેશ પહોંચી. સંતો ગામડે ફરતા ત્યાં સમાચાર પહોંચી ગયા. ઘણા દિવસથી સંતો દર્શન માટે આતુર છે. ત્યાં ઉત્સવના સમાચાર આવ્યા તે સંતો તો જ્યાં જ્યાં સમાચાર મળે ત્યાંથી ગઢડા બાજુ રવાના થયા છે. ઉત્સવને ૨૦ દિવસની વાર હતી ત્યાં સહુ સંતોને હરિભક્તો ગઢડા આવી ગયા.

મહારાજ કહે, સંતો હુતાશની પહેલાં પાંચ દિવસે આવવાનું હતું ને કેમ આટલા દિવસ વહેલાં આવ્યા. આ વાતની જીવુબા-લાડુબાને ખબર પડી તેણે મહારાજને કહેવડાવ્યું કે, પ્રભુ ભલે સંતો વહેલા આવ્યા અમને જમાડવાનો લાભ મળ્યો. ૨૦ દિવસ શું ૪૦ દિવસ વહેલાં આવ્યા હોત તોય સંતો અમારા માથા સાટે છે. સંતોને કાંઈ ના કહેતાં. પછી દરરોજ નવી નવી રસોઈયું દાદાખાચર-જીવુબા-લાડુબા વગેરે કરાવે છે. મહારાજ સંતોને પીરસવા આવે છે. દરબારગઢમાં નિત્ય નવી લીલા થાય છે. પ્રાણજીવન પ્રસન્ન વદનથી બોલ્યા, બહુ સારું જીવુબા અમે રોજ પીરસવા આવશું.

ત્યાં તો હુતાશની આવી. રૂડા રંગ તૈયાર કરાવીયા. લીંમડે સુંદર હિંડોળો બાંધ્યો છે ને મહારાજ ઝૂલે છે. દાદાખાચર સુંદર સફેદ વસ્ત્રો લઈને મહારાજની પૂજા કરવા આવ્યા છે. ત્યાં તો સંતો પિચકારીઓ લઈને આવી ગયા છે. મહારાજ ઉપર પિચકારીઓ ચારે બાજુથી આવવા મંડી છે. રંગજડી મચી ઢોલ-નગારાં-શરણાઈ વાગે છે. રંગ ઉત્સવ થાય છે, સૌને એમ કે અમે મહારાજ ઉપર રંગ નાંખીએ, મહારાજ આડી ઢાલ રાખે છે. પછી મહારાજ ફાંટે ને ફાંટે ગુલાલ ઉડાડવા મંડ્યા છે. શ્રીહરિના વસ્ત્રો લાલ થઈ ગયાં છે. કંઠમાં સોનાની કંઠી સુંદર શોભે છે. બધાં એક સાથે જ્યારે મહારાજ ઉપર પિચકારી નાખવા મંડ્યા તે મહારાજ લીમડે ચડી ગયા. ત્યાં તો નિત્યાનંદ સ્વામીએ મહારાજના હાથમાંથી સોનાના કડાં કાઢી લીધા. ને કહ્યું મહારાજ તમે હાર્યા.

મહારાજ કહે સારું હારે તે ફગવા આપે તે ફગવામાં અમે તમને ભેટશું ત્યાં તો મુળજી બ્રહ્મચારી આવ્યા. મહારાજને લીંમડેથી પોતાના ખંભે બેસારીને

ઉતાર્યા. સંતો કહે, પ્રભુ ફગવા આપો. મહારાજ કહે, અત્યારે ન્હાવા ચાલો પછી ફગવા આપશું. સૌ ગાતા વાતાં ઉન્મત્ત ગંગાએ ગયા. નાહીને આવી પોતે જમ્યા ને સંતોને જમાડ્યા. પછી ફગવામાં સૌને ભેટ્યા. આવો અનુપમ ઉત્સવ ગઢડામાં જીવુબા ને લાડુબાએ કરાવ્યો.

જયા લલિતા જન મોટા, સતસંગમાં શિરોમણી
પ્રીતે વાલમ વશ કર્યા, એની કહીએ મોટપ શું ઘણી.

આવો ભાવ જીવુબા-લાડુબાનો હતો એટલે જ કહ્યું છે ને કે,

ઘણું રહે હરિ ગઢડે અને આવે જાય બીજે દેશ.

ગોપીઓ આવી

એક દિવસ દયમાં મૂર્તિ ધારીને જીવુબા રાત્રે સુતા હતા. ત્યાં અચાનક વ્રજની ગોપીઓ દિવ્યદેહે આવીને જીવુબાના ચરણ દાબવા લાગ્યા ને જીવુબા જાગી ગયા ને કહે, અરેરે બહેનો તમે કોણ છો ? તો કહે, અમે વ્રજની ગોપીઓ છીએ. હે જીવુબા તમને તો પ્રગટ પ્રમાણ ભગવાન મળ્યા છે. તમે પ્રગટ ભગવાનની સેવા કરો છો તે પ્રગટ પ્રભુના દાસ જાણી મહિમાથી અમે તમારી સેવા કરવા આવ્યા છીએ એમ બોલી ચરણ સ્પર્શ કરવા માંડ્યા.

મોટીબા કહે, "ના...ના...તમારે મારા પગ ન દાબવા." પછી ભાવથી પગે લાગી જીવુબાનો મહિમા સમજીને ગોપીઓ ગઈ. આવી અલૌકિક વાતો જીવુબાની છે. વંદન જીવુબાને.

શંકર પાર્વતી પ્રસાદ લઈ ગયા

જીવુબા મહારાજને જમાડવા અક્ષરઓરડીમાં થાળ લઈને આવ્યા. ભાવથી મહારાજને જમાડ્યા, ચળુ કરી મહારાજ પાટ ઉપર બિરાજ્યાં. જીવુબાએ પ્રસાદીનો થાળ એકબાજુ મૂકી મુખવાસ લેવા ગયા ત્યાં શિવપાર્વતી મહારાજના દર્શન કરવા આવ્યા. દંડવત્ કરી ભાવથી ચરણમાં મસ્તક નમાવીને ભોળાનાથ કહે, પ્રભુ ઘણા દિવસથી આપની પ્રસાદીની ઇચ્છા

છે. મહારાજ કહે, જુઓ આ થાળમાં છે. તે લઈ લ્યો. શિવપાર્વતી રાજી થઈ થાળમાં હતી તે બધી પ્રસાદી લઈ આનંદ પામતાં કૈલાસ તરફ ગયા. ત્યાં જીવુબા મુખવાસ લઈને આવ્યા. મહારાજને મુખવાસ આપ્યો ને થાળ લેવા ગયા તો ખાલી. જીવુબા કહે, મહારાજ પ્રસાદી કોણ લઈ ગયું ? મહારાજ કહે જીવુબા એ તો શિવપાર્વતી આવ્યા હતા તે લઈ ગયા. આમ તો રોજ દેવો દર્શને આવે છે. પણ આજ પ્રસાદીનો મેળ પડી ગયો. જીવુબા કહે, સારું મહારાજ ભલે લઈ ગયા. અમે તો રોજ તમારી પ્રસાદી લઈએ છીએ.

હકા ભાવસાર

હકા ભાવસાર રંગવાનું કામ કરતાં. જીવુબા-લાડુબા વગેરે બાઈઓના સાડલા કાયમ રંગતા. જીવુબા કાયમ હકાભાઈના રંગેલા સાડલા પહેરતાં એવો પાકો રંગ ચડાવતા તે સાડલાનો રંગ જાય જ નહીં. આવા રંગારા હતા. તે એક વખત માંદા થયા. દેહ રહે એવું રહ્યું નહીં. બાને પ્રાર્થના કરી, બા હું બહુ બિમાર છું. હવે સાડલા રંગાશે નહીં.

મોટીબાએ મહારાજને પ્રાર્થના કરી હે મહારાજ ! આ હકાને જીવાડો. અમારા બાઈઓના સાડલા રંગે છે. મહારાજ કહે, સારું લ્યો જીવુબા, તમે જશો પછી છ મહિને હકો ભાવસાર ધામમાં જાશે.

આ હકા ભાવસારે મોટીબાની ઘણી સેવા કરી હતી. મોટીબાએ જ્યારે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બનાવવા ધાતું ભેગું કર્યું ત્યારે હકા ભાવસારે સાડી રંગવાના દોઢ-દોઢ મણના ત્રાંબાના બે રંગાડા આપ્યા હતાં કે બા, લ્યો આ અમારું ધાતુ મૂર્તિમાં વાપરજો. આવા સેવાભાવી આ ભાવસાર હતા. ને મોટીબા ધામમાં ગયા પછી છ મહિને હકા ભાવસાર ધામમાં ગયાં.

જીવુબા વડતાલમાં

સંવત ૧૮૮૬નો ફૂલદોલનો ઉત્સવ ઉજવીને મહારાજે સભામાં વાત કરી કે હવે આ છેલ્લો ઉત્સવ છે. વડતાલમાં રણછોડજીની મૂર્તિ પધરાવવાની

હતી પણ મહારાજને શરીરે કસર હતી તે વડતાલ રણછોડજીની પ્રતિષ્ઠા કરવા જવાની આજ્ઞા રઘુવીરજી મહારાજને કરી.

મહારાજે જીવુબા-લાડુબા-દાદાખાચર વગેરેને કીધું કે ચૈત્રી સમૈયો હરિજયંતિનો આવે છે. તમે વડતાલ જાવ. ધર્મકુળ પણ તમારી સાથે આવશે.

લાડુબા કહે, હે મહારાજ ! જીવુબાને આજ્ઞા કરો તે જાય. આપ બિમાર છો તેથી બંને બહેનોથી ન જવાય. મહારાજે જીવુબાને આજ્ઞા કરી કે તમે વડતાલ જાવ. રણછોડજીની પ્રતિષ્ઠા કરીને આવતાં રહેજો. જીવુબા કહે, સારું મહારાજ. ફાગણ વદ બારસને દિવસે સંઘ રવાના થયો. ગઢપુરથી વડતાલ જવા માટે, થોડા દિવસે વડતાલ પહોંચ્યા. ચૈત્ર વદ સાતમને દિવસે રઘુવીરજી મહારાજે વડતાલમાં રણછોડજીની પ્રતિષ્ઠા કરી. ઉત્સવ પૂરો કરી જીવુબા વગેરે સંઘના મનુષ્યો ગઢપુર આવી ગયાં.

શ્રીહરિની ભલામણ

શ્રીહરિએ સ્વધામ પધારવાની તૈયારી કરી પછી સ્વધામ જતાં પહેલાં સહુને અલગ અલગ ભલામણો કરતા હતા.

એક દિવસ શ્રીહરિએ જીવુબાને બોલાવીને કહ્યું તમે પ્રેમાનંદ સ્વામીની સંભાળ રાખજો કારણ કે મહારાજ કાયમ પોતાના થાળની પ્રસાદી પ્રેમાનંદ સ્વામીને આપતાં. મહારાજે સ્વધામ જતાં પહેલાં જીવુબાને ભલામણ કરેલી કે તમે પ્રેમાનંદ સ્વામીની સંભાળ રખાવજો ને સમયે સમયે જમાડજો. જમવાથી લઈને દરેક બાબતમાં ઓછું આવવા દેશો નહીં. સ્વામીનું ધ્યાન રખાવજો એમાં અમારો બહુ રાજીપો છે. જીવુબાએ મહારાજની આજ્ઞા માથે ચડાવીને કહ્યું, હે વ્હાલા ! પ્રભુ ! સ્વામીની દેખભાળ કરવામાં ઉણપ નહિ આવવા દઈએ.

શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી જીવુબા જિંદગીભર પ્રેમાનંદ સ્વામીનું ભાણુ પૂર્યા પછી જ ભોજન લેતાં. પ્રેમાનંદ સ્વામી સંવત ૧૯૧૨માં ધામમાં ગયા ત્યાં સુધી જીવુબાએ આ નિયમ રાખ્યું હતું. જીવુબાની આવી કાળજીભરી લાગણીથી પ્રસન્ન થઈને પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિએ પોતાને પૂજવા આપેલા

રાજીપાના ચરણારવિંદ જીવુબાને આપેલા. જીવુબા કાયમ તે ચરણારવિંદ પૂજામા રાખતાં. જીવુબા ધામમાં ગયા પછી અમરાખાચર ચરણારવિંદની પૂજા કરતાં પછી તે ચરણારવિંદ અક્ષરાનંદ સ્વામી પાસે આવ્યા હતાં.

મોટીબાને ભલામણ

ગઢપુરમાં શ્રી ગોપીનાથજીદેવની પ્રતિષ્ઠા થઈ તે વખતે ગોપીનાથજીની મૂર્તિના જમણા પડખે મહારાજ ઊભા રહ્યાં ને હાથ લાંબો કરી ગોપીનાથજીના મસ્તક ઉપર મેલીને બોલેલા કે અમે અહીં કેવા શોભીએ છીએ ને પોતાનું સ્વરૂપ પધરાવવાનો સંકલ્પ કરેલો ને મોટીબાને તે સંકલ્પની વાત કરેલી ને ભલામણ પણ કરેલી કે અમારા સ્વધામ ગયા પછી અહીં અમારી મૂર્તિ પધરાવજો.

પ્રતિમા ગોપીનાથજી જેહ, જાણો મારું સ્વરૂપ છે તેહ
તોય પ્રગટનું ધરવાને ધ્યાન, ધાતુનું રૂપ મુજ સમાન.
ગોપીનાથ પાસે પૂર્વઠામે, સ્થાપજો હરિકૃષ્ણ નામે.

શ્રીહરિએ કહેલું કે અમારું સ્વરૂપ પધરાવજો. પછી જ તમને ધામમાં લઈ જશું. આવી વાત મહારાજે મોટીબાને કરેલી. મહારાજ સ્વધામ પધાર્યા પછી મોટીબા જ્યારે જ્યારે મંદિરમાં શ્રી ગોપીનાથજીના દર્શન કરવા જતાં ત્યારે શ્રીહરિ પ્રત્યક્ષ દર્શન દેતાં. મોટીબા પાસે શ્રીજી મહારાજના ૧૬ જોડી ચરણારવિંદ હતાં. મોટીબા જેની ઉપર પ્રસન્ન થાય તેને પ્રસાદીના ચરણારવિંદ રાજી થઈને ભેટ આપતાં.

ગઢપુરમાં હરિકૃષ્ણ પધરાવ્યા

સંવત ૧૮૮૬માં મહારાજ અંતર્ધાન થયા પછી મોટીબા બહુ જ ઉદાસ રહેતાં. મહારાજના વિયોગમાં પ્રાર્થના કર્યા કરતા ને જ્યારે જ્યારે બહુ ઉદાસ ને દિલગીર થતાં ત્યારે મહારાજ દર્શન દઈને કહેતાં કેમ ઉદાસ થાવ છો? અમે અખંડ તમારી સાથે જ છીએ. મોટીબા પણ વૃદ્ધ થયા

હતાં. ૭૫ વર્ષ થવા આવ્યા હતા. મહારાજ ગયા તેને ૩૦-૩૦ વર્ષ વીતી ગયા હતા.

એક દિવસ સમાધિવાળા રામબાઈને મોટીબા કહે, તમે સમાધિ કરી મહારાજને પૂછી આવો ધામમાં ક્યારે તેડી જશે ? રામબાઈ સમાધિ કરીને ગયા ધામમાં મહારાજને વાત કરી. હે પ્રભુ ! મોટીબા પુછાવે છે કે ધામમાં ક્યારે તેડી જશો ? મહારાજ કહે, જીવુબાને કહેજો અમે આજ્ઞા કરી છે કે ગઢપુરમાં શ્રી ગોપીનાથજીની બાજુમાં અમારું હરિકૃષ્ણ નામે સ્વરૂપ પધરાવવાનો અમારો સંકલ્પ પૂરો કરો કે તુરત અમે તમને ધામમાં તેડી જાશું.

પછી જીવુબાએ તરત જ વડતાલ આચાર્યશ્રીને પત્ર લખાવ્યો.

જયાબાઈએ શ્રી ગઢપુરથી, લખાવ્યો પત્ર હરખીને ઉરથી
રઘુવીરજીને મોકલાવ્યો, એમાં અર્થ કહું તે લખાવ્યો
મૂરતિ હરિકૃષ્ણને નામે, સ્થાપવી ગોપીનાથને ધામે.
આજ્ઞા શ્રીજીએ કીધી છે એવી, વાત તે હવે મન પર લેવી,
વાંચ્યો આચારજે એહ પત્ર, નારાયણજીને તેડાવ્યા તત્ર
કહ્યું વચન તમે ઉર ધરો. હરિકૃષ્ણની મૂર્તિઓ કરો.

આચાર્ય મહારાજે પત્ર વાંચી તુરત જ તૈયારી કરી. ગોપીનાથજીની મૂર્તિ ઘડનારા નારાયણજીભાઈ મિસ્ત્રીને મૂર્તિ બનાવવા માટે કામ સોંપ્યું. વડોદરામાં જ મૂર્તિ બનાવવાનું ઠેરાવ્યું. યોગાનંદ સ્વામીના શિષ્ય રઘુવીરચરણદાસજીને દેખરેખમાં મૂક્યાં. કાર્તિકી સમૈયો વડતાલ કરી ગુણાતીતાનંદ સ્વામી ગઢપુર આવ્યા. તેને પણ વાત કરી. સ્વામી કહે, બહુ સરસ. ગઢડાની અને જૂનાગઢની બંને મૂર્તિઓ બનાવીએ.

એક ગઢપુરમાં પધરાવા, બીજી જીર્ણગઢે લઈ જાવા

જીવુબાએ મોટેરા હરિભક્તોને બોલાવ્યા છે. બોટાદના શીવલાલભાઈ ગઢડાના અમરાખાચર વગેરે બધાં ભેગાં થઈને જીવુબાની આજ્ઞા અનુસાર નિર્ણય થયો છે. જીવુબા કહે, આ કામ તાત્કાલિક કરવું છે એવી મહારાજની આજ્ઞા છે અને જીવુબા વગેરે ભક્તો ધાતુ તૈયાર કરવા મંડ્યા છે.

શ્રી હરિકૃષ્ણ મહારાજની પંચધાતુની મૂર્તિ બનાવવા માટે પંચધાતુ એકત્ર કરવા જીવુબાએ પોતાના પાસે શ્રીહરિના પ્રસાદીના સોના-ચાંદીના દાગીના તથા ત્રાંબા પિત્તળ-કાંસું ઝરમર વગેરે વાસણો ગાડા ભરી વડોદરા મોકલાવ્યા. જૂનાગઢથી પણ પ્રસાદીના વાસણો વડોદરા મોકલાવ્યા. બે વર્ષ કામ ચાલ્યું. બધી ધાતુ ઓગાળી સુંદર મૂર્તિ બનાવી.

સંવત ૧૯૧૬માં મૂર્તિ તૈયાર થઈ. રઘુવીરજી મહારાજે પ્રતિષ્ઠાનું મૂરત જોવરાવ્યું તે સંવત ૧૯૧૬ ફાગણ સુદ પાંચમનું મૂરત આવ્યું છે.

તે દિન ગોપીનાથની પાસે, સ્થાપ્યા હરિકૃષ્ણ હુલાસે

પ્રતિષ્ઠા ઉત્સવના યજમાન બોટાદના શીવલાલ શેઠ હતા. તમામ ખર્ચ એણે ઉપાડી લીધો. શ્રી ગોપીનાથજી પધરાવ્યા ત્યારે જેવો સમૈયો થયો હતો એવો સમૈયો થયો. ખૂબ જ ધામધુમ કરીને આખું ગામ જમાડ્યું. જીવુબા અને અમરાખાચરે ભૂમિ દાનમાં આપી. ભગાદોશીએ સુંદર વાઘા ને આભૂષણ લાવી શ્રી હરિકૃષ્ણ મહારાજને પહેરાવ્યા.

વિ. સં. ૧૯૧૬ ફાગણ સુદ પાંચમને દિવસે પ્રભાતના પહોરમાં મંગલ મૂરતમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના હસ્તે શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરવામાં આવી.

પ્રતિમા ગોપીનાથની જોડે, સ્થાપી શ્રી હરિકૃષ્ણની કોડે.

આમ નિર્વિઘ્ને શ્રીહરિનો એ સંકલ્પ જીવુબા દ્વારા મૂર્તિમંત થયો.

મોટીબાનો વિરહ

સંવત ૧૯૧૬ની સાલ ચાલે છે. શ્રી હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા તે ઉત્સવ પૂરો થયો છે. પછી મોટીબા ઉદાસ રહે છે. મહારાજને સંભારીને આંખમાં આંસુ સાથે પ્રાર્થના કર્યા કરે છે. હે વ્હાલા ! હવે ક્યારે ધામમાં તેડી જશો એમ અરજ કરે છે.

વાલા તમારી વાટડી
વાલા તમારી વાટડી જી રે જોવું વારંવાર જોવું વારંવાર

વેલા આવો વાલમા... વેલા આવો વાલમા જીરે...
રસિયા ધર્મકુમાર રસિયા ધર્મકુમાર...વાલા
તમ વિના ઘનશ્યામજી જીરે જીવમાં જંપ ન થાય (૨)
વિરહ તણી બહુ વેદના (૨) વાલા આવો સુખધામ (૨)
વિરહ તણી છે વેદના
મુજ દુખણીના દુઃખનો જીરે નાવે અંત ઘનશ્યામ
દીન થઈને કરીએ વિનંતી, દીન થઈને કરીએ વિનંતી
જી રે લેજો સાર સુખધામ, લેજો સાર સુખધામ
વિરહ તણી છે વેદના

આમ હરિકૃષ્ણ મહારાજ પાસે વિરહના કીર્તનો ગાયા કરે છે. રડતાં રડતાં પ્રાર્થના કરે છે. મનમાં છે કે હવે ધામમાં મહારાજ પાસે જવું છે. આ લોકમાં ગમતું નથી. વિરહમાં વિલખ્યા કરે છે. મહારાજનો વિયોગ સહન થતો નથી. અખંડ ભગવાનની સાથે રહેલાં ને મહારાજને ખૂબ જમાડેલાં, દર્શન અને સેવાનો ખૂબ લાભ લીધેલો તે પ્રભુ સ્વધામ ગયા તેને ત્રીસ ત્રીસ વર્ષ થઈ ગયાં છે.

મહારાજે જે અલૌકિક સુખ આપેલાં તે સંભારીને રડે છે. ભગવાનમાં અખંડ સુરતી લાગેલી રહે છે. પ્રભુ વિના કાંઈ હવે ગમતું નથી. સદા ઉદાસી રહે છે. ભગવાનના ગુણ સિવાય બીજું બોલવું ગમતું નથી ને બીજું સાંભળવું ગમતું નથી. ક્યારે આવે... ક્યારે આવે મારો વ્હાલો મહારાજ ક્યારે આવે આમ થયા કરે છે. વહાલાને સાંભરે ત્યાં દય ભરાઈ જાય છે. પ્રભુ હવે આવો વાલા હવે હદ થઈ છે. ઘડીઓ જુગ જેવી જાય છે. "શ્રીજી વિના દુઃખી દિવસ ને રાત સાંભળ સખી મુજ વાત શ્રીજી વિના." આમ બહેનો વાતો કરે છે. "કોમળ શ્રીહરિકૃષ્ણ છો કઠણ થયા કેમ આજ" આમ વિરહમાં વલવલે છે.

સંવત ૧૯૧૬ની સાલનો જેઠ મહિનો શરૂ થયો છે. શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી તેને ત્રણ મહિના થાવા આવ્યા છે. મોટીબાથી હવે શ્રીહરિનો વિયોગ સહન થતો નથી. મહારાજ...મહારાજ... હવે જલ્દી ધામમાં તેડી જાવ એમ પ્રાર્થના કરે છે. મોટીબા કહે છે, હે પ્રભુ ! આ જેઠ

મહિનો આવ્યો. જે મહિનામાં આપ આ સત્સંગને રડતો મૂકીને સ્વધામ પધાર્યા. મહારાજ !! એ જ આ જેઠ મહિનો ચાલે છે.

જેઠે જીવન ચાલીયા નિર્મોહી મારા નાથ
અમને પણ તેડી જાવો પ્રભુ દયાળુ તમ પાસ... જેઠે જીવન

હે પ્રભુ હવે તમ વિના ચેન પડતું નથી.

આંખડીયો અકળાય રે જોયા વિના આંખડીયો અકળાય
રાતદિવસ જોઉ વાટ વાલાની આસુંડા ન સુકાય....
જેઠ માસ વળી આવીયો કેમ ન આવ્યા ધર્મકુમાર
શો છે વાંક પ્રભુ માહરો મારી લેજો ને સાર
....વાલમ વેલા પધારજો

આમ મહારાજને યાદ કરતાં કરતાં જેઠ વદ પાંચમનો દિવસ આવ્યો છે.

જેઠ વદી પાંચમ આવી, આવી ગયા અવિનાશ
જીવુબા કહે હે આત્મા, આપણે જાશું પ્રભુ પાસ
...વાલમ વેલા પધારજો
મોટીબાની વિનંતી ઉર ધારજો અવિનાશ
મહેર કરીને માવજી તેડી જાજો તમ પાસ
...વાલમ વેલા પધારજો

મોટીબા ધામમાં

સંવત ૧૯૧૬ની સાલમાં જેઠ વદ પાંચમના દિવસે દિવ્ય વિમાન લઈને મુક્તોની સાથે મહારાજ પધાર્યા છે. જીવુબા પોતે જ્યાંથી પૃથ્વી ઉપર પધાર્યા હતા ત્યાં જ સ્વતંત્રપણે અક્ષરધામના અનાદિમુક્ત બની શ્રીહરિ પાસે સિધાવી ગયા. મહારાજ અક્ષરધામમાં તેડી ગયા.

જીવુબા જીવન એવું જીવી ગયા, તમે ગાયા પ્રભુના અખંડગીત
પ્રેમવશ પ્રભુને કીધાં, તમે રૂદીયે રાખી પ્રીત....જીવુબા
રંગ જીવુબાની ભક્તિને રંગ સેવાની રીત,

રંગ રાખ્યો સત્સંગમાં થઈ જગમાં અલૌકિક જીત...જીવુબા
મહિલાઓને ભક્તિનો રાહ બતાવીયો,
કરાવી પ્રગટ પ્રભુમાં પ્રીત;
ત્યાગી ગૃહીના ગુરૂ થઈને બતાવી સાચી રીત
જીવુબાએ બતાવી સાચી રીત
જીવુબાએ બતાવી સાચી રીત

મોટીબાનો અગ્નિ સંસ્કાર

મોટીબાના પાર્થિવદેહને ડોળીમાં પધરાવી ઉન્મત્ત ગંગાને કિનારે અગ્નિસંસ્કાર કરવા લઈ જવા માટે ડોળી ઉપાડી પરંતુ ડોળીમાં એટલું બધું વજન થઈ ગયું. તે ડોળી ઉપડી જ નહીં. બહુ જ મૂંઝવણ ઊભી થઈ. પછી નિર્ણય તાત્કાલિક લીધો કે મોટીબાની ઈચ્છા શ્રીહરિના સમાધિ સ્થાન પાસે જ પોતાનું સમાધિસ્થાન રહે એવી ઇચ્છા હશે માટે એ તરફ લઈ ચાલો. લક્ષ્મીવાડી તરફ ચાલ્યા ત્યારે ડોળી હળવીફૂલ થઈ ગઈ. પછી શ્રીહરિના અગ્નિ સંસ્કાર સ્થળથી જમણી બાજુ થોડે દૂર મોટીબાનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. હાલ જ્યાં ઓટો કરી મોટીબાની ચિત્ર પ્રતિમા પધરાવવામાં આવી છે.

'મોટીબાનો ઓટો' આ નામે આ સ્થાન પ્રસિદ્ધ છે. પરમ પ્રતાપી પ્રગટ પ્રભુના ઉપાસી જીવુબા ધામમાં ગયા. પરંતુ આજેય સંસારીઓના દુઃખ નિવારણ કરી રહ્યાં છે. આજે પણ મોટીબા અનેકના મનોરથો પૂરાં કરે છે. હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ મહિલાઓ દર્શન કરી શ્રીફળ વધેરે છે. કંકુ અર્પણ કરે છે. વિવિધ પ્રકારની માનતાઓ માને છે. દૂધ ધરાવે છે. મોટીબા પાસેથી કોઈ નિરાશ જતું નથી. દીનદુઃખીયાના દુઃખ દર્દ મોટીબા દૂર કરી દેશે. આવા મહિલા રત્ન શિરોમણી પરમ પ્રતાપી, વચનસિદ્ધ અનાદિમુક્ત જીવુબાના ચરણમાં આ દાસનાં કોટી કોટી વંદન સહ જયશ્રી સ્વામિનારાયણ...

ક્ષમાયાચના

વ્હાલા વાચકો, સારાયે સત્સંગમાં ત્યાગી ગૃહી મહિલાઓના ગુરુ અનાદિ મુક્તાત્મા અમારા આદિગુરુ એવા જીવુબાની પરોપકારભરી પૌરાણિક પરમ પાવનકારી જીવનગાથા પ્રભુકૃપાએ જેવી આવડી તેવી જીજ્ઞાસુના જીવન સુધી પુસ્તકરૂપે પહોંચાડવા નમ્ર પ્રયાસ કર્યો છે. આ પુસ્તકમાં ઐતિહાસિક તેમજ સાંપ્રદાયિક દૃષ્ટિએ કોઈ પણ જાતની ક્ષતિ રહી હોય તો ક્ષમ્ય કરજો એ જ અભ્યર્થના સહ જયશ્રી સ્વામિનારાયણ...

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર,

અમરેલી, અમદાવાદ, સુરત અને બોટાદ દ્વારા થતી

ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિ

પ્રેરક : પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબા

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલિન સમયમાં જીવુબા, લાડુબા વગેરે સાંખ્યયોગી બહેનો ભગવાનનું ભજન કરતા હતા. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેમ સંતો ગામડે ફરી હરિભક્તોને ઉપદેશ આપી સત્સંગ કરાવતા એવી જ રીતે "કરે પુરુષ પ્રબોધ રૂડા પુરુષને રે, કરે ત્રિયા ત્રિયાને ઉપદેશ રૂડી ઉધ્વ મતની કહું રીતડી રે" એ અનુસાર સાંખ્યયોગી બહેનો પણ ગામડે ગામડે ફરી મુમુક્ષુ, ભાવિક ભક્તજન બહેનોને સત્સંગ કરાવી શકે છે.

સંવત ૨૦૫૪માં પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબાએ ગામડા ફરવાની શરૂઆત કરી. અમરેલી, જૂનાગઢ, રાજકોટ, જામનગર, ભાવનગર, વડોદરા, અમદાવાદ, સુરત, મુંબઈ, સુરેન્દ્રનગર વગેરે જિલ્લાઓના ગામડાઓ તથા ગુજરાત પ્રદેશ, ઝાલાવાડ પ્રદેશ, ઘણી જગ્યાએ દિકરીઓની છાત્રાલયોમાં વગેરે શહેરો તથા ગામડાઓ તેમજ વિદેશમાં ફરી અનેક નાની-મોટી યુવાન, વડીલ, વૃદ્ધ બહેનોમાં, નાની દિકરીઓમાં સંસ્કાર આવે તેવી ઉપદેશાત્મક વાતો કરી, પૂજાપાઠ કરતા કર્યા છે. ભગવાનને રસ્તે વાળવા સંપ્રદાયના નિયમ-ધર્મ પાળવા તથા કેવી રીતે જીવન જીવવું જોઈએ તેવી વાતો કરી અનેક મુમુક્ષુ જીવાત્માઓને ભગવાનને રસ્તે વાળ્યા છે.

આજના કલુષિત વાતાવરણની બાળમાનસ પર થતી વિપરીત અસર બાલિકાઓ સુધી ન પહોંચે, બાલિકાઓ બચપણથી જ સુસંસ્કારી ને ધાર્મિક બને, મહિલાઓના ઉત્કર્ષ અને ઉત્થાન તેમજ આજની યુવા પેઢીમાં ભારતીય સંસ્કૃતિ જળવાઈ રહે તથા નાની બાલિકાઓમાં બાળપણથી ઉત્તમ સંસ્કારોનું સિંચન થા. કે માટે શ્રીહરિની દિવ્ય પ્રેરણાથી તથા પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબાના શુભ સંકલ્પથી, ભાવિક ભક્તોના સાથ સહકારથી અમરેલી (કેરીયા રોડ)માં વિ.સં. ૨૦૫૦ની સાલમાં પ્રથમ સંસ્કાર કેન્દ્રની તથા અમદાવાદ (દાનેવપાર્ક)માં વિ.સં. ૨૦૬૦ કારતક સુદ-૯(નવમી)એ દ્વિતીય સંસ્કાર કેન્દ્રની તેમજ સુરત

(ચીકુવાડી)માં વિ.સં. ૨૦૬૦ આસો સુદ-૧૦ (દશમી) એ તૃતીય સંસ્કાર કેન્દ્રની સ્થાપના તેમજ વિ.સં. ૨૦૬૬ના બીજા વૈશાખ સુદ-૮ને શુક્રવાર તા. ૨૧-૦૫-૨૦૧૦ના રોજ ચતુર્થ સંસ્થા બોટાદ શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્રની પૂ. ગુરૂજીના હસ્તે સ્થાપના કરવામાં આવી.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલ સર્વજીવ હિતાવહ સંદેશાઓને વિશેષ જતન અને પોષણ માટે મહિલા મંદિરો તથા આવા સંસ્કાર કેન્દ્રોની ખાસ આવશ્યકતા છે. પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબાએ પોતાનું સમગ્ર જીવન સેવા પરાયણ બનાવી દીધું છે, પોતાની સમગ્ર આધ્યાત્મિક શક્તિનો સર્વજીવ હિતાવહ કાર્યમાં સદ્‌ઉપયોગ કરી ઘણા વર્ષોથી ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિ કરી રહ્યા છે. જેવી કે....

- કલુષિત વાતાવરણથી બચી બચપણથી જ સુસંસ્કારી બને તે માટે બાલિકા મંડળો, યુવતી મંડળોની સ્થાપના તેમજ સંસ્કાર શિબિરો.
- મહિલાઓના ઉત્કર્ષ ઉત્થાન માટે મહિલા મંડળોની સ્થાપના, બાલિકા, યુવતીઓ તથા મહિલાઓના સાંસ્કૃતિક કાર્યક્રમો.
- દરેક એકાદશીએ સત્સંગ સભાઓ, દર પંદર દિવસે આત્મીય મહિલા મંડળ તેમજ યુવતી મંડળની સભા પણ કરવામાં આવે છે.
- સમૂહ મહાપૂજા તેમજ આદિનારાયણની કથાઓ.
- ગામડાઓમાં તથા શહેરોમાં મહિલા ભક્તોમાં ભજન ભક્તિના વેગ વધારવા માટે સાં.યો. બહેનો દ્વારા અખંડ ધૂન, મંત્રાલેખન, કિર્તન-ભક્તિ, સત્સંગ સભાઓ તેમજ મહિલા સત્સંગ વ્યાખ્યાનમાળાઓના આયોજનો.
- શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વર્ષ દરમ્યાન ઉજવાતા વિવિધ ધાર્મિક ઉત્સવો.
- વિશેષ સત્સંગ માટે સત્સંગ સંવર્ધન સભાઓ સાથે શાકોત્સવ, તુલસી વિવાહ જેવા ઉત્સવો એવમ્ યાત્રાપ્રવાસો.
- દરિયાપાર અમેરિકા, લંડન, આફ્રિકા, દુબઈ વગેરે દેશોમાં મહિલાઓના સત્સંગ પોષણ માટે સત્સંગ વિચરણ.

- ગરીબોને માટે અનાજ વિતરણ, મફત છાશ વિતરણ, વૃક્ષારોપણ, રક્તદાન કેમ્પ, સ્ત્રીરોગ નિદાન, કેમ્પ, નેત્ર નિદાન કેમ્પ, હોસ્પિટલમાં ફ્રુટ તથા દવા વિતરણ, ઉકાળા વિતરણ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિમાં સહાય તથા સ્વચ્છતા અભિયાન જેવાં સામાજિક કાર્યો આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.
- સંસ્થા તરફથી પૂજ્ય બેન દ્વારા સમાજમાં દિકરીઓના લગ્નપ્રસંગે સંસ્કાર કરિયાવર (આશીર્વાદપત્ર) અર્પણ કરવામાં આવે છે.
- નૂતન સાહિત્ય પ્રકાશનો અનાદિમુક્ત જીવુબા, સંત મુળદાસ, વચનામૃત સાર સંપુટ, શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતન, શિક્ષાપત્રી, હરિસ્મૃતિ, નિત્ય પ્રાર્થના, આદિનારાયણ કથા જેવી પુસ્તિકાઓ તેમજ દરવર્ષે દર્શન કરતાં હરખાઈ જાય એવા કેલેન્ડરોનું પ્રકાશન શ્રી સ્વા. મહિલા સંસ્કાર કેન્દ્ર અમરેલી દ્વારા થઈ રહ્યું છે આ સાથે સોશ્યલ મીડિયા દ્વારા પૂ. લીલાબા તેમજ સાં.યો.બહેનોના કંઠે થયેલ કથા, કીર્તન, દર્શન-શ્રવણ માટે અમારી યુ-ટ્યુબ ચેનલ Amreli Mahila Mandir તથા Swaminarayan Amreli પર લાઈવ કથા તથા અવનવા સમૈયા-ઉત્સવના દર્શન કરી શકશો.
- પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ લિખીત સર્વ શાસ્ત્રના સારરૂપ શિક્ષાપત્રી અનુસાર સત્શાસ્ત્રોમાં વાંચનથી વિચારો સારા બને અને જીવમાં ભક્તિ જાગે છે. સારા શાસ્ત્રો માનવ જીવન સફળ બનાવવાની ચાવીઓ છે. માટે આ કેસેટો તથા પુસ્તકો આપ સૌના ઘરમાં વસાવો અને પ્રભુ ભક્તિમાં મનને જોડો.
- શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર સત્સંગ કરવો અને કરાવવો એ જ ધ્યેય પ્રમાણે ગામડાઓમાં તથા શહેરોમાં ફરી સાંખ્યયોગી બહેનો સત્સંગ કરાવે છે.

નોંધ : આ દરેક કથા-કીર્તન-ઉત્સવ-સમૈયા વગેરે સેવાકાર્યો ઈન્ટરનેટના માધ્યમે અમારી યુ-ટ્યુબ ચેનલ **Amreli Mahila Mandir** તથા **Swaminarayan Amreli** પર જોઈ શકાશે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબેનની પ્રેરણાથી
શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
અમરેલી, અમદાવાદ, સુરત અને બોટાદ દ્વારા ચાલી રહેલ

જીવન સુધારણા યજ્ઞ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ ગઢપુરથી સંતોને આજ્ઞા કરેલી કે, હે !...મારા વા'લા સંતો તમે ગામડા ફરીને મુમુક્ષુ જીવોને ઉપદેશ આપીને મોક્ષમાર્ગે વાળો તેમાં અમારો ખૂબ જ રાજીપો છે.

"ત્યારે નાથ કે તારવા જંત રે, દેશો દેશ ફરો બુદ્ધિવંત રે.
પછી મુક્તને આપી આગન્યા, તમે ફરો દેશવિદેશ.
દૈવી જીવોને ઉપદેશ કરવા, સંત મંડળ મોકલ્યા ફરવા.
જાઓ ફરવા સંતો ઉર્વી આજ, અરિ તમે જીતીયા.
સંતો સહુ સંપીને રહેજો, ધર્મ સંદેશો સહુને કહેજો.
મમત્વ રાખો ઘરધણી થઈને, સતસંગ વધારો ઉપદેશ દઈને.
વળતા મુનિ એમ બોલિયા, શું શું ધરાવીએ વર્તમાન.
કઈ પેર ભજન કરાવીએ, કઈ પેરે ધરાવીએ ધ્યાન.
ચોરી આદિક નિયમ ધરાવજો, કરી વાતો કથા દેશો દેશ.
.... સમૈયે વેલા આવજો."

વહાલા મુમુક્ષુજનો...! સંપ્રદાયમાં દાખલ થવાનું પહેલું પગથિયું વર્તમાન ધરાવવા પડે (વિધિ સહિત કંઠી બાંધવી તે.)

વર્તમાન ધરાવીને પછી કંઠી ધારણ કરીએ એટલે આપણા જીવનો સંબંધ ભગવાન સાથે થયો. જીવની જવાબદારી ભગવાને માથે લીધી કે હવે આ જીવ મારો થયો. તેને આલોકમાં સુખી કરી અંતે કલ્યાણ કરવું. માટે વર્તમાન અવશ્ય ધરાવવા જ પડે, કંઠી પહેરી અને ભગવાનના આશ્રિત થવું જોઈએ. વર્તમાન એટલે પાંચ નિયમ, દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું-વટલાવવું નહિ.

નોંધ : સહુ ભક્તોએ ભક્તિમાં વધારો કરવો. આપણે કેટલા નિયમ પાળવા તે વિગત છે તે પણ ખંતથી જીવનમાં ઉતારીને અમલમાં મુકવાનો આગ્રહ રાખવો.

નીચેના નિયમો પાળવા તે જીવનમાં ખાસ જરૂરી છે.

- દરરોજ સવારમાં માતા-પિતા, સાસુ-સસરા, વડીલ સૌને વંદન કરી જય શ્રી સ્વામિનારાયણ કહેવા.
- દરરોજ જનમંગલ, સર્વમંગલ આદિક પાઠ કરવા. સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરવું ને મંત્રલેખન કરવું.
- માળા કરવી, દંડવત્ કરવા, પ્રદક્ષિણા કરવી, ધ્યાન કરવું, દરરોજ સવારે પૂજા અવશ્ય કરવી, એક, બે કે પાંચેય માનસી પૂજા કરવી.
- ૨૪ કલાકમાં એકવાર મંદિરે જવું, પૂજામાં કે મંદિરે કીર્તનો બોલવા, કથા કરવી-સાંભળવી તથા સ્વાભાવિક ચેષ્ટા-ઓરડા (નિત્યનિયમ)નાં પદો બોલવા, બે માળા ફેરવીને જ રાત્રે સૂવું.
- વચનામૃત, ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, સ્વામીની વાતો, સત્સંગીજીવન, હરિલીલામૃત, શિક્ષાપત્રી, સત્સંગની શુભવાર્તાઓ વગેરે ધાર્મિક ગ્રંથોનું વાંચન કરવું.
- એકાદશીએ, હરિજયંતી (સુદી નવમી) એ ફરાળ કે ઉપવાસ કરવો.
- જમતી વખતે મૌન વ્રત રાખવું જેથી સ્વામિનારાયણ મહામંત્રનો જપ થાય.
- ચોરી, નિંદા, પારકી પંચાત ન કરવી. જૂઠું ન બોલવું, અપશબ્દો નો બોલવા.
- કોઈનો દ્રોહ ન કરવો અને સારા મિત્રોનો સંગ કરવો.
- બજારૂ રાંધેલ ખોરાક ન ખાવો, બજારૂ ચા ન પીવી, ઘરની ચા પણ છોડી દેવી, ડુંગળી, લસણ, ઈંડા, માંસ આદિ અભક્ષ્ય ન જમવું.
- છીંકણી, તમાકુ, બીડી, દારૂ, ટી.વી., સિનેમા વગેરેનું વ્યસન છોડવું.
- અનીતિ તથા અન્યાયથી ધનનું ઉપાર્જન ન કરવું.

- કુટુંબમાં, પડોશીમાં ને ગામમાં સંપથી રહેવું, ક્રોધ તથા ઈર્ષા ન કરવી. તથા સાસુ સસરાની પૂજ્યભાવે સેવા કરવી.
- રજસ્વલાના ધર્મો પાળવા તથા પળાવવા.
- રસોઈ કરતી વખતે ક્રોધ ન કરવો, ભજન કરવું, ઠાકોરજીને થાળ ધરાવીને જ જમવું તથા જમાડવું.
- દૂધ, ઘી, તેલ, પાણી, કપડાંથી ગાળીને વાપરવા.
- સવારમાં સ્નાન કરીને જ સર્વ ક્રિયા કરવી.
- બાળકોમાં સારા સંસ્કાર પડે તેવી વાતો કરવી અને મંદિરે તથા બાળ મંડળોમાં મોકલવા.
- વર્તમાન ધરાવીને કંઠમાં કાયમ બેવડી કંઠી પહેરવી.
- ઘરકામ કરતાં કરતાં મૂર્તિના કીર્તનો કંઠસ્થ કરીને બોલવા.
- મંત્ર, જંત્ર, વહેમ, પાખંડ, ધતિંગ, દોરા, ધાગા વગેરેમાં પ્રતીતિ ન લાવવી.
- આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ, સર્વેના નિયંતા છે એવી અનન્ય નિષ્ઠા રાખવી.
- સાંખ્યયોગી બહેનોના યોગમાં રહેવું.
- મહારાજની આજ્ઞા અનુસાર દરેક બહેનોએ સાંખ્યયોગી બહેનોના સમાગમમાં રહીને કથાવાર્તાનો યોગ રાખવો. જેથી જીવ સત્સંગમાં વૃદ્ધિને પામે.

(સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે...બ્ર. સ્વામી)

- ભગવાનનો મહિમા સમજાવીને બીજા મુમુક્ષુ જીવોને ભગવાન ઓળખાવવા ને સત્સંગમાં જોડવા (વર્ષમાં બે પાંચ નવા સત્સંગી કરવા)

"એહી ધર્મ કે નિયમમેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ."